# સંશોધન સારસંગ્રહ - ૨૦૦૯

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪

૨૦૦૯

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧ | બીજરૂપ અંદાજપત્ર મૂલ્યાંકન અભ્યાસ | ૧ - ૮ |
| ૨ | ગુજરાત પેટર્નમાં કયા સદરમાં કેટલું કામ થાય છે અને કેટલાં નાણાં ખર્ચાય છે : એક અભ્યાસ | ૯ - ૨૨ |
| ૩ | આદિવાસીઓમાં ગરીબીના માપદંડ | ૨૩ - ૩૦ |
| ૪ | ગુજરાતની એક બહુઅલ્પ, અજાણી જાતિ : ગોંડ - રાજગોંડ | ૩૧ - ૫૨ |
| ૫ | સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનુસૂચિત જનજાતિનાં છાત્રાલયો (મૂલ્યાંકન અભ્યાસ) | ૫૩ - ૫૮ |
| ૬ | પ્રાયોજના કચેરી (સંકલિત આદિજાતિ પેટા યોજના) દ્વારા ચાલતા વિવિધ પ્રકારના રોજગારલક્ષી ટ્રેડ (તાલીમ)નો મૂલ્યાંકન અભ્યાસ | ૫૯ - ૬૯ |
| ૭ | 'જોગી જ્ઞાતિ' તપાસ | ૭૦ - ૭૪ |
| ૮ | આદિવાસી લોકોમાં સ્થળાંતર અને કોશલ્ય વૃધ્ધિ મોજણી : ૨૦૦૮-૨૦૦૯ | ૭૫ - ૯૭ |
| ૯ | વ્યાવસાયિક અભ્યાસક્રમમાં : અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો પ્રવેશ યથાસ્થિતિ | ૯૮ - ૧૧૫ |

# બીજરૂપ અંદાજપત્ર મૂલ્યાંકન અભ્યાસ

કાન્તિલાલ ડા. મકવાણા

ગુજરાત રાજયમાં વસતા આદિજાતિના લોકોના સર્વાંગી વિકાસ માટે પંચવર્ષીય યોજના દ્વારા વિસ્તારના વિકાસ અને વ્યક્તિ વિકાસ અંગેના અનેક પ્રયત્નો થયા છે તેમ છતાં હજુ જોઈએ તેવું પરિણામ આવી શક્યું નથી. આથી આદિવાસીઓ પર વધુ ધ્યાન આપી શકાય, યોજનાઓનો લાભ છેવાડાની વ્યક્તિને મળી શકે તેને નજરમાં રાખી ૧૯૭૫-૭૬થી જયાં આદિવાસીઓની વધુ વસતિ છે તેવા વિસ્તારમાં પ્રાયોજના કચેરી (TRIBAL SUB PLAN) ઊભી કરી આ યોજના હેઠળ રાજયના વધુ વસતિ ધરાવતા આદિવાસી જિલ્લા અને તાલુકાઓ આવરી લેવામાં આવ્યા હતા.

પ્રાયોજના કચેરી મારફતે વિવિધ ખાતામાંથી યોજનાઓનું સંચાલન અને નિયંત્રણ થાય અને સમયાંતરે ચર્ચાઓ દ્વારા મૂલ્યાંકન થાય છે, પરંતુ જુદા જુદા આદિવાસી વિસ્તાર અને જુદી જુદી આદિવાસી જાતિઓની ભૌગોલિક અને સાંસ્કૃતિક બાબતો અલગ અલગ હોવાથી તેઓના વિકાસ અર્થે એક અલગ યોજના વિચારી જેને ''બીજરૂપ અંદાજપત્ર'' કહેવામાં આવે છે.

### બીજરૂપ અંદાજપત્ર શા માટે ?

પ્રાયોજના વિસ્તાર નક્કી કરીને ૧૯૭૬-૭૭માં તેની કચેરી અને માળખું ઊભું કરીને તેને કાર્યાન્વિત કરવામાં આવ્યું ત્યારે એવું લાગ્યું કે વિવિધ પ્રાયોજના વિસ્તારોની સ્થિતિ અને કક્ષા એક સરખાં નથી. યોજનાના કાર્યક્રમોનાં અમલમાં નવા ખ્યાલો અને પરિવર્તનો અપનાવવા જરૂરી જ નહિ પણ અનિવાર્ય લાગ્યા; કેમકે પરિવર્તન પામેલા સમયમાં આદિવાસીઓની તમામ જરૂરિયાતોનો સરકારશ્રીની યોજનામાં સમાવેશ થતો ન હતો. આથી આવી સ્થાનિક સ્થિતિને ધ્યાનમાં લઈને સ્થાનિક જરૂરિયાતો સંતોષી શકે તે માટે કંઈ નક્કર યોજના જરૂરી છે અને આના પરિણામ સ્વરૂપે ૧૯૭૭-૭૮થી બીજરૂપ અંદાજપત્ર અમલમાં આવ્યું છે.

### બીજરૂપ અંદાજપત્ર શું છે :

પ્રાયોજના કચેરી અને આદિવાસી સમુદાય વચ્ચે સીધી રીતે સમાન પુરવાર થયેલ બીજરૂપ અંદાજપત્ર છે. પ્રાયોજના વિસ્તારની તાકીદની જરૂરિયાતો અને આવશ્યકતાઓને પહોંચી વળવાના ઉદ્દેશથી પ્રાયોજના વિસ્તાર માટેની સામાન્ય બજેટની કુલ ફાળવણીમાંથી અમુક રકમ બીજરૂપ અંદાજપત્ર તરીકે અંકિત કરવામાં આવે છે. આદિવાસી વિકાસ યોજના શરૂ થયા પછી જણાયું કે વિવિધ પ્રાયોજના વિસ્તારની વિકાસની કક્ષા અને સંજોગો એક સરખા સ્તરના નથી. આવા સંજોગો અને તેમની પરિસ્થિતિ નિહાળતાં તેમની જરૂરિયાતો અને પરંપરાગત વ્યવસાયોનો સમાવેશ સરકારશ્રીના વિવિધ વિભાગોની યોજનાઓમાં થતો ન હતો. જે કારણે સ્થાનિક માંગ અને જરૂરિયાતો ધ્યાનમાં રાખી નવીન યોજનાઓ તૈયાર કરી નિયત ધારા ધોરણ મુજબ તેનો અમલ બીજરૂપ અંદાજપત્ર હેઠળ સહાયક ગ્રાન્ટ દ્વારા કરવામાં આવેલ છે. આમ

પ્રાયોજના વિસ્તારમાં વિશિષ્ટ એવી યોજનાના અમલીકરણ દ્વારા બીજરૂપ અંદાજપત્રએ તેની ઉપયોગિતા પૂરવાર કરી છે.

આ યોજના ૧૯૭૭-૭૮થી અમલમાં આવી છે. તેમાં આદિવાસીઓનાં શિક્ષણ, કળા, સંસ્કૃતિ, જાહેર આરોગ્ય, સ્વચ્છતા, પાણી પુરવઠો, શ્રમ અને રોજગાર, સામાજિક સુરક્ષા અને કલ્યાણ, ખેતી, ભૂમિ સંરક્ષણ, પશુપાલન, વન, ગ્રામ અને લઘુઉદ્યોગો, વીજળી, સહકાર અને લોન જેવા વિવિધ વિકાસના હેઠળ જુદી જુદી પ્રવૃત્તિઓ માટે જોગવાઈ અને ખર્ચ કરવામાં આવે છે.

**અભ્યાસના હેતુઓ :**

(૧) આ યોજના હેઠળ લાભ લીધો છે તેવા લાભાર્થીઓની વિગતવાર માહિતી જેવી કે ઉંમર, અભ્યાસ, જાતિ, પેટા જાતિ, વ્યવસાય, જમીન, પાયાની સુવિધા, કુટુંબના સભ્યોની માહિતી જાણવી.

(૨) યોજનાના લાભની માહિતી કોના દ્વારા મળી ?

(૩) ન્યુકલીઅસ બજેટ (બીજરૂપ અંદાજપત્ર) હેઠળ કયો લાભ મળ્યો ?

(૪) યોજનાનો લાભ લેવામાં કોઈ મુશ્કેલી પડી હતી ? તે જાણવું.

(૫) યોજના ચાલુ રાખવી જોઈએ કે કેમ ? યોજના ચાલુ રાખવી હોય તો શા માટે ? તે ઉત્તરદાતા પાસેથી જાણવું.

(૬) અધિકારીઓનો અભિગમ જાણવો.

(૭) આવક વધવાથી કુટુંબના સભ્યોના જીવનસ્તરમાં સુધારો થયો હોય તો તે જાણવું.

(૮) યોજનાનો લાભ સરળતાથી મેળવવા અધિકારીઓનાં અને લાભાર્થીઓનાં સૂચનો મેળવવાં.

**સંશોધન પ્રવિધિ :**

આ મૂલ્યાંકન અભ્યાસમાં મુલાકાત પ્રવિધિ તથા મુલાકાત માર્ગદર્શિકાના આધારે વ્યક્તિગત અધ્યયન પ્રવિધિનો ઉપયોગ કર્યો છે. લાભાર્થીની પ્રશ્નાવલિઓ ભરવામાં આવી હતી. અભ્યાસના જુદા જુદા સંદર્ભો માટે લાયબ્રેરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**ક્ષેત્રકાર્ય અને નમૂના પસંદગી :**

આ મૂલ્યાંકન અભ્યાસનું ક્ષેત્રકાર્ય દાહોદ, નર્મદા અને તાપી જિલ્લામાં કરવામાં આવ્યું હતું. તે પૈકી આદિજાતિ વિકાસ પ્રાયોજના-દાહોદ, રાજપીપળા અને સોનગઢ પ્રત્યેકમાંથી ૫૦ એમ કુલ ૧૫૦ લાભાર્થીઓ આ અભ્યાસમાં પસંદ કરવામાં આવ્યા હતા. આ યોજનાનો વધુ લાભ મળ્યો હોય તેવાં ગામો પ્રાયોજના વહીવટદારશ્રી તથા સંબંધિત અધિકારી સાથે વિચારવિમર્શ કરીને આ અભ્યાસમાં આવરી લીધા હતા. અનુસૂચિ દ્વારા તેમની શૈક્ષણિક, આર્થિક, કૌટુંબિક અને યોજનાને લગતી ઊંડાણપૂર્વકની માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

**અભ્યાસ આધારિત સારાંશ :**

(૧) જરૂરિયાતમંદ આદિવાસીઓને સામાન્ય યોજનામાંથી લાભ ન મળ્યો હોય તેને આ યોજનામાંથી લાભ મળ્યો છે.

(૨) પ્રતિવર્ષ નાણાંકીય જોગવાઈ વધતી રહે છે અને તે તેનાં લક્ષ્યાંકો સિધ્ધ કરે છે.

(૩) આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ, કલા અને સંસ્કૃતિ, જાહેર આરોગ્ય, શ્રમ અને રોજગાર, સમાજસુરક્ષા અને કલ્યાણ, ખેતી, ભૂમિ અને જળસંરક્ષણ, વન, ગ્રામ અને લઘુ ઉદ્યોગ, વીજળી, સહકાર અને લોન નીચે કાર્યક્રમો બને છે.

(૩) બીજરૂપ અંદાજપત્રની મોટાભાગની યોજના ખેતી અને પશુપાલન ક્ષેત્રે ઘડાઈ હતી.

(૪) ઉત્તરદાતાનું શિક્ષણ જોતાં સૌથી વધુ ૨૫.૩૬ ટકા પ્રાથમિક કક્ષાનું શિક્ષણ પામેલા હતા અને ૨૪.૦૦ ટકા અભણ હતા.

(૫) કુટુંબની વાર્ષિક આવક રૂા.૧૫,૦૦૦ ધરાવતા સૌથી વધુ ૫૭.૩૩ ટકા હતા અને વાર્ષિક ખર્ચ રૂા.૧૫,૦૦૧થી વધુ ધરાવનારા સૌથી વધુ ૫૯.૩૩ ટકા હતા.

(૬) યોજના અંગેની માહિતી કોના દ્વારા મળી તેના જવાબમાં ૨૪.૬૭ ટકા ઉત્તરદાતાઓએ ગ્રામસેવક પાસેથી યોજનાની માહિતી મેળવી હતી.

(૭) ૭૨.૬૭ ટકા લાભાર્થીઓએ યોજનામાં મળતી રકમ અપૂરતી છે એમ જણાવ્યું હતું. મોંઘવારીને કારણે રકમ ઓછી પડે છે તેમ ઉમેર્યુ હતું.

(૮) તમામ લાભાર્થીઓએ બીજરૂપ અંદાજપત્ર યોજના ચાલુ રાખવી જોઈએ તેમ જણાવ્યું. કારણ કે યોજના દ્વારા આર્થિક ઉત્કર્ષ થઈ શકે છે અને વિકાસની ગતિ ચાલુ રાખવા પણ આ યોજના ચાલુ રાખવી જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.

(૯) મોટાભાગના (૭૪.૦૦ ટકા) લાભાર્થીઓએ આવકમાં વધારો થયો છે તેમ જણાવ્યું હતું અને ૯૮.૦૦ ટકાએ જીવનસ્તરમાં સુધારો થયો છે એમ જણાવ્યું હતું. સૌથી વધુ ૪૫.૩૩ ટકાએ શિક્ષણમાં વધારો થયો છે અને ૩૯.૩૩ ટકાએ મિલ્કતમાં રોકાણ કરી શક્યા છે તેમ જણાવ્યું હતું.

(૧૦) નવા વ્યવસાયમાં સૌથી વધુ ૨૦.૧૮ ટકાએ ડેરીઉદ્યોગ માટે ઓછામાં ઓછી ત્રણ અને વધુમાં વધુ પાંચ ભેંસોના ભેંસ યુનિટની માંગણી કરી હતી.

(૧૦) ૧૬.૫૨ ટકા ઉત્તરદાતાઓએ વ્યવસાયલક્ષી તાલીમ લઈને નવો વ્યવસાય કરવાની તત્પરતા દર્શાવી હતી.

(૧૨) નવા વ્યવસાયના સૂચનોમાં ડેરી ઉદ્યોગ, કારપેટ, સેન્ટ્રીંગ સામાન, વીડીઓ કેમેરા, મંડપ ડેકોરેશન, ઈંટ ઉદ્યોગ, ઝેરોક્ષ મશીન તથા બહેનોએ ખાસ સિવણકામ, એમ્બોયડરી, પાપડઉદ્યોગ, પડીયા પતરાળા બનાવવાની તત્પરતા દર્શાવી હતી.

(૧૩) ક્ષેત્રકાર્ય દરમ્યાન ખેતી અને પશુપાલન સાથે સાથે નવા વ્યવસાયોમાં બહેનો પણ પૂરક આવક મેળવવા ઉત્સાહ અને તત્પરતા બતાવતી જોવા મળી હતી. બહેનો પણ વિકાસથી ગતિમાં સહભાગી થવા ઈચ્છુક હતી.

**સારાંશ :**

(૧) બીજરૂપ અંદાજપત્રનો પાયાનો ઉદ્દેશ આદિવાસીઓની સ્થાનિક જરૂરિયાતો સંતોષવાનો છે, અને એ રીતે નાણાંકીય ફાળવણી થાય છે.

(૨) જરૂરિયાતમંદ આદિવાસીઓને સામાન્ય યોજનામાંથી લાભ ન મળ્યો હોય તેને આ યોજનાથી લાભ મળ્યો છે.

(૩) કાર્યક્રમોની સૂચના અથવા કાર્યક્રમો જિલ્લા અને તાલુકા પંચાયત દ્વારા થાય છે. પ્રાયોજના કચેરી પણ પોતાના નિરીક્ષણ અને લોકોના પ્રશ્નોના આધારે કાર્યક્રમો બનાવે છે, તાલુકા અને જિલ્લાનું સીધી રીતે આ કામ ન હોવાથી તેઓ તેને બહુ મહત્વ નથી આપતા.

(૪) પ્રતિ વર્ષ નાણાંકીય જોગવાઈ વધતી રહે છે અને તે તેનાં લક્ષ્યાંકો સિધ્ધ થાય છે.

(૫) આદિવાસીના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ, કલા અને સંસ્કૃતિ, જાહેર આરોગ્ય, શ્રમ અને રોજગાર, સમાજ સુરક્ષા અને કલ્યાણ, ખેતી, ભૂમિ અને જળસંરક્ષણ, વન, ગ્રામ અને લઘુ ઉદ્યોગ, વીજળી, સહકાર અને લોનના સદર નીચે કાર્યક્રમો બને છે.

(૬) બીજરૂપ અંદાજપત્રની મોટાભાગની યોજના ખેતી અને પશુપાલનમાં સમાવિષ્ટ હતી.

(૭) અભ્યાસમાં આવરી લીધેલા લાભાર્થીઓમાં સૌથી વધુ ૩૬.૩૭ ટકા ભીલ પેટા જાતિના હતા.

(૮) ૨૬ થી ૩૫ વર્ષની ઉંમર ધરાવતા યુવાન સૌથી વધુ (૩૨.૬૭ ટકા) હતા.

(૯) સૌથી વધુ (૮૪.૬૭ ટકા) લાભાર્થીઓ ખેતી સાથે સંકળાયેલા હતા.

(૧૦) ખેતી કરતા લાભાર્થીઓ ૭૬.૦૦ ટકા હતા અને ૧ એકર સુધીની જમીન ધરાવનારા ૪૧.૨૨ ટકા હતા.

(૧૧) ઉત્તરદાતાનું શિક્ષણ જોઈએ તો સૌથી વધુ (૨૫.૩૬ ટકા) પ્રાથમિક કક્ષાનું શિક્ષણ પામેલા હતા અને ૨૪.૦૦ ટકા અભણ હતા.

(૧૨) લાભાર્થીઓના મકાનની સ્થિતિ જોઈએ તો સૌથી વધુ (૮૮.૬૭ ટકા) કાચાં મકાનોમાં રહેતા હતા અને ૫૪.૬૭ ટકા બે ઓરડાવાળુ મકાન ધરાવતા હતા. તમામ ઉત્તરદાતાઓ પોતાની માલિકીનું મકાન ધરાવતા હતા.

(૧૩) પાયાની જરૂરિયાતના સંદર્ભમાં માત્ર ૬.૬૭ ટકાના ઘેર નળની વ્યવસ્થા હતી અને ૩૬.૦૦ ટકા હેન્ડપંપ દ્વારા પાણી ભરતા હતા. જાજરૂની વ્યવસ્થામાં ૯૨.૦૦ ટકા ઉત્તરદાતાઓને જાજરૂની

સગવડ ન હતી. તેથી તેઓ ખુલ્લામાં જતા હતા. વીજળીની સગવડતા ધરાવતા ૮૦.૬૭ ટકા હતા અને ૯૦.૦૦ ટકા ઉત્તરદાતાઓના આંગણામાં વીજળી ન હતી. ૫૦.૬૭ ટકાને સસ્તા અનાજની દુકાન ઉત્તરદાતાઓના ઘેરથી ૧ થી ૨ કિ.મી. દૂર હતી.

(૧૪) અભ્યાસમાં આવરી લીધેલા કુલ કુટુંબના સભ્યોમાં ૫૦.૬૭ ટકા પુરુષો અને ૪૯.૩૩ ટકા સ્ત્રીઓ હતી. કુલ પુરુષોમાંથી (૨૪.૨૭ ટકા) ૨૬ થી ૩૬ વર્ષની ઉંમર સુધીના હતા અને કુલ સ્ત્રીઓમાંથી સૌથી વધુ ૨૭.૩૭ ટકા સ્ત્રીઓ ૧૫ થી ૨૫ વર્ષની ઉંમરની હતી.

(૧૫) કુટુંબના કુલ સભ્યોમાં ૫૪.૩૫ ટકા પુરુષો પરિણીત હતા અને ૫૫.૮૩ ટકા સ્ત્રીઓ અપરિણીત હતી.

(૧૬) કુટુંબના સભ્યોમાં શિકારમાં સૌથી વધુ ૪૧.૭૪ ટકા સ્ત્રીઓ અને ૧૮.૪૬ ટકા પુરુષો અભણ હતા. જેનો અભ્યાસ પૂરો થયો છે એવા ૫૦.૯૩ ટકા પુરુષો હતા અને સ્ત્રીઓ ૩૧.૧૬ ટકા હતી, જ્યારે ચાલુ અભ્યાસ કરતા કુટુંબના સભ્યોમાં પુરુષો ૩૦.૬૧ ટકા અને સ્ત્રીઓ ૨૭.૧૦ ટકા હતી. સ્ત્રીઓનાં શિક્ષણનું પ્રમાણ ખૂબજ ઓછું જોવા મળ્યું હતું.

(૧૭) અભ્યાસમાં આવરી લીધેલા કુલ કુટુંબમાંથી ૮૮.૦૦ ટકા ખેતી કરતા હતા અને ગૌણ વ્યવસાય તરીકે તેઓમાં સૌથી વધુ ૪૬.૬૮ ટકા પશુપાલન કરતા હતા.

(૧૮) કુટુંબની વાર્ષિક આવક રૂા.૧૫,૦૦૦ ધરાવતા સૌથી વધુ ૫૭.૩૩ ટકા હતા અને વાર્ષિક ખર્ચ રૂા. ૧૫,૦૦૧ ધરાવનારા પણ સૌથી વધુ ૫૯.૩૩ ટકા હતા.

(૧૯) કુલ કુટુંબોમાંથી માત્ર ૧૬.૬૭ ટકા જ દેવાદાર હતા. તેમાં ૭ ટકા ૨૫ હજાર થી ૫૦ હજાર સુધીનું દેવું ધરાવતા હતા. દેવાના હેતુમાં ૮૪.૦ ટકા ખેતી માટે દેવું કરતા જોવા મળ્યા હતા.

(૨૦) યોજના અંગે માહિતી પૂરતી છે કે અપૂરતી અને તે કયાંથી મેળવી તેનાં જવાબમાં ૬૬.૦૦ ટકાએ માહિતી પૂરતી છે એમ જણાયું હતું અને ૨૬.૬૭ ટકાએ અપૂરતી છે તેમ જણાવ્યું હતું. માહિતી કોના દ્વારા મળી ? તેના જવાબમાં સૌથી વધુ ૨૪.૬૭ ટકા ઉત્તરદાતાઓએ ગ્રામસેવક પાસેથી યોજનાની માહિતી મેળવી હતી તેમ જણાવ્યું હતું.

**બીજરૂપ અંદાજપત્ર યોજના અંગે લાભાર્થીઓ અને અધિકારીઓ દ્વારા થયેલાં સૂચનો :**

આ મૂલ્યાંકન અભ્યાસ દરમ્યાન જુદા જુદા જિલ્લાના લાભાર્થીઓ અને અમલીકરણ સાથે સંકળાયેલા અધિકારીઓને પણ ક્ષેત્રકાર્ય દરમ્યાન મળીને તેઓની પાસેથી આ યોજનામાં પડતી મુશ્કેલીઓ દૂર થાય તે માટેના સૂચનો માંગ્યાં હતાં.

**લાભાર્થીઓ દ્વારા કરવામાં આવેલાં સૂચનો :**

(૧) સૌથી વધુ ૨૬.૭૭ ટકાએ સહાયમાં વધારો કરવો જોઈએ એમ જણાવ્યું હતું. ૪.૨૨ ટકા

લાભાર્થીઓએ આજની મોંઘવારી પ્રમાણે જે ભાવ વધારો થયો છે તે પ્રમાણે સહાયની રકમ આપવી જોઈએ તેમ જણાવ્યું હતું.

(૨) ૨૦.૪૨ ટકાએ બીજરૂપ અંદાજપત્ર યોજનાની અધિકારીઓ દ્વારા જાણ થાય તો વધુ તાલીમાર્થીઓ તેનો લાભ લઈ શકે તેમ જણાવ્યું હતું.

(૩) ૧૪.૭૭ ટકા લાભાર્થીઓએ તાલુકા કક્ષાએથી સારી ગાય અથવા ભેંસ આપવી જોઈએ એમ જણાવ્યું હતું, જેથી વધુ દૂર જવું ન પડે અને તાલુકા કક્ષાએથી જ પશુ મળી રહે. ૨.૧૧ ટકા લાભાર્થીઓએ ૨ કે તેથી વધ ભેંસના યુનિટની જરૂરિયાત દર્શાવી હતી.

(૪) જેણે અંગ્રેજી સ્પીકીંગ કોર્સ કર્યો હતો તેવા ૬.૩૩ ટકા લાભાર્થીઓએ જણાવ્યું હતું કે તાલીમની સાથે સાથે અંગ્રેજી ગ્રામરના પુસ્તકોના સેટ પણ આપવા જોઈએ જેથી તેઓ ઘેર તેની પ્રેકટીસ કરી શકે.

(૫) ૩.૫૩ ટકા લાભાર્થીઓએ રોગ નિદાન માટે તાલુકાની નજીકમાં કેમ્પ થવા જોઈએ એમ જણાવ્યું હતું.

(૬) ૩.૫૩ ટકા લાભાર્થીઓએ અપંગભાઈ બહેનોએ કોમ્પ્યુટરની તાલીમ લીધી છે તે. તેઓએ સૂચન કર્યું હતું કે તેઓને કોમ્પ્યુટર આપવા જોઈએ જેથી તેઓ ઘેર બેઠા રોજી મેળવી શકે અને પગભર થઈ શકે.

**અધિકારીઓ દ્વારા થયેલા સૂચનો :**

(૧) તાલુકા પંચાયતોમાં આદિજાતિ પેટા યોજના હેઠળની યોજનાના અમલીકરણ માટે નક્કી થયા મુજબની જગ્યાઓ ખાલી હોઈ યોજનાના અમલ અંગે ખૂબ તકલીફ પડે છે.

(૨) આ યોજનામાં છ થી સાત સદર હેઠળ નાણાં ફાળવવામાં આવે છે. હાલ પણ છ થી સાત સદર હેઠળ નાણાં મળે છે. અમુક સદરોમાં ખૂબ મામુલી રકમ ફાળવવામાં આવે છે. જેમાંથી એકાદ યોજનાનો અમલ કરવો પણ મુશ્કેલ થાય છે.

(૩) યોજના માટે તાંત્રિક મંજૂરીઓ મેળવવામાં ખુબ તકલીફ પડે છે. સર્પદંશ કે આરોગ્યના અન્ય જટિલ કેસોમાં સહાય આપવા માટે સીવીલ હોસ્પિટલમાંથી જે સહાયની રકમની ભલામણ થાય છે તે ખર્ચની રકમ સામે ખૂબ જ ઓછી હોય છે.

(૪) લાભાર્થીઓને વ્યક્તિગત લાભ મળે તેવી યોજનાઓ માટે પૂરતું ફંડ ઉપલબ્ધ થવું જોઈએ. જેવી કે ખેતી-પશુપાલન, આરોગ્ય અને તાલીમને લગતી યોજનાઓ.

(૫) આ યોજના એટલા માટે ચાલુ રાખવી જરૂરી છે કે સ્થાનિક જરૂરિયાત અનુસાર તાત્કાલીક યોજનાઓ બનાવી લોકોને સીધો લાભ આપી શકાય છે.

(૬) તાંત્રિક મંજૂરીઓ ઝડપથી મળવી જોઈએ. દરેક ખાતાના અધિકારીશ્રીઓને આદિજાતિ કલ્યાણની યોજનાઓની તાંત્રિક મંજૂરી આપવા અલાયદી સૂચનાઓ થવી જોઈએ.

(૭) કૃષિ વિષયક યોજના-કૂવો-બોર, પાઈપલાઈન, ઑઈલ એન્જિન અને બળદ- માટે સહાય વધારવી જોઈએ.

(૮) ગાય અને ભેંસ માટે સહાયની રકમ વધારવી જોઈએ. કારણ કે સારી જાતની ગાય-ભેંસની કિંમત ઊંચી હોય છે.

ભલામણો :

(૧) પ્રાયોજના કચેરી દ્વારા ન્યુકલીયસ બજેટ માટે જુદા જુદા કાર્યક્રમો મૂકાય છે. પરંતુ તેનું અમલીકરણ જિલ્લા અથવા તાલુકા કચેરી મારફત થાય છે. આ બંધ થવું જોઈએ કારણકે અન્ય કામગીરીઓ સાથે આ કામ કરતા હોવાથી વધારાનું કામ ગણતા હોય એવું લાગે છે. આથી પ્રાયોજના કચેરી દ્વારા જ કાર્યક્રમોનું સંચાલન થવું જોઈએ અને તે માટે કચેરીમાં અમલીકરણ કરવા માટે પોતાનો જ પૂરતો સ્ટાફ હોવો જોઈએ.

(૨) ન્યુકિલઅસ બજેટમાં વ્યક્તિ વિકાસના કાર્યક્રમો ઉપર વધુ ભાર મૂકવો જોઈએ.

(૩) યોજનાનું સુનિયંત્રણ અને અહેવાલ લેખન પ્રોજેકટ કચેરીએ કે તાલુકા કક્ષાએ ન થતું હોય તેવું દેખાય છે. તો આ કામ થવું જોઈએ જેનાથી કયાં શું થાય છે અને શું કરી શકાય તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે.

(૪) યોજનાનું વધુ વિસ્તરણ કરી ગરીબમાં ગરીબ અને છેવાડાના આદિવાસીને અગ્રતાના ધોરણે તેની જરૂરિયાત સંતોષી શકે તેમ ગોઠવવું જોઈએ.

(૫) પશુપાલનમાં અને ખેતીમાં સબસીડીનો દર ઘટાડવામાં આવે છે તેવું ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવામાં આવ્યું હતું. સબસીડીનો દર એક સરખો રાખવો જોઈએ.

(૬) મોંઘવારીને ધ્યાનમાં લઈને હાલના દરે સારી જાતની ભેંસ કે ગાય ખરીદી શકે તેના પ્રમાણમાં લોન મંજૂર કરવી પડે જેથી લાભાર્થી બાકીના પૈસા માટે દેવાદાર ન બને. તેથી સહાયનું હાલમાં જે ધોરણ છે તે ચકાસવું જોઈએ કે પ્રવર્તમાન ધોરણ પ્રમાણેની ફાળવણી પર્યાપ્ત છે કે કેમ ?

(૭) દૂધ મંડળીને અપાતી લોનમાં વધારો કરવો જોઈએ જેથી મોટાભાગના સભાસદોને તેનો લાભ મળી શકે.

(૮) ડેરી ઉદ્યોગ માટે ૩ થી વધુ ભેંસોનું યુનિટ આપવુંજોઈએ અને તે રીતે જે તે મંડળીને રકમ ફાળવવી જોઈએ.

(૯) આદિવાસી દૂધ ઉત્પાદક મંડળીનો સ્વતંત્ર સંશોધન અભ્યાસ કરાવવો જોઈએ જેથી તેઓની સમસ્યાઓ વિગતે જાણી શકાય.

(૧૦) ક્ષેત્રકાર્ય દરમ્યાન ઘણાં લાભાર્થીઓએ નવા વ્યવસાયો અંગેની તત્પરતા બતાવી છે તો એ અંગે માહિતી મેળવીને નવા ધંધા તરફ તેઓને વાળવા જોઈએ.

(૧૧) ક્ષેત્રકાર્ય દરમ્યાન બહેનો પણ કંઈ કામ કરવાનો ઉત્સાહ બતાવતી હતી તો તેઓની મંડળી બનાવીને અથવા તો બહેનો માટે વ્યક્તિ વિકાસની યોજનાઓ નવા વ્યવસાયોને કેન્દ્રમાં રાખીને કાર્યાન્વિત કરવી જોઈએ. મહિલાઓનાં સ્વ-શક્તિ જૂથોની રચના કરવી જોઈએ.

(૧૨) ન્યુકલીઅસ બજેટ હેઠળ ખેતી અંગેના કામો જો સ્વૈચ્છિક સંસ્થાને અપાય તો તેના પર સુનિયંત્રણ તથા તેના કામોનું મૂલ્યાંકન થવું ખૂબ જ જરૂરી છે.

(૧૩) ક્ષેત્રકાર્ય દરમ્યાન ન્યુકલીઅસ બજેટ યોજના દ્વારા લાભાર્થીઓને લાભ મળ્યો છે તેઓ સારાં પરિણામો હાંસલ કરીને પ્રગતિ સાધી શક્યા છે તે જોવા મળ્યું હતું, પરંતુ સાથે સાથે લાભાર્થીઓએ એ પણ વાત કરી હતી કે યોજનાનો લાભ લીધા પછી અમુક વર્ષે તેને આનુસાંગિક બીજી યોજનાનો લાભ પણ મળવો જોઈએ.

(૧૪) રાજય કક્ષાએ ન્યુકલીઅસ બજેટ સંદર્ભમાં એક સેમિનાર પ્રતિવર્ષ થવો જોઈએ જેમાં અમલીકરણ અધિકારીઓ અને લાભાર્થીઓને રજૂઆતની તક મળે, ચર્ચા થાય, કયાં કેવું કામ થાય છે અને શું શું કરી શકાય તેની સ્પષ્ટ જાણકારી અને દિશાસૂઝ મળી રહે.

૯

# ગુજરાત પેટર્નમાં કયા સદરમાં કેટલુ કામ થાય છે અને કેટલાં નાણાં ખર્ચાય છે : એક અભ્યાસ

શ્રી બચુભાઈ બરંડા

## પ્રસ્તાવના

રાજ્ય સરકાર પછાત વર્ગના વિકાસ અને તેમાંય ખાસ કરીને અનુસૂચિત જનજાતિના વિકાસ માટે સતત ચિંતિત છે. આદિજાતિ વિકાસના કાર્યક્રમો આદિજાતિ લોકોની અપેક્ષાઓ પરિપૂર્ણ કરે તે માટે આયોજન અને અમલીકરણ અંગેની વ્યવસ્થા કરવાના હેતુથી રાજ્ય સરકારે આદિજાતિના કલ્યાણ માટે ગુજરાત પેટર્ન અમલમાં મૂકેલ છે. રાજ્યની કુલ વાર્ષિક જોગવાઈના ૧૭.૫૭% જેટલી રકમની જોગવાઈનો આદિજાતિ કલ્યાણ વિકાસ કામગીરી સાથે સંકળાયેલા સંબંધીત વહીવટી વિભાગો - ખાતાના વડાઓ મારફતે અમલ કરવામાં આવે છે. ગુજરાત પેટર્ન પ્રમાણે આદિજાતિ લોકો પણ વિકાસની પ્રક્રિયામાં સહયોગી બની રહે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. આવા લોકોની સ્થાનિક અપેક્ષાઓ અને જરૂરિયાતો સંતોષાય તે માટે ફાળવેલી જોગવાઈઓ પૈકીની ૯૦% રકમનું આયોજન જિલ્લા કક્ષાએ સ્થાનિક આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને નિષ્ણાતોના સહયોગથી કરવાનું વિચારેલ છે. આમ કરવાથી અન્ય જાતિના લોકોની હરોળમાં આદિજાતિના લોકોને લાવી શકાશે.

રાજ્યના આદિવાસીઓની અપેક્ષાઓ અને સ્થાનિક જરૂરિયાતોને લક્ષમાં રાખીને તેમની જરૂરિયાત અને માંગણી મુજબ વિકાસ માટે રાજ્ય સરકારે જિલ્લા કક્ષાએ જે તે જિલ્લાના પ્રભારી મંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની રચના કરી જેમાં સદરહું આદિજાતિ વિકાસ મંડળમાં જિલ્લાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સ્થાનિક આગેવાનો, જિલ્લાના તજજ્ઞો, જિલ્લામાં આવેલી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને સબંધિત ખાતાના અધિકારીઓ સાથે બેઠક યોજી ચર્ચા વિચારણા કરી જે તે વિસ્તારના આદિજાતિ સમાજને (લોકોને) ખરેખર કયા પ્રકારની વ્યક્તિલક્ષી યોજનાઓ, ક્ષેત્રીય વિકાસની યોજનાઓ, માળખાગત વિકાસની યોજનાઓ અને પાયાની ન્યૂનતમ સગવડની જરૂરિયાતો છે તે નક્કી કરવામાં આવે છે. તેમ છતાં આ બાબતે બોર્ડના સભ્યશ્રીઓ તરફથી જે કંઈ સૂચનો મળેલ છે તે મુજબનું આયોજન પણ વિચારણા હેઠળ લેવામાં આવે છે. આ માટે દર વર્ષે રૂપિયા ૨૦૦ કરોડની રકમ અંકિત જોગવાઈ તરીકે ફાળવવાનું નક્કી કરવામાં આવેલ છે અને તે રીતે સિંચાઈની સવલતો, ચેક ડેમ, રસ્તાઓના બાંધકામ, શાળાઓના ઓરડા, ખેતી વિષયક સવલતો, બિયારણ, કિટ્સ આપવા, ઓઈલ એન્જીન, બાગાયત, પશુપાલન, સ્વરોજગારી જેવી પાયાની જરૂરિયાતોને ધ્યાને લઈને સમતોલ વિકાસ થાય તે રીતે આયોજન કરવામાં આવે છે.

અત્યાર સુધીની પ્રત્યેક પંચવર્ષીય યોજનાઓમાં આદિવાસીઓના વિકાસ માટે ઘણા ક્ષેત્રોમાં સારી કામગીરી કરવામાં આવી છે આને લીધે આદિવાસી લોકોમાં વિકાસ પ્રત્યે જાગૃતિ આવી છે. વિકાસની પ્રવૃત્તિઓના કારણે ન્યૂનતમ સુવિધાઓમાં સારો એવો સુધારો થવા લાગ્યો છે.

આ ઉપરાંત આદિજાતિ વિસ્તાર અને વસ્તીનો સુસંકલિત રીતે સર્વાંગી વિકાસ થાય તે અભિગમને અનુરૂપ આદિજાતિ વિસ્તાર પેટાયોજનાનું આયોજન વાર્ષિક વિકાસ યોજના અંતર્ગત અલગ રીતે કરવામાં આવે છે. આ જાતિના લોકો આગળ વધે અને તેમનો ઉત્કર્ષ થાય તે માટે રાજ્ય સરકારનાં જુદા જુદા વિભાગો અને ખાતાઓ

દ્વારા વિવિધ પ્રકારની આશરે ૩૫૦ જેટલી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ ઉપરાંત વિવિધ પ્રકારના પ્રોત્સાહનો તેમજ બંધારણીય સુવિધાઓ પણ ઉપલબ્ધ થયેલ છે. તેમનું શોષણ અટકે અને તેઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે અનેકવિધ કાયદાઓ અને અધિનિયમો અમલમાં મૂકવામાં આવ્યા છે, તેનો લાભ આ જાતિના લોકોને મળ્યો છે. પરિણામે તેમની પરિસ્થિતિમાં સુધારો થઈ રહ્યા છે. આમ એકંદરે તેમના ઉત્કર્ષ માટે રાજ્ય સરકાર તરફથી અનેકવિધ પ્રયાસો નાણાંકીય સાધનોની મર્યાદાઓ અને અગ્રિમતાઓને અનુલક્ષીને કરવામાં આવી રહ્યા છે. આદિજાતિઓના સામાજિક અને આર્થિક ઉત્કર્ષના હેતુથી સંકલિત આદિજાતિ પેટા યોજનાની શરૂઆત સને ૧૯૭૬-૭૭ થી કરવામાં આવેલ હતી અને આજે પણ ચાલુ છે.

ન્યુ ગુજરાત પેટર્ન અંતર્ગત વર્ષ ૧૯૯૯-૨૦૦૦ થી પ્રતિ વર્ષે રાજ્ય સરકાર દ્વારા આદિજાતિ વિકાસ વિભાગને હવાલે રૂા. ૨૦૦ કરોડની વિવેકાધીન ગ્રાન્ટ મૂકવામાં આવે છે. તેની ફાળવણી રાજ્યના આદિવાસી વિસ્તારોની કુલ વસ્તી સામે જે તે પ્રાયોજનાની આદિજાતિ વસ્તીને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. આમાં આદિજાતિ વિસ્તારોનો સુનિશ્ચિત વિકાસ થાય તે રીતે વિકાસના કામોનું આયોજન કરવામાં આવે છે. જેમાં આદિવાસી વિસ્તારોના મહત્વનાં કામો જેવાં કે, સિંચાઈની સવલતો, ચેકડેમ, રસ્તાઓનું બાંધકામ, શાળાના ઓરડા, ખેતી વિષયક સવલતો, બિયારણ કિટસ્ આપવા, ઓઈલ એંજિન, બાગાયત, પશુપાલન, સ્વરોજગારી વગેરે કામો થાય છે.

છેલ્લા નવ વર્ષમાં ૧૯૯૯-૨૦૦૦ થી વર્ષ ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન આ યોજના નીચે થયેલ નાણાંકીય ફાળવણી ખર્ચ અને પૂર્ણ થયેલ કામો નીચે મુજબ છે.

**કોષ્ટક નં. - ૧**

| ક્રમ | વર્ષ | જોગવાઈ | છૂટી કરેલી ગ્રાન્ટ (રૂા.કરોડમાં) | થયેલ ખર્ચ | જોગવાઈ સામે ટકા | ગ્રાન્ટ સામે ટકા | પૂર્ણકામો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૯૯-૨૦૦૦ | ૨૦૦.૦૦ | ૨૦૦.૦૦ | ૧૯૪.૦૯ | ૯૭.૦૫ | ૯૭.૦૫ | ૧૦૧૨૭ |
| ૨ | ૨૦૦૦-૨૦૦૧ | ૨૦૦.૦૦ | ૨૦૦.૦૦ | ૧૯૮.૬૯ | ૯૯.૩૫ | ૯૯.૩૫ | ૮૫૫૭ |
| ૩ | ૨૦૦૧-૨૦૦૨ | ૧૪૬.૮૮ | ૧૪૦.૪૩ | ૬૯.૦૨ | ૪૬.૯૯ | ૪૯.૧૫ | ૪૭૧૨ |
| ૪ | ૨૦૦૨-૨૦૦૩ | ૨૦૮.૯૦ | ૧૨૩.૦૭ | ૧૨૧.૬૨ | ૫૮.૨૨ | ૯૮.૮૩ | ૨૧૮૨ |
| ૫ | ૨૦૦૩-૨૦૦૪ | ૨૦૮.૯૦ | ૧૯૧.૩૧ | ૧૯૦.૫૮ | ૯૧.૨૩ | ૯૯.૬૨ | ૭૫૨૭ |
| ૬ | ૨૦૦૪-૨૦૦૫ | ૧૫૬.૯૯ | - | ૧૭૫.૮૦ | ૧૦૦.૦૦ | - | ૧૨૬૨૩ |
| ૭ | ૨૦૦૫-૨૦૦૬ | ૨૬૨.૫૦ | - | ૨૬૧.૨૩ | ૯૯.૫૦ | - | ૧૧૯૫૪ |
| ૮ | ૨૦૦૬-૨૦૦૭ | ૨૭૧૨૭.૧૮ | ૧૩૩૭.૩૦ | ૨૭૧૨૫.૬૬ | ૯૯.૯૯ | ૯૯.૯૯ | ૯૦૨૧ |
| ૯ | ૨૦૦૭-૨૦૦૮ | ૩૦૯૩૫.૧૭ | ૫૯૫.૫૨ | ૨૧૩૩૯.૦૭ | ૬૮.૯૮ | ૬૮.૯૮ | ૧૮૬૫૯ |
| | કુલ | ૫૯૪૪૬.૫૨ | | ૪૯૬૭૫.૭૬ | | | ૮૫૩૬૨ |

★ (ગુજરાત રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગમાંથી મળેલ વિગતમાંથી)

આદિજાતિ વિકાસમાં ગુજરાત પેટર્નનું મહત્વ ઉપરોક્ત ચિત્ર દ્વારા ઘણું કહી જાય છે. આ કાર્યક્રમ અન્વયે જે કેટલાક મહત્વનાં કામો થયાં છે. તેમાં (અ) આર્થિક સેવાઓમાં ગ્રામવિકાસ, સિંચાઈ અને પૂર નિયંત્રણ, ઉર્જા ઉદ્યોગ અને ખાણ, માર્ગ અને મકાન અને સામાન્ય આર્થિક સેવાઓ છે (બ) સામાજિક સેવાઓ. સામાન્ય શિક્ષણ, તાંત્રિક શિક્ષણ, જાહેર આરોગ્ય અને તબીબી સેવાઓ, પાણી પૂરવઠો અને ગટર વ્યવસ્થા, રહેઠાણ, અનુસૂચિત જનજાતિ કલ્યાણ, શ્રમ અને રોજગાર અને પોષણ તથા મધ્યાહન ભોજન યોજના મુખ્ય છે.

છેલ્લા કેટલાક વર્ષોના અનુભવ પરથી જણાયું છે કે રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા અમલમાં મૂકવામાં આવતી આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની યોજનાઓ જે તે વિસ્તારમાં રહેતા આદિજાતિના લોકોની જરૂરિયાતો અને અપેક્ષાઓ સાથે સુસંગત હોવી જરૂરી છે. આ યોજનામાં ફાળવવામાં આવતી ગ્રાન્ટ આદિજાતિની વસ્તીના ધોરણે ફાળવવામાં આવતી હોય છે. જેથી આ યોજનાનો મહત્તમ લાભ આદિજાતિના ઈસમોને થાય તે મુખ્ય ઉદ્દેશ્ય છે. આ સંજોગોમાં અમલીકરણ વિભાગોના જિલ્લા કક્ષાના અધિકારીઓ દ્વારા જે તે જિલ્લાના ચૂંટાયેલ પ્રતિનિધિઓ, સ્થાનિક આગેવાનો, જિલ્લાના નિષ્ણાતો, તજજ્ઞો અને જિલ્લામાં આવેલ સ્વૈચ્છિક સંસ્થાઓના આગેવાનો સાથે બેઠક યોજી ચર્ચા વિચારણા કરી જે તે વિસ્તારના આદિજાતિ લોકોને ખરેખર કયા પ્રકારની વ્યક્તિલક્ષી યોજના, ક્ષેત્રિય વિકાસની યોજના, માળખાગત વિકાસની યોજના, પાયાની ન્યૂનતમ સગવડોની જરૂરિયાત છે તે નક્કી કરવામાં આવે છે.

ગુજરાતમાં ન્યુ ગુજરાત પેટર્ન વર્ષ ૧૯૯૯-૨૦૦૦થી શરૂ કરવામાં આવેલ છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં જોઈએ તો દરેક વર્ષે રૂા. ૨૦૦ કરોડ અને તેથી વધુ રકમનો ખર્ચ કરવામાં આવે છે. દર વર્ષે આટલી મોટી રકમ આદિવાસીઓ પાછળ ગુજરાત પેટર્નમાં ખર્ચ થાય છે તેમાં (અ) આર્થિક સેવાના સદરમાં અગાઉ જણાવ્યું તે મુજબ ગ્રામવિકાસ, સિંચાઈ અને પૂર નિયંત્રણ, ઉર્જા, ઉદ્યોગ અને ખાણ, માર્ગ અને મકાન અને સામાન્ય આર્થિક સેવાઓ. (બ) સામાજિક સેવાઓમાં સામાન્ય શિક્ષણ, તાંત્રિક શિક્ષણ, જાહેર આરોગ્ય અને તબીબી સેવાઓ, પાણી પૂરવઠો અને ગટર વ્યવસ્થા, આવાસન, અનુ. જનજાતિ કલ્યાણ, શ્રમ અને રોજગાર, પોષણ તથા મધ્યાહન ભોજન યોજના મુખ્ય છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસ જે....

''ગુજરાત પેટર્નમાં કયા સદરમાં કેટલુ કામ થાય છે અને કેટલાં નાણા ખર્ચાય છે'' તેનો તપાસ વિષય છે. આ અભ્યાસના ઉદ્દેશ્યો આ પ્રમાણે છે.

**ઉદ્દેશ્યો :**

૧. આદિવાસી વિકાસ માટે ફંડ ફાળવવામાં આવે તે પૈકી જુદા જુદા આર્થિક અને સામાજિક સદરોમાંથી થતા ખર્ચની વિગતો તપાસવી.

૨. જે સદર હેઠળ નાણાં ખર્ચાય છે તે નાણાં ખરેખર લાભાર્થી સુધી પહોંચે છે કે કેમ તેની તપાસ કરવી.

૩. ગુજરાત પેટર્ન હેઠળ આદિવાસીઓનો કેટલો વિકાસ થયો છે તે જોવું

૪. ગુજરાત પેટર્ન હેઠળના સદરમાં જે નાણાં ફાળવવામાં આવે છે તેના કેટલા ટકા નાણાં ખર્ચાય છે તેની તપાસ કરવી.

૫. યોજનામાં કંઈ ફેરફારની આવશ્યકતા છે તે જોવું.

૬. અભ્યાસ આધારે સૂઝાવો આપવા.

**અભ્યાસનો વિસ્તાર :**

ગુજરાતના ૨૬ જિલ્લાઓમાંથી ૧૨ જિલ્લાઓમાં આદિવાસી વસ્તીનો સઘન વસવાટ છે. તેમાંથી દૈવનિદર્શન પદ્ધતિ પ્રમાણે દાહોદ જિલ્લામાં દાહોદ, ગરબાડા, લીમખેડા અને નર્મદા જિલ્લામાં નાંદોદ, ડેડીયાપાડા, સાગબારા તથા વલસાડ જિલ્લામાં કપરાડા, ધરમપુર અને વસલાડ તાલુકા નો સમાવેશ કરવામાં આવ્યો છે. દરેક તાલુકામાં થી ૪ ગામ અને દરેક ગામમાંથી ૪ ઉત્તરદાતાઓ કે જેમણે ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ લાભ લીધો છે તેઓની અભ્યાસ માટે પસંદગી કરેલ છે. આ ઉપરાંત કેસ સ્ટડીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આમ કુલ આદિવાસી ૪૩ તાલુકા છે. તેમાંથી ૯ તાલુકાના ૧૪૪ ઉત્તરદાતાઓને આ અભ્યાસમાં આવરી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત સંશોધન અભ્યાસમાં કમિશ્નર કચેરીના અધિકારીઓ અને પ્રાયોજના કચેરીના અધિકારીઓની સાથે, આદિવાસી સમાજના આગેવાનો તથા પંચો, પદાધિકારીઓને પણ સાથે રાખીને અભ્યાસની માહિતી મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**અભ્યાસનું વિશ્વ**

| ક્રમ | સર્વેક્ષિત વિસ્તાર ગામ, તાલુકો, જિલ્લો |
|---|---|
| ૧. | નગરાળા |
| ૨. | બાવકા |
| ૩. | રોઝમ |
| ૪. | નવાગામ |
| ★ | **દાહોદ તાલુકો** |
| ૫. | ભરસડા |
| ૬. | ભેહપાટીય |
| ૭. | નીમચ |
| ૮. | દાદુર |
| ★ | **ગરબાડા તાલુકો** |
| ૯. | કમ્બોઈ |
| ૧૦. | સાકરીયા |

| | |
|---|---|
| ૧૧. | બારગોટા |
| ૧૨. | પીપળીયા |
| ★ | **લીમખેડા તાલુકો** |
| ★ | **દાહોદ જિલ્લો** |
| ૧૩. | ગાડકોઈ |
| ૧૪. | સમારીયા |
| ૧૫. | નાના હૈડવા |
| ૧૬. | ફૂલવાડી |
| ★ | **નાંદોદ તાલુકો** |
| ૧૭. | સુકાઆંબા |
| ૧૮. | મોસકૂવા |
| ૧૯. | સામરપાડા |
| ૨૦. | રાકસકૂંડી |
| ★ | **ડેડીયાપાડા તાલુકો** |
| ૨૧. | પલાસપાડા |
| ૨૨. | પીપરીપાડા |
| ૨૩. | ઉભારીયા |
| ૨૪. | દેવમોગરા |
| ★ | **સાગબારા તાલુકો** |
| ★ | **નર્મદા જિલ્લો** |
| ૨૫. | માંડવા |
| ૨૬. | ખૂટલી |
| ૨૭. | અમધા |
| ૨૮. | માતુનીયા |
| ★ | **કપરાડા તાલુકો** |
| ૨૯. | ખટાણા |
| ૩૦. | પીપરોલ |
| ૩૧. | પંગારબારી |

૩૨. ખડકી

★ **ધરમપુર તાલુકો**

૩૩. રોણવેલ

૩૪. અટગામ

૩૫. ફણસપાડા

૩૬. રાબડા

★ **વલસાડ તાલુકો**

★ **વસલાડ જિલ્લો**

**સંશોધન પદ્ધતિ - પ્રવિધિઓ :**

કોઈપણ વિષયનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવા સંશોધનની વિવિધ પ્રવિધિઓનો ઉપયોગ કરવો જોઈએ અને એ રીતે આ અભ્યાસમાં વિવિધ પ્રવિધિઓનો ઉપયોગ કરવાનું આયોજન કરેલ છે.

**ગ્રંથાલય કાર્ય :**

આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાના વિસ્તારના ગામોમાં ક્ષેત્રકાર્ય કરવા જતાં પહેલા વિષય અનુસંધાને સામાયિકોના અંકો, પુસ્તકો, અખબારો, અહેવાલ વગેરે મારફતે જરૂરી માહિતી એકત્ર કરવામાં આવી છે. વિષયની પસંદગી પૂર્વે તેમજ પસંદ કર્યા બાદ પણ વધુ ચકાસણી માટે સંદર્ભગ્રંથો, સામાજિક સંશોધનનાં પુસ્તકો, સામાયિકો, ઉપલબ્ધ ગુજરાત પેટર્નમાં આદિવાસીઓના વિકાસ અંગેના સરકારશ્રીના અહેવાલો આ ઉપરાંત ગાંધીનગર કચેરીઓથી અધિકારીઓ સાથે રૂબરૂ મુલાકાત અને પુસ્તકો તથા ચર્ચાવિચારણા અને ગુજરાત પેટર્નને લગતું સાહિત્ય તથા સાથે સાથે પ્રાયોજના કચેરીએથી કામ કરતા અધિકારીઓ સાથે મળીને વિષયના સંદર્ભમાં સ્પષ્ટતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**અનુસૂચિ :**

પ્રસ્તુત અભ્યાસ માટે એક અનુસૂચિ (કુટુંબ પત્રક) બનાવવામાં આવ્યું છે. જેની અંદર વિષય સંબંધિત પાયાની માહિતી, આદિવાસી કુટુંબો પાસેથી મેળવવામાં આવી છે. મુખ્યતઃ નિરીક્ષણ ઉપર વિશેષ ભાર મૂક્યો હતો. સંશોધન અભ્યાસ અંગે એક મુલાકાત માર્ગદર્શિકા પણ તૈયાર કરવામાં આવી છે. તેમાં આર્થિક, સામાજિક, કૌટુંબિક, દેવાવિષયક, આદિવાસીઓનો ગુજરાત પેટર્ન હેઠળ થયેલ વિકાસ, ગુજરાત પેટર્ન હેઠળના લાભ મેળવવા શું પ્રયત્ન કરે છે, તેઓને કેમ લાભ ઓછા મળ્યા છે, ગુજરાત પેટર્નમાં નવી કંઈ યોજનાની જરૂરિયાત છે, યોજનાના લાભ મેળવવા કેવું આયોજન કરવું જોઈએ, યોજનાને સફળ બનાવવા માટે સરકાર અને આદિવાસીઓ વચ્ચે અંતર ઘટે તે અંગે શું કરી શકાય વગેરે સંશોધન અભ્યાસના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ આદિવાસીઓમાં ગુજરાત પેટર્ન હેઠળ થયેલ વિકાસની શું સ્થિતિ છે તેની પાસેથી વિગતો મેળવવા અલાયદુ પત્રક તૈયાર કરીને વિગતો મેળવવાનું આયોજન કર્યું છે.

**નિરીક્ષણ :-**

નિરીક્ષણ કરવાની ક્રિયા આપણા જાગૃત જીવનની અનિવાર્ય પ્રક્રિયા છે. સામાનય રીતે આપણી આસપાસનાં જીવનનું નિરીક્ષણ કરતાં હોઈએ છીએ. આ રીત ગુજરાત પેટર્નમાં આદિવાસીઓની સ્થિતિ અંગેના વિસ્તારનું નિરીક્ષણ એ આપણી રોજીંદી જીવનની એક સાહજીક બાબત છેજ. ઉપરાંત વૈજ્ઞાનિક માહિતી મેળવવા માટે પણ નિરીક્ષણ પ્રાથમિક સ્રોત છે. આ પ્રસ્તુત અભ્યાસમાં નિરીક્ષણ તથા સહભાગી નિરીક્ષણ પ્રક્રિયા ઉપર વિશેષ ભાર મૂકવામા આવ્યો છે. કેટલીક વિગતો જાહેરમાં નોંધ ન કરતાં નિરીક્ષણનો ઉપયોગ કરીને નોંધ તૈયાર કરવામાં આવી છે.

**મુલાકાત :-**

મુલાકાત એ અગત્યની પ્રવિધિ છે. ગુજરાત પેટર્ન હેઠળ આદિવાસીઓની સ્થિતિના તપાસના વિષયના સંદર્ભમાં માહિતી એકત્ર કરવા માટે અનુસૂચિના માધ્યમથી જુદા જુદા મુલાકાતીઓ સાથે પ્રત્યક્ષ રીતે તેઓની કચેરીએ, ઘરે મળીને માહિતી મેળવવામાં આવી છે. આ ઉપરાંત ગામના શિક્ષકો, અમલીકરણ પ્રાયોજના અને તાલુકાના અધિકારીઓ, ગ્રામ આગેવાનો, સમાજના પંચો, સરપંચ, સમાજ કાર્યકરો, સરકારી અધિકારીઓ વગેરે સાથે બેઠક કરીને ત્યાંની તથા ત્યાંના લાભાર્થીઓની માહિતી મેળવવામાં આવી છે. ઉપરાંત આ અહેવાલ તૈયાર કરવામાં અભ્યાસના હેતુઓ સમજાવીને ઉત્તરદાતાઓ પાસેથી માહિતી મેળવવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**અભ્યાસનું મહત્વ :-**

૧૯૭૬ થી આદિવાસીઓના કલ્યાણ અને વિકાસ થાય તે માટે આદિજાતિ વિસ્તારમાં પેટા યોજના અમલમાં મૂકી હતી. તેના અમલ માટે સરકારશ્રીએ આદિવાસી વિસ્તાર કક્ષાએ ખાસ વહીવટી તંત્ર પ્રસ્થાપિત કર્યું છે. જેના કારણે આદિવાસી વિસ્તારના ઘણાં કામો થયા છે. ગુજરાત સરકારે મહારાષ્ટ્ર સરકાર કરતાં એક પગલું આગળ વધીને ન્યુ ગુજરાત પેટર્ન ઘડી જેમાં સ્થાનિક જરૂરિયાતો ઉપર ભાર મૂકયો તથા સાર્વત્રિક વિકાસ થાય અને આર્થિક ઉત્થાન ઝડપથી થઈ શકે તે હેતુ ધ્યાનમાં રાખ્યો છે. આ યોજના હેઠળ આદિવાસીઓ વધુમાં વધુ લાભ લઈ પગભર થાય અને સમગ્ર સમુદાયનો વિકાસ થાય તે માટે ખાસ મહત્વ અપાયું છે.

આ સંશોધન અભ્યાસમાં દાહોદ, નર્મદા અને વલસાડ જિલ્લામાં સંબંધિત ગામોના ઉત્તરદાતાઓ સાથે રૂબરૂ મુલાકાત કરતાં એમફલિત થયું કે તેઓ આ પેટર્ન હેઠળ વાડીયોજના હેઠળ મળેલ કિટસ્ સહાય, ફળ-ફૂલ તથા ડેરી અને પશુપાલન હેઠળ ગાય-ભેંસની યોજના લઈને પગભર થયા છે. તેની સાથે સાથે વસલાડ જિલ્લામાં જીવંત ખાતર (વર્મીકંપોસ્ટ) ગાય-ભેસંની યોજના અને શાકભાજીની આવક લઈ તેનાથી સમાજજીવનનાં જુદા જુદાં પાસામાં પરિવર્તન થયું છે. અગાઉ કરતાં આદિવાસીઓમાં યોજનાનો લાભ લેવા કચેરીએ સુધી જઈને લેતા થયા હોય તેવા ઉત્તરદાતાઓનું પ્રમાણ વધતુ જણાયું છે જે ખાસ નોંધપાત્ર સુધારો થયો છે. આ ઉપરાંત રોડ,

ચેકડેમ, ડેરી યુનિટ વગેરે માટે સાથે મળીને રજૂઆત કરતા થયા છે તે સુખદ પરિવર્તન પણ જોવા મળ્યું છે.

આદિવાસીઓમાં રોજગારીના કાર્યક્રમો મારફતે આવેલ પરિવર્તનનો એક અભ્યાસ કરવાનો મોકો મળ્યો હતો. તેમાં યોજનાનો લાભ કેવી રીતે મેળવીને, પગભર થવા માટે અતિ પરિશ્રમ કરીને કુટુંબના આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને સમાજ જીવનમાં રહેલા અલગ અલગ પાસાંઓમાં ધીમી ગતિએ સકારાત્મક બદલાવ જોવા મળ્યો હતો. પરંતુ સંશોધનમાં આ અભ્યાસમાં એ જોવા મળ્યુ છે કે આદિજાતિઓના વિકાસ માટે બહુ જ કામ થયાં છે અને ઘણાં બધાં નાણાં ખર્ચાયા છે, તેવું અન્ય સમાજના લોકો પણ કહે છે. તેમાં વધુમાં વધુ આદિવાસીઓ મુશ્કેલી વગર ઝડપથી યોજનાનો લાભ લઈને પગભર થાય તે દષ્ટિએ આ અભ્યાસ જુદો પડે છે. આદિવાસીઓનો પોતાનો સુખાકારીનો ખ્યાલ એ પાસુ ખાસ મહત્વનું છે.આ બાબતમાં હજુ વધુ સુધારો થાય અને ઝડપી ઓછી મુશ્કેલીએ આદિવાસીઓને લાભ મળે તેવું ખાસ આયોજન કરવું જોઈએ જેથી યોજનાના લાભનું ઘણુ મહત્વ વધી જાય તેમ છે.

**નિષ્કર્ષ - સૂચનો :**

**નિષ્કર્ષ :**

પૂર્વપટ્ટીમાં આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓનો સમગ્ર વિસ્તાર અનુસૂચિત વિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે. સંશોધન અભ્યાસના જિલ્લાઓ મોટાભાગે ગાઢ જંગલથી છવાયેલા અને લગભગ ભારે વરસાદવાળા અને ભેજવાળી રોગિષ્ટ આબોહવા ધરાવતા પ્રદેશો છે. સંશોધનના સમગ્ર વિસ્તારની પ્રજા પોતાના ઘર તથા તૂટ્યાં ફૂટ્યાં ઝૂપડા કે ઈંટ-માટીનાં ઘરોમાં રહે છે. આ વિસ્તારમાં રહેતા આદિવાસીઓનો મુખ્ય પાક મકાઈ, અડદ, તુવેર, ડાંગર, નાગલી, તથા જંગલના પ્રાણી-પંખીઓનો શિકાર કરીને અને મહુડા ખાઈને જીવન વ્યતીત કરે છે.

ગુજરાત રાજયના આદિવાસી વિસ્તારોમાં આઝાદી પછી પ્રથમ પંચવર્ષીય યોજનાથી શરૂ કરીને આઝાદીનાં આટલાં વર્ષો સુધી વિવિધ રોજગારીની યોજનાઓનું આયોજન થતું આવ્યું છે. આવા આયોજનના કારણે કેટલાક ચોક્કસ સમય પ્રમાણે લાભાર્થીઓમાં ફેરફાર થયા છે, તો કેટલાક વિસ્તારમાં બહુ ઝાઝો ફેરફાર જોઈ શકાતો નથી. આના માટે અનેક પરિબળો જવાબદાર હોઈ શકે. પરંતુ, ન્યુ ગુજરાત પેટર્નના કાર્યક્રમો સરકાશ્રીના આદિવાસી વિસ્તારમાં પ્રાયોજના કચેરી મારફત હાલમાં ચાલે છે. તેમાં આ અભ્યાસનું આયોજન કરેલ છે. આ અભ્યાસમાં દાહોદ જિલ્લાના દાહોદ, ગરબાડા અને લીમખેડા તાલુકાના ૧૨ ગામ, નર્મદા જિલ્લાના નાંદોદ, ડેડિયાપાડા અને સાગબારા તાલુકાના ૧૨ ગામ અને વલસાડ જિલ્લાનાં કપરાડા, ધરમપુર અને વલસાડ તાલુકાનાં ૧૨ ગામ આમ કુલ ૩૬ ગામ એમ કરીને ૧૪૪ ઉત્તરદાતાઓનો ન્યુ ગુજરાત પેટર્નના કાર્યક્રમો મારફતે આદિવાસીઓમાં ખર્ચાયેલ નાણાં અને કામની વિગતો પ્રાપ્ત કરેલ છે. આ અભ્યાસના મહત્વના પ્રશ્નો આ પ્રમાણે છે.

સંશોધન અભ્યાસમાં જોઈએ તો અભ્યાસ વિસ્તારના જિલ્લાઓમાં દાહોદ જિલ્લામાં વાડીયોજના,

પશુપાલન અને ડેરી, રસ્તાઓ તથા ઓરડાઓના બાંધકામાના કામો ઘણાં થયા છે અને હજી ઘણાં કરવાનાં બાકી છે. ખાસ કરીને હજી પણ પ્રાયોજના કચેરીએ રૂબરૂ એકલા લાભાર્થી જવામાં સંકોચ અનુભવે છે, તે સિવાય નર્મદા જિલ્લામાં લાભ લેતા થયા છે પરંતુ સાગબારા તાલુકો યોજનાના લાભની દષ્ટિએ સૌથી છેલ્લો છે. ત્યાં પ્રચાર-પ્રસાર કે અન્ય વ્યવસ્થા કોઈક કારણોસર ગોઠવાઈ ન હોવાના કારણે લાભાર્થીઓનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળે છે. વલસાડ જિલ્લામાં વલસાડ તથા ધરમપુર તાલુકામાં કૃષિ અને ડેરી-પશુપાલન તથા શાકભાજી કિટસ ની યોજનાનો સારો વિકાસ થયો છે, તેની સામે કપરાડા તાલુકામાં વરસાદ વધારે પડે છતાં સિંચાઈ અને પીવાના પાણીની આજે સમસ્યા છે. કેટલાક અંશે કાજુની વાડીનો પ્રયોગ સફળ છે પરંતુ શિયાળા અને ઉનાળામાં સિંચાઈની પૂરતી વ્યવસ્થા ન હોવાના કારણે તેઓનાં જીવનધોરણ અને મજૂરીના પ્રશ્નો ઉભા રહે છે.

ન્યુ ગુજરાત પેટર્ન યોજનાની જાણકારી જે રોડ પરના ગામોમાં, પદાધિકારીઓએ જાણકારી આપી છે તે, તથા ગ્રામસેવક, તલાટી, શિક્ષક, વિસ્તરણ અધિકારીઓએ ગ્રામસભા કે અન્ય રીતે માહિતી પહોંચાડી છે ત્યાં જાગૃતિ આવેલ છે જ્યારે જ્યાં આ માહિતી પહોંચાડી નથી ત્યાં હજી પ્રશ્નો ઉભા જ છે. ખાસ કરીને ફોર્મ મેળવવા માટે કચેરીએ ધક્કા ખાવા, ફોર્મની વિગતો ભરવામાં મુશ્કેલી અને એની સાથે પૂરતા દાખલા જોડીને મોકલવાની લાંબી વિધિ તથા મંજૂરી માટે કેટલાએ ધક્કા ખાવા પડવાના અનેક પ્રશ્નો છે. સરકાર ખરેખર લાભ આપવા માંગતી હોય તો યોજના સમયસર મંજૂર થાય અને તેનો લાભ મેળવવામાં સરળ રહે તેવું ખાસ આયોજન કરવુ જોઈએ. કહેવાનો અર્થ એ છે કે સમસ્યા લાભાર્થી એકલાની છે તેવું નથી પરંતુ સરકારની પણ જવાબદારી છે. સમસ્યાઓમાંથી રસ્તો કાઢીને ગ્રામ સમુદાયના રસ્તા, શાળાના ઓરડા, સિંચાઈ, ચેકડેમ, તળાવ અને વ્યક્તિગત પગભર થવાની વિવિધ યોજના હોય તે સરળ બનાવવી જોઈએ.

<u>નિષ્કર્ષ આ પ્રમાણે છે :</u>

(૧) અભ્યાસના બધાજ ઉત્તરદાતાઓ ૨૦ થી ૨૬ વર્ષની વયના છે. બધાનો મુખ્ય વ્યવસાય ખેતી છે. પરંતુ ખેતીમાંથી અનેક કારણોસર પુરું ન થાય ત્યારે ખેતમજૂરી અને છૂટક ધંધો-મજૂરી કરતા જોવા મળ્યા છે.

(૨) સર્વેક્ષિત ઉત્તરદાતાઓની શૈક્ષણિક સ્થિતિ જોતાં મોટાભાગના દાહોદ જિલ્લા અને નર્મદા જિલ્લામાં ધો. ૫ થી ૧૦ ધોરણ સુધીનું શિક્ષણ મેળવનારા વિશેષ છે જ્યારે વલસાડ જિલ્લામાં ધો. ૫ થી ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હોય તેવાઓનું પ્રમાણ ઠીક ઠીક જોવા મળ્યુ છે. પરંતુ હાલમાં કન્યા કેળવણીના સરકારશ્રીના ન્યુ ગુજરાત પેટર્ન હેઠળના કાર્યક્રમો અને મફત કન્યા કેળવણી આપતાં ધીમે ધીમે શિક્ષણ મેળવવામાં સુધારો થતો જણાય છે.

(૩) અભ્યાસમાં કાચા અને પાકાં તથા ધાબાવાળાં એમ ત્રણે પ્રકારનાં મકાન ત્રણે જિલ્લામાં જોવા મળ્યા છે. છાજમાં દેશી નળિયાના બદલે પતરાં અને ધાબાં ધરાવે છે અને પશુઓ માટે અલગ છાપરાંની વ્યવસ્થા પણ કરેલ છે.

(૪) સર્વેક્ષિત કુટુંબોની જમીનમાં બે જિલ્લાઓ દાહોદ અને નર્મદા જિલ્લામાં સરેરાશ ૩ થી ૫ એકર જમીન ઉત્તરદાતાઓ ધરાવે છે. જ્યારે તેમાં પીયત ધરાવતા હોય તેવાઓએ ૧ થી ૪ એકર જમીનનું પ્રમાણ વિશેષ છે; જ્યારે વલસાડ જિલ્લામાં ૧ થી ૬ એકર જમીન વિશેષ પ્રમાણમાં ધરાવે છે. જ્યારેં તેમાં પીયત ધરાવતા હોય તેવા ૧ થી ૪ એકરમાં કરે છે. જે અભ્યાસના ત્રણે જિલ્લામાં પ્રમાણ સરખુ જોવા મળે છે.

(૫) સર્વેક્ષિત કુટુંબોએ ન્યુ ગુજરાત પેટર્નનાં નાણાં લીધા અને યોજનાનો લાભ મેળવ્યો તેના લીધે ઘરમાં રસોઈનાં સાધનો, પીવાના પાણીની સુવિધા, ઘરમાં આધુનિક પાણીયારાં, ઘરમાં નાહવા ધોવાની સગવડ વગેરે પહેલાં કરતાં થોડી સારી થઈ હોવાનું જણાય છે.

(૬) બધા જ ઉત્તરદાતાઓ સુધારેલાં બિયારણ વાપરે છે. તેમાં ખાસ કરીને મકાઈ, તુવર, અડદ, ડાંગર, જુવાર, નાગલી, શેરડી, ઘઉં તથા શાકભાજી જેવા રોકડીયા પાકમાં વાપરીને પગભર થવા માટે તેમાંથી આવક મેળવે છે.

(૭) સર્વેક્ષિત મોટાભાગના ઉત્તરદાતાઓમાં રૂા. ૨૧ હજારથી વધુ આવક ધરાવનારા ઉત્તરદાતાઓનું પ્રમાણ વિશેષ છે. તેમાં ૩૧ હજારથી વધુ આવક ધરાવનારનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે.

(૮) બધા જ સર્વેક્ષિત ઉત્તરદાતાઓએ વત્તા-ઓછા પ્રમાણમાં દેવુ કરેલ છે. આ દેવાના પ્રમાણમાં રૂપિયા ૨૧ હજારથી ૨૬ હજારથી વધુ દેવુ ધરાવનારા વિશેષ પ્રમાણમાં છે. ~~આ દેવા~~ માટે ખાસ કરીને આર્થિક, સામાજિક, ખેતી વિષયક, ધંધો, પ્રશુની ખરીદી વગેરે કારણો છે. આ દેવું સગાંસંબંધી, શાહુકાર, સહકારી બેંક વગેરેથી કરતા જોવા મળે છે.

(૯) સર્વેક્ષિત ન્યુ ગુજરાત પેટર્ન યોજનાનો લાભ બધાજ ઉત્તરદાતાઓએ લીધો છે. આ યોજના ની જાણકારી ખાસ કરીને ગ્રામ સેવક, તલાટી, સગાસંબંધી, વિસ્તરણ અધિકારી તથા સરપંચ પાસેથી મળેલ છે. મોટાભાગે ખેતીવાડી, પશુપાલન તથા પગભર થવાની તથા સ્વરોજગારીની યોજનાનો વિશેષ લાભ લઈને તેઓ થોડાઘણા અંશે બચત કરવાની કોશીષ કરે છે. આ બચત પોતાની પાસે, શાહુકાર અને પોસ્ટ કે સહકારી બેંકમાં મૂકતા જણાયા છે. તેઓ આ બચત આવનાર સમય માટે અને બાળકો તથા અન્ય ખર્ચાઓ માટે કરતા હોવાનું જણાવે છે.

(૧૦) સર્વેક્ષિત ત્રણે જિલ્લાના ઉત્તરદાતાઓએ ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ કિટસ સહાય, જમીન સંરક્ષણ, કિસાન નર્સરી, બળદ સહાય, બળદ ગાડાં, ખેતીનાં ઓજારો, ફળ-ફળાદિ, ફૂલછોડ કિટસ, શાકભાજી કિટસ, ગાય-ભેંસની યોજનાનો લાભ લઈ શકયા છે.

(૧૧) સર્વેક્ષિત ત્રણે જિલ્લાના ઉત્તરદાતાઓએ ન્યુ ગુજરાત પેટર્નનો લાભ લીધો છે તે સિંચાઈ સંબધિત એટલે

કે નવીન કૂવા, જૂના કૂવા, ઓઈલ એન્જીન, ઈલેકટ્રીક મોટર, ખેત તલાવડી, પાઈપ લાઈન, ટ્યૂબવેલ, ચેકડેમ, જૂથ કૂવા વગેરેનો લાભ લીધો છે.

(૧૨) ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ વ્યક્તિગત છૂટક સ્વરોજગારી મેળવવાની યોજના છે. તેમાં જોઈએ તો ફળ-ફૂલની કલમો, કેળની ખેતી, સ્વરોજગાર કરવા માટેની તાલીમ, પાનબીડી અને કરિયાણાની દુકાન, અનાજ દળવાની ઘંટી, શિવણ મશીન, મંડપ ડેકોરેશન વગેરે યોજનાઓ લાભ મેળવેલ હોય તેવાઓનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે.

(૧૩) સર્વેક્ષિત ત્રણે જિલ્લાના ઉત્તરદાતાઓને નાની મોટી અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. છતાં આ યોજનાનો લાભ લેવાથી પોતાના કુટુંબ, બાળકો માટે અનેક ફાયદા પણ થયા હોવાનું વિગતે જણાવે છે.

(૧૪) સર્વેક્ષિત ત્રણે જિલ્લાઓમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ લાભ મળ્યા પછી, પીવાનું તથા સિંચાઈનું પાણી મેળવ્યું, ઝડપી સિંચાઈ કરી રોકડા પાક પકવતા થયા, વાડી યોજનાનો લાભ મેળવી આવક રળતા થયા, આવાસ મેળવ્યું, જીવનધોરણમાં સુધારો થયો, પ્રસંગ પાર પાડી શકાયા, દેવુ ચૂકવતા થયા અને પગભર થવામાં માર્ગદર્શન મળ્યું એવા નાના મોટા ફાયદા થયા છે તેવુ ઉત્તરદાતા જણાવે છે.

(૧૫) ગુજરાત પેટર્ન યોજના હેઠળ ત્રણે જિલ્લાના ઉત્તરદાતાઓ ખેતીક્ષેત્રે પરંપરાગત ખેતી કરતા તેમાં આજે કેટલાક અંશે પરિવર્તન લાવી શક્યા છે. આની સાથે સાથે આર્થિક વિકાસમાં બેંકમાં ખાતું ખોલાવી બચત કરવી, ડોક્ટરી સારવાર લેવી, વીજળી જોડાણ લેવું, શહેરમાં લેવડ-દેવડ માટે જવું, ખેતીમાં યંત્રો વગેરે ક્ષેત્રે પહેલાં કરતાં આજે ઘણું પરિવર્તન આવ્યું છે.

(૧૬) ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ યોજનાનો લાભ મળવાથી આર્થિક સ્થિતિમાં ત્રણે જિલ્લાઓમાં ખાસ કરીને બધાએ લાભ લેવા માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતું ખોલાવ્યું છે, ગામથી શહેર સુધી મજૂરી કે લેવડ-દેવડ માટે જવું, મંડળીમાં સભ્ય થવાનું, આધુનિક રીતનો ખોરાક લેવાનું, દેવ-દેવીની માનતા રાખવાનું, ડોક્ટરની સાલહ લેવામાં વધારો, સામાજિક-ધાર્મિક પ્રસંગો પાછળ વધુ ખર્ચ કરવાનું, ઘરવેરો તથા વીજળી બીલ ભરવાનું વગેરે ક્ષેત્રે પરિવર્તન આવતું દેખાયું છે. સાથે સાથે આવક વધવાથી તમાકુ-ગુટકાનાં વ્યસનો, દારૂ પીવામાં વધારો થયો વગેરે નકારાત્મક અસરો પણ થઈ છે.

(૧૭) ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ ત્રેણ જિલ્લાઓમાં યોજનાઓનો લાભ લીધો છે તેવાઓના સમાજ જીવનના જુદા જુદા પાસાંઓ જેવા કે લગ્નમાં વધુ ખર્ચ કરવો, અન્ય સમાજ સાથે આવતા-જતા થવું, પહેરવેશ-મોજશોખ, ભોજન સમારંભમાં, દેવ-દેવીઓની માનતા પાછળ વધુ ખર્ચ કરવો, ફોટોગ્રાફી, મંડપ ડેકોરેશન, બાબરી ઉતારવી વગેરે ક્ષેત્રે પહેલાં કરતાં ઘણો વધારો જોવા મળે છે.

(૧૮) ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ ત્રણે જિલ્લાઓમાં યોજનાનો લાભ લીધો છે તેવા શિક્ષણનો બાળકોએ લાભ લીધો છે જેના કારણે શિક્ષણ મેળવવામાં જાગૃતિ આવવી, ભગત-ભૂવાની સાથે સાથે દવાખાને વધુ

જવું, બાળકોને રસી મૂકાવતા થવું, બાળકોના શિક્ષણ પાછળ વધુ ખર્ચ કરતા થવું, બાળકોને વધુમાં વધુ સારી નોકરી મળે, ધંધા રોજગાર મેળવવા માટે હિસાબ કરતા થયા વગેરે પરિવર્તન શિક્ષણ મળવાથી આવતુ દેખાય છે.

(૧૯) ન્યુ ગુજરાત પેટર્નનો લાભ મળવાથી પશુપાલન વ્યવસાયમાં આવેલ પરિવર્તન ત્રણે જિલ્લામાં જોઈએ તો, નવી ઓલાદનાં ગાય-ભેંસ ખરીદવાનું, ખાણ-દાણ-લીલો ચારો આપી વધુ દૂધ મેળવવા માટે સતત પ્રયત્નશીલ થવું, કૃત્રિમ બીજદાન કરાવવું, મહિલાઓ દૂધની આવક રાખતી થઈ, પશુને દવાખાને લઈ જવુ, ઘરની નવી વસ્તુઓ ખરીદીમાં મદદરૂપ થવું, પશુને ઘરમાં કે ઢાળિયામાં રાખવા માટેની વ્યવસ્થામાં પહેલાં કરતાં સુધારો થતો જોવા મળે છે. પશુપાલન વ્યવસાયમાં દૂધની ડેરી થવાથી પૂરેપૂરો ભાવ તથા તફાવત આજે મળતો થયો છે.

(૨૦) ગુજરાત પેટર્ન યોજના સંબંધિત ત્રણે જિલ્લાઓમાં યોજનાના જુદા જુદા લાભ લીધા છે તેનાથી તેઓની સ્થિતિમાં સદ્ધરતા આવતાં ખાટલા, પલંગ, ગાદલાં-ગોદડાં, વાસણો, રેડિયો,ટી.વી. ટેપ, મોટર સાયકલ, દિવાલ ઈંટો ની કરવી, ભોંયતળિયું સિમેન્ટ તથા વીજળી અને અન્ય જરૂરી ચીજવસ્તુઓ જુદા જુદા ઉપકરણો પહેલાં કરતાં વસાવતા થયા છે.

ભારત દેશને આઝાદીનાં આટલાં વર્ષો પૂરાં થયાં, પંચવર્ષીય યોજનાઓમાં આદિવાસીઓના વિકાસ માટે સુંદર આયોજન થયાં, આદિવાસીઓ માટે આઝાદી પહેલાં અને પછી તેઓની સમસ્યામાંથી મુક્ત કરવા માટે વિવિધ સમિતિઓની રચના, તજજ્ઞનોનો ઉપયોગ, કડક કાયદાઓ હોવા છતાં અમલીકરણમાં કેટલીક ખામીઓને કારણે આદિવાસીઓને વિકાસ માટે જેટલી સફળતા મળવી જોઈએ તેટલી મળતી નથી. છતાં આઝાદી મળ્યા પછી અને આજે સરકારની ન્યુ ગુજરાત પેટર્નની યોજનાનો બહોળો લાભ આદિવાસીઓ ને મળ્યો નથી. આદિવાસી લાભાર્થીઓ જણાવે છે કે અમારાં ગામ નર્મદા કિનારે હોવા છતાં પાણી મળતું નથી કે તેને લાયક યોજના નથી. અમને ખેતી માટે સિંચાઈની વ્યવસ્થા મળે તો અમે ગમે તેમ કરીને પાક મેળવી લઈશું; પણ અમને ફક્ત પાણી અને શિક્ષણ આપો. અમારે ઘણી મોટી યોજના જોઈતી નથી તેમ તેઓ રૂબરૂ મુલાકાતમાં જણાવે છે.

(૧) ન્યુ ગુજરાત પેટર્નનાં આદિવાસીઓનું રોકડીયા પાકો તરફનું વલણ કેળવાય ને નવી વૈજ્ઞાનિક પદ્ધતિથી સમજ અપાય તો ઈચ્છિત પરિણામ મળી રહે. તે માટે નમૂનારૂપ નિદર્શન કરીને તેમને આધુનિકરણ તરફ વાળવા જોઈએ.

(૨) આદિવાસીઓના સંશોધન વિસ્તારમાં બજાર વ્યવસ્થાના અભાવે આજે તેઓ ખૂબ લુંટાય છે. તેઓની ચીજવસ્તુ, ઉત્પાદનનું વેચાણ અને સહકારી ધોરણોની વ્યવસ્થા ઉભી થાય તેમ કરવું જોઈએ.

(૩) આદિવાસીઓ જે જમીન ધરાવે છે તે ખાડા ટેકરાવાળી છે. આ જમીન સમતલ કરવાની જે યોજના છે તે યોજના વધુ સફળ બનાવવી તથા ચેકડેમ, તળાવ, ફળ-ફળાદિનાં વૃક્ષો વધુ વવાય તેવું માર્ગદર્શન આપીને મદદ કરવી જોઈએ.

(૪) આદિવાસીઓની ખેતી અને જંગલ આધરિત અર્થવ્યવસ્થાને ખ્યાલમાં રાખીને ભાવિ વિકાસલક્ષી નાણાં-ખર્ચની વિવિધ યોજનાઓ ઘડવી જોઈએ.

(૫) આદિવાસીઓ જંગલ જમીન ખેડે છે તેમાં ૨૦૦૬ નો જંગલ કાયદો આવ્યો છે તે કાયદાનુસાર ખાતેદાર કેમ થવું તેનું ખાસ માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.

(૬) આદિવાસી વિસ્તારોમાં ડેમ-તળાવો બંધાય છે છતાં તે વિસ્તારમાં સિંચાઈ, પીવાનું પાણી તેઓને મળે તે માટે ન્યુ ગુજરાત પેટર્ન યોજનામાં ખાસ નાણાંની જોગવાઈ કરી આદિવાસીઓ તેનો લાભ લેતા થાય તેમ કરવું.

(૭) આદિવાસી વિસ્તારમાં જ્યાં સિંચાઈની કોઈ વ્યવસ્થા નથી ત્યાં સમૂહ કૂવાની વ્યવસ્થા કે સમૂહ બોરની વ્યવસ્થા ઉભી કરી ન્યુ ગુજરાત પેટર્નનાં વધુ નાણાં ફાળવાય તેવુ ખાસ આયોજન કરવું.

(૮) ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ યુવક-યુવતીઓને વર્મીકપોસ્ટ, પશુ-પક્ષી સંબંધિત યોજનાનો લાભ લેવા આગળ આવે તેવી નાણાંકીય વ્યવસ્થા ગોઠવાય તથા તેનું બજાર મળે અને લાંબે ગાળે પોતે પગભર થાય તેવી ખાસ વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૯) ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ આર્થિક ધંધારોજગાર યોજનાનો લાભ ખર્ચાળ હોવા છતાં તેઓને તાલીમ આપીને અથવા તો આર્થિક રીતે વધુ નાણાંકિય ખર્ચ કરીને મદદ કરવી જોઈએ જે સંશોધન અભ્યાસના બધા જ વિસ્તારમાં ખાસ જરૂરી છે. આમ થવાથી આદિવાસી વિસ્તારમાં શાહુકારો લૂંટે છે તેમાં ઘટાડો થવાની શક્યતા રહેલી છે.

(૧૦) ન્યુ ગુજરાત પેટર્નની વ્યક્તિગત છૂટક સ્વરોજગારીની યોજના છે તે વધુ વિકસાવવા માટે નાના ધંધા રોજગારવાળાઓ સાથે જોડીને કાયમી ધોરણે કામ મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

(૧૧) આદિવાસી વિસ્તારમાં ન્યુ ગુજરાત પેટર્નની યોજનાઓ આદિવાસીઓ વધુ લેતા થાય તે માટે ખાસ કિસ્સા તરીકે પ્રચાર-પ્રસાર અને સરળતાથી થાય તેવું ખાસ માર્ગદર્શન આપવું જોઈએ.

(૧૨) ન્યુ ગુજરાત પેટર્નમાં આશીર્વાદ ગણાતી દૂધાળી ગાય-ભેંસ આપવાની યોજનાને વધુ નાણાંકીય ખર્ચ કરીને વધુ લાભ લેતા થાય તે માટે મોટી ડેરી સાથે જોડીને સહકારી ધોરણે લાભ મળે તેવી ખાસ જોગવાઈ કરવી.

(૧૩) આદિવાસી વિસ્તારમાં માનવશક્તિ, નાણાંશક્તિ, બજાર કદને ખ્યાલમાં રાખીને ઉત્પાદનક્ષેત્રે નાણાંકીય ખર્ચ કરવો જોઈએ.

(૧૪) ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ કામ કરવાના આયોજન અને અમલીકરણ વખતે આદિવાસીઓની ખાસ ભાગીદારી રાખવી જોઈએ.

(૧૫) ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ આવેલ વિસ્તારમાં આદિવાસીઓના પ્રસંગો પૂરા કરવા શાહુકારોના દેવાદાર

બને છે તેથી નાણાંકીય રીતે પગભર થઈ સ્વાવલંબી બને તે રીતની વિકાસની પ્રક્રિયા ખાસ ગોઠવવી જોઈએ.

(૧૬) ન્યુ ગુજરાત પેટર્ન યોજનાના લાભો સમુદાયના હોય કે વ્યક્તિગત તે સરળતાથી પ્રાપ્તિ થાય તેવું ખાસ આયોજન કરવું જોઈએ.

(૧૭) ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ લાભ લીધા પછી સામાજિક-આર્થિક-શૈક્ષણિક તથા ધંધા રોજગાર ક્ષેત્રે સંતોષ મળે તેમજ જીવન ધોરણ ઉંચે આવે એ માટે નાણાંકીય ખર્ચમાં વધારો કરી તે માટે યથાર્થ પ્રયત્નો કરવા જોઈએ.

(૧૮) સરકારની ન્યુ ગુજરાત પેટર્નમાં લાભ લેવામાં પદાધિકારીઓ તથા ગ્રામસેવક, તલાટી, સરપંચ, વિસ્તરણ અધિકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓએ ખાસ મદદ કરવી જોઈએ.

ન્યુ ગુજરાત પેટર્નની યોજનાના અમલીકરણ હેઠળ આઝાદીના આટલા વર્ષોના આપણા સૌના સઘળા પ્રયત્નો, નાણાંકીય ખર્ચ થાય છે છતાં પ્રયત્નો ત્યારે જ સફળ થશે જયાં આદિવાસી પ્રજા પોતાનો અભિગમ અને પુરુષાર્થ પ્રગટ કરી જવાબદારીની ભાવના કેળવી પોતાને માટેના જ કાર્યક્રમો છે એમ આદિવાસીઓ સમજશે અને સરકારની સાથે સાથે તેઓ પણ વિકાસની કામગીરીમાં જોડાશે.

સંશોધન અભ્યાસના જિલ્લાઓમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ કેટલાં કામો થાય છે અને નાણાં ખર્ચાયા છે તે અંગેનો સર્ગ્રાહી રીતે અભ્યાસ કરીને આ પછાત તથા અણવિકસિત વિસ્તાર છે તેમાંથી પ્રજાને આર્થિક-સામાજિક અને શૈક્ષણિક કે મૂળભૂત જરૂરિયાતોને પછાત રાખનારાં જે પરિબળોને હજુ વધુ ઊંડાણથી તપાસીને આદિવાસીઓની વિકાસ અને તેમની પોતાની રીતે પગભર થવાની સ્થાનિક કક્ષાએ કઈ કઈ શક્યતાઓ છે તેની માહિતી તથા સ્થાનિક ઉપલબ્ધ સાધનો દ્વારા કયા પ્રકારના ઉદ્યોગો-ગૃહઉદ્યોગો, સ્થાયી રોજગારીની કેટલી વધુ તક વધારી શકાશે અને કેટલાં નાણાં ખર્ચી શકાશે વગેરે પાસાં ઉપર ખાસ આયોજન કરવું જોઈએ.

# આદિવાસીઓમાં ગરીબીના માપદંડ

અરૂણભાઈ ભા. પટેલ

ભારત એક અલ્પવિકસિત અથવા વિકસતો દેશ છે, અને તેની કાચી ગૃહ પેદાશમાં અને રોજગારી પૂરી પાડવામાં કૃષિ ક્ષેત્રનો ફાળો સૌથી વધુ છે. જે દેશોએ કે પ્રદેશોએ આર્થિક પ્રગતિ કરી ઊંચી માથાદીઠ આવક પ્રાપ્ત કરી છે તે દેશોના કે પ્રદેશોના અર્થતંત્રમાં કૃષિનું મહત્વ અને ફાળો ઘટ્યો છે. ભારતીય અર્થતંત્રમાં ખેતી ક્ષેત્રનું પ્રભુત્વ દેશમાં પ્રવર્તતી ગરીબી, બેરોજગારી અને અસમાનતાની પરિસ્થિતિ જવાબદાર ગણી શકાય. આમ તો ગરીબીના જુદા જુદા પરિમાણ છે, પરંતુ તેનો એક સર્વ સામાન્ય માપદંડ છે નક્કી કરેલી અમુક ન્યૂનતમ આવકથી પણ ઓછી આવક કમાતા લોકો અથવા કુટુંબો; એટલે કે ગરીબી રેખા નીચે (BPL) જીવતા લોકો.

બજારમાં પ્રવર્તમાન વેતન દરે કામ કરવા તૈયાર હોય છતાં જે વ્યક્તિને કામ ના મળે તેને બેકાર કહેવાય. જો કે વ્યક્તિ સ્વૈચ્છિક રીતે પણ બેકાર રહી શકે છે. પરંતુ અર્થશાસ્ત્રમાં બેકારીની ચર્ચામાં માત્ર ઉપર આપેલી વ્યાખ્યા પ્રમાણે ઔદ્યોગિક રીતે બેકાર વ્યક્તિઓનો જ સમાવેશ કરવામાં આવે છે. બેકારીની સમસ્યા અન્ય વિકસિત દેશોમાં પણ છે, અત્યારે સમગ્ર વિશ્વમાં રોજગારી ક્ષેત્રે વિપરીત પરિસ્થિતિ ઊભી થઈ રહી છે, ત્યારે આપણે ત્યાં વસ્તીના ઊંચા પ્રમાણને લીધે તે વધુ ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. ટૂંકમાં ગરીબીની સમસ્યા ખૂબજ ગંભીર છે અને તેથી તેનો પરિમાણત્મક ખ્યાલ મેળવવો પણ જરૂરી છે.

ગરીબી ત્રણ પ્રકારની હોઈ શકે. (૧) નિરપેક્ષ ગરીબી (૨) સ્વૈચ્છિક ગરીબી અને (૩) ઊભી કરેલી ગરીબી.

નિરપેક્ષ ગરીબી વ્યક્તિના સ્થાનનો તેના જીવન ધોરણના સંદર્ભમાં ખ્યાલ આપે છે. એટલે નિરપેક્ષ ગરીબી તેનું જીવન ધોરણ કેવું છે તેનો ખ્યાલ આપે છે. જીવન ધોરણના જુદા જુદા માપદંડ છે જેવા કે વ્યક્તિના ખોરાકમાં પોષક તત્વનું પ્રમાણ, કપડાં, મકાન, ભણતર, સ્વાસ્થ્ય સંબંધિત ખર્ચ વગેરે. જો તે તેની આવકમાંથી જીવન જીવવા માટેનું જરૂરી ન્યૂનતમ જીવન ધોરણ પણ ના પ્રાપ્ત કરી શકતો હોય તો તે વ્યક્તિ ગરીબ કહેવાય. ૧૯૬૨ માં ભારતીય આયોજન પંચ દ્વારા ગરીબીના અભ્યાસ માટે નિમાયેલ કમિટીના મત મુજબ ન્યૂનતમ આવકનું સ્તર એટલે એક મહિનાનું તે વર્ષોની કિંમતે વ્યક્તિ દીઠ (રૂા. ૨૦ નું) ઉપભોગ ખર્ચ આ ખર્ચમાં સ્વાસ્થ્ય અને ભણતરના ખર્ચનો સમાવેશ કરવામાં આવ્યો નથી. કારણ કે તે ખર્ચની જવાબદારી સંવિધાન પ્રમાણે રાજ્યની હતી. ટૂંકમાં ઉપભોગ ખર્ચ એટલે ન્યૂનતમ આવકનું સ્તર જેને 'ગરીબી રેખા' પણ કહેવામાં આવે છે. ગરીબી રેખાનો ખ્યાલ સારી રીતે જીવવા માટે જરૂરી એવા ન્યૂનતમ પોષણયુક્ત આહાર મેળવવા કેટલી આવક જોઈએ તે ઉપર આધારિત છે. આયોજન પંચે આ ન્યૂનતમ ધોરણ સ્વીકાર્યું હતું. પરંતુ તે વખતે કેટલાક અર્થશાસ્ત્રીઓએ દા.ત. દાંડેકર અને રથના મત

મુજબ તેઓએ ગ્રામીણ અને શહેરી વિસ્તાર માટે જુદા જુદા ન્યૂનતમ સ્તરની હિમાયત કરી હતી કારણ કે તેમના મત મુજબ શહેરી વિસ્તારમાં જીવન નિર્વાહનું ખર્ચ વધારે હોવાથી ન્યૂનતમ આવકનું સ્તર ગ્રામીણ વિસ્તાર કરતાં ઊંચુ હોવું જોઈએ. તથા તેમના અંદાજ મુજબ ખોરાકમાં દૈનિક માથાદીઠ ૨૨.૫૦ કેલરીને ન્યૂનતમ આવશ્યકતા ગણવામાં આવતી હતી. પી. કે. બારદાના મત મુજબ વ્યક્તિ દીઠ જરૂરી ન્યૂનતમ ખોરાક એટલે કે જેમાં ૧૫૦ ગ્રામ અનાજ (Cereals), ૩૦ ગ્રામ કઠોળ ૪૦ ગ્રામ દૂધ, ૧.૫૦ ગ્રામ ખાંડ તથા ગોળ, ૧.૨૫૦ ગ્રામ ખાદ્યતેલ, ૧૦ ગ્રામ મગફળી અને ૬૦ ગ્રામ શાકભાજીનો સમાવેશ કરેલો હોય, જેમાંથી વ્યક્તિને ૨૧૦૦ કેલરી તથા ૫૫ ગ્રામ પ્રોટીન એક દિવસ દરમિયાન મળી રહે. આયોજન પંચે ૧૯૭૭-૭૮ માં ગરીબી રેખાના માપ તરીકે વ્યક્તિદીઠ ગ્રામીણ વિસ્તારમાં રોજની ૨૪૦૦ કેલરીની જરૂરિયાત અને શહેરી વિસ્તારમાં રોજની ૨૧૦૦ કેલરીની જરૂરિયાતનો ખ્યાલ અપનાવેલો હતો.

આ અભ્યાસનો મૂળ ઉદ્દેશ કે હેતુ એ છે કે આદિવાસીઓમાં ગરીબી અંગેના જે માપદંડ છે તે યોગ્ય છે કે કેમ ? અભ્યાસનો વિષય વિશાળ છે પણ આદિવાસી સંસ્કૃતિ, ભૂભૌગોલિક પરિસ્થિતિ, તેઓનો આહાર, તેમની પરંપરાગત માન્યતાઓ, તે વિસ્તારની સુવિધાઓ વગેરેને ધ્યાનમાં લેવાની આવશ્યક્તા રહી છે. અભ્યાસ માટે મુલાકાત માર્ગદર્શિકાનો ઉપયોગ કરેલ છે. તે વિસ્તારના લોકો, તેઓનાં ઘરો, તેમની જમીન, તેમની સંપતિ, તેઓના વિચારો વગેરે જોવા જાણવા પ્રયત્ન કર્યો છે. આ વિષય સાથે સંકળાયેલ તજજ્ઞો, આદિવાસી આગેવાનો વગેરે સાથે રૂબરૂ મુલાકાત દ્વારા ચર્ચા વિચારણા પણ કરવામાં આવી હતી.

**ગરીબીનાં માપદંડ અને ગરીબીની યથાસ્થિતિ :**

શરૂઆતથી ગરીબી માટે આવકના માપદંડને જોવામાં આવતું હતું. ત્યારબાદ માસિક ખર્ચને ધ્યાનમાં રાખી ગરીબી નક્કી થતી હતી, અને છેલ્લે હવે ભારત સરકારે પરિશિષ્ટમાં બતાવ્યા પ્રમાણે કુલ ૧૩ માપદંડના ગુણાંકની ગણતરીને ધ્યાનમાં લીધી છે; તથા ત્રણેક વધારાના મુદ્દા રાજ્ય સરકારે ધ્યાને લીધા છે. આ કુલ ૧૩ માપદંડમાંથી એક માપદંડ એ છે કે ઘરમાં વપરાશી ચીજવસ્તુઓ જેમાં ટીવી, રેડીયો, પંખો, કુકર જેવાં રસોઈ સાધનો વગેરે છે તેને રાજ્ય સરકારે ગરીબી માટે ગણેલ નથી પણ એક વધારાનું માપદંડ-સરેરાશ માસિક આવક (રૂપિયામાં) ને ગણતરીમાં મુકીને તે રીતે કુલ ૧૩ માપદંડને ધ્યાને લેવામાં આવ્યા હોય તેવું આદિવાસી ગામોના બી.પી.એલ. યાદીમાંથી સ્પષ્ટ જોઈ શકાય છે.

એક પ્રશ્ન સૌને થતો હશે કે આટલાં બધાં માપદંડ રાખવાની જરૂરિયાત શા માટે ઉભી થઈ હશે ? મને એવું સમજાય છે કે કદાચ આપણે ત્યાં ગરીબી હેઠળ જીવતાં કુટુંબોનું પ્રમાણ ઓછુ બનાવવાની આ એક વ્યૂહરચના હોઈ શકે. જે સાચી ગરીબી છે તે જોવાના મૂળ માપનને ભળતાં એવાં કેટલાંક લોભામણાં અથવા વધારાનાં માપનને ઉમેરી આ તમામના ગુણાંકની ગણતરી કરી કુલ ગુણાંક ઊંચો બતાવવાનો છૂપો

રસ્તો હોઈ શકે. એટલે કે કેટલાક બિનજરૂરી માપદંડને ગણતરીમાં મુકી કુલ ગુણાંક આપોઆપ વધી શકે તેમ છે. દા.ત. કુટુંબમાંથી સ્થળાંતર માટેનું કારણ-તેમાં

A1 (૦ ગુણ) છૂટક કામ

B2 (૧ ગુણ) મોસમી રોજગારી

C3 (૨ ગુણ) જીવન નિર્વાહના અન્ય પ્રકાર

D4 (૩ ગુણ) સ્થળાંતરિત નથી

E5 (૪ ગુણ) અન્ય હેતુ

સામાન્ય રીતે જેઓ ખરેખર ગરીબ છે અને તેની પાસે બહાર જવા માટે ભાડાના રૂપિયા પણ નથી તેથી તે મજૂરી માટે સ્થળાંતરિત થતા નથી. આનો અર્થ એ થાય કે તે કુટુંબમાંથી સ્થળાંતરિત નથી અને માટે તેના ૩ ગુણ તેના કુલ ગુણાંકમાં ઉમેરાઈ જવાના છે. આમ આવા એક બે, એક બે ગુણ કારણ વગર ઉમેરાય ત્યારે કુલ ગુણાંકનો સરવાળો અથવા જે તે પ્રમાણ આપોઆપ જ ઊંચું થઈ શકે. એટલે કે ગરીબી રેખા સમકક્ષ તમામ કુટુંબો ગરીબી રેખા ઉપર ચાલ્યા ગયા છે તેવો ભાસ પેદા થઈ શકે.

બીજા એક માપદંડની ક્ષતિ જોઈએ તો-બાળકોનો દરજ્જો (૫-૧૪ વર્ષના કોઈપણ બાળક)

A1 (૦ ગુણ) શાળાએ નહિ જતાં અને કામ કરતા

B2 (૧ ગુણ) શાળાએ જતાં અને કામ કરતા

C3 (૨ ગુણ) -

D4 (૩ ગુણ) -

E5 (૪ ગુણ) શાળાએ જતાં અને કામ નહિ કરતા

આગળ ઉપર જોયું છે કે શિક્ષણ અને આરોગ્યની જવાબદારી જે તે રાજ્ય સરકારની છે માટે ખરેખર આ મુદ્દાને માપદંડ તરીકે ગણતરીમાં લેવો જોઈએ નહીં. પણ જ્યારે તેને હેતુસર લેવામાં આવેલ છે ત્યારે તાર્કિક રીતે કે વૈજ્ઞાનિક રીતે ક્ષતિ અથવા દોષ દેખાઈ આવે છે. એક ગુણ (B2) સુધી બરાબર લાગે પણ ૨ અને ૩ ગુણ (અનુક્રમે C3 અને D4) સામે કંઈજ બતાવવામાં આવ્યું નથી અને છેલ્લે ૪ ગુણમાં (E5) શાળાએ જતા અને કામ નહિ કરતા દર્શાવ્યા છે, તેનો અર્થ આપોઆપ સમજાઈ શકશે કે લગભગ તમામ કુટુંબોમાં ભણતા બાળકો હોઈ શકે અને ભણતા હોય ત્યારે સ્વાભાવિક છે કે કામ ના કરતા હોય. આમ આવા ૪ ગુણ મળવાથી કુલ ગુણાંક ક્યાંનો ક્યાં ઊંચો બતાવી શકાય છે. જેનું પ્રતિબિંબ BPL અને APL યાદીમાં સ્પષ્ટ જોઈ શકાય છે.

કુલ ૧૩ માપદંડમાંથી ચારેક માપદંડને એક માપદંડમાં સમાવીને સાચી ગરીબી જોઈ શકાય તેમ હતી. તેમ છતાં ભળતાં નામે, લોભામણી આંટીઘૂંટીના નામે કે વધારે સંખ્યામાં મુદ્દાઓ ઉભા કરી રજૂ કરવાના નામે વિભાજન કરી સાચી ગરીબીને છૂપાવવા જેવું લાગે છે. આ ચાર માપદંડ જોઈએ તો ૧. જમીન, ૨. આજીવિકા બાબત, ૩. કુટુંબનો મજૂર વર્ગનો દરજ્જો અને ૪. કુટુંબમાંથી સ્થળાંતર માટેનું કારણ.

એક બે માપદંડમાં સંખ્યા દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. પણ સંખ્યાશાસ્ત્રની રીતે જોઈએ તો તે બંધબેસતા નથી. જ્યારે સંખ્યાનો ઉપયોગ કરવાનો હોય ત્યારે બે સંખ્યા વચ્ચેનો ગાળો સરખો હોવો જોઈએ, વર્ગ લંબાઈ સમાન હોવી જોઈએ, એકસૂત્રતા જળવાવી જોઈએ વગેરે બાબતો ધ્યાનમાં લેવાની હોય છે. તાર્કિક રીતે પણ યોગ્યતા હોવી જોઈએ. આ બાબતો ધ્યાનમાં ન લેવાય ત્યારે તેનાં પરિણામ ખોટાં થવા જાય છે. દા.ત. સામાન્ય પહેરવેશના કપડાંની સરેરાશમાં દર્શાવ્યા પ્રમાણે આંકને ગ્રાફ દ્વારા જોઈએ તો તે ગ્રાફ સીધી રેખા દર્શાવતો હોવો જોઈએ પણ આંક સમતુલન ન હોવાના કારણે અથવા મનફાવે તેવી આંકની રચના કરી હોવાથી તે ગ્રાફ કર્વ આકાર ધારણ કરે છે જે ખરેખર ખોટી અને ભૂલ ભરેલ પદ્ધતિ છે. આવું જ કંઈક જમીનના વિસ્તારમાં અસમાનતાનું ધોરણ જોવા મળે છે. આ પ્રકારની અસમાનતા એટલા માટે બતાવવી જરૂરી છે કે દરેક પગલે ગુણ મૂકવામાં આવે છે, અને જ્યારે ગુણની ગણતરી કરવાની હોય ત્યારે તેની સામે ચોક્કસ માપની સ્થિતિ હોવી જ જોઈએ. આ જ શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક પદ્ધતિ છે; પરંતુ અહીં તો તેનો અભાવ જ સ્પષ્ટ જણાઈ આવે છે.

**સામાન્ય પહરવેશના કપડાંની સરેરાશ**

| ગુણ | ૦ | ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|---|---|
| કપડાંની જોડ | ૨થી ઓછી | ૩ | ૪ થી ૫ | ૬ થી ૯ | ૧૦ અને વધુ |

ઈકોનોમિક એન્ડ પોલીટીકલ વિકલિના મે ૯, ૨૦૦૯ વોલ્યુમ XLIV નં. ૧૯માં હાઉ ટુ આઈડેન્ટીફાઈ ધી પુસર ? (ગરીબને કઈ રીતે ઓળખવો ?) થી પ્રપોઝડ (સૂચિત) લેખમાં ગરીબી રેખા અંગેના ૧૩ માપદંડોની ક્ષતિઓની છણાવટ દર્શાવી છે. BPL ના ૨૦૦૯માં થનાર સર્વેક્ષણમાં ધ્યાનમાં લેવા જેવી બાબતો પણ છે. આ અભ્યાસ ખાસ આદિવાસી સમાજ માટે થતો હોય ત્યારે સવિશેષ કેટલાક મુદ્દાઓને ધ્યાનમાં લેવાની જરૂર છે. બિન જરૂરી ક્ષતિઓ ઊભી કરનાર માપદંડો વિષે વિચારવા જેવી બાબત છે.

**આહાર :**

ગરીબી રેખાના માપદંડ વિષે વિચારીએ ત્યારે આદિવાસીઓના આહાર વિષે ખાસ જોવું જરૂરી છે. તેમનો ખોરાક સાદો છે અને જે તે વિસ્તારમાં જે કંઈ ધાન્ય પાકતાં હોય તેનો મહત્તમ ઉપયોગ થાય તે

સ્વાભાવિક છે. ખાસ કરીને રોટલા, શાક અથવા દાળ કે ચટણીનો વધારે ઉપયોગ થતો હોય છે. ભાત કે ખીચડીનો પણ થોડા થોડા પ્રમાણમાં ઉપયોગ જોવા મળે છે પણ દરેક કુટુંબોનો આમાં સમાવેશ ન થઈ શકે. મૂળ પ્રશ્ન છે કે તેઓ જે ખોરાક ખાય છે તેમાંથી શરીરને જોઈતાં તમામ પોષક તત્વો મળે છે ? કે પછી પેટ ભરવા જ માત્ર ખાવું પડતું હોય તેવું તો નથી થતુંને ? તેલ, ઘી, દૂધ વગેરેથી મળતા પોષક તત્વોની ઉણપ જોવી જોઈએ, ગોળ કે ખાંડવાળા મીઠા ખાદ્ય પદાર્થો, લીલાં શાકભાજી વગેરેમાંથી મળતાં જરૂરી પ્રોટીન, ચરબી, કાર્બોહાઈડ્રેટસ, કેલ્સિયમ, ફોસ્ફરસ, લોહતત્વ વગેરે વિષે પણ જોવું જરૂરી છે. બીજું શું ૨૫૪ રૂ.ના ખર્ચમાં તેનું જીવન ચાલે તેટલી ખાદ્ય વસ્તુઓ મેળવી શકાય ? તેઓ જે પાણી પીવે છે તે પાણી પીવાલાયક છે કે કેમ ? ક્યાંથી લાવે છે ? પશુ જે પાણી પીવે છે તે જ પાણી તેઓ પીવે છે ? વગેરે બાબતો ખાસ જોવી જરૂરી છે.

અત્યારે એક નોંધવા જેવી બાબત એ જોવા મળે છે કે ભણેલા આદિવાસી લોકો થોડું સારું અને બધું જ ખાય છે. એટલે કે મૂળ ખોરાક મકાઈનો હોય તો પણ વચ્ચે વચ્ચે ઘઉંના ખોરાકનું અનુકરણ કરતા જોવા મળે છે. સવારે ચા સાથે સારો નાસ્તો કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે. જ્યારે અભણ અને મોટી ઊંમરના લોકો બને ત્યાં સુધી નાસ્તો ખાસ કરતા નથી. ટૂંકમાં મોટે ભાગે આખા દિવસ દરમિયાન માત્ર ને માત્ર બે વખત એટલે કે બપોરે અને સાંજે પરંપરાગત રીતે તેઓનો ખોરાક લેતા હોય છે. જેઓ ખરેખર ગરીબ છે તેઓ માત્રને માત્ર દિવસમાં બંને વખત રોટલા અને ચટણી અથવા ભાજી કે દાળ બનાવી પેટ ભરવાની કોશીષ કરે છે. કવચિત કવચિત રીતે રાબ બનાવી પીવી કે ભડકુ બનાવી ખાવાની પણ પરંપરા કે એક રીત છે. ભીલી શબ્દોમાં જોઈએ તો ''ટંકે ડાળીયો, ટંકે મહુડું''. એટલે કે દિવસ દરમિયાન એક વખત પોતાનું અનાજ (ડાળીયો) મકાઈથી અને એક વખત મહુડાના ફુલ (મહુડાં) થી પેટ ભરવામાં આવે છે. અત્યારે કેટલાક વિસ્તારમાં પીયત સુવિધા વધી છે અને તેના કારણે શિયાળુ પાક તરીકે ઘઉંનું વાવેતર આ વિસ્તારમાં ઠીકઠીક છે. પરંપરાગત જે પાકો થતા તેના ઉપયોગ સાથે હવે ઘઉંનો વપરાશ પણ જોવા મળે છે. બીજુ સસ્તા અનાજની દુકાનો દ્વારા ઘઉં, ચોખા વગેરે મળતા હોવાથી તેનો વપરાશ પણ ઠીક ઠીક છે. દા.ત. મકાઈના પાકવાળા વિસ્તારમાં મકાઈ ઘરમાં હોય ત્યાં સુધી મકાઈ અને જ્યારે ઘઉં પાકે ત્યારબાદના સમયગાળામાં ઘઉંના રોટલાનો વપરાશ જોવા મળે છે. ખરેખર મોટાભાગનાની ખરાબ પરિસ્થિતિ ચોમાસાની શરૂઆતથી આવે છે. થોડા ઘણા લોકોની સ્થિતિ એવી પણ આવી જાય છે કે ખેતીના બિયારણ માટે કંઈ જ બચતું નથી. બીજી બાબત એ પણ જોવા મળી છે કે ગરીબી રેખાવાળા કુટુંબોના રેશનીંગ કાર્ડ પરની બધી જ વસ્તુઓ ખરીદવાની સ્થિતિ ઘણા ખરાની હોતી નથી. કેટલાંક કાર્ડ મેં જોયાં છે કે જેમાં ચોખા, ખાદ્યતેલ તેઓ ખરીદતા નથી. વળી એકાદ વખત કેરોસીન કે ખાંડની જરૂર પડી તો રેશનકાર્ડ પર ખરીદી લેવાનું અને જરૂર નથી તો જવા દેવાનું. પછી ભલે વેપારી તેના કાળા બજાર કરે.

ભાગ - ૪

સારાંશ :

સરકારે ગરીબી-બેકારી નિવારણ માટે પાંચમી યોજનાથી વધારે ધ્યાન કેન્દ્રિત કરીને ઘણી જ યોજનાઓ અને કાર્યક્રમોનો અમલ કરેલ હતો. પરંતુ ગરીબીનો પ્રશ્ન આજે પણ ઘણો જ ગંભીર છે. આ પ્રશ્નને ત્વરિત રીતે હલ કરવાની તાતી આવશ્યકતા છે. આ માટે સૌ પ્રથમ સાચા ગરીબોની સાચી ઓળખ મેળવવાની જરૂર છે. આ સંદર્ભમાં સૌ પ્રથમ તો ગરીબીના ખ્યાલને પુન:વ્યાખ્યાબધ્ધ કરવાની અનિવાર્ય આવશ્યકતા છે. કારણ કે હાલનો ગરીબીનો ખ્યાલ અને તેના માપદંડો ઘણી બધી રીતે અપ્રસ્તુત જણાય છે.

ખાસ કરીને ગરીબીને એકાદ મુખ્ય માપદંડને આધારે વ્યાખ્યાબધ્ધ કરવામાં આવે છે. પરંતુ ગરીબી બહુપક્ષીય, બહુલક્ષી અને બહુક્ષેત્રીય ખ્યાલ છે. આ ખ્યાલ ભૂલવો જોઈએ નહીં.

ગરીબી અને અમીરી વચ્ચે મોટી ખાઈ ઊભી થઈ છે. એટલે કે ગરીબી અને અમીરી વચ્ચે એટલું બધુ અંતર વધી ગયું છે કે કદાચ ક્યારેય આ અંતરમાં ઘટાડો ન થઈ શકે. આદિવાસી લોકો પરંપરાથી ગરીબીમાં જીવતા આવ્યા છે. તે જન્મે છે ગરીબીમાં, ઉછરે છે ગરીબીમાં, આખું જીવન ગરીબીમાં જીવે છે અને મરે છે તો પણ ગરીબી છૂટતી નથી. ખુબજ ઓછી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનો તેઓ ઉપયોગ કરે છે. આગળના ભાગમાં ગરીબીને સ્પર્શતા કેટલાક મુદ્દાઓને સંક્ષિપ્તમાં જોવાનો પ્રયત્ન કર્યો છે. પણ એકાદ ઉદાહરણ જોવું જરૂરી લાગે છે. મોટા ભાગના આદિવાસી પરિવારોમાં નાહ્યા બાદ શરીર લુછવા માટેના રૂમાલ (ટુવાલ) પણ રાખી શકતા નથી. તો દરેક સભ્ય દીઠ અલગ ટુવાલની તો વાત જ ક્યાં કરવાની ? ક્વચિત ક્વચિત કોઈ પરિવારમાં રૂમાલ જોવા મળે ખરો પણ તે રૂમાલનો મલ્ટીપરપઝ ઉપયોગ જોવા મળે. માથે ફાળીયું વાળવાનો પણ તે રૂમાલથી જ ઉપયોગ થાય. ઘરમાં રસોઈનાં વાસણો આંગળીના ટેરવે ગણી શકાય તેટલાંજ હોય. તેનો પણ વિવિધ હેતુ માટે વૈકલ્પિક ઉપયોગ થાય. આ બધી બાબતો ગરીબી સૂચવે છે.

પ્રશ્નો :

ગરીબીના અલગ અલગ માપદંડથી કેટલાક સાચા ગરીબો ગરીબી રેખા ઉપર ચાલ્યા ગયા છે. તો કેટલાક ખોટા કિસ્સાઓ ગરીબ બની જાય ત્યારે ઘણા પ્રશ્નો ઉભા થાય છે.

૧. જેઓ સાચા ગરીબ હતા પણ ગણતરીના ભોગ બની APL માં ચાલ્યા ગયા, તેઓને સસ્તા અનાજની દુકાનમાંથી કેરોસીન સિવાય કોઈજ લાભ મળતા નથી. બીજા અન્ય લાભો કે સરકારની ગમે તે યોજનામાં BPL નો સમાવેશ કરવાનો હોય તેવી તમામ યોજનાઓથી તેઓ વંચિત રહી જાય છે. આમ ખરેખર ગરીબ એવા પરિવારોની સ્થિતિ સુધરવાના બદલે જે તે લાભો નહીં મળવાથી અતિ ગરીબ સ્થિતિ ઊભી થવાનો મોટો પ્રશ્ન ઊભો થાય છે.

૨. લોકો માનસિકતાથી પીડાય છે કે ખરેખર આગળ પડતા કેટલાક લોકો, રાજકીય પીઠબળ ધરાવતા હોય તેના નજીકના મળતિયાઓ, વગ ધરાવતા વગેરે લોકોનો જ્યારે BPL માં સમાવેશ થતો હોય અને મોટા ભાગના લાભો લેવાતા હોય ત્યારે ઈર્ષા, અદેખાઈ, પીડા, વેદના વગેરે જરુર દેખાય છે. ટૂંકમાં આવે પ્રસંગે પીડાદાયક પરિસ્થિતિનું સર્જન થતું હોય છે.

૩. અંદરોઅંદરના સંબંધો બગડે છે, હિંસક હુમલા, લૂંટફાટ, મારામારી વગેરે કંઈપણ થઈ શકે તેમ છે.

સૂઝાવ

૧. અનુસૂચિત જનજાતિના લોકો જે આહાર લે છે તેમાંથી મળતી કેલરીને ગરીબી રેખાના માપદંડમાં સમાવવાની તાતી જરૂરિયાત છે.

૨. ચોખ્ખાં પીવાના પાણીની વ્યવસ્થા કેટલી દૂર છે ? ખરેખર તેઓ આખું વર્ષ ચોખ્ખું પાણી મેળવી શકે છે ? પાણીની શું વ્યવસ્થા છે ? સંગ્રહ વ્યવસ્થા કેટલી છે ? કેટલું પાણી મળે છે ? ગરીબી માટે વિચારવા જેવો મુદ્દો છે.

૩. જમીન વિહોણા પરિવારો જ્યારે માત્ર ગમે તે પ્રકારની મજૂરી પર આધારિત હોય ત્યારે તેઓને અતિગરીબીમાં જ ગણવા જોઈએ તથા તેઓ માટે ગરીબીનાં બીજાં કોઈ પણ માપદંડથી માપવાની કે જોવાની જરૂર નથી. કોઈપણ માપદંડથી કે કોઈપણ માપદંડ વિના તેઓ 'ગરીબ' જ છે.

૪. જેઓ પાસે જમીન છે પણ તેમાંથી વર્ષ પૂરતો જીવન નિર્વાહ ન થતો હોય ત્યારે તેની દેવા વિષયક સ્થિતિને ધ્યાનમાં લઈ ગરીબીમાં ગણવા પાત્ર થઈ શકે.

૫. જ્યારે આખા ગામને ડીફોલ્ટર (નાદાર) તરીકે ગણવામાં આવે છે ત્યારે તે ગામના તમામ પરિવારોને ગરીબી રેખા નીચે જ ગણવા જોઈએ.

૬. જે પરિવારમાંથી એક અથવા બે વ્યક્તિ મજૂરી માટે સ્થળાંતર કરતા હોય ત્યારે તે ગરીબ છે તેમ સમજવું જોઈએ.

૭. ઘર કાચું હોય, ઝૂંપડા જેવું હોય, ઘરમાં ખાસ કોઈ સુવિધા ન હોય, જાજરૂ-બાથરૂમ ન હોય, વીજ વ્યવસ્થા ન હોય વગેરે જોવાથી જ ગરીબીનો ખ્યાલ આવી શકે તેમ છે.

૮. ઘર વિહોણા પરિવારને અતિગરીબની રીતે જોવા જોઈએ.

૯. પરિવારના સભ્યોનાં પહેરવેશનાં કપડાં ફાટેલાં કે સાંધા કરેલાં હોય, એક કે બે જોડી માંડ હોય, ઓઢવા-પાથરવા તથા સૂવાની વ્યવસ્થા અપૂરતી હોય, પગમાં પગરખાં પણ હોતા નથી ત્યારે સ્વાભાવિક છે કે તેઓ ગરીબ છે.

૧૦. આદિવાસી વિસ્તારમાં સિકલ સેલ એનિમિયા નામનો અસાધ્ય અને વારસાગત ઉતરી આવેલ રોગથી પીડાતા એવા પરિવારને ગરીબી રેખા હેઠળ ગણવામાં વાંધો નથી.

૧૧. ફરજીયાત શિક્ષણ આપવાની ઝૂંબેશ ઉપાડી છે તે સારી બાબત છે અને ભણવાના લાભ આપ્યા બાદ બીજી બાજુ તેને BPLમાંની ગણતરીમાં મૂકી BPLમાંથી ખસેડવાની અનેક તરકીબ, યુક્તિ-પ્રયુક્તિ અપનાવવી જોઈએ નહીં.

૧૨. જે પરિવાર પોતાના બાળકોને ગામની નિશાળે માંડ ભણાવી શકતા હોય તેમજ પોતે પોતાનાં બાળકોને ઈચ્છે તેટલું ભણાવી શકતા ન હોય ત્યારે તેવા પરિવારને BPLમાં ગણવામાં શું વાંધો હોઈ શકે ?

૧૩. આવકનું ધોરણ આદિવાસીઓ માટે અચોક્કસ છે. તે માટે અનેક પરિબળો ભાગ ભજવે છે માટે બિનઆદિવાસી સાથે સરખામણી કરતાં પહેલાં તેનો ઈતિહાસ, તેની સંસ્કૃતિ, તેની ભૂભૌગોલિક પરિસ્થિતિ વગેરેને ખ્યાલમાં રાખવાં પડે.

૧૪. BPLની મોજણી કરનાર ઉપરોક્ત કેટલીક બાબતોના જાણકાર હોવા જોઈએ. ગમે તેમ અને ગમે તેવા દ્વારા મોજણી કરવામાં સાચા ગરીબને અન્યાય તો નજ થવો જોઈએ. ટૂંકમાં સર્વેયર આદિવાસીઓના જીવનથી જાણકાર હોવા જ જોઈએ. શક્ય હોય ત્યાં આવી મોજણી આદિવાસી તાલીમ સંશોધન કેન્દ્ર દ્વારા કે તેના સીધા માર્ગદર્શન નીચે હાથ ધરાવી જોઈએ.

# ગુજરાતની એક બહુઅલ્પ, અજાણી જાતિ : ગોંડ-રાજગોંડ

**ચંદ્રકાન્ત એસ. પટેલ**

ભારતની વસતિના કેટલાક જૂથો સામાજિક, આર્થિક, શૈક્ષણિક કે રાજકીય કારણોસર બાકીની પ્રજાની સરખામણીમાં ઘણા પાછળ રહી જવા પામ્યા છે. તે જ રીતે ગુજરાતમાં પણ કેટલાક જૂથો વિકસિત સમાજ કરતાં પાછળ રહી જવા પામ્યા છે. ગુજરાતના ૨૫ આદિવાસી જાતિ સમૂદાયોમાં સમાવિષ્ટ એવા ઘણા જૂથો કોઈને કોઈ કારણોસર પાછળ રહી જવા પામ્યા છે. ગોંડ-રાજગોંડ આવો જ એક બહુ ઓછી સંખ્યા ધરાવતો આદિવાસી સમુદાય છે. જેની બહુ મોટી સંખ્યા મધ્ય પ્રદેશ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર વગેરે રાજયોમાં પથરાયેલી છે. ગુજરાતમાં સુરત, વલસાડ, ભરૂચ, વડોદરા, પંચમહાલ, અમદાવાદ વગેરે જિલ્લાઓમાં ૧૯૬૧, ૧૯૭૧માં નજીવી નોંધાઈ હતી; જેની વસ્તી ૧૯૮૧, ૧૯૯૧ અને ૨૦૦૧ સુધીમાં અનુક્રમે ૧૭ જિલ્લામાં, ૧૫ જિલ્લાઓ અને ફરી પાછી ૧૭ જિલ્લાઓમાં પથરાયેલી જાણવા મળે છે. આટલા વિસ્તારોમાં પથરાયેલી હોવા છતાં આંગળીના વેઢે ગણાય એટલા કુટુંબોને લઈને તેઓ હજુ અજાણ છે. તેમનું લેખિત સાહિત્ય કોઈ જ નથી. તેઓ કયા મૂળ જાતિ સમૂદાયના છે તે વિશે ગુજરાતમાં કોઈની પાસે પૂરતી માહિતી કે વિગતો નથી. ભારતની આદિવાસી વસ્તીની સંખ્યામાં પ્રથમ ક્રમે તેમની વસતિ છે. ગુજરાતના આદિવાસીઓમાં તેમની વસ્તી માત્ર ૦.૦૨ ટકાની જ જોવા મળે છે. તેમની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ કંગાળ છે. તેમને રહેઠાણની કોઈ સુવિધા નથી. તેમની સ્થિતિ શું છે? તેમની કેવીક સમસ્યાઓ છે તેનાં તારણો, ઉકેલો શું હોઈ શકે તેનો આ અભ્યાસ.

**અભ્યાસના હેતુઓ અને મહત્વ :**

(૧) ગોંડ-રાજગોંડ જાતિના લોકો ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં વસે છે. આવા નાના આદિવાસી જૂથો ધ્યાન બહાર હોઈ તેમના વિષે લેખિત માહિતી ઉપલબ્ધ નથી. આવી અજાણી જાતિના જીવનનો ખ્યાલ આવે એ આશયથી ગોંડ-રાજગોંડ જાતિ અભ્યાસ માટે પસંદ કરી છે.

(૨) ગોંડ-રાજગોંડ જાતિ અલિપ્ત, અજાણ કેમ છે ? આમ કેમ બન્યું છે ? તેમને વિકાસ કાર્યક્રમોના લાભો મળે છે કે તેઓ વંચિત છે તેનાથી અહીં ગુજરાતમાં નાનો વસતિ સમૂદાય આ જાતિનો છે. તેથી તે જાણવા માટે અને અભ્યાસ કરીને પૂર્તિ કરવા માટે આ અભ્યાસ હાથ ધર્યો છે.

(૩) આ જાતિ મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર વગેરે બીજા રાજયોમાં દેશમાં ખૂબ મોટી વસતિ ધરાવે છે. તેઓ ગુજરાતમાં કેવી રીતે વસ્યા છે. અહીયાં આ આદિવાસી જૂથને તેની પોતાની આગવી સંસ્કૃતિ, સમાજરચના, સંગઠન કેવુંક છે? તેમનામાં બાહ્ય અસરોથી શું પરિવર્તન આવ્યું છે તે જાણવું જરૂરી છે.

(૪) ગોંડ-રાજગોંડ જાતિનું આર્થિક જીવન માળખું અહીં કયા વ્યવસાયોને આધારે છે ? આજે તેઓની શું પરિસ્થિતિ છે?

(૫) આ જાતિ જયાં જયાં વસે છે, ત્યાં તેની આસપાસ ઘણા સામાન્ય પ્રશ્નો છે.તેમાં ગોંડ-રાજગોંડ જાતિના કયા વિશિષ્ટ પ્રશ્નો છે ? તેનોઅભ્યાસ થવો જરૂરી છે.

(૬) આવા નાના સમુદાયોના અભ્યાસથી તેના વિકાસની ગતિશીલતા જાણવા મળશે. અને તે દ્વારા બીજા નાના સમુદાયોના વિકાસની કેડી મળશે. સાથે સાથે વિકાસ માટે કેવું આયોજન બનાવીએ તો આ જાતિનો સર્વાંગી વિકાસ સાધી શકાય, તેની પણ માહિતી ઉપલબ્ધ થશે.

(૭) આવા અભ્યાસથી આ જાતિ ઉપરાંત બીજા સંશોધકો કે આદિવાસી વિકાસમાં રસ ધરાવનારાને માર્ગદર્શન મળી રહેશે.

(૮) સંશોધન અભ્યાસથી જાતિના વિકાસની આડે આવતાં અવરોધક પરિબળો જાણી શકાશે અને વિકાસ માટે ખરેખર શું કરવું જોઈએ તે જાણી શકાશે. તેમાંથી ભાવિ કાર્યક્રમો અને નીતિ ઘડતર માટે દિશા સૂચન અને માર્ગદર્શન પણ મળશે.

(૯) વિવિધ સરકારી વિકાસ યોજનાઓ અંગે આ જાતિના કુટુંબોનો શું અભિપ્રાય છે તે પણ જાણી શકાશે.

**સંશોધન પ્રવિધિઓ :**

વિષય સંબંધી માહિતીને એકત્ર કરવા માટે ગોંડ-રાજગોંડ જાતિ જે વિસ્તારોમાં વસે છે તે કુટુંબોની માહિતી મેળવવા માટે અનુસૂચિ, કુટુંબપત્રક તૈયાર કરવામાં આવ્યું હતું. સંશોધનમાં સંખ્યાધિક પાસાંની સાથે ગુણાત્મક પાસાંઓને મહત્વ આપવામાં આવ્યું હતું. સાથે સાથે કેટલીક માહિતી માટે નિરીક્ષણનો ઉપયોગ કર્યો હતો. તપાસ હેઠળના કુટુંબોની સામાન્ય માહિતી ઉપરાંત અભ્યાસને અનુરૂપ આ જાતિ અંગેની જરૂરી સઘળી વિગતો મેળવી હતી. પ્રાથમિક માહિતી માટે ક્ષેત્રકાર્ય અને દ્વૈતિયક માહિતી માટે ગ્રંથાલયનો ઉપયોગ કરાયો હતો. દરેક ગામોમાં જઈને કુટુંબોને મળીને તેમની સંસ્કૃતિ, ધાર્મિક રીતરિવાજો, આર્થિક પ્રવૃત્તિઓ વિષેના પાસાંઓની ઊંડાણથી માહિતી મેળવી હતી. તેમની સમસ્યાઓ, ઉપાયો અને વિકાસને લગતા સૂચનોની માહિતી સ્થાનિક વહીવટી અધિકારીઓ, આ જાતિના સમાજના આગેવાનો અને તેમનામાંથી અનુભવી વ્યક્તિઓને મળીને મેળવી હતી. ઉપરાંત સંશોધકને પોતાને પણ તેમનામાંથી જાણવા મળેલી માહિતીને આધારે અને નિરીક્ષણને આધારે જે જે માહિતી ઉપયોગી અને હેતુલક્ષી જણાઈ તે અહીં મૂકવાનો પ્રયાસ કર્યો છે.

**તપાસ વિસ્તારો અને કુટુંબ પસંદગી :**

દેશની આદિવાસી જાતિઓમાં વિશાળ જનસંખ્યા ધરાવતી સંથાલ અને ભીલ આદિવાસી જાતિઓ કરતાં પણ વધારે જનસંખ્યા ધરાવતી ગોંડ-રાજગોંડ આદિવાસી જાતિની વસતિ સંખ્યા મહદ્‌અંશે દેશના કુલ આઠેક રાજયોમાં વસવાટની રીતે નોંધાયેલી છે. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, કર્ણાટક,

બિહાર, પશ્ચિમ બંગાળ અને ગુજરાત તેમાં પાંચેક રાજયોમાં એક લાખથી વધારે વસતિ સંખ્યામાં ગોંડ-રાજગોંડ જાતિ વસેલી છે. મધ્યપ્રદેશમાં ગોંડ જાતિની વસતિ બધા રાજયો કરતાં સવિશેષ પ્રમાણમાં નોંધાયેલી છે. સૌથી ઓછી વસતિ ગુજરાત, પશ્ચિમ બંગાળ અને મ્હૈસુર રાજયોમાં નોંધાયેલી છે. ગુજરાત રાજયમાં ૧૯૬૧માં માંડ ૬ (છ) જિલ્લામાં માત્ર ૮૭ (૦.૦૨ ટકા) ની વસ્તી, ૧૯૭૧માં માંડ ૫ (પાંચ) જિલ્લામાં માત્ર ૪૦૨ (૦.૦૨ ટકા)ની વસ્તી; ૧૯૮૧માં ૧૩ (તેર) જિલ્લામાં ૧૦૫૬ની વસ્તી (૦.૦૨ ટકા); જયારે ૧૯૯૧માં ૧૭ જિલ્લામાં વિસ્તરીને ૧૩૪૧ (૦.૦૨ ટકા) અને ૨૦૦૧માં વધુ વિસ્તરીને ૨૩ જિલ્લાઓમાં ૨૧૫૨ (૦.૦૨ ટકા)ની વસ્તી થવા પામેલી જોવા મળે છે.

આ અજાણી, ધ્યાન બહાર ગયેલી, જેની ગુજરાતમાં ખાસ કોઈ લેખિત માહિતી નથી, તેવી ગોંડ-રાજગોંડ જાતિની વસતિ સંખ્યા ક્ષેત્રકાર્ય દરમ્યાન, ગોંડ-રાજગોંડ જાતિના કુટુંબોના લગ્ન જેવા સામાજિક સંબંધો અને વ્યવસાયિક સંબંધોથી જાણવા મળેથી હતી. જે વસતિ ગણતરીના ૨૦૦૧ના આંકડા કરતાં કુટુંબ સખ્યામાં સવિશેષ જણાઈ હતી. ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળેલા અંદાજિત કુટુંબોમાં વડોદરા (એકતાનગર)માં ૨૫ કુટુંબો, અમદાવાદ (ધોડાસર તળાવ-રાજગઢ મહોલ્લો) ૪૦ કુટુંબો, હિંમતનગર, કોલેજ કંપાઉન્ડ સામે) ૨૫ કુટુંબો, ગાંધીધામ-આદિપુર (કોર્ટ સામેના મેદાનમાં) ૫૦ કુટુંબો, રાજકોટ-કેસોદ ૩૦ કુટુંબો અને ગ્રામ્ય વિસ્તારના જાણવા મળેલા કુટુંબોમાં પંચમહાલ શહેરા- સંતરામપુરના ગામોના ૨૫ કુટુંબો, વલસાડ (ધરમપુર-કપરાડા) ના ૧૦ કુટુંબો, નવસારી (વાંસદા- નવસારી) ના સુરત (વાલોડ, બારડોલી) ના બધા મળીને ૨૧૨ જેટલા કુટુંબો, તેમજ શહેરોમાં શિક્ષણ પામીને નોકરી કરતા પાંચ જેટલા કુટુંબો જણાયા હતા. આ તપાસ અભ્યાસ હેઠળ આ નોંધાયેલા અને જાણવા મળેલા કુટુંબોને ખ્યાલમાં રાખીને એ વિસ્તારો અને કુટુંબોને શોધીને, તેમાંથી ૫૦ જેટલા કુટુંબોને સમાવીને, તેમની પાસેથી માહિતી એકત્રિત કરીને, જે વિગતો જાણવા મળી હતી, તે અહીયાં મૂકી છે.

**આવરી લેવાયેલા વિસ્તારો, ગામ અને કુટુંબોની માહિતી નીચે મુજબ છે.**

| ક્રમ | વિસ્તાર-શહેર | વિસ્તાર/ગામ | આવરેલ કુટુંબો |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ધોડાસર (રાજગઢ મહોલ્લો) | ૧૦ |
| ૨. | વડોદરા | પાણીગેટ (એકતાનગર) | ૧૦ |
| ૩. | પંચમહાલ | શેખપુર | ૧૦ |
| ૪. | સુરત, નવસારી, વલસાડ | (કડોદ, વારોલી જંગલ જોગીપાડા, અનાવલ) | ૧૦ |
| ૫. | હિંમતનગર | કાટવારોડ, પી.ટી.સી. કોલેજ સામે | ૧૦ |
| | કુલ | | ૫૦ |

## વ્યક્તિ અને ભૌતિક સંસ્કૃતિ

### શારીરિક લક્ષણો :

અમે જોયેલા લગભગ બધા જ ગોંડો સામાન્ય કદ કરતાં જરા નીચા છે અને રંગે અન્ય સામાન્ય ભારતીયો કરતાં વધારે કાળા છે. તેમના શરીરની રચના ઠીક પ્રમાણસર એટલે કે મધ્યમ છે. પરંતુ તેમનાં શારીરિક લક્ષણો થોડાં વિચિત્ર છે. એમનું માથું ગોળાકાર, નસકોરાં ફૂલલાં, મોં પહોળું, હોઠ જાડા, વાળ કાળા-સીધા અને દાઢીમૂછ આછાં છે.

ગોંડ સ્ત્રીઓ, પુરુષો કરતાં વધારે જુદી પડે છે. તેઓમાંની ઘણી સ્ત્રીઓ જરા ઉઘડતા રંગની અને મધ્યમસરનો બાંધાની છે. ઘણી સ્ત્રીઓ, પુરુષો કરતાં મજબુત બાંધાની, પુરુષો કરતાં ચઢિયાતી છે. પ્રદેશ પ્રમાણે ગોંડ સ્ત્રીઓના દેખાવમાં ઘણો ફેર માલૂમ પડતો જોવા મળે છે. તેમાં ઉચ્ચ વર્ણના હિંદુ લોહીના મિશ્રણની શંકા કરી શકાય. ઊંડાણના પ્રદેશમાં ગોંડ સ્ત્રીઓ છે તે દેખાવે માણસ કરતાં વાંદરા જેવી લાગે, તેમનાં શારીરિક લક્ષણો બરછટ અને તરત ઓળખાઈ આવે તેવાં હોય છે. જેમ કે સામાન્ય સ્ત્રીઓનું બેઠી દડીનું શરીર પણ આનંદી ચહેરો હોય તો એનાથી તે જે સુંદર દેખાય. ભાગ્યે જ કોઈ ગોંડ છોકરીઓ કોઈકવાર સુંદર દેખાય છે. પરંતુ યુવાન થતાં કદરૂપી બની જાય છે. તેનું કારણ તેમનું સખત મજૂરીનું જીવન છે. આ સ્ત્રીઓ શિકાર સિવાયની અન્ય તમામ પ્રવૃત્તિઓ પુરુષ સાથે કરે છે.

### વ્યક્તિત્વ - સ્વભાવ :

ગોંડ લોકો બીકણ ખરા પણ શાંતિપ્રિય અને નમ્ર છે. તેઓ દારૂના વ્યસની હોવા છતાં ઝઘડાખોર નથી. તેઓ ફીકર વિનાના બહુ આનંદી સ્વભાવના છે. અત્યંત સરળ અને સહૃદયી, હસમુખા અને મશ્કરા હોઈ ઠઠ્ઠા મશ્કરી કરીને મઝા કરી લેતા હોય છે. તેઓ ભાગ્યે જ સંઘર્ષ કે ઝઘડા કરે છે. તેઓમાં અવાજનો ઘોંઘાટ ભાગ્યે જ સાંભળવા મળે. બીજી આદિવાસી જાતિઓની જેમ તેઓની સાચાબોલા અને પ્રામાણિક હોવાની છાપ છે. તેમનું સ્વાભાવિક શરમાળપણું તમે વાતોથી અળગું કરો તો તેઓ ખૂબ જ નિખાલસપણે વાતોડિયા માલુમ પડે. તેઓ વસતિથી દૂર રહેતો હોવાથી સરળ સ્વભાવના અને ખૂબ જ પ્રામાણિક છે. કંઈ આપવાની કબુલાત કરે પછી ગમે તે વેચીને કે મહેનત કરીને નિયત સમયે અચૂકપણે આપે છે.

ખેતમજૂર તરીકે ગોંડ લોકો પ્રામાણિક અને મહેનતુ છે; પણ તેને ટકોરવામાં ન આવે તો આળસુપણું જોવા મળે ખરું. તેઓ ભવિષ્યની ફીકર ઓછી કરે છે. એટલા માટે તો એમ કહેવાય છે કે ''ઘરમાં હાંલ્લું ભરેલુ હોય ત્યાં સુધી ગોંડ ભાયડો બાદશાહ છે.'' એટલે કે ગોંડના ઘરમાં એક બે દિવસનું ખાવાનું હોય ત્યાં સુધી એ કામ કરતો નથી કે ધ્યાન આપતો નથી.

ઉનાળાની નવરાશની ઋતુમાં ગોંડ લોકો ટોળે વળીને સગાંને ત્યાં જાય છે. તેઓ ત્યાં દિવસો સુધી રહે છે. જતાં સાથે અનાજ, દાળ લેતા જાય છે. ત્યાં તેઓ ખાવામાં, દારૂ પીવામાં અને ગપ્પાં મારવામાં જ

સમય ગાળે છે. યજમાનને ત્યાં મરઘું કે ડુક્કર મારીને મિજબાની કરે છે. ગોંડ લોકો આનંદી છે. તેમના પરિચયમાં આવે છે, તેને માટે તેઓ સારાં સ્મરણો મુકતા જાય છે. તેઓ સાચા બોલા અને હંમેશાં હસતા રહે છે. તેઓ જંગલના રસ્તા, ફૂલો, પ્રાણીઓના જાણકાર છે. આળસુ ખરા પણ બીજા માટે સારી આગતા સ્વાગતાવાળા છે. પહોળા નાકવાળા, ડાબા કાને ગલગોટાનું ફૂલ ખોસેલા, શિકાર માટે હાથમાં કુહાડીવાળો, દાંત દેખાય તેવા ચહેરાવાળો, ગોંડ શિકાર કરી તેના મહેતાણા વડે દારૂ પીવે છે અને છોકરા માટે મીઠાઈ લઈ જાય છે. જે નિષ્ફળ જાય (તેના ખેતીના વ્યવસાયમાં) તો પણ ફળફૂલ, કંદમૂળ ખાય, અને કરેલી કમાણી સંઘરવાનું જેને સ્વપ્ન પણ ન આવે તે ગોંડ છે. ગોંડ લોકો આવા આપ્તરંગી, ફીકર-ચિંતા વિનાના અને આજના જમાનાની સ્વાર્થી વિચારસરણીથી દૂર એવા તદ્દન નિરાળા વ્યક્તિત્વવાળા છે.

**બીકણપણું, અજ્ઞાનતા :**

ગોંડ જાતિના લોકો અજાણ્યા બહારના લોકોથી ખૂબ ડરતા હતા. તે વખતના રાજાઓને અપાતી ખંડણી અનાજના રૂપમાં અપાતી હતી. એ ઉઘરાવનાર અધિકારી ઠરાવેલ સ્થળથી દૂર સંતાઈ જતો અને લોકો અનાજ મૂકી જતા. કર્નલ ગ્લેસર્ફેડ નોંધ્યું છે કે ગોંડ જાતિના લોકો ઘોડાથી પણ બહુ ડરતા હતા. ઘોડેસ્વારને જોઈ આખું ગામ નાસી જતું. આ અનુભવ કરનારે ઘોડેસ્વારને જોઈ સ્ત્રી ઝાડ ઉપર ચઢી જવાનો પ્રસંગ વર્ણવ્યો છે. તેમની અજ્ઞાનતાનું ઉદાહરણ પણ તેમણે આપેલું. કેરીઓના ટોપલામાંથી કેરી ઓછી ન થાય તે રીતે પહોંચાડવી, પણ કેરી ખાવાથી સાથે રહેલા કાગળથી પકડાઈ જવાશે એમ માની કાગળ જમીનમાં દાટી દે છે; જેથી ખબર ન પડે એમ તેઓ માનતા હતા. આખરે તે પકડાઈ ગયા. કાગળ જોયા ન હોવા છતાં કેમ પકડાયા એ સમજી શક્યા નહિ. આવી તેમની અજ્ઞાનતા જોવા મળેલી.

કર્નલે નોંધ્યુ છે કે હવે તેઓ દસ સુધી ગણી શકે છે. ઢોર, અનાજ કે રૂપિયા ગણવામાં વીસથી વધારે સંખ્યા માટે તેઓ કોડી વાપરે છે. હાથની દસ આંગળીઓ અને પગની દસ આંગળીઓ એ પ્રમાણે વીસ સુધી તેઓ ગણતાં શીખ્યા હતા એમ તેઓ કહે છે.

**નાચગાન :**

ગોંડ જાતિના લોકો નાચવા ગાવાના બહુજ શોખીન હોય છે. તેથી તેઓ નાચતાં નાચતાં ગાય છે અને ભરપુર આનંદ અને મનોરંજન મેળવે છે. તેઓનું મુખ્ય નૃત્ય કમનૃત્ય છે. આ નૃત્ય તેઓ ચોમાસામાં જંગલમાંથી એક ઝાડની પાંદડાંવાળી ડાળખી લાવવાના પ્રસંગે, જ્યારે થોડો ફાજલ સમય હોય અને દારૂ મળી રહેતો હોય, ત્યારે રાત્રે નૃત્ય કરી મનોરંજન કરે છે.

માડિયા નૃત્યમાં ગોંડ લોકો એક મોટા કુડાળામાં નાચે છે. દરેક પુરુષ તેની બાજુની છોકરીને એક બાજુ ગરદન પકડીને અને બીજી બાજુ પગેથી વારા ફરતી પકડીને વર્તુળમાં હાર તૂટે નહિ એ રીતે ફરતાં ફરતાં નાચે છે. તેમના આ નૃત્યમાં માત્ર અપરીણિત છોકરા છોકરીઓ જોડાઈ શકે છે. એક વખત લગ્ન થાય એટલે આ નૃત્ય કરી શકે નહિ. ઘરના સુખ માટે નિયમ સારો છે. કારણ કે કેટલીક વખત નૃત્ય અને દારૂથી ઉત્તેજિત થઈ યુગલો નાચ કરતાં કરતાં જંગલમાં ભાગી જાય છે. ત્યાં એક બે દિવસ રહે છે. સગાંઓ ઘરે લાવે અને તેમને પરણેલા માને છે.

માડિયા નૃત્યમાં પુરુષો વાઘ, ચિત્તા, હરણ અને બીજાં પ્રાણીઓનાં ચામડા પહેરે છે. કેટલાક મોરનાં પીંછાં ધારણ કરે છે. કમરે કંદોરો, પીઠે ઘંટડી બાંધે છે. જે નાચતાં વાગે છે. ગાયકો ઢોલ નગારા વગાડે છે. ૩૦ જેટલા વાજાં વગાડનારા હોય છે. નાચતાં ચોખા કે કોડા અને દારૂનું ખર્ચ પણ આવે છે.

અન્ય સ્થળોએ નૃત્ય ઓછું ચિત્રમય હોય છે. કારણ કે સ્ત્રી-પુરુષો સામ સામે હારમાં ઊભા રહી આધાપાછા થઈ માત્ર નૃત્ય કરે છે. આમાં પરીણિત સ્ત્રીઓ નૃત્ય કરી શકે છે અને પુરુષો તેમને પકડ્યા વિના નૃત્ય કરે છે. તેઓ વચ્ચે વચ્ચે દારૂ પીવે છે. પડીયામાં કે ખોબામાં દારુ આપીને પીવાય છે તેથી નીચે પણ ઢોળાય છે.

**ગોંડ-રાજગોંડ : રંગરૂપ, ગુણ અને સ્વભાવ :**

ગોંડ-રાજગોંડ જાતિના લોકો રંગે કાળા, કવચિત ઘઉંવર્ણ પણ જોવા મળે છે. તેઓ શરીરે મજબુત બાંધાના, કસાએલા, મધ્યમ ઉંચાઈવાળા હોય છે. તેઓ સાહસિક, નિમકહલાલ અને સંતોષી હોય છે. પરંતુ તેઓનું બીજુ પાસું જોઈએ તો આળસુ અને વ્યસની હોય છે. બહુ વિશ્વાસપાત્રતાની છાપ જોવા મળતી નથી. સ્વભાવે મધ્યમ મીઠાશવાળા, બહુ ઉદાર નહીં હોવાની છાપવાળા અને કવચિત મહેમાનોની આગતા સ્વાગતા તેમની ગરજ અનુસાર કરનાર હોય છે.

ગુજરાતમાં વસેલી ગોંડ જાતિ બે ભાગમાં વહેંચાયેલી તો છે. પરંતુ તેમની વસવાટી કે આર્થિક પરિસ્થિતિમાં છેલ્લા ઘણા વર્ષોથી બહુ ઝાઝું પરિવર્તન આવેલું જોવા મળતું નથી. તેમને શહેરી અસરો જરૂર થઈ છે. તેમના રહેઠાણમાં હજુ કંતાન કે પ્લાસ્ટીક તંબુથી હજુ વિશેષ કંઈ જોવા મળતું નથી. ગ્રામ્ય વિસ્તારોમાં કાચાં ઝૂંપડાં, વાંસ, કરોઠી, લીંપણની ભીંતો, છાજમાં નળિયાં કે ઘાસ જોવા મળે છે. શિક્ષણમાં પણ ઝાઝો કોઈ ફેરફાર જોવા મળતોનથી. તેમનામાં કોઈ સંસ્થા કે સરકારનો ફાળો હોય તેવું પણ જોવા કે જાણવા મળ્યું નથી. હજુ તે અલિપ્ત કે અજાણ છે. એના ઉપરથી લાગે છે કે ગરીબો માટેના જે વિકાસ કાર્યક્રમો છે, તે આ જાતિને હજુ સ્પર્શ્યા નથી. એટલે કદાચ કાગળ ઉપર દૂધ દેખાય છે તેટલું ઉજળું નથી જ. તેમની આર્થિક પરિસ્થિતિ સારી નથી તે ધ્યાને આવ્યા વિના રહેતુ નથી. તેને કારણે તેમના જીવનમાં અનેક સમસ્યાઓ પણ ઊભી થયેલી છે.

**ભૌતિક સંસ્કૃતિ અને સાધનો :**

ગુજરાતની આદિવાસી જાતિઓમાં જેમ તેના આચાર વિચારો, પ્રથાઓ, વિધિઓ જોવા મળે છે. તેમ ગોંડ-રાજગોંડ જાતિમાં પણ શહેરી વિસ્તારોની અસરોને લઈને, તેમનામાં જોવા મળતી વિધિઓ, પ્રથાઓ, આચારોમાં મંદ ગતિએ પરિવર્તન પ્રક્રિયા થઈ રહેલી છે. જો કે તેના સામાજિક રચનાતંત્રમાં આજે કોઈ સીધુ પરિવર્તન આવેલું દેખાતું નથી. ગોંડ-રાજગોંડ જાતિમાં અનેકવિધ આંતર-બાહ્ય પરિબળો દ્વારા પરિવર્તનની અસરો થતી જોવા મળે છે, જો કે તેમનામાં આંતર કરતાં બાહ્ય પરિબળોએ તેમનામાં પરિવર્તન માટે સવિશેષ અસર કરેલી જાણવા જોવા મળે છે. શિક્ષણની વધતી જતી સુવિધાઓ, પંચાયત

રાજની પ્રવૃત્તિઓ, જુદા જુદા ધર્મોની અસરો, શહેરીકરણની તેમજ નવા નવા ઉદ્યોગોની ઔદ્યોગિકરણની અસરો, નવીનતમ ટેકનોલોજીની અસરો, રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસ કાર્યક્રમો, સિંચાઈ યોજનાઓ અને તેમના આસપાસ વસવાટી એવા જુદા જુદા જાતિસમુદાયોની અસરો તેમના ઉપર જોવા મળે છે. આ ધીમા છતાં મક્કમ ગતિના પરિબળોએ અસરો કરી છે. જેને લઈને તેમનામાં નવી ચેતના સાથે જાગૃતિ જોવા મળે છે. આ નવીન પરિબળો દ્વારા તેમનામાં સારી તેમજ ખરાબ અસરો પણ જોવા મળે છે. કેટલીક સમસ્યાઓએ પણ તેમને ઘેરી લીધેલા છે. કેટલેક ઠેકાણે શહેરી સમુદાયો સાથે સંપર્કમાં હોવા છતાં તેમનામાં હજુ શિક્ષણની ભૂખ જાગી નથી. શહેરોમાં ઘણે ઠેકાણે વસતા હોવા છતાં તેમના માટેની યોજનાઓથી અજાણ છે અને પ્રાયોજના વિસ્તારની બહાર હોઈ તેના લાભોથી પણ તેઓ વંચિત છે. તેમની આર્થિક પરિસ્થિતિ ઘણી નાજૂક હોઈ તેમનામાં જોવા મળતા ભૌતિક સાધનો ખૂબ જ નહીંવત પ્રમાણમાં છે. દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી અને પંચમહાલના શહેરા, સંતરામપુર વિસ્તાર વસવાટી ગોંડો પાસે ખેતી, ખેતમજૂરી, પશુપાલન હોવાથી તેમની ભૌતિક સુવિધા શહેરી ગોંડ કુટુંબો કરતા કંઈક અંશે વધુ સ્થિતિએ સારી છે. તેમનામાં ત્યાં થોડા શિક્ષિતો પણ જોવા મળે છે. એટલે એ બન્ને ગ્રામ્ય-શહેરી વિસ્તારના વસતા ગોંડ-રાજગોંડ કુટુંબોમાં સામાજિક તેમજ આર્થિક પરિસ્થિતિમાં અંતર છે.

ગોંડ-રાજગોંડ જાતિના અભ્યાસમાં આવરી લીધેલા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના કુટુંબોમાંથી જે ભૌતિક સંપદા જાણવા મળી હતી. તેની વિગતો નીચે રજૂ છે :

**ઘર-રહેઠાણ :**

કોઈપણ જાતિ સમુદાયમાં પરિવર્તન આવે છે ત્યારે અભૌતિક બાબતો કરતાં ભૌતિક બાબતોમાં તે વિશેષ ઝડપથી આવે છે. જો કે કેટલાક આદિવાસી સમૂદાયો વિકાસની પગદંડીએ પગ પણ મૂકી શકયા નથી; માત્ર ગરીબીની અવસ્થામાં જ વર્ષોપયંતથી જીવે છે. તેમની ગરીબી અવસ્થાને કારણે ભૌતિક પરિવર્તન પણ અત્યંત મંદ ગતિએ આવતું હોય છે. તેમની ઈચ્છા હોવા છતાં ગરીબાઈને કારણે તેઓ જરૂરી ચીજવસ્તુ સિવાય ચલાવી લઈને જીવન વિતાવે છે. અહીયાં એક અલ્પ સંખ્યક આદિવાસી સમુદાય ગોંડ-રાજગોંડ જેની વસ્તીસંખ્યા ૨૦૦૧ની વતી ગણતરીએ માત્ર ૨૧૫૨ની નોંધાઈ છે તે ગુજરાત રાજયના કેટલાક શહેરી વિસ્તારોમાં અને બીજા કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે; તેને લઈને તેમની રહેઠાણ વ્યવસ્થામાં ભિન્નતા જોવા મળે છે. તેમની વસવાટી ઢબમાં એક સરખાપણું કયાંય જોવા મળતું નથી. આમ સમગ્ર રીતે જોઈએ તો ગુજરાતના જંગલ, ડુંગરાળ વિસ્તારોમાં વસતા મોટાભાગના આદિવાસી સમુદાયોની વસવાટી ઢબ, ત્યાંની સ્થાનિક મળતી લાકડાની કે જંગલની જુદી જુદી વનસ્પતિઓની ચીજોમાં પ્રતિબિંબિત થતું જોવા મળે છે. પરંતુ અહીયાં ગોંડ-રાજગોંડ જાતિના લોકો શહેરી વિસ્તારોમાં વસીને માત્ર જંગલની જડીબુટ્ટીઓ વેચીને વસે છે. તેમના રહેઠાણની ઢબ જોઈએ તો, જયાં શહેરની ખુલ્લી જગ્યા મળે ત્યાં પ્લાસ્ટીકના કોથળા ફાડીને તે ઢાંકીને તંબુ જેવું નાનકડું ઝૂંપડું બનાવીને તદ્દન ગંદકીવાળા સ્લમ વિસ્તારોમાં વસે છે; જેમકે અમદાવાદમાં કેડીલા રોડથી આગળ ઘોડાસર તળાવના ખુલ્લા પ્લોટમાં, હિંમતનગરમાં

પી.ટી.સી. કોલેજના સામેના ખુલ્લા મેદાનમાં, નરોડામાં કલ્યાણમિલ, મસ્જીદ સામે, વડોદરામાં પાણીગેટ તરફ એકતાનગરમાં, કચ્છમાં, ગાંધીધામમાં જૂની કોર્ટના સામેના મેદાનમાં, જૂનાગઢ-કેશોદમાં ઈન્દ્રનગરના ખુલ્લા મેદાનમાં, રાજકોટ- મોરબી જકાતનાકા રેલ્વે ફાટકના મેદાનમાં, કચ્છમાં આદિપુરમાં સ્મશાન સામેના મેદાનમાં, ઉપર બતાવ્યા તેવા જ પ્રકારના પ્લાસ્ટીકના ઢાંકેલા ઝૂંપડાઓમાં વસે છે. તેમની પોતાની માલિકીની ઘરથાળની કોઈ જ જગ્યા શહેરી વિસ્તારોમાં જોવા મળતી નથી.

બીજી તરફ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં ગોંડ-રાજગોંડ જાતિના જે કુટુંબો વસેલા જાણવા મળ્યા હતા, તેઓની રહેઠાણની ઢબ આ ઉપરોક્ત શહેરી વિસ્તારોમાં વસેલા કુટુંબોથી તદ્દન ભિન્ન પ્રકારની જોવા મળી હતી. જેમ કે પંચમહાલના શહેરા તાલુકાના શેખપુરા એને તેની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં જે કુટુંબો વસે છે, તેઓ ખેતી, ખેતમજૂરી, પશુપાલન, છૂટકમજૂરી અને બીજા બાહ્ય મજૂરીનાં કામો કરીને જીવન નિર્વાહ ગોઠવે છે. તેઓ ત્યાંની સ્થાનિક મળતી ચીજવસ્તુઓમાંથી પોતાના ઘર-ઝૂંપડાં બનાવે છે; જેમાં વાંસ, કપાસની કરાંઠી, જંગલની સાંઠી, ઘાસ, નળિયા, માટી,છાણનો ઉપયોગ કરેછે. વલસાડના કપરાડા, ધરમપુરના જંગલ વિસ્તારના ગામોમાં પણ વાંસ, સાગ, સાદડ અને જંગલમાંથી મળતા ઘાસ તથા માટી-છાણનો ઉપયોગ કરીને પોતાની રહેઠાણ ઝૂંપડું બનાવે છે.દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના બારડોલી, નવસારી, વાંસદાના ગોંડ કુટુંબો કે જેઓ પોતાની અટક પેટાગોત્ર ધનગર દર્શાવે છે, તેઓના ઘર રહેઠાણની સ્થિતિ આગળ દર્શાવ્યા તેવા શહેરી તેમજ જંગલ વિસ્તારના ગોંડ કુટુંબો કરતાં તદ્દન ભિન્ન પ્રકારની જોવા મળે છે. તેમના ઘરો ઈંટમાટીના કે સીમેન્ટની ચણેલી દીવાલોવાળા, પતરાથી છાજેલા કે ધાબાવાળા ઘર જોવા મળે છે. આમ કુલ ત્રણ પ્રકારની રહેઠાણ વ્યવસ્થા ધરાવતી ગોંડ જાતિ વિસ્તારને અનુસંધાને પોતાની વસવાટી વ્યવસ્થા બનાવે છે.

ગોંડ-રાજગોંડ જાતિની આ ત્રણ પ્રકારની અલગ-અલગ વસવાટી વ્યવસ્થા તો જોવા મળે છે પણ સાથે સાથે તેની ઘરવખરી પણ ભિન્ન માલુમ પડે છે. જેમકે શહેરી વિસ્તારમાં સ્ટીલ અને પ્લાસ્ટીકનો વપરાશ, ફાટેલા તૂટેલા પ્લાસ્ટીકના તંબુના વસવાટમાં જોવા મળે છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારના તેમના કુટુંબોમાં સ્ટીલ ઉપરાંત માટીના સ્થાનિક વપરાશના સાધનો માટલું, ખાવાપીવાનાં વાસણો, ખાટલા, ખુરશી, ટી.વી. ફોન, વીજળી સુવિધા, પાણીની સુવિધા, સંડાસ, બાથરૂમ વગેરેની સુવિધાઓ ઘણાં બધાં કુટુંબોમાં જોવા મળે છે. દક્ષિણના જંગલ વિસ્તારના ધરમપુર, કપરાડાના તાલુકાઓના ગામોમાં તદ્દન ઝૂંપડામાં માટીનાં વાસણો, સ્ટીલના વાસણો, ઘંટી વગેરે જોવા મળે છે. બાકીનાં સાધનોથી તેઓ વંચિત છે.

**ભાષા-બોલી :**

ગોંડ-રાજગોંડ જાતિની તેમની પોતાની આગવી બોલી છે. તેમની ગોંડી પ્રવિડિયન ભાષા તમિલ અને કન્નડ સાથે સંબંધ ધરાવે છે બોલે છે. પણ હાલમાં તેઓ ગુજરાતમાં જ્યાં વસે છે ત્યાં ગુજરાતી સાથે વિવિધ વિસ્તારોની અસરવાળી બોલી બોલે છે. જ્યાં તેમની સવિશેષ વસ્તી છે તે રાજયમાં તેમની લેખિત

ભાષા છે. પણ ગુજરાતના વિસ્તારોમાં તેમની લિપિબધ્ધ કરેલ કોઈ ભાષાનો લેખિત સ્વરૂપે ઉપયોગ જણાયો નથી. તેઓ દક્ષિણ ગુજરાતમાં જયાં વસે છે ત્યાં મરાઠી મિશ્રિત બોલી, ઉપરાંત ત્યાં વસતા વારલી, ધોડિયા, કુંકણા જાતિઓની બોલી બોલે છે. તે ઉપરાંત તેઓ પંચમહાલના ભીલો, બારિયા, પટેલિયા જાતિઓની પ્રભાવ હેઠળની બોલી બોલે છે. શહેરોમાં વસતાં તેમનાં કુટુંબો મહદ્અંશે ગુજરાતી બોલી બોલે છે અને તેમના પોતાના સમુદાય જોડે તેમની આંતરિક દ્રવિડિયન બોલી બોલે છે. એટલે જયાં વસે છે ત્યાં હિંદી, મરાઠી કે તેલુગુ શબ્દો તેમની બોલીમાં આવે છે.

**પહેરવેશ-કપડાં :**

ગોંડ-રાજગોંડમાં પરંપરાગત રીતે પુરુષો લુંગી, શર્ટ, ઓપન શર્ટ, બંડી પહેરે છે. કોઈ કોઈ સારી સ્થિતિવાળા લોકો શહેરી અસરોને લઈને પેન્ટ, શર્ટ પહેરતા જોવા મળે છે. છેવાડાના આદિવાસી ગામોમાં ધોતી, ખમીસ પહેરે છે. ગરીબ યુવાન, અભણ યુવાનો પેન્ટ, ચડ્ડી, શર્ટ, ખમીસ પહેરે છે. તેઓમાં જે શિક્ષિતો કે નોકરી કરવાવાળા છે, તે બુશર્ટ, પેન્ટ, જાકીટ પહેરે છે. તે જીન્સ કે ટેરીકોટનના સારા કાપડનાં કપડાં પહેરે છે. સ્ત્રીઓ પણ પરંપરાગત કછોટો મારી ઘાઘરા ઉપર સાડલો વીંટે છે. જો કે તેમાં મહારાષ્ટ્રની ઢબે કછોટો મારી સહેજ ઉંચો પહેરે છે. તેમનામાં શિક્ષિત સ્ત્રીઓ - છોકરીઓ ડ્રેસ, સાડી, મેક્સી જેવાં કપડાં પહેરે છે. જો કે તેમનામાં વ્યાવસાયિક ગરીબાઈને કારણે વર્ષ દરમ્યાન બે જોડ કપડાંથી મોટાભાગના લોકો ચલાવી લે છે. પાણીના અભાવે પરિસ્થિતિવશ મેલાઘેલાં કપડાં પહેરેલા ઘણા બધા પુરુષો, સ્ત્રીઓ, છોકરા-છોકરીઓ જોવા મળે છે. દક્ષિણ ગુજરાતના અભ્યાસના કુટુંબોમાં જમીન, વ્યવસાય અને રોજગારીની તકને લઈને પહેરવેશની બાબતમાં થોડાં સારાં કપડાં પહેરતા જોવા મળે છે. વડીલ સ્ત્રીઓ, પુરુષો છૂંદણાં છૂદાયેલાં જોવા મળે છે.

**ઘરેણાં :**

પુરુષો હાથમાં કડુ, આંગળીઓ ઉપર સોના, ચાંદીની વીંટી પહેરે છે. સ્થિતિપાત્ર લોકો મહદ્અંશે સોનાનાં ઘરેણાં પહેરે છે. પુરુષો કરતાં, સ્ત્રીઓ ઘરેણાની ભારે શોખીન જોવા મળે છે. હાથમાં બંગડી, વીંટીઓ, નાની કડીઓ, સ્ત્રીઓ ચાંદીના ઘરેણાં પણ પહેરે છે. ગળામાં માળા, કંદોરો, નાકે નથણી, ગળામાં માદળીયું - કાળી ઘંટીવાળુ પહેરીને ઘરેણાંનો શોખ પુરો કરે છે. આર્થિક સ્થિતિ બહુ બહેતર ન હોવાને લઈને શહેરી વિસ્તારોમાં હવે ઘરેણાં ઓછા થતા જતા જોવા મળે છે.

**ખોરાક :**

ગોંડ લોકો ખોરાકમાં ભાગ્યે જ કોઈ પ્રતિબંધ પાળે છે. તેઓમાં બન્ને પ્રકારનો ખોરાક ખવાય છે. તેઓ માંસાહારી તેમજ શાકાહારી છે. તેઓ બકરા, મરઘા-કુકડા તેમજ માછલી જેવા માંસાહારી ખોરાક ખાય છે. જેમને સારા સંપર્ક છે, તેઓ શાકાહારી ખોરાકમાં ઘઉં, ચોખા, બાજરી અને બીજાં શાકભાજીનો ઉપયોગ પણ કરે છે. તેઓ તહેવાર કે ઉજાણી પ્રસંગે માંસાહારી મરઘા-બકરા કે માછલી ખોરાકમાં બનાવી

ખાય છે. તે જ રીતે હિંદુ તહેવારોના ભાગરૂપે દાળ ચોખા, ઘઉંની ચીજવસ્તુઓ બનાવીને, તળીને ખોરાકમાં ખાતા હોય છે. જેઓ જંગલ વિસ્તારમાં વસે છે, તેઓ કંદમૂળ, ભાજી અને વાડાના શાક પણ ખાય છે. તેઓ સસલા, તેતર, હરણ વગેરેનું માંસ રાંધી ખાય છે. તેઓ ચોખા, ખુરશાણી, વરાઈ, અડદદાળ કે બીજા કઠોળ ચણા, વાલ-ઝાલરનો પણ ખાવામાં ઉપયોગ કરે છે. દક્ષિણ ગુજરાતમાં જેઓ હિંદુ જાતિઓના સંપર્ક છે તેઓ તેમના રિવાજો મુજબ અનુકરણ ખોરાકમાં કરે છે. જે ગોંડ કુટુંબો શહેરમાં વસે છે, તે માંસાહારી તેમજ શાકાહારી બન્ને પ્રકારનો ખોરાક ખાય છે. ગોંડ લોકો ઉચ્ચ જાતિના હિંદુઓના ખોરાક લઈ શકે છે પણ તેમની સાથે વસેલી બીજી પછાત જાતિઓ પાસેથી ખોરાક લેતા નથી. જેમકે જંગલ વિસ્તારના કોલચા, કોટવાળિયા, શહેરી વિસ્તારની અનુસૂચિત જાતિઓ તેમજ બક્ષી જાતિની દેવીપુજક જેવી જાતિઓ પાસેથી ખોરાક લેતા કે ખાતા નથી. દક્ષિણ ગુજરાતમાં ઢોડિયા, કુકણા જાતિઓનો ખોરાક તેઓ ખાય છે, પણ તેઓ તેમની એ ઉપર ગણાતી જાતિઓને ખોરાક માટે બોલાવી શકતા નથી. આમ સામાજિક મોભાની રીતે ગોંડ જાતિના લોકો પોતાને હજુ નિમ્ન કક્ષાએ ગણે છે. તેઓ આ બાબતે અપગ્રેડ થયેલા જોવા મળતા નથી.

**પીણાં- વ્યસનો :**

ગુજરાતના મોટાભાગના આદિવાસી જાતિ સમૂદાયોમાં જેમ દારૂનું પીણું એ કોઈ અજુગતી બાબત નથી, તેમ ગોંડ સમુદાયમાં પણ દારૂ-તાડીનાં પીણાં એ સામાન્ય રીતે સ્વીકૃત બાબત ગણાય છે. ગોંડ લોકો રોજબરોજના જીવનમાં દારૂ પીવે છે. તેવી રીતે પ્રસંગોપાત પણ દારૂ તેઓમાં પીવાય છે. તેમાં તેઓ બાંધછોડ કરતા નથી. પરંતુ જયારે કોઈ દારૂ-તાડીના વ્યસનોની નિષેધવાળા શિક્ષિતો તેમને ત્યાં મહેમાન બનીને આવે કે મુલાકાતે આવે ત્યારે તેઓ તેમનું સ્વાગત ચા-પાણી કે ઠંડા પીણાંથી કરે છે. તેમનામાંના જેઓ શિક્ષિત બન્યા છે તેઓ દારૂ, તાડીથી અળગા થયા છે. તેઓ ચા કે ઠંડાપીણાં જ પીવે છે.

ગોંડ લોકોમાં બીડી, તમાકુ, પાન, ગુટકા ખાવાની ટેવવાળા પણ તેમનામાં ઘણા બધા જોવા મળે છે. તેઓમાં પુરુષ સાથે કેટલીક સ્ત્રીઓ પણ બીડી-તમાકુ અને ગુટકા ખાય છે.

**સામાજિક સંરચના- રીતરિવાજો, આર્થિક માળખું, શૈક્ષણિક પરિસ્થિતિ :**

ગોંડ-રાજગોંડ જાતિમાં કુટુંબ વ્યવસ્થામાં જોઈએ તો પિતૃપ્રધાન, પિતૃસત્તાક વ્યવસ્થા તો છે જ; પણ કુટુંબના પ્રકારોમાં જોઈએ તો કેન્દ્રિય કુટુંબો અને સંયુકત કુટુંબોની સંખ્યા લગભગ સરખી જોવા મળે છે. શહેરમાં કંઈક અંશે કેન્દ્રિય કુટુંબો જણાયા હતા.

ગોંડ-રાજગોંડની વસવાટી વ્યવસ્થામાં તેઓ અન્ય સમૂદાયોમાં શહેરોમાં દેવી પૂજક, મુસ્લિમ, ઠાકોર અને અનુસૂચિત જાતિ સમુદાયો નજીક વસતા જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારોમાં તેઓ અનાવિલ, બ્રાહ્મણ, પારધી, કોળી પટેલ, ઠાકરડા વગેરે ઉપરાંત આદિવાસી જાતિ સમુદાયોની ધોડિયા, ચૌધરી, ગામિત, વસાવા-વારલી, કુંકણા વગેરેની સાથે વસે છે.

સમાજ વ્યવસ્થામાં તેઓ શહેરોમાં દેવીપૂજક અને અનુસૂચિત જાતિઓથી ઉપરના સ્થાને અને મુસ્લિમ, ઠાકોર વગેરે જાતિમાંથી નીચેના સ્થાને વ્યવહારો કરતા હોય છે. બાકીના અનાવિલ બ્રાહ્મણ, કોળી પટેલ, પારધી કે આદિવાસી જાતિઓમાં નીચેના સામાજિક મોભા સાથે વસનારા છે.

**ગોંડ-રાજગોંડમાં શાખ-ગોત્ર વ્યવસ્થા :**

ગુજરાતની બીજી આદિવાસી જાતિઓની જેમ ગોંડ-રાજગોંડમાં પણ શાખ-ગોત્ર વ્યવસ્થા જોવા મળે છે. તેઓમાં એકના એક ગોત્રમાં લગ્ન કરવાનો નિષેધ જોવા મળે છે.

દક્ષિણ ગુજરાતમાં, ગ્રામ્ય વિસ્તારમાં મૂળ તેઓ પોતાને 'ધનગર' તરીકે ઓળખાવે છે. જે પહેલાં ગોપાલકો-ભરવાડો કહેવાતા તે ધનગરના કેટલાક છપેટા ગોત્રો જાણવા મળ્યા હતા.

અમદાવાદ, વડોદરા, હિંમતનગર, ગાંધીધામ, રાજકોટ, કેશોદ વગેરે શહેરી વિસ્તારોમાંથી જાણવા મળેલા ગોત્રો (૧) હરકટ (૨) હોલ્કર (૩) ખીલારા (૪) હોસકસ (૫) ગાવલી (૬) આહીર

(૧) સડમાકી (૨) વલકા (૩) મરાયલ (૪) જયકર (૫) ગોળીપણ (૬) કુડાસમ (૭) પેડમ (૮) મરામે (૯) ઉઈક.

**આર્થિક જીવન માળખું :**

ગોંડ-રાજગોંડ જાતિ મહદ્અંશે ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે તે પહેલાં પશુપાલનના વ્યવસાય કરતી હતી અને સાથે ઉનના ધાબળા બનાવવાનો વ્યવસાય હતો. સાથે ખેતી, ખેતમજૂરીનો વ્યવસાય હતો. આજે પશુપાલન નામશેષ થતાં જૂનો વ્યવસાય પડી ભાગ્યો હોઈ, ખેતી, ખેતમજૂરી, નોકરી, દુકાનમાં રહીને કામ કરવું, લારીમાં શાકભાજી વેચવી, હિરા ઉદ્યોગમાં કામ કરવું વગેરે વ્યવસાયો કરીને પોતાનો જીવનનિર્વાહ ગોઠવતા જોવા મળે છે.

શહેરમાં જે કુટુંબો મહદ્અંશે ઘરવિહોણા, ખુલ્લા પ્લોટમાં પ્લાસ્ટીકના તંબુમાં રહેઠાણ બનાવીને વસે છે તે માત્ર જંગલની જડીબુટ્ટીઓ, દવાઓ વેચીને માત્ર નભે છે. એ સિવાય શહેરમાં ભાગ્યે કોઈ બીજા વ્યવસાયમાં તેઓ જોવા મળે છે.

શિક્ષણ :

તેમનામાં શિક્ષણ ખૂબ જ નહીંવત પ્રમાણમાં જોવા મળે છે. તેમની વ્યાવસાયિક પરિસ્થિતિ, રહેઠાણની પરિસ્થિતિ વગેરેને લઈને શહેરી વસવાટ હોવા છતાં, તેઓ શિક્ષણની બાબતમાં મૂળ નિષ્કાળજી રાખીને માત્ર નામ પૂરતું શિક્ષણ લેતા જોવા મળે છે.

**તારણો, સમસ્યાઓ અને વિકાસલક્ષી સુઝાવો :**

**તારણો :**

ગોંડ-રાજગોંડ જાતિના અભ્યાસના ક્ષેત્રકાર્ય દરમ્યાન અમદાવાદ, વડોદરા, હિંમતનગરના શહેરી વિસ્તારોમાંથી અને પંચમહાલ, સુરત, નવસારી અને વલસાડ જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોમાંથી કેટલાક અનુભવી વૃધ્ધો, વડીલો, શિક્ષિતો પાસેથી મેળવેલી માહિતીના આધારે અને સાથે સાથે કેટલાક સરકારી કર્મચારીઓ, શિક્ષિકોની લીધેલી મુલાકાતો દ્વારા પ્રાપ્ય માહિતીના આધારે, તદ્ઉપરાંત ગોંડ-રાજગોંડ જાતિની કેટલીક વિગતો આમ માણસો ગોંડ-રાજગોંડ જાતિના કે બીજી જાતિના વ્યક્તિઓના અનુભવોને આધારે અને ક્ષેત્રકાર્યમાં પૂછેલા પ્રશ્નોની સાથે પ્રત્યક્ષ-પરોક્ષ નિરીક્ષણને આધારે મળેલી માહિતીના સંદર્ભે તેમજ જૂના સંદર્ભ સાહિત્યને આધારે તેમની સામાન્ય સ્થિતિ, તેમની જીવનનિર્વાહની પરિસ્થિતિ, તેમનામાં જોવા મળતી તેમની વિકાસની અતિ મંદ પ્રક્રિયા ઘર-ઘરવખરી અંગેની પરિસ્થિતિ, વ્યાવસાયિક સ્થાનિક તેમજ સ્થળાંતરિક પરિસ્થિતિમાં તેમની જાણવા મળતી વિટંબણાઓની પરિસ્થિતિનું જોવા મળતું અત્યંત બિહામણું વરવું કહી શકાય તેવું ચિત્ર, તેમની ખોરાક, પાણી, શિક્ષણ, સ્વાસ્થ્ય સંબંધિત આખીયે વેરવિખેર કહી શકાય તેવી કટોકટીભરી વિકટ સ્થિતિઓનું તેમની પરંપરાગત સાંસ્કૃતિક જીવનની ઢબમાં જોવા મળેલું અનોખું પરિવર્તનનું સ્વરૂપ વગેરે જેવા તેમના જીવનને સ્પર્શતાં લગભગ તમામ પાસાંઓના તારણો, તેમની ગરીબાઈની પરિસ્થિતિમાંથી જે ઉભા થયેલા જોવા, જાણવા મળ્યા હતા તે અહીં મારા સંશોધન ક્ષેત્રની મર્યાદાઓ સાથે મૂકવા પ્રયત્ન કર્યો છે. સંભવ છે કે સમય મર્યાદાને ધ્યાને રાખવાની હોઈ અને ગુજરાતના આટલા મોટા વિસ્તારોમાં પથરાયેલી આ જાતિને ભરપુર પ્રયત્નો પછી શોધી શકાઈ હોઈ, તેમાં કોઈ ત્રુટિ રહેવા પામી હોય.

(૧) ગોંડ-રાજગોંડ જાતિનો વસતિ સમૂદાય ખૂબ ઓછી સંખ્યા ધરાવે છે. તેમ છતાં તે ગુજરાતના ઘણા બધા વિસ્તારોમાં પથરાયેલો જોવા મળે છે. ઉપરાંત આ જાતિનો આખોય સમુદાય વેરવિખેર વિસ્તારોમાં જુદા જુદા નામે એટલે કે જાતિના નામ અને વિભિન્ન ગોત્ર, વંશના વાડાઓમાં વહેંચાયેલો જોવા મળે છે. જેમ કે શહેરી વિસ્તારમાં વસે છે તે પોતાને ગોંડ-રાજગોંડથી ઓળખાવે છે પણ પેટા અટક ગોત્રમાં, સડમાકી, વલકા, મરાપલ, જામકટ, કડાસમ, પેડમ, ઉલ્કે અટકો જાણવા મળી હતી. દક્ષિણ ગુજરાતમાં ધનગર જાતિ અટક અને ગોત્રમાં હટકર, હોલકર, ખીલારા, ગાવલી, હાસકસ, આહીર વગેરે હતી. તે રીતે દક્ષિણના કપરાડા-ધરમપુરના ધનગરો વારલી જાતિની ગોત્ર અટકો ધરાવતા હતા.

આમ આખીય જાતિ શહેરી વિસ્તારમાં અને દક્ષિણ ગુજરાતના તેમજ પંચમહાલના ગ્રામ્ય વિસ્તારોમાં વસતી જોવા મળે છે.

(૨) ગોંડ-રાજગોંડ જાતિના લોકો શહેરમાં ખુલ્લા પ્લોટોમાં પછાત જાતિઓ મુસ્લિમ, હરિજન, દેવીપૂજક

જેવા જાતિ સમુદાયો સાથે વસે છે; જ્યારે દક્ષિણ ગુજરાતના તેમજ પંચમહાલના ગ્રામ્ય વિસ્તારોમાં તે બીજા સમૂદાયો- દેસાઈ, કોળી પટેલ, મુસ્લિમ, ઢોડિયા પટેલ,વારલી, ચૌધરી, ગામિત વગેરે ભીલ, ઠાકોર જાતિઓ સાથે વસે છે.

(૩) ગોંડ-રાજગોંડ જાતિના લોકો શહેરોમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે. તે બન્ને જગ્યાએ તેઓ પોતાનો મૂળ વ્યવસાય કરતા માલૂમ પડતા નથી. શહેરોમાં આજે દેશી ઔષધિઓ વેચીને જીવનનિર્વાહ ગોઠવે છે; જયારે ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે તે જૂના ઉનના ધાબળા વણવાનો વ્યવસાય ખોઈ બેઠા છે. તેઓ ખેતી, ખેતમજૂરી, હીરાઉદ્યોગ, બાંધકામ, લારી ચલાવવી, તૈયાર કપડાં વેચવાં, શાકભાજી વેચવી, પાપડ વણવા જેવા વ્યવસાયો કરે છે.

(૪) ગોંડ-રાજગોંડ જાતિ દક્ષિણ ગુજરાતના કપરાડા, ધરમપુરના વિસ્તારોને બાદ કરતાં તેઓ રસાળ અને સમૃધ્ધ એવા વાંસદા, ગણદેવી, બારડોલીના વિસ્તારોમાં અને અમદાવાદ, વડોદરા, હિંમતનગર, રાજકોટ, ગાંધીધામ જેવા શહેરી વિસ્તારોમાં વસેલી છે. શહેરોમાં હજુ ઘરથાળની જગ્યાના અભાવે શહેરી ખાલી ખુલ્લા પ્લોટોમાં પ્લાસ્ટીકના કોથળાના, તાડપત્રીના બનાવેલા ઝૂંપડાઓમાં વસે છે. સપાટ વિસ્તારોમાં જે ગ્રામ્ય વિસ્તારોમાં તે વસે છે તે સાંકડા ઈંટ, માટી-સીમેન્ટના ચણતરવાળા પતરા છાજેલા નાના ઘરોમાં વસે છે. તેઓ વસવાટની સુવિધાઓના અભાવ સાથે વસે છે.

(૫) ગોંડ-રાજગોંડ જેઓ ધનગર નામે ઓળખાય છે. તેઓ જંગલ વિસ્તારમાં વારલી, કુંકણા, કોલઘા, ઢોડિયા આદિવાસી જાતિઓ સાથે તેમનાથી કોલઘા સિવાય નીચા સામાજિક દરજ્જાથી સાથે વસે છે. વાંસદા, ગણદેવી, બારડોલી, નવસારીના વિસ્તારોના ગામોમાં અનાવિલ, કોળીપટેલ, પારસીઓ, મુસ્લીમોનો તેમજ હરિજન જાતિઓ સાથે વસે છે. તેઓ ચોધરી, ઢોડિયા, ગામિત, વસાવા જાતિઓના સાથે પણ વસે છે.

શહેરી વિસ્તારોમાં જેઓ વસે છે તેઓ જગ્યાના અભાવ સાથે ઘર, મકાન બનાવી શકતા નથી. માત્ર તંબુ બનાવીને રહેછે. તેઓ સમૃધ્ધ સમુદાયો, શિક્ષિત વર્ગો સાથે વસતા હોવા છતાં ધંધા રોજગારી ધરાવતા સંસાધનોવાળા વિસ્તાર વચ્ચે વસેલા હોવા છતાં કલ્પી ન શકાય એટલે નિમ્નસ્તરે (શહેરોમાં માત્ર દવાની જડીબુટ્ટીઓ)ની વ્યાવસાયીક વિશિષ્ટતા સાથે જીવન વ્યતિત કરી જીવનનિર્વાહ કરતા જોવા મળે છે.

(૬) ગોંડ-રાજગોંડ જાતિના દક્ષિણ ગુજરાતના વસવાટી કુટુંબો થોડી જમીન ધરાવે છે. બાકીના ખેતમજૂરી, પશુપાલન, છૂટક મજૂરી કરીને જીવન નિર્વાહ ગોઠવે છે. પંચમહાલમાં પણ એ સ્થિતિના ગોંડ કુટુંબો જોવા મળે છે. શહેરી વિસ્તારમાં જમીન તો શું ઘર માટે પણ જમીન નથી; તેથી આ જાતિના મોટાભાગના કુટુંબો ગરીબાઈની અવસ્થામાં જે મળે તેનાથી ચલાવી જીવન નિભાવે છે.

(૭) માત્ર દક્ષિણના વાંસદા, બારડોલી કે નવસારીના ગ્રામ્ય વિસ્તારના કુટુંબોમાં શિક્ષણની સુવિધાઓને લઈને તેઓ શિક્ષણ પામેલા જોઈ શકાય છે. બાકીના કપરાડા-ધરમપુર અને શહેરી વિસ્તારના બતાવાયેલા કુટુંબોમાં શિક્ષણની સ્થિતિ ખૂબ જ દયનીય જોવા મળે છે. ભાગ્યે બે પાંચ સભ્યો થોડું શિક્ષણ મેળવી શક્યા હોય તેવું આમુલ ચિત્ર જોવા મળે છે. તેમને તેમની આર્થિક સ્થિતિએ જ અશિક્ષિત નથી રાખ્યા તેમની પોતાની બેદરકારી, અજાગૃક અને તેમનામાં દારૂ, બીડી, તમાકુ, ગુટકા જેવા વ્યસનો પણ તેમને અશિક્ષિત રાખવામાં મહત્વનો ભાગ ભજવે છે.

(૮) ગોંડ-રાજગોંડ જાતિના જે કુટુંબો શહેરી ખુલ્લા પ્લોટોમાં માત્ર દેશી દવાઓ, જડીબુટ્ટીઓ વેચીને જીવે છે. તેમનો ખોરાક, પોષક તત્વો તેમજ ગુણવત્તાની રીતે ઘણો જ ઉતરતી કક્ષાનો કહી શકાય તેવો છે હાલની તેમની આર્થિક કંગાળિયતતાને જોતાં તેમના ખોરાકમાં સુધારો જોવા મળતો નથી. જો કે અભ્યાસના કુટુંબોમાંથી જાણવા મળ્યા મુજબ ખોરાક પાછળ સૌથી વધુ ખર્ચ તેઓ જરૂર કરે છે. પણ તેમાં પોષક તત્વોના અભાવવાળો ખોરાક જોવા-જાણવા મળે છે. આમ સમાજની સરખામણીમાં ખોરાક પાછળ તેઓ સવિશેષ ખર્ચ કરી શકતા નથી.

(૯) ખાવા-પીવામાં જે પાણીનો વપરાશ કરે છે તેમાં પણ તેમની વસવાટની જગ્યા એવી છે જ્યાં સીધે સીધું પાણી ક્યાંય મળે તેમ નથી. શહેરના ખુલ્લા પ્લોટ નજીક જે હેન્ડપંપ કે નળ જાહેરમાં હોય ત્યાંથી તેઓ પાણી ભરી ઉપયોગમાં લે છે. ગ્રામ્ય વિસ્તારમાં જે કુટુંબો વસે છે ત્યાં તળાવ, કૂવા, નદી, વહેળા, નહેરના પાણીનો ઉપયોગ જરૂર કરે છે. પાણીની અછતવાળી જગ્યાએ વસવાટી હોઈ પાણી માટેની મુશ્કેલી હોઈ ગમે તેવું પાણી ક્યારેક વાપરતા જોવા મળે છે.

(૧૦) ઘર અને ઘરવખરીની ચીજવસ્તુઓ તદન સામાન્ય અને ન ગમે તેવી સ્થિતિમાં જોવા મળે છે. તેમની આર્થિક પરિસ્થિતિને લઈને તેમના ઘરની અને ઘરવખરીની ચીજવસ્તુઓ બહુ સારી હાલતમાં જોવા મળતી નથી.

(૧૧) ગોંડ-રાજગોંડ જાતિના ત્રણ ભાગો એટલે દક્ષિણના જંગલ વિસ્તારના કુટુંબો, બારડોલી, નવસારી, વાંસદાના ગ્રામ્ય વિસ્તારના કુટુંબો અને ત્રીજા શહેરી વિસ્તારના ખુલ્લા પ્લોટમાં વસેલા કુટુંબો એ દરેકના વ્યવસાયો જુદા જુદા જોવા મળે છે. જેમ કે દક્ષિણના જંગલના વસવાટી કુટુંબો ખેતી ખેતમજૂરી અને પશુપાલન કરીને જીવે છે. જંગલથી દૂર સપાટ-નવસારી, બારડોલી, વાંસદાના ગ્રામ્ય કુટુંબો હીરાઉદ્યોગ, નોકરી, લારીગલ્લા ચલાવવા, ઈસ્ત્રી કરવી, ખેતીમાં ખેતમજૂરી કરવી જેવા વ્યવસાયો કરે છે. જ્યારે શહેરી ગોંડ કુટુંબો માત્ર જડીબુટ્ટીઓના વેચાણના આધારે જીવનનિર્વાહ ગોઠવે છે. એટલે એ ત્રણે જગ્યાના ગોંડ કુટુંબો માત્ર નિભાવલક્ષી વ્યવસાયોને આધારે ભારે મુશ્કેલી સાથે જીવનનિર્વાહ કરે છે.

(૧૨) રાજ્ય સરકાર દ્વારા ચાલતી આદિવાસી વિકાસ યોજનાઓના લાભો પ્રાયોજના કચેરી દ્વારા અપાતા

હોવા છતાં, શહેરી વિસ્તારના તેમના કુટુંબોને તેનો લાભ કયાંય મળ્યો હોય તેમ જાણવા મળ્યું નથી. જે ગ્રામ્ય વિસ્તારોમાં છે ત્યાં પણ મહદ્અંશે કોઈ લાભ થયો હોય તેવી જાણકારી નથી.

(૧૩) ગોંડ-રાજગોંડ કુટુંબો જે વિસ્તારોમાં વસે છે ત્યાં આરોગ્ય વિષયક સુવિધાઓ તેમને ભાગ્યે જ મળતી જોવા મળે છે. તેમનું આરોગ્ય, તેમનો ખોરાક, રહેણીકરણી તેમજ તેમની શારીરિક સ્થિતિ જોતાં સારી કહી શકાય તેવી સ્થિતિમાં જોવા કે જાણવા મળતા નથી. તેઓ તેમની આરોગ્ય વિષયક પરિસ્થિતિ સારી બતાવતા નથી. તેમની વસવાટી પરિસ્થિતિ લઈને તેઓ ખુલ્લા પ્લોટોમાં, ગંદકીવાળી જગ્યાએ વસતા હોઈ સતત ચિંતિત રહે છે.

(૧૪) ગોંડ જાતિની સાંસ્કૃતિક પરંપરાઓ ઉપર આંતર તેમજ બાહ્ય પરિબળો દ્વારા સતત પરિવર્તન થયેલુ જોવા-જાણવા મળે છે. તેઓ નાચગાન, વાજિંત્ર, નૃત્યો રાખતા કે કરતા માલુમ પડતા નથી. શહેરીકરણની અસરે તેમની સાંસ્કૃતિક ભાવનાઓને, વારસાને ભારે હાનિ પહોંચાડી છે. તેઓ શહેરી અસરો સાથે નવીનતમ જીવન જીવે છે. તેઓ માતાની પૂજાવિધિ કરે છે; પણ જૂના સમયની જેમ હાલમાં તેમાં માત્ર ઔપચારિકતા હોય તેવું પણ જોવા મળે છે.

**સમસ્યાઓ અને વિકાસલક્ષી સૂચનો :**

ગોંડ-રાજગોંડ જાતિની કોઈ આગવી ઓળખ ગુજરાતમાં નથી. તેઓ વિશે સરકારમાં કે સમાજમાં બહુ જાણકારી જોવા મળતી નથી. તેઓ અજાણ્યા જેવા છે. તેઓ સામાજિક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક આરોગ્ય વિષયક પરિસ્થિતિ વગેરેમાં કોઈ પણ રીતે સારી સ્થિતિમાં જોવા મળતા નથી. તેઓ આર્થિક-ભૌતિક પરિસ્થિતિમાં બહુ નિમ્નકક્ષાએ જીવન વ્યતિત કરતા જોવા મળે છે. તેઓના રહેઠાણના મકાનો પણ સારી સ્થિતિવાળા મકાનોની તુલનામાં અત્યંત ખરાબ હાલતમાં માત્ર પ્લાસ્ટીકના તંબુઓમાં વસે છે.

અભ્યાસના કુટુંબોને ખ્યાલમાં રાખીને, તેઓના સમગ્ર વિસ્તારોને આધારે આ જાતિની જે સમસ્યાઓ જાણવા મળી હતી તે તેમના બધા પાસાંઓને સ્પર્શે છે. આ સમગ્ર પાસાંઓને લઈને ગોંડ-રાજગોંડમાં વ્યક્તિગત, સામૂહિક તેમજ બીજી સીધી ન સ્પર્શતી હોય તેવી અનેક સમસ્યાઓ જોવા-જાણવા મળી હતી.

ગોંડ-રાજગોંડ જાતિની અને તેમના વસવાટી વિસ્તારોની તેમજ આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક, રાજકીય અને આરોગ્યલક્ષી તેમની જે આખીય પરિસ્થિતિ આગળ ઉપર જોઈ. સરકારશ્રી દ્વારા આદિવાસી વિસ્તારો તેમજ જાતિ સમુદાયોના જુદા જુદા પાસાઓ સંદર્ભે વિકાસની અનેકવિધ યોજનાઓ દ્વારા અવિરત પ્રયત્નો ચાલે છે. તેની ગોંડ-રાજગોંડ જાતિને કયાં કેવી અસરો થવા પામી છે, વર્તમાન પરિસ્થિતિમાં શું ચાલી રહ્યું છે, તેમજ તેમની તત્કાલીન સમસ્યાઓ, જરૂરિયાતો શું છે? તેમના માટે શું શું કરવું જોઈએ. તેના કેવા ઉપાયો કરી શકાય ? શું સુઝાવો હોઈ શકે ? ગોંડ જાતિના સભ્યો દ્વારા અને મને

મારા ક્ષેત્રકાર્યના અનુભવોના આધારે જે જોવા, જાણવા મળ્યા, તે આધારે અહીં કેટલીક મર્યાદાઓને ખ્યાલમાં રાખીને બતાવવા પ્રયાસ કર્યો છે.

**(૧) નિમ્નકક્ષાનું જીવન, અલિપ્તપણું - એક નોંધપાત્ર સમસ્યા :**

ગોંડ-રાજગોંડ જાતિનો સમૂદાય ખાસ કરીને ત્રણ જુદા જુદા વિસ્તારોમાં છૂટોછવાયો પથરાયેલો જોવા મળે છે. શહેરી વિસ્તારોમાં જયાં ખુલ્લા પ્લોટો છે ત્યાં, જ્યાંથી તેઓ શહેરોમાં જડીબુટ્ટીઓની દવાઓ વેચીને સાવ સામાન્ય ગુજારો થઈ શકે તેટલું જ મેળવે છે. બાકીના ગ્રામ્ય વિસ્તારોમાં વસતા તેમના પંચમહાલ, વલસાડ જિલ્લાના કુટુંબો જેઓ ખેતી, પશુપાલન કે જંગલની ચીજવસ્તુઓ જે મળે તેમાંથી ગુજારો કરે છે. સુરત, નવસારી ગ્રામ્ય વિસ્તારના કુટુંબો હીરા ઘસવા, લારીમાં શાકભાજી વેચવા, દરજીકામ કરવું, દુકાનમાં કામ કરવું, ખેતમજૂરી કરવી વગેરે જેવા વ્યવસાયો કરી જે મળે તેનાથી નિભાવે છે. આમ સમગ્ર કુટુંબોને તેના વ્યાવસાયિક ક્ષેત્રને લીધે, મૂળભૂત રીતે જયારથી વસ્યા ત્યારથી વ્યાવસાયિક રીતે અને શૈક્ષણિક રીતે પાછળ રહી જવા પામ્યા હોઈ આર્થિક રીતે કંગાળ પરિસ્થિતિમાં પરંપરાગત રીતે નભતા હોઈ કોઈ વિકાસની સીડી ચઢી શક્યા નથી. તેમની ઓળખ કે જાણકારી પણ સમાજને ભાગ્યે છે. બાકીની દુનિયાથી અલિપ્ત હોઈ, જયાં વસે છે ત્યાં ત્યાં અત્યંત પછાતપણા હેઠળ સામાન્ય પ્રકારનું જીવન જીવે છે. તેમના આ પછાતપણા માટે ગરીબાઈ માટે તેમના વ્યવસાય અને તેમની પાસેના સાધનોનો અભાવ, તેમજ નિરક્ષરતા પણ જવાબદાર હોય તેમ લાગે છે.

ઉપાય : આ જાતિ જયાં જયાં વસે છે તે વિસ્તારોનો અભ્યાસ કરી તેમને રહેઠાણના સંદર્ભે તેમના વ્યાવસાયિક પાસાંઓને ખ્યાલમાં રાખીને મદદ કરવી જોઈએ. શક્ય હોય ત્યાં વ્યવસાય બદલાવીને તેમાં પણ ધ્યાન આપીને તેમને સ્થિર કરવા જોઈએ. જયાં વ્યવસાયો પણ ભાંગ્યા છે. તેમાં પણ તેમને મદદ માટે તેઓ જે કહે છે તેમાં સારી પરિસ્થિતિનો તાગ કાઢીને યોગ્ય ગોઠવણી કરવી જોઈએ. સરકાર કે સમાજમાં તેમની ઓળખ હજુ નથી તેને લઈને તેઓ સરકારી લાભોથી વંચિત રહેતા હોય તો તે સંદર્ભે યોજનાકીય સમજ આપીને, તેમના વ્યવસાયોમાં જે જરૂરી હોય તેમાં મદદ માટેની યોજના મૂકવી જોઈએ. શિક્ષણના અભાવે વ્યાવસાયિક તકોનો અભાવ હોઈ તેમને તેમના જડીબુટ્ટીઓ વેચવાના તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં નાના નાના વ્યવસાયો જે છે તેમાં થોડી થોડી મદદ શક્ય બને તેમ કરાય તો પણ તેમના નિમ્ન કક્ષાના જીવન ધોરણમાં કંઈક તો સુધારો જરૂર જણાશે.

**(૨) મકાન : રહેઠાણની સમસ્યા :**

કોઈપણ જાતિનું જીવનધોરણ સુધારવા માટેની ઘણીબધી પરિસ્થિતિઓમાં રહેવા માટેની જગ્યા અને મકાનો ઘણો મોટો ભાગ ભજવી જાય છે. ગોંડ-રાજગોંડ જાતિ જયાં જયાં શહેરી

વિસ્તારમાં વસે છે ત્યાં પોતાની માલિકીની જમીન કે ઘર નથી. જયાં ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે ત્યાં તેમના મકાનો તો છે, પણ એટલી સારી હાલતમાં નથી જે સ્થળ ઉપર જઈએ તો જ ખ્યાલ આવે. મતલબ કે મકાનો કંગાળ હાલતમાં નાના સંકડાશવાળા જોવા મળે છે. આ વાત ગોંડ જાતિ અજાણી હોઈ અને જાતિની આર્થિક સ્થિતિ, તેમની વ્યાવસાયિક સ્થિતિ સારી ન હોઈ તેમની વસવાટી જગ્યા કે ઘર બનાવવા જરૂરી સાધનો તે જાતે મેળવી શકે તેમ નથી. તેમની રહેઠાણની જગ્યાની અને ઘરની સમસ્યા ઘણી વિકટ જોવા મળે છે.

**ઉપાય :** ગોંડ જાતિને રહેઠાણ માટેની જગ્યા, જેઓ શહેરી વિસ્તારોમાં છે અને જયાં ખુલ્લા પ્લોટોમાં વસે છે ત્યાં અથવા જયાં શકય હોય ત્યાં જેઓ ઘણા બધા વર્ષોથી વસે છે તે પૂરાવા મેળવીને તેમને જમીન ફાળવવી જોઈએ. તેઓ સાવ ગેરકાયદેસર ખુલ્લા પ્લોટોમાં વસે છે અને જયારે પ્લોટો ખાલી કરાવે છે ત્યારે કાયમી સમસ્યા શહેર વિકસતાં વારંવાર થાય છે. તે સંદર્ભે શક્ય હોય ત્યાં આદિવાસી વિકાસ યોજનાઓમાં ગૃહનિર્માણ માટેની જે યોજનાઓ છે તે શહેરી આદિવાસી માટે અમલી બનાવીને તેમને નાના મકાનો ઉપલબ્ધ કરવા સંદર્ભે વિચારી શકાય. જયાં ગ્રામ્ય વિસ્તારોમાં મકાનો નાના અને સંકડાશવાળા અને ખૂબ જ કંગાળ હાલતમાં છે ત્યાં તેમને સમારકામ સંદર્ભે સહાય ઉપલબ્ધ કરાવી શકાય તો તેમના રહેઠાણના પ્રશ્નો હલ થાય તેમ છે.

**(૩) નબળી આર્થિક સ્થિતિની સમસ્યા :**

ગોંડ-રાજગોંડ જાતિના અનેકવિધ પ્રશ્નો ક્ષેત્રકાર્ય દરમ્યાન જોવા-જાણવા મળેલા છે. તેમાંય તેમના સમગ્ર જીવનને સ્પર્શે એવો યક્ષ પ્રશ્ન છે તેમની આર્થિક સ્થિતિનો; જેની સાથે તેમના ભાવિ વિકાસનો આધાર છે. તેમની પરંપરાથી ચાલી આવતી કંગાળ આર્થિક સ્થિતિ ન સુધરે તો તેમના જીવનના કોઈ પ્રશ્નોનો ઉકેલ શક્ય જ નથી. શહેરી વિસ્તારોમાં માત્ર દેશી દવાઓની જડીબુટ્ટીઓ વેચીને તેઓ સારું જીવનધોરણ નભાવી શકે નહિ. ગ્રામ્ય વિસ્તારોમાં તેમના જે કુટુંબો નામ માત્ર જમીન ખેડીને કે ખેતમજૂરી તરીકે કામ કરીને જીવન નભાવે છે તે પણ જીવન નિભાવવા પૂરતું છે. તેઓની દૈનિક તેમજ માસિક/વાર્ષિક સરેરાશ આવક ખૂબ જ ઓછી છે. તેથી તેમની આર્થિક સ્થિતિ ખૂબ જ નિમ્નકક્ષાની જોવા મળે છે.

**ઉપાય :** આ જાતિની આર્થિક સ્થિતિ તેમનામાં જોવા મળતા એક બે વ્યવસાયોની આસપાસ જ સંકળાયેલી છે. તેમની આર્થિક પરિસ્થિતિ સુધારવા માટે તેમના સ્થાનિક વ્યવસાયમાં જરૂરી મદદ કરવી જ રહી. એ સિવાય તેમને જયાં શક્ય હોય ત્યાં બીજા વ્યવસાયો પણ ઉપલબ્ધ કરી આપવા જોઈએ. જેમ કે શહેરોમાં માત્ર દેશી દવાઓ જ વેચીને નિર્વાહ ગોઠવે છે. પણ શક્ય હોય ત્યાં શાકની લારી, સાયકલ સ્ટોર, ચાની લારી, પ્લાસ્ટીકની ચીજવસ્તુઓ વેચવી, ગૃહઉદ્યોગો (અગરબત્તી બનાવવી, સાબુ બનાવવા, મીણબત્તી વગેરે) ગ્રામ્ય વિસ્તારમાં જયાં ખેતી, ખેતમજૂરી, પશુપાલન

કરે છે ત્યાં ઓછી ખેતીવાળાને પશુપાલન તરફ વાળવા જોઈએ. ખેતમજૂરી બધા દિવસની ન મળે, એક થી વધારે વ્યવસાયોમાં ભલે ગૃહઉદ્યોગ કે નાના ઉદ્યોગ હોય, છતાં પૂરક વ્યવસાયને કારણે તેમની આર્થિક પરિસ્થિતિમાં જરૂર સહાયક બનશે. તેમનામાં જેઓ થોડા શિક્ષિત છે, તેમને શોધી કાઢીને કંઈક ઠેકાણે નોકરી આપવી જોઈએ.

(૪) **ખોરાક, પાણી, પીણાં :**

ગોંડ-રાજગોંડ લોકો પોતાનો ખોરાક તેમની પોતાની આર્થિક પરિસ્થિતિ જ કંગાળ હોય તેથી ખૂબ ઓછો મેળવી શકે છે. તેઓનો ખોરાક ગુણવત્તા અને પોષક તત્વોની રીતે ખૂબ જ ઉતરતી કક્ષાનો કહી શકાય તેવો છે. માંડ થોડા લોકો તંદુરસ્ત હશે. જો કે તેમના સામાન્ય કુટુંબોમાંથી જાણવા મળ્યા મુજબ ખોરાક પાછળ બીજી વસ્તુઓ કરતા ખર્ચ વધુ થતો જોવા મળે છે, પણ પોષક તત્વોના અભાવને કારણે તેમની શારીરિક સ્થિતિ સારી નથી. ઘણા કુટુંબોની સામાન્ય પ્રકારની આવકને લઈને ખોરાકથી માંડીને સામાન્ય ખર્ચાઓ પાછળ તેમને એક જાતનો પ્રતિબંધ આવી જાય છે. સસ્તુ અનાજ દુકાનેથી મળે તે ખરીદવાને પણ તેમનામાં તો ઘણા કુટુંબો સમર્થ નથી.

તેઓ જયાં વસે છે, ત્યાં પાણી માટેનો જાહેર નળ કે હેન્ડપંપ હોય છે. એટલે પાણી સંગ્રહ કરવાની તેમની સ્થિતિ પણ નથી. તેથી જયારે આવે ત્યારે જ પાણી વાપરી શકે છે. એટલે ન્હાવા, ધોવાની સુવિધાનો અભાવ જોવાં મળે છે. ગ્રામ્ય વિસ્તારમાં નદી, કૂવા, વહેળા છે. ત્યાં પાણી વહીને લાવે છે.

પીણાંમાં તેઓ ચા, દારૂ પીવે છે. જેઓ સારી સમજવાળા છે તેવા કેટલાક ચા પીવે છે. બાકીના દારૂ-તાડી પીતા જોવા મળે છે.

ઉપાય : ખોરાક માટે તેમને કમાણીના સાધનો વધારો તો જ તેમની આર્થિક પરિસ્થિતિ સુધરે અને સારુ અનાજ લાવીને સારો બીજો ખોરાક લાવી ખાઈ શકે. તેમને ગરીબી રેખા હેઠળ મળતાં અનાજ અપાય તેવી સસ્તા અનાજની દુકાને સુપેરે વ્યવસ્થા ગોઠવવી જોઈએ. સારા ખોરાક સંદર્ભે તેમને વખતો વખત કોઈને કોઈ કાર્યક્રમ ગોઠવીને ખોરાક માટે જાગૃતિ આવે તેમ કરવું જોઈએ. તેના પોષક તત્ત્વો, તંદુરસ્તીના કેમ્પ ગોઠવવા જોઈએ. જાગૃતિ આવે તો ફેર પડે. પાણી સંદર્ભે તેમને જયાં વસે ત્યાં પાઈપલાઈન દ્વારા નજીકમાં જાહેર વધારે નળો મૂકીને ગોઠવણી કરવી જઈએ. જરૂર પડે નજીકમાં પાણીની પ્લાસ્ટીક ટાંકી મૂકી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. દારૂ, ચા, તાડી વિશે તેમને બીજા કુટુંબોએ તેવા વ્યસનો જે ત્યજયા છે. તેમના દ્વારા તેમને માર્ગદર્શન પૂરુ પડાય તો વ્યસનોની કુટેવોમાંથી તેઓ બહાર આવશે.

(૫) **શૈક્ષણિક સ્થિતિ :**

અમદાવાદ, વડોદરા, હિંમતનગર, રાજકોટ, કેશોદ, ગાંધીધામ જેવા શહેરી વિસ્તારોમાં ગોંડ જાતિના કુટુંબો માત્ર ખુલ્લા પ્લોટોમાં ઘર વિહોણા વસે છે. ત્યાં માત્ર દેશી દવાઓ વેચીને જીવન ગુજારો કરે છે. તેથી તેમની આર્થિક પરિસ્થિતિ બહુ બહેતર ન હોવાને લઈને અને માતા-પિતાની બિનકાળજી હોવાને લઈને તેમના બાળકો આજે પણ નિશાળે જતા નથી. તેમનામાંથી ભાગ્યે જ કોઈ કોઈ કિસ્સામાં માંડ પ્રાથમિક કક્ષાનું બે ચાર ધોરણનું શિક્ષણ પામેલા જોઈ શકાય છે. શહેરી વિસ્તારમાં વસતા હોવા છતાં તેમની શૈક્ષણિક સ્થિતિ ખૂબ કથળેલી જોવા મળે છે. જેઓ ધરમપુર, કપરાડા, વાંસદાના ગ્રામ્ય વિસ્તારોમાં છે ત્યાં પણ બહુ શિક્ષિતો જોવા મળતા નથી. માત્ર બારડોલી, નવસારી, ચીખલીના ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં શિક્ષણની સુવિધાઓ છે ત્યાં શિક્ષણ પામેલા જોવા મળે છે. તેમની શિક્ષણની અજાગૃતિ તેમને આગળ આવવા દેતી ન હોય તેવું ચિત્ર છે. તેમના શિક્ષણના પછાતપણાને લઈને જાગૃતિ જોવા મળતી નથી.

**ઉપાય :** ગોંડ-રાજગોંડ સમૂહના લોકો જ્યાં શહેરોમાં વસે છે ત્યાં નજીકમાં શિક્ષણ સુવિધા તો છે. પણ તેમને પ્રેરણા આપવી જોઈએ અને સાથે સાથે તેમના વ્યાવસાયિક માળખામાં સુધારો કરી તેમને શિક્ષણ તરફ વાળવા જોઈએ. શક્ય બને તો વસવાટ પાસે શૈક્ષણિક વાન ઉભી રાખી તેમના બાળકોને શિક્ષણની સુવિધા પૂરી પાડવી જોઈએ. આદિજાતિ યોજનાઓમાં થતા શૈક્ષણિક ખર્ચમાંથી આવા શહેરી આદિવાસી કે જે અભણ છે તેમને સંદર્ભે સુવિધા પુરી કરવા પગલાં લઈ સ્થાનિક જગ્યાએ શૈક્ષણિક સંકુલ ઊભું કરી શકાય તો શક્ય છે કે તેનાથી તેમનામાં શિક્ષણનો પ્રસાર, પ્રચાર થશે. તેમના બાળકો માટે શૈક્ષણિક સાધનો, પુસ્તકો, ભોજન, રહેઠાણની પૂર્તિ કરાય તો વિશેષ ફેર પડશે તેમાં શંકા નહિ હોય.

(૭) **સ્વાસ્થ્ય-આરોગ્ય :**

ગોંડ-રાજગોંડ જાતિનું આરોગ્ય, ભલે તેઓ દવાની જડીબુટ્ટીઓ વેચતા હોય પણ બહુ આરોગ્યપ્રદ હોય તેવું તેમને જોયા પછી લાગતું નથી. તેમની આર્થિક પરિસ્થિતિને લઈને તેમના ખોરાક, પાણીની સુવિધાઓના અભાવે સારું કહી શકાય તેવું આરોગ્ય તેઓના વસવાટી વિસ્તારમાં જોવા જાણવા મળતું નથી. ખુલ્લામાં ગંદી વસાહતમાં વસતા હોવાથી, ઉજાસ વિનાના વાતારવણને લઈને તેમની આરોગ્યની સ્થિતિ સારી જોવાતી નથી. સંડાસ, બાથરૂમ કે બીજી સુવિધાઓના અભાવ તેમના આરોગ્યને ભારે હાનિ પહોંચાડે છે. જ્યાંથી પાણી ભરે છે કે સંડાસ, કપડાં કે સ્નાનાદી પ્રવૃત્તિઓ કરે છે તે જાહેર નળે પુષ્કળ ગંદકી હોય છે. આ બધી સુવિધાઓના અભાવ વચ્ચે તેમનું આરોગ્ય કથળેલું જોવા મળે છે.

ઉપાય : તેમના આરોગ્ય સંબંધી તેમના ખોરાક, પાણી અંગે ધ્યાન આપી તેમાં સુધારો લાવવા માટે ઘટતાં પગલાં લઈ સસ્તો ખોરાક પણ પૌષ્ટિક હોય તેવું ગોઠવાય; સાથે પાણીની સુવિધા વ્યવસ્થિત બને તેમ ગોઠવવું જોઈએ. જાહેર જાજરૂ, બાથરૂમ કે કપડાં ધોવાના એકાદ બે જાહેર સ્થળો બનાવાય તો શક્ય છે કે જે હાડમારીમાં તેઓ જીવે છે, તેમાં તો સુધારો જરૂર થશે. જાહેર આરોગ્યની રીતે તેમના વસવાટી વિસ્તારમાં દવાનો છંટકાવ કરાવાય; તેમને ખુલ્લી જગ્યાના અભાવમાં થોડી વધારે જગ્યા ફાળવાય તો ગંદકી જોવા મળે છે તેમાં કંઈ તો સુધારો થશે. ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય કેન્દ્રોની સાથે સાથે આવા સમુદાયોને માટે થોડી આરોગ્યની સુવિધાઓ વધારવામાં આવે તો ત્યાં પણ તેમના આરોગ્યમાં કંઈ અંશે રાહત થશે.

**(૮) અંધશ્રધ્ધા, દુષણો, વ્યસનો :**

ગોંડ-રાજગોંડ જાતિના લોકો વર્ષો પર્યતથી સ્થળાંતર કરીને મહારાષ્ટ્રના નાસિક, સતારાના વિસ્તારોમાંથી આવીને વસેલા છે. પરંતુ તેમને તેમનો સ્થળાંતરનો કોઈ ખ્યાલ આજે તેમનામાંના મોટાભાગને નથી. પરંતુ ગોંડ લોકોમાં અંધશ્રધ્ધા, ખોટી માન્યતાઓ પહેલાં પ્રવર્તતી હતી જે જૂના તેમના અભ્યાસમા નોંધાયેલી છે. તેના કરતાં આજે શહેરી વિસ્તારોમાં હોઈ પહેલાંની જેમ અત્યારે મેલીવિધિઓ ખોટી માન્યતાઓ જાણવા મળતાં નથી. માતાની પૂજાવિધિ કરે છે; પણ તે પવિત્ર નાળિયેર, અગરબત્તી વગેરેથી કરતા જોવા મળે છે. તેમ છતાં અંધશ્રધ્ધાને લઈને ભૂવા-ભગત વગેરેમાં માને છે અને વિધિઓ કરે છે. તેમનામાં હજુ અર્ધા લોકો માંસાહાર કે વિધિમાં વિધાનોમાં જકડાયેલા છે. કેટલાકને દારૂ, બીડી, તમાકુ વગેરેના વ્યસનો ભારે માત્રામાં ઘેરી વળેલા જોવા મળે છે. આ અંધશ્રધ્ધા, વ્યસનો તેમના વિકાસની આડે આવતા જોઈ શકાય છે.

ઉપાય : તેમને જાગૃત કરીને ખોટી અંધશ્રધ્ધા અને માન્યતાઓમાંથી છોડાવવા માટે માત્ર શિક્ષણ સૌથી વધુ ઉપયોગી થઈ શકે તેમ છે. દેવ-દેવીઓની, ભુવા ભગતની બાધા માનતાઓમાં જે જકડાયેલા છે તેમને સારી ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે સાંકળી, શિક્ષિત બનાવી સારા માર્ગે વાળવા જોઈએ. આજે તેમનામાં થોડા લોકો ખોટી માન્યતાઓ, જડતાઓ અને વ્યસનોથી અલગ થઈને સારું જીવન જીવે છે. તેમના સંપર્કો જેમ બને તેમ વધારીને તેમના લોકો દ્વારા જ તેમનામાં ઘર કરી ગયેલા આ દુષણો, વ્યસનો અને ખોટી માન્યતાઓને દૂર કરી શકાશે.

**(૯) સંસ્કૃતિ :**

દેશની સૌથી વધુ આદિવાસી વસતિ ધરાવતી ગોંડ-રાજગોંડ જાતિનો પુરાણો સાંસ્કૃતિક ઈતિહાસ ઘણો જ સમૃધ્ધ છે, તેવું તેમના ઈતિહાસના પાને વાંચવા મળે છે. એ જ ગોંડ-રાજગોંડોની વસતિ

સ્થળાંતર કરીને ઘણી પેઢીઓ પહેલાંથી ગુજરાતમાં વસેલી જાણવા મળે છે. પરંતુ તેમના સંસ્કૃતિક ઈતિહાસ વિશે પ્રકાશ પાડી શકતી નથી. પણ તેમનું અજાણપણું, સાદું, સરળ જીવન ગરીબી હેઠળનું જીવન ભલે તેમને તેમ જીવવા ફરજ પાડે પરંતુ આ જાતિની સંસ્કૃતિ ઉપર શહેરી અસરો કે વિસ્તારની અસરો થયેલી તેમની વાતો ઉપરથી જાણવા મળે છે.

ઉપાય : તેમના અભ્યાસ ઉપરથી લાગે છે કે તે જાતિ અજાણી હોઈ, નજર બહાર હોઈ તેમનો કોઈ સાંસ્કૃતિક ઈતિહાસ જોવા મળતો નથી; પણ તેમની જીવનપદ્ધતિ તેમના સાંસ્કૃતિક વારસાની દેન છે. તે સાચવવા માટે તેમને જે સંઘર્ષ કરવો પડે છે તે શહેરને લીધે છે. તો તેમના આ સાંસ્કૃતિક વારસા સંદર્ભે લેખિત સાહિત્ય અને મ્યુઝિયમ જ એક ઉપાય છે. તેમ કરીને તેમની થોડીક પણ સાચવણી કરવી જોઈએ. જેથી સાવ નિમૂલન બનતી આ જાતિની સાંસ્કૃતિક પ્રથાઓ થોડી તો સચવાશે.

સરકારશ્રી દ્વારા ચાલતા, આદિવાસી વિકાસ વિભાગ દ્વારા, આદિવાસી વિસ્તારો અને આદિવાસી સમુદાયો માટે, તેમના વ્યક્તિગત અને સામૂહિક, અનેકાએક કલ્યાણકારી વિકાસના કાર્યક્રમો અવિરત ચાલુ રખાયા છે. આઝાદી બાદ વિકાસ ઘટક યોજનાઓથી શરૂ કરીને, આજે પ્રાયોજના કચેરી દ્વારા ન્યુ ગુજરાત પેટર્ન જેવી, નવીન વિકાસની ક્ષિતિજો સંદર્ભે, અનેક અવનવી યોજનાઓ દાખલ કરીને, તેનો અમલ કરાયો છે. આદિવાસી જાતિ સમુદાયો અને વિસ્તારોના અનુસંધાને યોજનાઓનું સઘન અમલીકરણ કરવાંથી તેના વિકાસના ફળો ઘણે બધે ઠેકાણે જોવા-જાણવા મળે છે. જે જાગૃત છે તેમણે આ યોજનાઓનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો છે. જે જાગૃત નથી તે લાભોથી વંચિત છે. ત્યાં સમસ્યાઓ ઠેર ની ઠેર દેખાય છે. આમ તેમની અંગત તેમજ વિસ્તારની સામુહિક સમસ્યાઓ એવા એકબીજા કારણોસર ઉકેલાઈ શકાઈ હોય તેમ લાગતું નથી. તેને માટે હજુ વધુ પ્રયત્નો આદરીને બનતાં પગલાં ઝડપથી લેવા જોઈએ. વંચિતોને અને વિસ્તારોને શોધીને તે પણ ગ્રામ્ય વિસ્તારમાં હોય કે શહેરી વિસ્તારમાં હોય તેમને શોધીને યોજનાઓના લાભો પૂરા પાડવા પડશે. તો જ કદાચ યોજનાઓના ઘડતરનો પૂરેપૂરો અર્થ સરશે. તેમાં પણ યોગ્ય વ્યક્તિ કે વિસ્તારને ખ્યાલમાં નહીં રખાય તો આઝાદી બાદ જેમ બનતું આવ્યું છે તેમ યોજનાઓ કાગળ ઉપર જ સારી લાગશે અને ખર્ચેલા નાણાંનો અર્થ સરતો ન હોય તેમ ચોક્કસ દેખાશે.

**વિકાસ અને પરિવર્તન :**

ભારત દેશ આઝાદ થયો કે તરત જ નવી રચાયેલી સરકારે દેશના વિકાસના ખ્યાલમાં સતત આવી રહેલા પરિવર્તનના સંદર્ભે જરૂરી સુધારા વધારા સાથેના પગલાં લઈને સ્વતંત્રતા બાદ આયોજિત વિકાસ સંદર્ભે પંચવર્ષીય યોજનાઓ દાખલ કરીને અમલી બનાવીને માત્ર વૃધ્ધિનો જ ખ્યાલ નહીં પણ વિકાસની નવી કેડીનો અભિગમ અપનાવ્યો હતો. પ્રથમ પંચવર્ષીય યોજનાથી લઈને આજે દસમી પંચવર્ષીય યોજના

સુધીમાં આયોજિત વિકાસ માટેની દરેક યોજનામાં ભિન્ન ભિન્ન સેકટરવાર (ખેતી, શિક્ષણ, સિંચાઈ યોજનાઓ) વગેરે જેવા અનેકવિધ પાસાંઓને ધ્યાનમાં રાખીને એક યા બીજી યોજનાઓ ઉપર ભાર આપીને, જે તે પાસાંઓ સંદર્ભે વિકાસ માટેના સતત પ્રયત્નો આદર્યા હતા. તેમાં આ આયોજિત વિકાસ માટે વર્ષોવર્ષ અભિગમ પણ બદલાયા હતા. આ વિકાસ માટેની સતત આગેકૂચમાં ઘણે ઠેકાણે તેનાથી વિકાસ સાથે પરિવર્તન આવેલું જોઈ શકાય છે. તેનાથી દેશના ઊંડાણના, દુર્ગમ વિસ્તારોમાં વસતા સમૂદાયોમાં પરિવર્તન આવેલું જોઈ શકાય છે. આયોજિત વિકાસ યાત્રામાં કેટલાક સમાજો એકબીજા કારણોસર કદમ મિલાવી ન શકવાને કારણે પાછળ રહી જવા પામ્યા છે તેમને પણ સાથે રાખી વિકાસની વિભાવનાને ચરિતાર્થ કરી શકાય. આપણે ગોંડ-રાજગોંડ જાતિ માટે આ પડકાર ઝીલવો જ રહ્યો.

# સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનુસૂચિત જનજાતિનાં છાત્રાલયો
## (મૂલ્યાંકન અભ્યાસ)

ડૉ. નિરંજના પટેલ

આદિવાસી સમાજ પરંપરાગત જીવન સાથે જીવતો આવ્યો છે. તેમનામાં શિક્ષણ વધે અને સુસંસ્કૃત જીવન જીવતા થાય તે માટેના પ્રયત્નો કરવા જરૂરી છે. આદિવાસી સમાજ શૈક્ષણિક રીતે ઘણો પછાત છે. તેનું મુખ્ય કારણ એ છે કે આદિવાસી વસતિનો મોટોભાગ જંગલ કે પહાડી વિસ્તારમાં છે. આથી ત્યાં પૂરતા પ્રમાણમાં શૈક્ષણિક સુવિધા પૂરી પાડી શકાઈ નથી.

છેલ્લા ત્રણ-ચાર દાયકામાં રાજયમાં અનુસૂચિત જનજાતિમાં શૈક્ષણિક દર સુધારવા રાજય સરકાર ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ આ વર્ગના વિકાસમાં રસ લીધો અને અનુસૂચિત જનજાતિના લોકોનાં શૈક્ષણિક પ્રશ્નોનો અસરકારક રીતે ઉકેલ લાવવાનાં હેતુસર સરકારનાં અનુદાન હેઠળ સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત છાત્રાલયો શરૂ કર્યાં.

અનુસૂચિત જનજાતિનાં બાળકોનાં શૈક્ષણિક વિકાસમાં છાત્રાલયનું યોગદાન કેટલું મહત્વનું છે. તેમજ છાત્રાલય એ જીવનઘડતર માટે પાયારૂપ હોઈ શિક્ષણને કેન્દ્રમાં રાખી છાત્રાલયના વહીવટી માળખામાં શું સુધારા કરી શકાય. તેમજ બીજા કેટલાક મહત્વનાં ઉદ્દેશો ધ્યાનમાં રાખી આ અભ્યાસ હાથ ધરવાનું વિચાર્યું છે.

**અભ્યાસના હેતુ :**

(૧) છાત્રાલય શિક્ષણ પદ્ધતિનો ઉદ્ભવ, વિકાસ, ગુણવત્તા અને પ્રર્વતમાન સ્થિતિનો અભ્યાસ કરવો.

(૨) છાત્રાલય ચલાવનાર સ્વૈચ્છિક સંસ્થાઓનું માળખું, વ્યવસ્થાપન તંત્ર, છાત્રાલયનાં મકાનમાં પ્રાથમિક સુવિધાઓ પ્રાપ્ય ભૌતિક સગવડો ઉપલબ્ધ છે કે કેમ ? તે જોવું.

(૩) છાત્રાલયનું વાતાવરણ આરોગ્યપ્રદ છે કે કેમ ? તે જોવું.

(૪) છાત્રાલયો નિયમ પ્રમાણે ચાલે છે કેમ ? તે જાણવું.

(૫) છાત્રાલયમાં વિદ્યાર્થીઓનાં પ્રવેશ માટેનાં સ્રોત કયા છે ? તે જોવું.

(૬) આદિવાસી શિક્ષણમાં છાત્રાલયોનો ફાળો શું છે તે જાણવું.

(૭) છાત્રાલયમાં લાયકાત ધરાવતા ગૃહપતિ/ગૃહમાતા રાખવા માટે નક્કી કરેલ ધોરણો જળવાય છે કે કેમ ? તે તપાસવું.

(૮) છાત્રાલયોમાં પાયાની સુવિધાઓ ઉપરાંત રમત ગમત, આરોગ્ય તેમજ શિક્ષણ પ્રોત્સાહનનાં પરિબળો અને ઉપલબ્ધ સુવિધાઓ તપાસવી.

(૯) છાત્રાલયોનાં પ્રશ્નો જાણી તેનાં સંભવિત ઉકેલો વિચારવા.

(૧૦) છાત્રાલય ચલાવનાર સ્વૈચ્છિક સંસ્થાઓમાં છાત્રાલય સંબંધી નિયમોનું અમલીકરણ થાય છે કે કેમ ? તે તપાસવું.

આ અભ્યાસનો ઉદ્દેશ છાત્રાલય વ્યવસ્થા અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક રીતે વિકાસલક્ષી છે કે કેમ ? તે તપાસવાનો છે. આ અભ્યાસ વર્ષ ૨૦૦૮માં કરવામાં આવેલ છે.

**અભ્યાસ પ્રવિધિઓ :**

યોજનાનાં મૂલ્યાંકન અભ્યાસ માટે મુખ્યત્વે મુલાકાત, નિરીક્ષણ અને અનુસૂચિનો ઉપયોગ કરી વિષયાનુરૂપ ઊંડાણપૂર્વક માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી.

અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓ માટે સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનુસૂચિત જનજાતિનાં છાત્રાલયોનું સર્વેક્ષણ કરવા બે પ્રકારની અનુસૂચિ તૈયાર કરવામાં આવી હતી. જે નીચે મુજબ છે :

(૧) છાત્રાલય વ્યવસ્થા સંદર્ભમાં

(૨) છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેની અનુસૂચિ.

**અનુસૂચિ :**

અભ્યાસના મુખ્ય હેતુઓને ધ્યાનમાં રાખી અનુસૂચિ તૈયાર કરવામાં આવી હતી. છાત્રાલય વ્યવસ્થાના સંદર્ભમાં છાત્રાલય અંગે સામાન્ય માહિતી જેવી કે છાત્રાલય શરૂ થયા વર્ષ, સંચાલક સંસ્થા, સંચાલક સંસ્થા હેઠળ અન્ય કેટલી સંસ્થાઓ ચાલે છે, છાત્રાલયમાં ઉપલબ્ધ સવલતો, છાત્રો માટે રહેઠાણ વ્યવસ્થા, ભોજનાલય, ગ્રંથાલય, તબીબી સગવડો તેમજ છાત્રાલયના કર્મચારીઓની વિગત વગેરે મુદ્દાઓને આવરી વિગતવાર માહિતી મેળવી હતી.

છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસે છાત્રાલય વ્યવસ્થાના સંદર્ભમાં અને ઉદ્ભવતા પ્રશ્નો અંગેની માહિતી મેળવી હતી.

**મુલાકાત :**

અભ્યાસ સંદર્ભે સંલગ્ન અધિકારીશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, કર્મચારીગણ, વિદ્યાર્થીઓ, પ્રશાસનમાં કામ કરતા આ વ્યવસ્થા સાથે સંકળાયેલા સરકારી અધિકારીશ્રીઓની મુલાકાત લઈ છાત્રાલય સંબંધી વિગતો મેળવી હતી.

**નિરીક્ષણ :**

અભ્યાસની મોટાભાગની માહિતી અનુસૂચિ દ્વારા એકત્ર કરવામાં આવી હતી. મેળવેલ માહિતીને વિગતે જાણકારી મેળવવા અંગે અને તેની ચકાસણી કરવા માટે નિરીક્ષણ પ્રવિધિનો ઉપયોગ કર્યો હતો.

જેમાં વિદ્યાર્થીઓની રહેઠાણ વ્યવસ્થા, રૂમોની સગવડ, પ્રાથમિક સુવિધાઓ, તબીબી સગવડોની વ્યવસ્થા, છાત્રોને અપાતું ભોજન, છાત્રોની દિનચર્યા તેમજ છાત્રો સાથે ગૃહપતિ/ગૃહમાતાના સંબંધો વગેરે બાબતો નિરીક્ષણ દ્વારા જાણવા મળી હતી.

**ક્ષેત્રકાર્ય અને નમૂના પસંદગી :**

રાજ્યમાં હાલ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતા કુમાર-કન્યા મળી કુલ ૯૩૬ છાત્રાલયો ચાલે છે. સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત છાત્રાલયનાં મૂલ્યાંકન અભ્યાસ માટે પૂરેપૂરું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે માટે

(૧) રાજ્યના ઉત્તર, દક્ષિણ અને મધ્ય વિભાગને આવરીને કુલ ૪૫ છાત્રાલયો પસંદ કર્યા હતાં.

(૨) છાત્રાલયની સૂચિ દ્વારા જિલ્લા પસંદગી પરથી તાલુકા પસંદગી કરી હતી.

(૩) પસંદ કરેલ જે તે તાલુકામાં જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતા છાત્રાલયોનાં સંચાલક મંડળ દ્વારા ચાલતા છાત્રાલયો અભ્યાસ માટે પસંદ કર્યા હતાં.

**અભ્યાસનું કાર્યક્ષેત્ર :**

ગુજરાતમાં આદિવાસી વિસ્તારનાં મુખ્યત્વે ત્રણ વિભાગોમાંથી છાત્રાલયોની પસંદગી કરવામાં આવી હતી.

(૧) પૂર્વપટ્ટી વિભાગ, જેમાં સાબરકાંઠા જિલ્લાનાં છાત્રાલયો,

(૨) મધ્ય વિભાગમાં દાહોદ જિલ્લાનાં છાત્રાલયો,

(૩) દક્ષિણ વિભાગમાં ભરૂચ, સુરત અને તાપી જિલ્લાનાં છાત્રાલયો.

**અભ્યાસ આધારિત તારણો :**

(૧) રાજ્યમાં સરકારી અનુદાન મેળવતા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતા કુલ ૯૩૬ છાત્રાલયો છે. જેમાં ૫૭૩ (૬૧.૨૧ ટકા) કુમાર અને ૩૬૩ (૩૮.૭૯ ટકા) કન્યા છાત્રાલયો ચાલે છે.

(૨) અભ્યાસ હેઠળ રાજ્યનાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ વિભાગનાં કુલ ૪૫ છાત્રાલયો પૈકી ૨૧ (૪૬.૨૭ ટકા) કુમાર અને ૨૪ (૫૩.૩૩ ટકા) કન્યા છાત્રાલયોને આવરી લેવામાં આવ્યા હતા.

(૩) છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની કુલ ૨૮૨૦ની સંખ્યામાં ૨,૬૭૮ (૯૪.૯૭ ટકા) અનુસૂચિત જનજાતિનાં જોવા મળ્યા હતા.

(૪) છાત્રાલયમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે લક્ષમાં લેવાતી બાબતોમાં મોટેભાગે અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓ, પરીક્ષાના પરિણામમાં ટકાવારી તેમજ આર્થિક પરિસ્થિતિને પ્રાધાન્ય અપાતું હતું.

(૫) છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને એક રૂમમાં રાખવાનાં ધોરણ અંગે જોતા મોટાભાગનાં ૩૭ (૮૨.૨૨ ટકા)

શૈક્ષણિક ધોરણ મુજબ, ૪ (૮.૮૯ ટકા) બાળકોની અનુકુળતા મુજબ અને ૪ (૮.૮૮ ટકા) અનુક્રમે ઉંમર, જાતિ તેમજ ગામ મુજબ રાખવામાં આવતા હોવાનું જણાયું હતું.

(૬) સર્વેક્ષિત છાત્રાલયોમાં જયાં સંસ્થાનાં પોતાનાં મકાન હતાં ત્યાં બાથરૂમ અને જાજરૂની સુવિધા નિયત ધોરણ મુજબ હતી. જયારે ભાડાના મકાનમાં ચાલતા છાત્રાલયોમાં આ પ્રકારની સુવિધા સચવાતી ન હતી.

(૭) અભ્યાસ હેઠળનાં મોટાભાગનાં ૩૮ (૮૪.૪૪ ટકા) છાત્રાલયોમાં ભોજનની ગુણવત્તા તેમજ પ્રમાણ જળવાતાં હતાં. જયારે ૭ (૧૫.૫૬ ટકા) આ બાબતે અનુત્તર હતાં.

(૮) ૩૯ (૮૬.૮૭ ટકા) છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની પ્રાથમિક સારવાર માટે ફર્સ્ટ-એઈડ બોક્ષની સુવિધા હતી, જયારે ૬(૧૩.૩૩ ટકા) છાત્રાલયોમાં આ વ્યવસ્થાનો અભાવ વર્તાતો હતો.

(૯) અભ્યાસમાં આવરેલ છાત્રાલયોમાંથી ૪૩( ૯૫.૫૬ ટકા) છાત્રાલયોમાં છાત્રોની આરોગ્ય તપાસ કરવામાં આવતી હતી, તેમજ કેટલાંક છાત્રાલયોમાં હોમીયોપેથીક કોલેજનાં વિદ્યાર્થીઓ, સ્વયંસેવિકા દ્વારા આરોગ્ય વિષયક ચર્ચાસભા તેમજ વાર્તાલાપનું આયોજન કરવામાં આવતું હતું.

(૧૦) પસંદ કરેલ છાત્રાલયોમાં ૩૬ (૮૦.૦૦ ટકા) છાત્રાલયોમાં રમત-ગમતનાં મેદાનની વ્યવસ્થા હતી. જયારે ૯(૨૦.૦૦ ટકા) છાત્રાલયોમાં આ વ્યવસ્થા ન હતી.

(૧૧) સર્વેક્ષિત છાત્રાલયોમાં ૩૧ (૬૮.૮૯ ટકા) છાત્રાલયોમાં ધોરણ ૮ થી ૧૦નાં છાત્રો માટે કોચીંગ કલાસની વ્યવસ્થા હતી. જયારે ૧૪ (૩૧.૧૧ ટકા) છાત્રાલયોમાં આ વ્યવસ્થા ન હતી.

(૧૨) અભ્યાસમાં આવરેલ છાત્રાલયોમાં ૨૩ (૫૧.૧૧ ટકા) છાત્રાલયોમાં છાત્રોને રોજગારલક્ષી તાલીમ આપવામાં આવતી હતી. જયારે ૨૨ (૪૮.૮૯ ટકા) છાત્રાલયોમાં આવા પ્રકારની કોઈ તાલીમ અપાતી ન હતી.

(૧૩) અભ્યાસ હેઠળનાં ૨૦ (૪૪.૪૪ ટકા) છાત્રાલયોમાં ગુણવત્તાસભર શિક્ષણ માટે ટુલ્સ મટિરીયલ્સની (સાધન સામગ્રી)ની વ્યવસ્થા હતી. જયારે ૨૫ (૫૫.૫૬ ટકા) છાત્રાલયોમાં આ વ્યવસ્થા ન હતી.

**નિષ્કર્ષ અને સૂઝાવ :**

છાત્રાલય સંબંધી દર્શાવેલ સૂઝાવ અલગ - અલગ વિભાગમાં વહેંચ્યા છે.

(અ) સંચાલકો માટે

(બ) ગૃહપતિ / ગૃહમાતા માટે

(ક) સરકાર માટે

(અ) **સંચાલકો માટેના સૂઝાવ :**

(૧) રાજ્યમાં આદિવાસી શિક્ષણમાં સ્વૈચ્છિક સંસ્થાઓનું યોગદાન ઘણું જ મહત્વનું છે. જેથી આ પરંપરાને જાળવી રાખવા સંચાલકોએ વધુ કાર્યક્ષમ બની કામ કરવું જોઈએ.

(૨) છાત્રાલયનાં છાત્રોને જરૂર પડે તજજ્ઞોને બોલાવી જરૂરી માર્ગદર્શન આપવાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૩) છાત્રાલયમાં છાત્રો માટે રહેઠાણ વ્યવસ્થા પૂરતા હવા-ઉજાસવાળી તેમજ તેમનો સામાન વ્યવસ્થિત રહે તેવી ભૌતિક સુવિધા ઉલપબ્ધ કરવી.

(૪) અન્ય છાત્રાલયોનાં છાત્રો સાથે વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આદાન-પ્રદાન થાય તેવું આયોજન કરવું જોઈએ.

(૫) છાત્રાલયમાં શિક્ષણ વ્યવસ્થા વધુ સમૃધ્ધ બને તેવી સક્રિય કામગીરી માટે ધ્યાન આપવું જોઈએ.

(૬) છાત્રાલયનાં સ્ટાફની કામગીરીનું યોગ્ય નિરીક્ષણ કરી કર્મચારીઓને કોઈ મુશ્કેલી ન પડે તેનું પૂરતું ધ્યાન આપવું જોઈએ.

(૭) છાત્રાલયોનું નિયમિત નિરીક્ષણ થવું જોઈએ. તે માટે યોગ્ય કાર્યવાહી કરવા સલાહકાર મંડળ ઊભું કરવું જરૂરી છે.

(બ) **ગૃહપતિ/ગૃહમાંતા સંબંધી સૂઝાવ :**

(૧) ગૃહપતિ/ગૃહમાતાઓએ છાત્રાલયમાં જરૂરી જ નહિ પરંતુ અનિવાર્યતા સમજી છાત્રાલયમાં જ રહેવું જોઈએ.

(૨) ગૃહપતિ/ગૃહમાતાઓએ છાત્રો સાથે મિત્રતાભર્યો વ્યવહાર રાખવો. તેમજ યોગ્ય માર્ગદર્શન પૂરુ પાડવા તેમના માર્ગદર્શક બનવું જોઈએ.

(૩) ગૃહપતિ/ગૃહમાતાનું સમગ્ર વર્તન આદર્શ નમૂનારૂપ હોવું જોઈએ. જેથી છાત્રો પણ તેમાંથી સારી શીખ લઈ શકે.

(૪) છાત્રોનાં આરોગ્ય વિષયક પ્રશ્નોમાં તેમજ માંદગી સમયે તેમની પૂરેપૂરી કાળજી રાખવી જોઈએ.

(૫) છાત્રાલયનાં છાત્રોને અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન વગેરે વિષયોનાં વધારાનાં તાસ લઈ યોગ્ય સમજ આપી તે વિષયો પર વધારે ધ્યાન આપવું.

(૬) વિદ્યાર્થીઓની આંતરિક શક્તિ ખીલવવા છાત્રાલયમાં વકૃત્વ સ્પર્ધાઓ, નિબંધ, રમત-ગમતની સ્પર્ધાઓ યોજીને તેમને પ્રોત્સાહક ઈનામો આપવાં.

(૭) છાત્રાલયના રસોડામાં પૂરતું સ્વચ્છ અનાજ તેમજ મસાલા વગેરે પૂરતા પુરવઠામાં રાખવા.

(૮) છાત્રાલયનાં પુસ્તકાલયમાં છાત્રોને ઉપયોગી સારાં પુસ્તકો, મેગેઝીન તથા ન્યુઝ પેપર રાખવાં જેથી વિદ્યાર્થીઓ તેનો સક્રિય રીતે ઉપયોગ કરી શકે.

(ક) **સરકાર માટેનાં સૂઝાવ :**

(૧) ગુજરાતનાં દરેક જિલ્લામાં છાત્રાલયોનો વિકાસ વસતિ અને વિસ્તારને અનુરૂપ થાય તે ઈચ્છનીય છે.

(૨) આદિવાસી વિસ્તારનાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરતાં આદિવાસી વિદ્યાર્થીઓની સંખ્યાને ખ્યાલમાં રાખી નવાં છાત્રાલયો ખોલવા જોઈએ.

(૩) સંચાલકો તેમજ કાર્યકરોને છાત્રાલય ચલાવવા માટેનાં નિયમોની વિસ્તૃત માહિતી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૪) ગૃહપતિ/ગૃહમાતાની નિમણૂક વખતે તેમની શૈક્ષણિક લાયકાતને તેમજ છાત્રાલય કામગીરી પ્રત્યે તેમની નિષ્ઠા અને અભિરુચિને ધ્યાનમાં રાખવી જોઈએ.

(૫) જે સંસ્થા નિયમાનુસાર કામ કરતી ન હોય તેમજ બાળકોને પાયાની સુવિધાઓ પૂરી પાડતી ન હોય તે સંસ્થા માટે યથાયોગ્ય નિર્ણય સત્વરે લેવો જરૂરી છે.

(૬) છાત્રાલયનું નિરંતર નિરીક્ષણ થવું જોઈએ. જેમાં યોગ્ય રહેઠાણ વ્યવસ્થા, રૂમોની સફાઈ, પીવાના પાણીની સ્વચ્છતા, પ્રાથમિક આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતા છે કે કેમ ? તે જોવું જોઈએ.

(૭) કાર્યકરોમાં કામ કરવાની નિષ્ઠા વધે, તેઓ સ્થિરતાથી ટકી રહે તે માટે સરકારી નિયમ મુજબ વેતન આપવું જોઈએ.

(૮) છાત્રાલયમાં નિભાવ તેમજ પગાર ગ્રાન્ટ નિયમિત મળે તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

(૯) કેટલાંક વિસ્તારોમાં કુમાર અને કન્યા છાત્રાલયોએક જ પરિસરમાં તેમજ તદ્દન નજીકનાં અંતરે હોય છે. જેને કારણે છાત્રોનું ધ્યાન અભ્યાસમાં પૂરતું રહેતુ નથી તેમજ અન્ય પ્રશ્નો પેદા થાય છે, જે શૈક્ષણિક વાતાવરણ માટે પ્રોત્સાહક નથી. તો આ બાબતે ગંભીરતાપૂર્વક વિચારી કુમાર-કન્યા છાત્રાલય વચ્ચે વધુ અંતર હોય તે જોવું જોઈએ.

(૧૦) વિદ્યાર્થીઓમાં સારા અભ્યાસ માટે છાત્રાલયમાં કોચીંગ કલાસની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

આમ એકંદરે આદિવાસી વિસ્તારનાં છાત્રોનાં શૈક્ષણિક વિકાસાર્થે સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો મહત્વનો રહ્યો છે, પરંતુ આવી સંસ્થાઓ વધારે હેતુલક્ષી કામગીરી બજાવે તે સમાજના દરેક વર્ગે જોવું જોઈએ.

# પ્રાયોજના કચેરી (સંકલિત આદિજાતિ પેટા યોજના) દ્વારા ચાલતા વિવિધ પ્રકારના રોજગારલક્ષી ટ્રેડ (તાલીમ)નો મૂલ્યાંકન અભ્યાસ

શ્રી જસવંતસિંહ રાઠોડ

**પ્રસ્તાવના :**

અનુસૂચિત જનજાતિના કલ્યાણ માટે ગુજરાત સરકારે આદિજાતિ વિકાસ વિભાગના સીધા નિયંત્રણ હેઠળ કમિશનર, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજય દ્વારા માળખાગત સુવિધા ઊભી કરી છે. આદિવાસીઓ સ્વરોજગારી તરફ, ગૃહઉદ્યોગ તરફ વળે તે માટે તાલીમ લેવા ઈચ્છતા યુવકો, યુવતિઓ તથા અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ બેકાર યુવાનો માટે સંકલિત પેટા યોજના દ્વારા સીધી દેખરેખ હેઠળ ચાલતા 'ટૂંકાગાળાના તાલીમ વર્ગો' તાલીમ મેળવી આદિવાસી યુવક યુવતિ સ્વરોજગારી મેળવી શકે તે હેતુસર તથા કારકિર્દી બનાવવા ઈચ્છતા વિધાર્થીઓ માટે વિવિધ પ્રકારના ૨૪ ટ્રેડ તાલીમ પ્રાયોજના કચેરી દ્વારા ચલાવવામાં આવે છે. જેથી આદિવાસી યુવકો પરંપરાગત વ્યવસાય તથા નોકરીલક્ષી અભિગમથી ઉપર ઊઠી પોતાની જાતે પોતાની રીતે રોજગારીની તકો ઊભી કરી શકે તથા અન્ય રોજગારલક્ષી તકોમાં પોતે સહભાગી બની શકે.

**અભ્યાસના હેતુઓ :**

(૧) વિવિધ વ્યવસાયલક્ષી તાલીમથી રોજગારીની તકો ઊભી થતી રહે છે કે નહીં તે જોવું.

(૨) પ્રાયોજના દ્વારા ચલાવવામાં આવતા ટ્રેડનું પ્રસ્તુત સ્લીપમાં કેટલું મહત્વ છે તે જાણવું.

(૩) માંગની સામે તાલીમી કાર્યક્રમોનું આયોજન અને વહીવટી માળખું તપાસવું.

(૪) તાલીમ પછી કેટલાને કામ મળે છે, કેટલા બાકી રહે છે તે જાણી તાલીમ પછીનું અમલીકરણ તપાસવું.

(૫) તાલીમ લીધા પછી રોજગારીની તકો અથવા કારકિર્દી ઘડતરમાં યોગદાન તપાસવું.

(૬) પ્રાયોજના કચેરી, તાલીમાર્થી તેમજ અન્ય એજન્સી દ્વારા આ વ્યવસ્થા સંદર્ભે પ્રશ્નો અને સૂચનો જાણવાં.

**ઉપરોક્ત હેતુઓને ધ્યાને રાખી નીચેના મુદ્દાઓ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવ્યું :**

(૧) પ્રાયોજના કચેરી દ્વારા ચાલતા વર્ગોની વિગતો.

(૨) તપાસ માટે ચાલતા વર્ગોની વિગતો.

(૩) વર્ગો માટેનાં જરૂરી ધારાધોરણ દા.ત. સંખ્યા, માળખાગત સુવિધા, તજજ્ઞ, તાલીમનાં સાધનો, હોસ્ટેલ વગેરે.

(૪) ચૂકવવામાં આવતું સ્ટાઈપેન્ડ.

(૫) તાલીમાર્થીને થયેલ લાભ અથવા રોજગારીની તકો, રોજગારી મેળવતા તાલીમાર્થીઓના કેસસ્ટડી.

(૬) તાલીમ લીધા પછી રોજગારી માટે આપવામાં આવતી સહાય, માર્ગદર્શન વગેરે વિગતે તપાસવું, તાલીમાર્થીના અભિપ્રાયો મેળવવા.

(૭) આંકડાકીય માહિતી માટે ૨૦૦૧ થી ૨૦૦૫ના વર્ષનો બેઝ નક્કી કરવો.

(૮) ચાલેલ ટ્રેડમાંથી પાંચ પાંચ તાલીમાર્થીનો સંપર્ક કરી કેસસ્ટડી કરવા અને અંતે અભ્યાસ આધારિત તારણો અને સુઝાવો બતાવવા.

**અભ્યાસક્ષેત્ર :**

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ચાલતી સંકલિત આદિજાતિ કચેરીઓ દ્વારા ચલાવવામાં આવતા જુદા જુદા તાલીમ ટ્રેડ તપાસવાનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાતનો આદિવાસી વિસ્તાર આવતો હોઈ સઘન આદિવાસી વસતિ ધરાવતાં વિસ્તારને અભ્યાસમાં આવરી લેવાશે.

**સંશોધન પ્રવિધિઓ :**

પ્રાયોજના કચેરી દ્વારા ચાલતા વર્ગોની માહિતી, તાલીમાર્થીઓ માટેના વર્ગની માહિતી, નિયમિત ચાલતા વર્ગોની માહિતી, કોઈ એજન્સી દ્વારા વર્ગો ચલાવાતા હોય તેની માહિતી વગેરે પ્રાયોજના કચેરીના સ્રોતથી મેળવવી.

આ ઉપરાંત કોઈ સંસ્થા યા વ્યક્તિ દ્વારા આવા વર્ગો ચલાવવામાં આવતા હોય તો તેની મુલાકાત લઈ તેની વર્ગો ચલાવવાની ક્ષમતા, ચલાવેલ વર્ગોની માહિતી, તાલીમાર્થીઓનાં નામ, સરનામાં તથા નિયમાનુસાર વર્ગો ચાલે છે કે કેમ તે અંગેની જરૂરી માહિતી.

**લાભાર્થીના કેસસ્ટડી :**

આ ટ્રેડના ઉપયોગ જો કોઈ સંસ્થાકીય રૂપમાં કરવામાં આવતો હોય. દા.ત. સહકારી મંડળી, સ્ત્રી સશક્તિકરણ મંડળ કે અન્ય કોઈ સંગઠન દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિનો પણ સમાવેશ કરવામાં આવશે.

**પ્રકરણ-૨માં અભ્યાસમાં સમાવેલ તાલીમ ટ્રેડનો સમાવેશ કરવામાં આવ્યો છે :**

જેમાં સઘન આદિવાસી વસતિ ધરાવતા બાર જિલ્લાની બાર પ્રાયોજના કચેરીઓ દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી જુદા જુદા વિસ્તારો અને જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જુદા જુદા પચાસ વ્યવસાયલક્ષી ટ્રેડની તાલીમ આદિવાસી યુવકો અને યુવતિઓને આપવામાં આવી હતી તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પચાસ ટ્રેડના તાલીમાર્થીઓ પૈકીના ૭૮૩ તાલીમાર્થીઓની રૂબરૂ મુલાકાત કરી તેમના તાલીમ અંગેના અભિપ્રાયો પણ મેળવવામાં આવ્યા છે. સાથે સાથે તેમના કુટુંબ અને વ્યવસાયને લગતી વિગતો માટે તેમનું કુટુંબપત્રક પણ ભરવામાં આવ્યું.

કોઠા નં.૧

**વર્ગોની સંખ્યા દર્શાવતો કોઠો**

| ક્રમ | પ્રાયોજના કચેરીનું નામ | ચલાવેલ વર્ગોની સંખ્યા | તાલીમાર્થીઓના ભરેલ ફોર્મની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | પાલનપુર | ૫ | ૪૧ |
| ૨ | ખેડબ્રહ્મા | ૮ | ૯૫ |
| ૩. | ગોધરા | ૯ | ૪૯ |
| ૪. | દાહોદ | ૧૦ | ૪૨ |
| ૫. | છોટાઉદેપુર | ૭ | ૩૫ |
| ૬. | રાજપીપળા | ૧૩ | ૬૩ |
| ૭. | ભરૂચ | ૯ | ૪૦ |
| ૮. | માંડવી | ૧૪ | ૭૦ |
| ૯. | સોનગઢ | ૧૨ | ૬૩ |
| ૧૦. | વાંસદા | ૨૨ | ૧૦૭ |
| ૧૧. | આહવા | ૯ | ૪૩ |
| ૧૨. | વલસાડ | ૨૭ | ૧૩૫ |
| | કુલ | ૧૪૫ | ૭૮૩ |

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે ૫૦ ટ્રેડના બાર પ્રાયોજના કચેરીઓ દ્વારા ૧૪૫ તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા છે. તેમાંથી ૧૮.૫૧ ટકા તાલીમાર્થીઓની રૂબરૂ મુલાકાત કરી માહિતી એકત્ર કરવામાં આવી છે.

**પ્રકરણ-૩માં તાલીમાર્થીઓની કૌટુંબિક માહિતી સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પાસાને દર્શાવવામાં આવ્યું છે. :**

અભ્યાસમાં સમાવેશ પામેલ ૭૮૩ તાલીમાર્થીઓની કૌટુંબિક માહિતી માટે કુટુંબપત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેનાથી તાલીમાર્થીઓની કૌટુંબિક માહિતી મળી રહે. વળી ગુજરાતની અંદર હાલમાં ૨૫ આદિવાસી જાતિઓનો વસવાટ છે જે જાતિઓમાંથી કઈ જાતિએ આવા ટૂંકાગાળાના વ્યવસાયલક્ષી ટ્રેડની તાલીમ લીધી છે તેનો પણ ખ્યાલ મેળવી શકાય.

સાથે સાથે તેમના રહેઠાણના મકાનો, મકાનના પ્રકાર જેમાં ઓરડાની સંખ્યા, દિવાલનો પ્રકાર, છાપરાનો પ્રકાર વગેરે દ્વારા આ તાલીમાર્થીઓ કેવા ઘરોમાં વસવાટ કરે છે તેનો ખ્યાલ પણ મેળવી શકાય. આમ કૌટુંબિક માહિતીમાં આવતી બધા જ પ્રકારની માહિતી એકત્ર કરવામાં આવી છે. જેથી તાલીમાર્થીના કુટુંબ અંગેની સંપૂર્ણ જાણકારી મેળવી શકાય અને તેની આર્થિક, સામાજિક અને કૌટુંબિક પરિસ્થિતનો ખ્યાલ મેળવી શકાય.

## કોઠા નં.૨

## જાતિ અંગેની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | જાતિ | કુલ | ટકા |
|---|---|---|---|
| ૧. | ભીલ | ૧૩૭ | ૧૭.૫૦ |
| ૨. | ડુંગરી ગરાસિયા | ૯૫ | ૧૨.૧૩ |
| ૩. | ગામિત | ૬૪ | ૮.૧૭ |
| ૪. | ચૌધરી | ૪૮ | ૬.૧૩ |
| ૫. | વસાવા | ૬૯ | ૮.૮૨ |
| ૬. | કુકણા | ૧૧૯ | ૧૫.૧૯ |
| ૭. | નાયક | ૧૦ | ૧.૨૭ |
| ૮. | રાઠવા | ૨૭ | ૩.૪૫ |
| ૯. | ધોડિયા | ૧૧૧ | ૧૪.૧૭ |
| ૧૦. | વારલી | ૨૯ | ૩.૭૧ |
| ૧૧. | હળપતિ | ૩૪ | ૪.૩૪ |
| ૧૨. | કોટવાળિયા | ૬ | ૦.૭૭ |
| ૧૩. | કોલચા | ૬ | ૦.૭૭ |
| ૧૪. | તડવી | ૨૮ | ૩.૫૮ |
| | કુલ | ૭૮૩ | ૧૦૦.૦૦ |

ગુજરાતમાં ભીલોની સંખ્યા લગભગ ૪૬ ટકા જેટલી છે જે સૌથી વધારે છે. તેમાં કોઠામાં ભીલ, ડુંગરી ગરાસીયા, વસાવાનો સમાવેશ કરવામાં આવે છે. આની ૩૦૧ જેટલી સંખ્યા થવા જાય છે અને આ કુલ અભ્યાસમાં સામેલ કુટુંબોના ૩૮.૪૪ ટકા જેટલી થવા જાય છે. બીજા ક્રમે કુંકણા જાતિના તાલીમાર્થીઓની છે અને ત્રીજા ક્રમે ધોડિયા કે જેની વસતિ દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ છે, તેનો સમાવેશ થાય છે. તેજ રીતે ચૌધરી અને ગામિત પણ ગુજરાતમાં આર્થિક તેમજ શિક્ષણની રીતે આગળ જાતિઓ છે અને તેઓએ પણ ઓછાવત્તા પ્રમાણમાં આવી તાલીમનો લાભ પણ લીધેલો જોઈ શકાય છે.

**પ્રકરણ-૪ :**

આ પ્રકરણમાં તાલીમ અંગેની સંપૂર્ણ વિગતો દર્શાવવામાં આવી છે; જેમાં તાલીમની જાણકારી, તાલીમનું વર્ષ, સ્ટાઈપેન્ડ, તાલીમ દરમ્યાન નિયમિત હાજરી, અપડાઉન કરતા તાલીમાર્થીઓની વિગતો, તાલીમ લીધા પહેલાં તાલીમ અંગેની જાણકારી, તાલીમ લીધા બાદ તાલીમને કારણે કૌશલ્યમાં વધારો થયો, આ તાલીમથી નોકરી વ્યવસાય કરી શકયા વગેરે દર્શાવવામાં આવ્યું છે. તાલીમને અનુરૂપ કામ, રોજગાર ધંધાનું અંતર,

આર્થિક મદદ માટે અરજી કરેલ તાલીમાર્થીઓ, લોન મળ્યા બાદ ધંધો ક્યારે શરૂ કર્યા તે સહાય પૂરતી સાથે સ્વરોજગાર દ્વારા દૈનિક અને સીઝન આવક દૈનિક આવકમાં ફેરફાર, અન્ય તાલીમ લેવાની ઈચ્છા, અન્ય કેવા ટ્રેડ ચલાવવા જોઈએ, ટ્રેડ ચલાવવા માટે કારણો, જાહેરખબર, તાલીમ વર્ગમાં પ્રવેશ માટે લાયકાતનાં ધોરણ, તાલીમનો સમય માહિતી આપ્યાની વિગતો, ધંધા રોજગાર માટે માર્ગદર્શનની જરૂરિયાત, તાલીમ કેન્દ્રમાં મળતી સગવડો, તાલીમ સમય દરમયાન મુશ્કેલી, વ્યાવસાયિક તાલીમથી આદિવાસી યુવક-યુવતિઓને ફાયદો થાય છે, તાલીમ વ્યવસ્થા માટેના સૂચનો, વગેરે બાબતોને ધ્યાને લઈ તાલીમ બાબતે વિગતો મેળવવામાં આવી હતી જે અહેવાલમાં દર્શાવવામાં આવી છે.

પ્રકરણ-૫માં ક્ષેત્રકાર્ય આધારિત નોંધ મુકવામાં આવી છે જેમાં સંસ્થાઓ તેમજ વર્ગોની મુલાકાત દરમ્યાન જે સ્થિતિ જોવામાં આવી તેની સંપૂર્ણ વિગતો દર્શાવવામાં આવી છે. જેમાં વર્ગનું સ્થાન, સંખ્યા, તાલીમ માટેનાં સાધનો, તાલીમ આપનારની વિગતો વગેરે બાબતોને વિસ્તારથી દર્શાવવામાં આવી છે.

પ્રકરણ-૬માં તારણો અને સૂઝાવોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જ્યારે પરિશિષ્ટમાં વિવિધ ટ્રેડ ચલાવનાર સંસ્થાઓનાં નામ, સરનામાં પણ આપવામાં આવ્યા છે.

## તારણો અને સુઝાવો

**તારણો :**

પ્રાયોજના કચેરી (સંકલિત આદિજાતિ પેટા યોજના) દ્વારા ચાલતા વિવિધ પ્રકારના ટૂંકાગાળાના રોજગારલક્ષી ટ્રેડ (તાલીમ) સમગ્ર પ્રાયોજના વિસ્તારમાં સ્થાનિક યુવક-યુવતિઓને રોજગારી મળી રહે, સાથે સાથે પુરક રોજગારીની તકો મેળવી શકાય તે હેતુને ધ્યાનમાં લઈ સ્થાનિક સ્તરે રોજગારલક્ષી તાલીમ આપવા ઈચ્છુક ખાનગી સંસ્થાઓ, ઈન્સ્ટીટયૂટ, મંડળો, સહકારી સંસ્થાઓ, શૈક્ષણિક ટ્રસ્ટો, યુવક મંડળો કે જેઓ આવા ટૂંકાગાળાના રોજગારલક્ષી ટ્રેડની તાલીમ ચલાવવા ઈચ્છતા હોય, રસ ધરાવતા હોય, સાથે સાથે તેમની પાસે પુરતા પ્રમાણમાં સાધન સુવિધા ઉપલબ્ધ હોય તેવી સંસ્થાઓ દ્વારા આવા પ્રકારના વર્ગો પ્રાયોજના કચેરી કે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની મંજૂરીથી ચલાવવા માટે આપવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતમાં સઘન વસતિ ધરાવતા ૧૨ જિલ્લા ૧૨ પ્રાયોજના કચેરીમાં વર્ષ ૨૦૦૧-૦૨ થી ૨૦૦૬-૦૭ સુધી ચલાવેલ વર્ગોનો મૂલ્યાંકન અભ્યાસ કરવામાં આવ્યો છે; જેમાં તાલીમાર્થીના કુટુંબની માહિતી સાથે તાલીમ અંગેની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના તારણોમાં મુકી શકાય તેવા મુદ્દાઓ નીચે પ્રમાણે છે :

(૧) બાર પ્રાયોજના કચેરી દ્વારા વત્તા ઓછા પ્રમાણમાં ટૂંકાગાળાના તાલીમ વર્ગો ચલાવેલા જોઈ શકાય છે.

(૨) ૫૦ પ્રકારના ટ્રેડના ૧૪૫ તાલીમ વર્ગો ચલાવેલા જોઈ શકાયા હતા. જેમાં સૌથી વધુ સીવણ અને ભરત ગૂંથણના હતા.

(૩) આ વર્ગોમાં આદિજાતિઓની ૧૪ જાતિઓના તાલીમાર્થીઓએ તાલીમ લીધી હતી. જેમાં ભીલ, ડુંગરી-ગરાસિયા અને વસાવાને ભીલ જાતિમાં જ ગણીએ તો બાર જાતિના આદિવાસી જોઈ શકાય છે.

(૪) વિસ્તાર પ્રમાણે પરંપરાગત માટીની અને વાંસની દિવાલો તથા દેશી અને વિલાયતી નળીયાવાળા મકાનમાં રહેતા હોય તેવા વધુ કુટુંબો માલુમ પડ્યા હતા.

(૫) તપાસેલ ૭૮૩ તાલીમાર્થીઓમાંથી ૬૦૩ તાલીમાર્થીઓ જમીનવાળા હતા. જ્યારે ૧૭૭ કુટુંબો જમીન વિહોણા હતા. ૧ થી ૨ એકર જમીન ધરાવનારની સંખ્યા ૪૪૬ જેટલી સૌથી વધુ હતી.

(૬) મોટાભાગના કુટુંબો ખેતી, પશુપાલન અને મજૂરી ઉપર આધારિત હતા.

(૭) સ્ત્રી પુરુષની સંખયામાં સ્ત્રીઓની સંખ્યા ઓછી જોવા મળી હતી.

(૮) સરેરાશ પાંચ થી છ સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબ હતા.

(૯) કમાનાર ૫૩.૨૫ ટકા હતા, જ્યારે બિન કમાનાર ૪૬.૭૫ ટકા જોવા મળ્યા હતા.

(૧૦) વ્યવસાયના વર્ગીકરણ પ્રમાણે ફક્ત ૩.૧૪ ટકા સભ્યો સરકારી નોકરી કરતા માલુમ પડ્યા હતા.

(૧૧) કુલ સભ્ય સંખ્યામાં ૨૮.૩૮ ટકા સભ્ય સંખ્યા અભણ હતી અને ૭૧.૬૨ ટકા શિક્ષિત હતા. આમ શિક્ષણનું પ્રમાણ સારું કહી શકાય તેમ હતું.

(૧૨) ૯૧.૧૧ ટકા તાલીમાર્થીઓને તાલીમની જાણકારી હતી પણ આ જાણકારી જે તે સંસ્થા દ્વારા મળી હોય તેવા ૮૯.૩૮ ટકા તાલીમાર્થીઓ હતા. પ્રાયોજના કચેરી દ્વારા જાણકારી મળી હોય તેવા ૧.૭૩ ટકા તાલીમાર્થીઓ હતા.

(૧૩) વર્ષ ૨૦૦૫-૦૬માં તાલીમ મેળવી હોય તેવા ૬૧.૯૫ ટકા હતા; જે સંખ્યા સૌથી વધુ હતી.

(૧૪) આ તાલીમ દરમ્યાન સ્ટાઈપેન્ડ મળ્યું હોય તેવા ૪૨૯ તાલીમાર્થીઓ હતા. ૩૫૪ તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ મળતું ન હતું.

(૧૫) ૯૯.૭૫ ટકાએ તાલીમ દરમ્યાન નિયમિત હાજરી આપી હતી.

(૧૬) ૯૯.૩૬ ટકા તાલીમાર્થીઓ તાલીમ દરમ્યાન આવ-જા કરતા જોઈ શકાયા હતા; જેમાં ૧૦.૭૦ ટકા તાલીમાર્થીઓએ આવ-જામાં મુશ્કેલી દર્શાવી હતી.

(૧૭) તાલીમ લીધા પહેલાં ૪૦.૪૮ ટકા તાલીમાર્થીઓને ટ્રેડ અંગેની જાણકારી ન હતી.

(૧૮) તાલીમથી કૌશલ્યમાં કોઈ વૃધ્ધિ થઈ નથી તેવું કહેવાવાળા ૩૩.૨૦ ટકા તાલીમાર્થીઓ હતા.

(૧૯) તપાસેલા ૭૮૩ તાલીમાર્થીઓમાંથી ફક્ત ૧૯૦ તાલીમાર્થી નોકરી અને વ્યવસાય કરતા હતા જે કુલ તાલીમાર્થીઓના ૨૪.૨૬ ટકા જેટલા હતા.

(૨૦) તાલીમને અનુરૂપ કામ મળતું નથી તેવું મંતવ્ય ધરાવતા ૫૯૩ તાલીમાર્થીઓ હતા જે કુલ તાલીમાર્થીઓના ૭૫.૭૪ ટકા જેટલા છે.

(૨૧) જેઓને તાલીમને અનુરૂપ કામ મળતું નથી તેઓએ તેર જેટલાં કારણો દર્શાવ્યાં હતાં જેમાં સાધનોના અભાવ ૧૭૫ કિસ્સામાં જણાયો હતો; જ્યારે પ્રયત્ન કરેલ નથી તેવા પણ ૧૨૨ જવાબ મળ્યા હતા.

(૨૨) જે ૧૯૦ વ્યક્તિએ રોજગારી પ્રાપ્ત કરી શક્યા હતા તેમને ધંધા રોજગાર માટે ઘરેથી પાંચ કિ.મી.થી ૨૦ કિ.મી. જેટલા અંતરે રોજગારી માટે જવું પડતું હતું.

(૨૩) આર્થિક મદદ માટે ૫૦ તાલીમાર્થીઓએ અરજી કરેલ હતી. તેમને ૧ માસથી ૧ વર્ષ સુધીમાં મદદ મળી હતી. જો કે ૭૩૩ એટલે કે ૯૩.૬૨ ટકાએ આર્થિક મદદ માટે કોઈ અરજી જ કરેલ ન હતી.

(૨૪) લોન મળ્યા બાદ ફક્ત ૧૨ તાલીમાર્થીઓએ પોતાનો ધંધો બે ત્રણ માસમાં ચાલુ કરેલ હતો.

(૨૫) ૧૯૦ તાલીમાર્થીઓએ જે રોજગારી મેળવી હતી તેમની દૈનિક આવકમાં ૫૦ થી ૨૦૦ રૂપિયા સુધીનો વધારો થયો છે તેમ જોઈ શકાયું હતું. જેમાં ૫૦ થી ૧૦૦ રૂપિયા સુધીનો વધારો થયો હોય તેવા ૧૪૦ તાલીમાર્થીઓ (૭૩.૬૯ ટકા) હતા.

(૨૬) જે તાલીમ લીધા પછી ધંધો રોજગારી મેળવતા હતા તેમાં ૩૫.૨૬ ટકાને દૈનિક આવકમાં કોઈ ફેર પડ્યો નથી.

(૨૭) અન્ય તાલીમ લેવાની ઈચ્છાવાળા ૮૬.૭૨ ટકા તાલીમાર્થીઓ હતા.

(૨૮) વિસ્તારને અનુરૂપ કેવા ટ્રેડ ચલાવવા જોઈએ તેમાં પરંપરાગત પોતાની જાણકારીના ચાલતા ટ્રેડના નામો વિશેષ જોવા મળ્યા હતા. જેમાં સીવણ, કોમ્પ્યુટર, સુથારીકામ, મોટર ડ્રાઈવિંગ, ભરતગૂંથણ અને કડિયાકામ જેવા ટ્રેડની માંગ વધુ હતી.

(૨૯) ટ્રેડ ચલાવવાના કારણોમાં રોજગારી મેળવી શકાય તેવાં ૫૪૨ કારણો હતા જે કુલ કારણોના ૭૩.૬૫ ટકા જેટલા હતા.

(૩૦) ૯૩.૧૦ ટકા તાલીમાર્થીઓએ ટ્રેડ અંગેની જાહેર ખબર આપવામાં આવતી નથી તેમ જણાવેલ છે.

(૩૧) લાયકાતના ધોરણો ચોક્કસ નથી તેવા ૨૦.૮૨ ટકાના જવાબો હતા.

(૩૨) ૪૧.૭૭ ટકા તાલીમાર્થીઓએ તાલીમનો સમય વધાર જોઈએ તેમ સૂચવ્યું હતું.

(૩૩) ૫૩.૯૦ ટકા તાલીમાર્થીઓએ તાલીમ સમય દરમ્યાન કોઈ સાહિત્ય અપાતું નથી તેમ જણાવેલ હતું. હજુ પણ વધુ માર્ગદર્શનની જરૂર છે તેવા ૭૬.૩૩ ટકા જવાબો હતા જે દર્શાવે છે કે તાલીમથી સંપૂર્ણ સંતોષ ન હતો.

(૩૪) તાલીમ દરમ્યાન મળતી સગવડો અપૂરતી હતી તેવા ૧૫.૯૩ ટકા જવાબો હતા. જેમાં તાલીમી સાહિત્ય, તાલીમનો સમય, પૂરતો સ્ટાફ અને સંસ્થાના મકાનનો અભાવ જેવા મુદ્દા વિશેષપણે છવાયેલા હતા.

(૩૫) તાલીમ સમય દરમ્યાન મુશ્કેલી પડે છે તેવા ૧૧૧ જવાબ હતા. જેમાં આવવા-જવા સાથે તાલીમી સાધનો અને વ્યવસ્થા સંબંધી અસંતોષ હોવાના જવાબો જોવા મળ્યા હતા.

(૩૬) આ તાલીમથી આદિવાસી યુવક-યુવતિઓને ફાયદો થાય છે તેવા ૭૧૯ જવાબ હતા જે કુલ તાલીમાર્થીઓના ૯૧.૮૩ જેટલા છે.

(૩૭) તાલીમ સંબંધી સૂચનોમાં મુખ્યત્વે તાલીમને અનુરૂપ સાધન સહાય આપવી જોઈએ, સમય વધારવો

જોઈએ, સ્ટાઈપેન્ડ આપવું જોઈએ, રોજગારી મળી રહે તેવી જોગવાઈ કરવી જોઈએ, જરૂર મુજબનું માર્ગદર્શન આપવું જોઈએ, ગૃહઉદ્યોગ કરી શકાય તેવી તાલીમ આપવી જોઈએ, તાલીમ સમય દરમ્યાન સતત મોનિટરિંગ થવું જોઈએ, વિસ્તારને ધ્યાનમાં રાખી તાલીમ આપવી જોઈએ, તાલીમાર્થીઓની સંખ્યાનું નિશ્ચિત પ્રમાણ હોવું જોઈએ. બોગસ તાલીમ કેન્દ્રો બંધ કરવાં જોઈએ, તાલીમ વર્ગ નિયમિત ચાલવા જોઈએ, સંસ્થા પાસે પોતાનું મકાન હોવું જોઈએ, ટ્રેડને ધ્યાનમાં લઈ સમય નક્કી થવો જોઈએ, તેવાં મહત્વના ૨૪ જેટલાં સૂચનો તાલીમાર્થીઓ તરફથી મળેલ હતાં.

**સુઝાવ :**

તાલીમ કાર્યક્રમ સંબંધી સુઝાવ આપતાં પહેલાં ખરેખરા વિકાસની વિભાવના શું છે તે જાણવું ખૂબ આવશ્યક છે. વ્યક્તિના સમગ્ર પાસાંના તબક્કાવાર થતા ફેરફારોમાં તાલબધ્ધ રીતે થતી પ્રગતિને આપણે વિકાસ નામ આપી શકીએ. આજે આપણે સમગ્ર બાહ્ય પાસાંને બદલાવાની પ્રક્રિયાને વિકાસનું નામ આપીએ છીએ. આ ખરેખર વિકાસની સાચી પ્રણાલી છે કે કેમ તે આપણે કહી શકીએ તેમ નથી, કારણ કે આપણા પ્રયત્નો અને વિચારો પણ અપૂર્ણ હોય તેમ બની શકે. આપણે વર્તુળમાં ગોળાકાર ફર્યા કરીએ છીએ. મધ્યબિંદુ સુધી પહોંચતા નથી. આના કારણોમાં એક જ કારણ જવાબદાર છે તેવું પણ નથી. આપણાથી ઘણી બધી બાબતો એવી છે કે જે છુટી જાય છે અને આપણને ખબર ન હોય તે રીતે તે પોતાનું કાર્ય કરતી હોય છે અને એના કારણે આપણે ઈચ્છીએ તેવો વિકાસ પામી શકતા નથી.

આપણે જેના વિકાસ માટેની કામગીરી કરીએ છીએ તે જાતિઓ દાયકાઓથી પોતાની એક જીવન પધ્ધતિથી ટેવાયેલી છે. તેમના જીવન સાથે પ્રકૃતિની પક્કડ વધારે મજબૂત પ્રમાણમાં જોઈ શકાય છે. આ પ્રકૃત્તિને બદલવા માટે બાહ્ય આવરણો કારગત નીવડતા નથી તે સાબિત થઈ ચૂકેલી બાબત છે; કારણ કે જે વસ્તુઓ ત્યાં બને છે, જેને આપણે બદલવાના પ્રયત્નો કરીએ છીએ, સલાહ આપીએ છીએ તે બધી વ્યવસ્થિત રીતે મુખ્ય પ્રવાહમાં પણ જોવા મળે જ છે. તો પછી ફેર કયાં રહ્યો ? તો પછી વસ્તુઓના બદલાવથી વિકાસ થઈ જશે તેમ માની લેવું તે યોગ્ય ગણાય ખરું ? આપણે વંચિતતાની વાત કરીએ છીએ પણ તે વંચિત ન રહે તે માટેની વ્યવસ્થાની વાત કરતા નથી. આના કારણે વિસંવાદિતા જન્મે છે; અને અંધાધુંધી ફેલાય છે. આમ સતત ચાલ્યા જ કરે છે. કાયદા પર કાયદા, યોજના પર યોજના અને છતાં આપણી ઈચ્છાને અનુરૂપ પરિણામ આપણે લાવી શકતા નથી. વળી એની પાછળ ઈચ્છાશક્તિનો અભાવ પણ એટલો જ જવાબદાર છે. જેને વિકાસની જવાબદારી સોંપાઈ છે કે જેણે વિકાસની જવાબદારી સ્વીકારી છે તે બન્નેમાં ઈચ્છાશક્તિનો અભાવ, પ્રામાણિકતાનો અભાવ અને નિષ્ઠાવિહીન પ્રયત્નોથી કયારેય કોઈ આશાસ્પદ પરિણામ મેળવી શકાય નહીં. હા, આંકડાકીય રીતે, પ્રદર્શન કરવા પૂરતું કે શ્રેષ્ઠતા દર્શાવવા પૂરતા કાર્યક્રમો કરી શકાય પરંતુ તે કોઈ સાચી દિશાના પ્રયાસો કે વિકાસ કહી શકાય નહિ. સાચા વિકાસ માટે સમાજનાં વિવિધ પાસાંને ધ્યાને લેવાં પડશે. સમાજના દરેક અંગનો સમતુલિત વિકાસ કરી શકાય તો જ તે સાચો વિકાસ બની રહે. વિકાસકીય કાર્યો સાથે સંકળાયેલી સંસ્થાઓમાં અનેકવિધ સ્વરૂપની કામગીરી થાય છે. આ બદલાતી જતી ભૂમિકામાં ગ્રામ્ય અને શહેરી પછાત વિસ્તારોમાં અનેક પ્રકારના વિકાસકીય કાર્યો માટે અનેક સંસ્થાઓ પ્રોજેકટ ચલાવી રહી છે. પ્રોજેકટની નીતિથી માંડીને અમલીકરણ સુધી ગુજરાતભરના

આદિવાસી વિસ્તારોમાં કામગીરી થઈ રહેલી જોઈ શકાય છે. નાના તાલીમી કાર્યક્રમથી માંડી મોટા મોટા પ્રોજેકટો દ્વારા અવેરનેસ (જાગૃતિ) લાવી આદિવાસી વિકાસના માળખાકીય સુધારાના યજ્ઞમાં પોતાનો અર્ધ્ય આપવાની તક જતી કરતા નથી તે આપણા માટે એક સદ્નસીબ બાબત કહી શકાય. આવા વિકાસના ભાગીદાર બનવાની કામગીરી કરી રહેલ સંસ્થાઓ સરકારના અને સમાજના હાથ- પગ હોય તેમ જોઈ શકાય છે. કારણકે સરકારમાં કે સરકાર દ્વારા થતી કામગીરીની અપૂરતી, અપર્યાપ્ત અને ઓછી અસરકારક હોય છે, ત્યારે આવી સંસ્થાઓને કામ કરવાની એક સબળ તક મળે છે અને સ્વૈચ્છિક સંસ્થાઓ જ સારી કામગીરી કરી શકે તેમ સાબિત કરવાની હોડમાં ઉતરે છે. આને કારણે લાભાર્થીએ બન્નેનો સામનો કરવાનો છે. અમે તો આપવા તૈયાર છીએ પણ તે લે નહીં તો અમે શું કરીએ? અમે અમારી રીતે બધાજ પ્રયત્નો કર્યા છે તેની સાબિતી રૂપે તેમની વહીવટી કુશળતાના પુરાવા રૂપે રજીસ્ટર, હાજરીપત્રક, ફોટોગ્રાફ, ઉદ્ઘાટન અને પ્રમાણપત્ર વગેરેની રજૂઆત તેમની પ્રામાણિકતાનું પ્રમાણપત્ર ગણાવાય છે પરંતુ આ પધ્ધતિ આદિવાસી વિકાસમાં કામ આપે તેમ નથી. જે સંસ્થા કે સરકારી એજન્સી પણ પોતાના કામગીરીથી માંડી તેના ફોલોઅપ સુધીની જવાબદારી લેવા તૈયાર હોય તેને યોગ્ય માર્ગદર્શન મળે, જયારે પણ જરૂર હોય ત્યારે તેને તેટલું આપી શકે તેવી ક્ષમતા ધરાવતી હોય, વિસ્તારમાં સતત રચનાત્મક રીતે કામગીરી કરતી હોય લોકોએ તેમને મનથી સ્વીકાર્યા હોય તેવી સંસ્થાઓ દ્વારા જો આવી તાલીમ અપાય તો જ કંઈ પરિણામ મેળવી શકાય. અહીં કોઈ સંસ્થા ઉપર આક્ષેપ કે આરોપ કરવાનો ઈરાદો નથી કારણકે આપણે ત્યાં ઘણી સંસ્થાઓ દ્વારા ખરેખર અસરકારક અને ઉપયોગી કામગીરી થયેલી છે અને તેનાં પરિણામ પણ આપણે જોઈ શક્યા છીએ. આટલી પ્રસ્તુત પૂર્વ ભૂમિકા પછી આજે જે પરિણામ મળ્યા છે તેને ધ્યાનમાં રાખી સુઝાવ નીચે પ્રમાણે આપી શકાય :

(૧) સંસ્થાની નૈતિકતા તપાસ્યા પછી જ જરૂર જણાય તેટલા વર્ગો આપવા જોઈએ. ઘણી જગ્યાએ એકાધિકાર હોય તે રીતે એક જ સંસ્થાને દરેક પ્રકારના વર્ગો ચલાવવાની મંજૂરી મળેલી છે. જેમાં આવશ્યક હોય કે ન હોય તેવા વર્ગોનો સમાવેશ પણ થયેલો છે. કયાંક નિયમિત વર્ગો ચલાવ્યા છે તો કયાંક નિયમિત વર્ગો ચલાવ્યા નથી જેમાં સાધનોનો અભાવ, ઈન્સ્ટ્રકટરનો અભાવ, જગ્યાનો અભાવ, નિયમિતતાનો અભાવ, એક જ ગામના તાલીમાર્થીઓ, તાલીમ લીધા પછી કોઈ વ્યાવસાયિક માર્ગદર્શન નહીં જેવી બાબતો પણ પ્રકાશમાં આવી છે તે અપૂર્ણતા જ દર્શાવે છે. વર્ગોની સંખ્યા ઓછી રહે તો વાંધો નહીં પણ પૂર્ણકક્ષાએ સંપૂર્ણ જવાબદારી સંભાળી શકે તેવી જ સંસ્થાઓને આવા તાલીમ વર્ગો આપવા જોઈએ.

(૨) સંસ્થા પાસે એવા તજજ્ઞ હોવા જોઈએ જે સર્વે દ્વારા જાણી શકે કે જે વિસ્તારમાં તેઓ વર્ગ ચલાવવા માગે છે ત્યાં કયાં કયાં કેવા- કેવા વ્યવસાય ચાલી શકે તેમ છે. સ્થાનિક બેરોજગાર કે અર્ધબેકાર યુવકો તેવી તાલીમની અપેક્ષા રાખે છે ખરા? વર્ગ ચલાવવાની પોતાની ક્ષમતા નક્કી કરી વર્ગો ચલાવવા જોઈએ. વર્ગો એવી જગ્યાએ ચલાવવા જોઈએ જયાં તાલીમાર્થીઓ શાંતિથી પોતાનો અભ્યાસ પૂર્ણ કરે. કોઈ સરપંચના ઘરે, ગ્રામપંચાયતની ઓફીસે પણ વર્ગો ચલાવ્યા હોય તેવી માહિતી મળી છે. ત્યાં પણ સારી કામગીરી થઈ શકે તેમ હોય તો ચલાવવામાં વાંધો નથી પણ ત્યાંનું વાતાવરણ તાલીમને લાયક છે કે કેમ તે ઉપર ધ્યાન આપવું જોઈએ. બધે જ તાલીમાર્થીઓની સુવિધાનો માપદંડ ધ્યાનમાં લેવો ઘટે.

(૩) ફોલોઅપની કામગીરી સંભાળી શકે તેવી સંસ્થાઓને વધારે જવાબદારી સોંપવી જોઈએ. ગુજરાતમાં

ઘણી એવી સંસ્થાઓ આવી કામગીરી સાથે જોડાએલી છે. જે તાલીમ પછી પણ પોતાની કામગીરી ચાલુ રાખી હોય તેવી સંસ્થાઓને જવાબદારી સોંપવી જોઈએ. દા.ત. પૂર્વ પોલિસ (સંરક્ષણ) ભરતી ટ્રેનિંગ સ્કૂલ નંદિસર, તા. ગોધરા, જિ.પંચમહાલ. રહેવા-જમવાની સુવિધા સાથે નિવૃત્ત તાલીમી શિક્ષકો દ્વારા ભરતીલક્ષી તાલીમ આપી ગુજરાતમાં જ્યાં પણ ભરતી થવાની હોય તેની સંપૂર્ણ માહિતી સાથે ખૂબ સારી ફોલોઅપની કામગીરી કરેલી જોઈ શકાય છે.

- આગાખાન ફાઉન્ડેશન દ્વારા ચાલતા તાલીમી કાર્યક્રમોમાં પણ ફોલોઅપની સુંદર કામગીરી થતી જોવા મળી છે.
- એનાર્કે ફાઉન્ડેશન દ્વારા પણ પ્રમાણમાં સારી કામગીરી જોઈ શકાઈ છે તેમનું ફોલોપકાર્ય પણ પ્રમાણમાં સારું વિકસ્યું છે.
- શ્રી સિધ્ધિ વિનાયક રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, નવસારી દ્વારા લેધર રેકઝીન તાલીમવર્ગ તેમજ લેધર ટોઈઝની તાલીમ આપી સ્વયં સિધ્ધ જૂથ દ્વારા રોજગારી અપવા સુધીની કામગીરી ચાલી રહેલી જોઈ શકાય છે.
- બ્રાઈટ (એપ્ટેક) કોમ્પ્યુટર સેન્ટરની કામગીરીથી કોમ્પ્યુટર તાલીમ મેળવેલ યુવક-યુવતિઓને રોજગારીની તકો મળી હોય તેમ જોઈ શકાયું હતું. વળી સંસ્થા દ્વારા પણ તેમને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.
- લાઈટ મોટર ડ્રાઈવીંગની તાલીમ આપતી સંસ્થાઓ દ્વારા સ્થાનિક સારી કામગીરી તો કયાંક નબળી કામગીરી પણ જોઈ શકાય છે. આ માટે સારી કામગીરી કરતી સંસ્થાઓ ને જ પસંદગી આપવી જોઈએ. સાંઈ મોટર ડ્રાઈવીંગ સ્કૂલ વાંસદાની કામગીરી નોંધપાત્ર હતી.

(૪) ઉત્પાદનલક્ષી તાલીમ આપી શકતી સંસ્થાઓને પ્રાધાન્ય આપવું જોઈએ. આમાં ખાસ કરી ગ્રામીણ ક્ષેત્રમાંથી કાચોમાલ મળી રહે ને ત્યાંજ પ્રક્રિયા ગત થઈ ત્યાં જ વપરાશમાં આવતો હોય તેવા નવાં નવાં સ્થાનિક સ્તરે થઈ શકે તેવા રોજગારલક્ષી વ્યવસાય શોધવા જોઈએ અને તાલીમ આપવી જોઈએ. દા.ત. મસાલા પ્રોસેસ, સિઝનલ થઈ શકે તેવા વ્યવસાય, રિપ્રોસેસીંગ થઈ શકે તે માટેની તાલીમ, ગ્રામોદ્યોગ દ્વારા રોજગારી આપી શકે તેવી તાલીમમાં રસ ધરાવતી હોય તેવી સંસ્થાઓને તાલીમી કામગીરી સોંપવી. દા.ત. માર્કેટિંગ વ્યવસ્થા, હાટવાડા પધ્ધતિમાં કોઈ નવા સુઝાવો જેવા કે સિઝનમાં મબલક ઉત્પાદન થતુ હોય તેવી વસ્તુઓ માટે સારા ભાવો મળે તેવી તાલીમ અને વ્યવસાય, પ્રોસેસિંગમાં આવી શકે તેવી તાલીમ જેમકે પાપડ, અથાણા, મસાલા, ફળફળાદિ જેવી પ્રોસેસિંગ સિસ્ટમ કરી શકાય તેવી તાલીમ આપવી જોઈએ.

(૫) બાગાયતી ખેતી, પશુપાલન, ઓર્ગેનિક ખેતી, ઉર્જાના વૈકલ્પિક ઉપયોગ એ સિવાય જંગલમાંથી મળતી પેદાશોની પ્રોસેસ, આવી તાલીમથી પોતાના માટે તેમજ વ્યવસાય કરી શકે તેવા યુવાનો માટે બજાર મળી રહે તે તેવા વ્યવસાયની તાલીમ આપવી જોઈએ. આનાથી સ્થાનિક આદિવાસીને રસ પડશે તે જે

કરે છે તેમાં ફક્ત સુધારો જ કરવાનો થશે જેથી ઉત્પાદનમાં વધારો થશે. વધારાની પ્રોડકટ બજારમાં વેચી શકશે તો આવકવૃધ્ધિ પણ મેળવી શકશે માટે એ ક્ષેત્રે પણ વિચારવું રહ્યું.

(૬) અહેવાલમાં તાલીમાર્થીઓ દ્વારા જે ક્ષતિઓ દર્શાવી છે તે પણ દૂર થવી જ જોઈએ. જેમકે અપૂરતા સાધનો, તાલીમ માટેનું અપર્યાપ્ત સાહિત્ય, તાલીમ લીધા પછી વ્યવસાય માટે કરવી પડતી મદદ જેમાં સંપૂર્ણ કીટ, લોન કે સબસીડી માટે અરજી કરી હોય તો તે માટેની જોગવાઈ, સતત મળતું માર્ગદર્શન, નજીકમાં કે ગામમાં જ રોજગારી કરી શકાય તે માટેની યોગ્ય સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તો જ આ તાલીમનો ઉદ્દેશ સરે તેમ છે.

આપણને જે પરિણામ મળ્યું છે તે ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે તપાસમાં સમાવેશ પામેલ કુલ તાલીમાર્થીઓ ૭૮૩માંથી ફક્ત ૧૯૦ તાલીમાર્થીઓ કોઈ રોજગારી મેળવી શક્યા હતા. તે પણ પોતાના વતનથી ૫ કિ.મી. થી ૨૦ કિ.મી. ના અંતરે. આમાંથી ફક્ત ૧૨ તાલીમાર્થીઓ પોતાનો રોજગાર મેળવી શકયા હતા. આનો સ્પષ્ટ અર્થ એ થાય કે આપણી આ રોજગારલક્ષી તાલીમમાં આપણે કેટલું પરિણામ મેળવી શક્યા છીએ. આ બધી બાબતોનો કોઈ ઉકેલ હોય તો તે જ કે તાલીમાર્થી તો રોજગારીની ઈચ્છા રાખે જ છે. ફક્ત તેને સુવિધા મળે તેવી જ તે આશા રાખી રહ્યો હોય છે. તે માટે તાલીમને અનુરૂપ સાધન સામગ્રી તથા આર્થિક મદદની જરૂર જોઈ શકાય છે. જો આટલી વ્યવસ્થા ગોઠવી શકાય તો તેઓ ગામમાં કે નજીકમાં રોજગારી મેળવી શકે.

(૭) અપેક્ષા અને ક્ષમતા અનુસાર તાલીમ ટ્રેડમાં ભરતી થવી જોઈએ. આ માટે તેની શૈક્ષણિક લાયકાત ઉપરાંત રોજગારીની તકો કેવા પ્રકારની રહેશે તે પણ ધ્યાને રાખવું જોઈએ. એક જ ગામના કે ફળિયાના ૧૫ થી ૨૦ તાલીમાર્થીઓને તાલીમ આપવાથી ગામમાં જ એટલા પ્રમાણમાં રોજગારી મળી શકે નહિ. આવનાર સમય અનુરૂપ કેવા ટ્રેડની તાલીમ આપવાથી આદિવાસી યુવક-યુવતિઓ માટે તક રહેશે તે ધ્યાને રાખી કોમ્પ્યુટર કે ટેકનિકલ તાલીમ પણ આપવી જોઈએ. સાથે સાથે એપ્રેન્ટિસ તાલીમની વ્યવસ્થા થઈ શકે તો પણ વધુ ઉપયોગી તાલીમ કહી શકાય. મોટા ઉદ્યોગગૃહો સાથે જોડાણ દ્વારા રોજગાર વાંચ્છુઓને તે જ ઉદ્યોગગૃહમાં તાલીમ મળી રહે અને ત્યાંજ કામ કરવાની તક મળી રહે તો તેના માટે આશીર્વાદ રૂપ બાબત બનશે. આ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ પસંદગી થઈ શકશે તેવી પેટર્ન વિકસાવી શકાય. જેમ રોજગાર કચેરીમાંથી નામ મળે છે તે રીતે જે તે વિસ્તારમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થા પાસેથી પણ નામો મળી રહે જેથી તેવિસ્તારના યુવક-યુવતિઓને રોજગારી મળી રહે.

આદિવાસી યુવક-યુવતીઓની રોજગારીના વિશાળ અને વ્યાપક હિતમાં આ બધા સુઝાવ પર આવશ્યક વિચારણા કરી પગલાં લેવાશે તો તેનું પરિણામ શુભ આવશે એમાં શંકા નથી.

# "જોગી જ્ઞાતિ" તપાસ

– શ્રી ભીખાભાઈ પટેલ

**પ્રસ્તાવના :**

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ, આદિજાતિ વિકાસ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક આવિ/તાસ/૩/૧૦૦૭/૨૦૪૪ તા.૨૬ માર્ચ ૨૦૦૮ દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વસતી જોગી જાતિને આદિવાસી જાતિમાં સમાવેશ કરીને તેના લાભ આપવા બાબતે શ્રી એન.વી. ધ્રુવ પાથરડા કોલોની સે.નં.૪ રૂમ નં.૩-બ-૪૨, ઉકાઈ, તા.કિલ્લા સોનગઢ, જી. તાપી દ્વારા તા.૩૧-૦૧-૦૮ના રોજ મુખ્ય મંત્રીશ્રીને ઉદ્દેશીને "જોગી જ્ઞાતિને અનુસૂચિત જનજાતિમાં સમાવેશ કરવા બાબત" ના પત્રના સંદર્ભની મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગને ઉદ્દેશીને લખેલ પત્ર દ્વારા આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીને આદિજાતિ કલ્યાણ વન અને પર્યાવરણના કાર્યાલય દ્વારા કરેલ રજૂઆતની તપાસની આવશ્યક કાર્યવાહી કરી જાતિની તપાસ અત્રેની કચેરીને સોંપવામાં આવી હતી.

આદિજાતિ વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગર દ્વારા સોંપવામાં આવેલ તપાસની કામગીરી માટે તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ઉકાઈ મુકામે વસવાટ કરતા એન.વી. ધ્રુવની મુલાકાત લઈ સુરત જિલ્લાના બારડોલી, બાજીપુરા, નવસારી જિલ્લાના નવસારી અને ચીખલી તાલુકો, વલસાડ જિલ્લાના પારડી તાલુકાની સાથે વલસાડ તાલુકાના ડુંગરીની મુલાકાત લીધી. સાથે સાથે ભરૂચ જિલ્લાના અંકલેશ્વર અને ઝઘડિયાં તાલુકાની મુલાકાત લઈ તપાસની કામગીરી હાથ ધરીને જુદા જુદા વિસ્તારોમાંથી માહિતી એકત્રિત કરીને અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. પ્રસ્તુત તપાસમાં ક્ષેત્ર તપાસને આધારે જે કોઈ વાસ્તવિકતા જણાઈ આવી છે તેને અહીં સમાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

રાજયમાં આજે જે જૂથો આદિવાસીમાં નથી પણ આદિવાસી તરીકેના લાભો લેવા માટે આકર્ષાવા માંડ્યા છે તેવાં અનેક જૂથોની તપાસ આ કેન્દ્ર દ્વારા કરવામાં આવી છે. જેમાં વિજયનગરના પટેલિયા, સુરત જિલ્લાના ગિહારા, ગોંઢા અને રબારી, તલારો, ખાનપુર વિભાગમાં વસતી કેટલીક જાતિઓના અનેક બિનઆદિવાસી જૂથો પોતાને આદિવાસીઓની સૂચિમાં સમાવવા અનેક જાતના પ્રયત્નો કરે છે. તેવું જ તપાસને આધારે આ 'જોગી' જાતિનું પણ જણાયું છે. જોગી જાતિ એ મૂળ વિચરતી જાતિ છે જેની બક્ષીપંચ જાતિઓમાં સમાવેશ થયેલો જ છે. આર્થિક-સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત એવા 'જોગી' એ આદિવાસી ગણાવવાની માંગણી મૂકી છે. પોતાનું જૂથ વિચરતી જાતિમાં હોઈ તેઓની માગણી તાર્કિક રીતે સમજી શકાય તેવી નથી. આ પ્રક્રિયા સમગ્ર ગુજરાતમાં આદિવાસીઓ સાથે રહેતા અનેક બિન આદિવાસી જૂથો પોતાને લગતી વિગતો-નામોમાં થોડા ઘણા ફેરફાર સાથે "આદિવાસી" કહેવડાવે છે. આ પ્રક્રિયાને સમજી લઈએ તો આવા પ્રશ્નોને ઉકેલવામાં મદદ થશે.

'જોગી' જાતિને અનુસૂચિત જનજાતિ ગણવા બાબતે ઊંડી તપાસ કરી આ અહેવાલ તૈયાર કર્યો છે અને તે દ્વારા જે વાસ્તવિકતા જોઈ શકાય છે તે અહીં રજૂ કરવામાં આવી છે.

હિન્દુ જોગી જાતિ દક્ષિણ ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં આવેલ છે. જોગી જાતિ/પેટા જાતિ, ભૌગોલિક વિસ્તાર પ્રમાણે અલગ હોઈ શકે છે તથા સ્થળ અનુસાર રીતે-રિવાજ, સામાજિક વ્યવહારો અને લોક બોલીમાં તફાવત હોઈ શકે છે. પરંતુ માન.જસ્ટીસશ્રી એ.આર. બક્ષી સાહેબના અધ્યક્ષસ્થાને નિમવામાં આવેલ સામાજિક-શૈક્ષણિક રીતે પછાત વર્ગના પંચના અહેવાલ અનુસાર ગુજરાત સરકારશ્રીના ઠરાવ ક્રમાંક બી.સી.આર./૧૦૬૮/૧૩૭૩૪/દ. તા.૧-૪-૭૮થી બક્ષી જાતિની યાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ તેમાં કોઈ ઉલ્લેખ 'જોગી' નો જોવા મળેલ નથી. પરંતુ બીજી યાદી જયારે પ્રસિધ્ધ કરી ત્યારે તેને ક્રમ નં. ૧૨૯ પર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓની યાદીમાં સમાવિષ્ટ કરેલ જેની સાથે ગુજરાત રાજયમાં વિચરતી જાતિઓની યાદી પ્રસિધ્ધ કરી ત્યારે તેને નં.૨૧ ઉપર 'જોગી' જાતિને સામાજિક રીતે શૈક્ષણિક પછાત વર્ગના ક્રમાંક-૬૦ પર દર્શાવ્યા - પરંતુ ક્રમાંક '૬૦' ઉપર માત્રને માત્ર 'રાવળ-રાવળિયા, જતી અથવા રાવળયોગી અને જાગરીયા'' નો ઉલ્લેખ છે. 'જોગી' જાતિનો ઉલ્લેખ નથી. તેનો માત્ર વિચરતી જાતિની યાદીમાં જ ક્રમ નં.૨૧ ઉપર ઉલ્લેખ છે.

સરકારશ્રીએ અનામત ધોરણના લાભોના ઉલ્લેખમાં જણાવ્યું છે કે ''નોકરી અને શૈક્ષણિક ક્ષેત્રના પ્રવેશના તબક્કે - સમગ્ર વિચરતી-વિમુક્ત જાતિઓને અભ્યાસના ક્ષેત્રે પ્રવેશ માટે શૈક્ષણિક સંસ્થાઓમાં અનુસૂચિત જનજાતિની અનામત જગાઓ પર અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને પ્રવેશ અપાઈ ગયા બાદ અનુસૂચિત જનજાતિના ક્વોટાની ખાલી રહેતી બેઠકો પર વિચરતી જાતિ / વિમુક્ત જાતિના ઉમેદવારોને લાભ આપવામાં આવે છે.'' પરંતુ આ જોગી જાતિને તો માત્ર વિચરતી ટ્રાઈબ NTમાં મુકવામાં આવેલ છે. તો આ અંગે યોગ્ય કાર્યવાહી સરકારશ્રી દ્વારા હાથ ધરાય તો જ આ જાતિના લોકોને ફાયદો થઈ શકે.

**જોગી જાતિની વસતિ ધરાવતા વિસ્તારો :**

જોગી જાતિ ભટકતું જીવન ગુજારતી જાતિ હતી. તેઓ એક સ્થળે સ્થાયી જીવન જીવતા ન હતા. પરંતુ, છેલ્લા છ દાયકાથી તેઓ સ્થાયી થયા છે અને જ્યાં વસવાટ કરે છે ત્યાં મોટેભાગે આદિવાસી- બિન આદિવાસી વસતિની સાથે વસવાટ કરે છે. જોગી જાતિની વસતિ ધરાવતા વિસ્તારઅને ગામોની માહિતી પરથી જોઈ શકાય છે કે હાલ તેઓ સ્થાયી જીવન જીવતા થયા છે. જોગી જાતિની વસતિ મોટે ભાગે સુરત, નવસારી, નર્મદા, ભરૂચ જિલ્લામાં જોવા મળે છે. આ જિલ્લાઓમાં અંદાજિત કુલ ૬૦૦ જેટલા કુટુંબો જુદાજુદા ૬૦ ગામોમાં વસે છે.

પ્રસ્તુત અભ્યાસ માટે ૮ તાલુકાના જુદા જુદા ૧૨ વિસ્તારોની મુલાકાત લઈ માહિતી એકત્રિત કરવામાં આવેલ. જોગી લોકો કોઈ નિશ્ચિત વિસ્તારમાં વસતા નથી. તેઓ મોટાભાગે તાલુકા મથકે અલગ અલગ વિસ્તારોમાં સ્થાયી થયા છે. તેઓ છેલ્લા છ-સાત દાયકાથી અભ્યાસ હેઠળ આવરી લીધેલ ગામોમાં વસવાટ કરે છે. તેમના ઘર કાચાં, નાનાં અને ગામઠાણની એક બાજુએ જૂથમાં જોવા મળે છે. ખૂબ જ ઓછી ઘરવખરી ધરાવતાં એ કુટુંબો છે. શૈક્ષણિક સ્થિતિ ખૂબજ દયનીય છે. પહેરવેશની દ્રષ્ટિએ જોઈએ તો જુવાનિયા લેંઘો, ખમીશ, પેન્ટ, બુશર્ટ, મોટા લેંઘા-ખમીશ અને માથે ટોપી પહેરે છે. સ્ત્રીઓ સાડી-ચણીયો અને બાળાઓ ડ્રેસ પહેરે છે.

જોગી જાતિ પિતૃસત્તાક કુટુંબ, પિતૃવંશીય, પિતૃસ્થાનિય કુટુંબ વ્યવસ્થા ધરાવે છે. અનેક ગોત્ર પણ જોવા મળ્યા છે, જે ૩૦ જેટલાં થાય છે.

પોતાના વાસમાં અને વસતિ ધરાવતી ગલીઓની આજુબાજુ વસતી આદિવાસી ધોડિયા, ચૌધરી, ગામિત જાતિ તેમજ હળપતિ સાથે પણ સહવિસ્તારની દ્રષ્ટિએ સંબંધ ધરાવે છે. જોગી જાતિ માત્ર ભિક્ષાવૃત્તિ અને અન્ય કેટલાક છૂટક વ્યવસાય સાથે સંકળાયેલી હોવાથી અનેક રીતે એક બીજાને ઉપયોગી થાય છે.

**સામાજિક રીતરિવાજો :**

'જોગી' જાતિના સામાજિક રીતરિવાજોમાં હિન્દુ વિધિનું મહત્વ વધારે છે. કેટલાક આદિવાસી કુટુંબો સાથે રહેતા હોવાથી કેટલીક બાબતોમાં તેની સંસ્કૃતિની અસર વર્તાય છે. લગ્નની વિધિ બ્રાહ્મણ પાસે જોવડાવે છે અને કરાવે છે. આપવા-લેવાના વહેવાર પોતાની આર્થિક સ્થિતિ મુજબ નક્કી કરેલ છે. સ્વગોત્ર સિવાય ગમે તે ગોત્રમાં લગ્નગ્રંથીથી જોડાય છે.

લગ્નમાં છોકરાની જાન જાય છે. હિન્દુ વિધિ પ્રમાણે લગ્નો થાય છે. પહેલાં જયારે ધંધાર્થે બહાર જાય ત્યારે જ લગ્ન અંગેની વાત જે-તે પડાવ પર નક્કી કરતા અને મુકામ પર જ લગ્નવિધિ પૂર્ણ કરતા પહેલાં નાનપણમાં જ લગ્ન કરાવી લેતા હવે તેમાં સુધારો જોવા મળ્યો છે. હાલ પુખ્ત ઊંમર થતાં છોકરા-છોકરીનાં લગ્ન થાય છે. લગ્નમાં છોકરીને સ્થિતિ પ્રમાણે સાડી-ચણિયા અને ચોળી-ચપ્પલ આપે છે. દહેજપ્રથા નથી.

લગ્નમાં સારું જમણ-દાળ, ભાત, શાક અને એક મીઠાઈ રાખે છે. જે અલબત્ત આર્થિક સ્થિતિ પર અવલંબે છે. વિધવા લગ્નનો મુખ્ય આધાર છોકરી પર જ છે. ખાસ કેસમાં છોકરી ઈચ્છે તો પુનઃલગ્ન કરી શકે છે.

**આર્થિક જીવન :**

'જોગી' જાતિનો મુખ્ય વ્યવસાય શરૂઆતમાં ઘંટી વેચવવાનો હતો. તેઓ ગધેડા પર ઘંટી નાખી એક ગામથી બીજે ગામ વેચવા જતા. તેમનો કોઈ સ્થાયી વસવાટ ન હતો. તેઓ એક વિચરતી જાતિ તરીકે જ જીવન ગુજારનાર જાતિ હતી અને છે. આજે છેલ્લા પાંચ-છ દાયકાઓથી રહેઠાણની રીતે સ્થાયી થયા છે પરંતુ ધંધા રોજગાર માટે ચાર-છ-આઠ દિવસ બહાર જાય અને પરત આવે એ રીતે અર્થવ્યવસ્થા ગોઠવાયેલી જોવા મળે છે. જોગી જાતિના મુખ્ય વ્યવસાયમાં આજે બદલાવ જોવા મળેલ છે. જોગી કુટુંબો નાગ/સાપ લઈને ભીક્ષા માગવા જાય છે. મજૂરી નહિવત કરે છે. તેઓમાં મુખ્ય દારૂ વેચવો, ભીખ માગવી, સાપ પકડવા, સાપ બતાવીને આવક મેળવવી, સારંગી વાદન કરી કરીને ભજન-કિર્તન સાથે ભિક્ષાવૃત્તિ, છૂટક મજૂરી, કટલરીના ધંધામાં બહેનો જાય,ખલ/ઘંટી વેચવી, પ્રાયમસ રિપેરીંગ, ગેસ સગડી રિપેરીંગ કરે છે. પહેલાં કેટલાંક કુટુંબો લગ્ન પ્રસંગોએ એઠું-જૂઠું ઉઘરાવીને જીવન ગુજારતા. આજે આ જોગી કુટુંબો નાના-નાના ઉદ્યોગ ધંધામાં મજૂરી કરે છે. કેટલાક જુવાનિયા ડ્રાઈવીંગ પણ કરે છે. કેટલાક ખેતીમાં છૂટક મજૂરીએ પણ જાય છે. જોગી છોકરા-છોકરીઓ ઝરી-ભરતકામ પણ કરતા; પરંતુ કમ્પ્યુટર સીસ્ટમ આવવાથી આ કામગીરી બંધ થઈ છે. કેટલાક જુવાનીયા વેલ્ડીંગ કામમાં તો કેટલાક બેન્ડવાજા કંપનીમાં નાચ-ગાન અને વાજીંત્રો વગાડવા પણ જાય છે.

સાપ પકડીને જીવન ગુજારનાર કુટુંબોને હવે કેટલીક મુશ્કેલીઓ પણ પડવા લાગી છે. કેમકે સાપ પકડવા પર પ્રતિબંધ આવતાં અને જીવદયાવાળા હવે પ્રાણી, જીવજંતુ પકડવામાં આડખીલીરૂપ બને છે, એટલે સાપ પકડી કુટુંબનું ભરણપોષણ કરનાર કુટુંબોને ઘણુ સહન કરવું પડે છે. જો કે જીવદયાની રીતે આ વલણ સારું છે; અને

જોગી લોકો વૈકલ્પિક વ્યવસાય પસંદ કરી શકે છે. આમેય હવે સાપ બતાવવાનો વ્યવસાય પૂરતી આવક આપી શકતો નથી. આજે કેટલાક યુવક-યુવતીઓ ગેસ-કૂકર રીપેરીંગ, સાયકલ રીપેરીંગ, રીક્ષા ચલાવવી (ચોથાઈ પર), બહેનો મચ્છી વેચવા જાય, હીરાઘસુ, તરીકે તથા એમ્બ્રોયડરી વર્ક કરી અર્થોપાર્જન કરે છે. જો કે સ્થાનિક અને આજુબાજુ વસવાટ કરતા આદિવાસી કુટુંબો કરતાં તેમની આર્થિક પરિસ્થિતિ દયનીય છે. ઉપરોક્ત હકીકતો જોગી જાતિની વસતિ ધરાવતા વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લઈ મેળવવામાં આવેલી માહિતીના આધારે રજૂ કરેલ છે.

**તારણો :**

★ ''જોગી'' જાતિના વિચરતી જ્ઞાતિમાં સમાવેશ થયેલો છે. જ્ઞાતિ છેલ્લા ચાર દાયકા પછી આજે કેટલાક ગામોમાં સ્થાયી થયેલ છે. ''જોગી'' જાતિ નાનાં કાચાં ઝૂંપડાં બાંધી રહેતા. ઘંટી ટાંકવાના/વેચવાના તથા ભીખ માંગવાના કામ અર્થે જતા. કુટુંબના સભ્યો વર્ષોથી રાજ્યના ગામડે-ગામડે ઝૂંપડાઓ બાંધી આદિવાસીઓની સાથે રહ્યા છે. ગ્રામપંચાયતોમાં તેમના ઝૂંપડાં/ઘરોની નોંધ છે.

★ ''જોગી'' એક જાતનો ભિક્ષુક છે. તે સારંગી લઈ ભર્તૃહરિનાં ગીત ગાય છે અને ભીખ માગે છે તેની સાથે ''નાગ'' પણ કરંડિયામાં રાખી લોકોને સાપના દર્શન કરાવી પેટિયું રળી લે છે. 'જોગી' માટે એવું કહેવાય છે કે તે બેલગામ અને ધારવાડ તરફ રહેતા અને કાળા પથ્થરનાં વાસણો બનાવનાર તરીકે પણ ઓળખાય છે. પેઢીઓથી એક જગ્યાથી બીજી જગ્યાએ જઈ ભિક્ષાવૃત્તિ કરે છે. કહેવાય છે કે ''જોગીની ખેતીમાં તુંમડાની વેલી'' એટલે કે જેની જેવી યોગ્યતા તેવું તે કરે. આ જાતિમાં માત્ર ધ્રુવ અટક ધરાવતી જાતિમાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ જોવા મળ્યું છે.

★ જોગી જ્ઞાતિની સામાજિક-આર્થિક અને કેટલીક ઐતિહાસિક બાબતો પર દષ્ટિપાત કરીએ તો સમગ્ર જ્ઞાતિ અંગેનો ખ્યાલ આવે છે કે આ જૂથ વિચરતી જાતિમાંનું એક અલગ જૂથ છે. આ જૂથ હિન્દુ સમાજવ્યવસ્થાનો એક ભાગ પણ છે. સામાજિક રીતે જ્ઞાતિ વ્યવસ્થાના સ્તરીકરણમાં પોતાનું આગવું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ચોક્કસ સામાજિક-શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત જૂથ છે. જેને બક્ષી કમિશને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિઓમાં મૂકેલ છે. પરંતુ તેને આદિવાસીઓમાં જેમ પાંચ અતિ પછાત જાતિ છે તેમ અન્ય પછાત વર્ગોમાં આ જાતિને અતિ પછાત ગણી વિશેષ લાભ આપી શકાય; પરંતુ કોઈપણ દષ્ટિકોણથી તેમને 'આદિવાસી' ગણી શકાય નહિ.

★ સમગ્ર ગુજરાતમાંથી આ જ્ઞાતિનો વસવાટ મુખ્યત્વે દક્ષિણ ગુજરાતના મોટાભાગના ગામોમાં ઓછાવત્તા પ્રમાણમાં જોવા મળ્યો છે. તેઓનો મુખ્ય ધંધો ભિક્ષાવૃત્તિનો છે. તાલુકા મથકે મુખ્યત્વે વસવાટ ધરાવે છે અને સમગ્ર ''જોગી'' જ્ઞાતિ એકજ પ્રકારનું કામ કરતી આવી છે. જેમાં ભીખ, પૂજા, ઘંટી ટાંકવી વગેરે. તેમનો અલગ વસવાટ પણ છે, જયારે આદિવાસીઓમાં નિશ્ચિત ભૌગોલિક સીમા જોવા મળે છે અને જે બધા જ પ્રકારના કામો કરી લે છે. જયારે ''જોગી'' જાતિમાં અમુક ચોક્કસ પ્રકારના કામો જ જોવા મળે છે..

★ ''જોગી'' જ્ઞાતિ હિન્દુ ધર્મમાં માનનારી જાતિ છે. જયારે આદિવાસીઓ પોતાના આગવા દેવી-દેવતાઓને પૂજે છે.

★ ''જોગી'' જાતિનું સમગ્ર સાંસ્કૃતિક જીવન જોતાં પ્રથમ નજરે સ્પષ્ટ તરી આવે છે કે શુધ્ધ સમાજ-માનવશાસ્તરીય રીતે ''આદિવાસી લક્ષણો દેખાતાં નથી. પણ હિન્દુ સમાજવ્યવસ્થાના એક ભાગ તરીકે નિશ્ચિત જ્ઞાતિમાં તેનું સ્થાન છે.'' 'જોગી'ઓની સ્થિતિ ચોક્કસ દયનીય છે જ. પરંતુ આ જાતિના કુટુંબો અન્ય આદિવાસી જાતિ સાથે વસવાટ કરતાં હોય તો તે આદિવાસી છે તેવું તાર્કિક કારણ તારવી શકાય નહિ. તેમની સાથે રહેવાથી તેના સામાજિક આર્થિક વ્યવહારોમાં જોડાણ હોઈ શકે પરંતુ આદિવાસી બની જતા નથી. સ્થાનિક રીતે જે લોકો રીતરિવાજ પાળતા હોય તે પ્રમાણે તેઓ પણ કરવા લાગ્યા હશે.

★ 'જોગી' જાતિ જેવા નાના નાના જૂથો આદિવાસી વસતિ ધરાવતા વિસ્તારોમાં વસતા હોવાથી આદિવાસી જેવા લાગવું અને આદિવાસી હોવું તેમાં ઘણો તફાવત છે, કારણ કે વિસ્તારને લીધે સમાજ ભૌગોલિક કે પ્રાદેશિક સંસ્કૃતિ ધરાવતા હોય છે પણ ઊંડાણથી તપાસતાં દરેક જાતિની પોતાની આગવી પ્રતિભા અને તેની મૂળ સંસ્કૃતિ પણ દેખાઈ આવે છે. એટલે આ જૂથને વિચરતી જાતિમાંથી આદિવાસી ગણાવવા માટે કોઈ ચોક્કસ સબળ પાસું દ્રષ્ટિપાત થતું નથી. તેમની વંશાવલી અને કેટલાક દાખલાઓમાં પણ આદિવાસી તરીકેનો ઉલ્લેખ જોવા મળતો નથી. રાણેપંચે તેમની જાતિનો પછાત વર્ગમાં સમાવેશ કર્યો હશે. પાછળથી તેમને અલગ બક્ષીની ૧૬ જાતિમાં મૂકી થોડા વધારે પછાત જરૂર ગણ્યા છે. આ જાતિને આગળ લાવવા માટે જાતિના કેટલાક આગેવાનોની દલીલ એવી છે કે આઝાદી પછી અમારી જાતિને જે રીતે સુવિધાઓ પ્રાપ્ત થવી જોઈતી હતી તે પ્રાપ્ત થઈ શકી નથી. અમારી અવગણના જ થઈ છે. માટે વિચરતી જાતિને બદલે બક્ષીમાં ગણાવા માગણી કરેલ. તે જાતિને બક્ષીમાં જ્યારે મૂકવામાં આવી ત્યારે આ જાતિને કોઈ વિશેષ લાભ ન મળતાં તેમણે કાંતો મૂળ વિચરતી જાતિ તરીકે અથવા તો આદિવાસી તરીકે ગણાવવાની ખેવના રાખી છે. તો અહીં એટલું જરૂર કહી શકાય કે તેમને શૈક્ષણિક રીતે વધુ રાહતો અને લાભ મળે તેવા પ્રયત્નો કરવા ઘટે.

★ આદિવાસીઓની સંસ્કૃતિ સાથે જે મૂળ બાબત જોડાયેલી છે તે રહેઠાણ વ્યવસ્થાની દ્રષ્ટિએ જોઈએ તો ગુજરાતભરના આદિવાસીઓ ગમે તે વિસ્તારમાં રહેતા હોય તો પણ તેમનાં ઘરો છૂટાછવાયાં હોય છે. તેમાંય પણ ઉત્તર ગુજરાતનાં વિસ્તારોમાં તો ઘરો-ઘરો વચ્ચે ખૂબજ અંતર હોય છે. જયારે 'જોગી' જાતિના લોકો તેમના વિસ્તારોમાં જૂથમાં લગોલગના ઘરોમાં વસવાટ કરે છે.

# "આદિવાસી લોકોમાં સ્થળાંતર અને કૌશલ્ય વૃધ્ધિ મોજણી : ૨૦૦૮-૨૦૦૯

શ્રી ભીખાભાઈ સો. પટેલ
ડૉ. રવીન્દ્રભાઈ પંચોલી

**પ્રસ્તાવના :**

આદિવાસી વિસ્તારોની ભૌગોલિક પરિસ્થિતિને આધારે ત્યાં સ્થાયી અને સ્થાનિક રોજગારી મેળવવી મુશ્કેલ છે. ગુજરાતનો આદિવાસી વિસ્તાર રાજ્યની પૂર્વપટ્ટીમાં આવેલો છે, જે વિસ્તાર મોટેભાગે પર્વતીય અથવા ડુંગરાળ છે જેના કારણે ત્યાં સિંચાઈની વ્યવસ્થાનો અભાવ જોવા મળે છે. માત્ર ચોમાસા દરમ્યાનની ખેતી અને શિયાળા, ઉનાળા દરમ્યાન લોકો મજૂરી પર જીવનનિર્વાહ કરતા જોવા મળે છે. આ વિસ્તારમાં સ્થાયી મજૂરી મળતી ન હોવાને કારણે લોકો સ્થળાંતર કરી મજૂરી મેળવતા જોવા મળે છે.

એ સાબિત થયેલ સત્ય છે કે સ્થળાંતરથી માનવીનો વિકાસ થાય છે, પરંતુ આદિવાસી વિસ્તારોમાંથી થતા સ્થળાંતરિત લોકોને વિકાસ કરતાં મુશ્કેલીઓ વધુ જોવા મળે છે. ગુજરાત સરકાર દ્વારા સ્થળાંતરની સમસ્યા સામે ઝઝુમવા રણનીતિ ગોઠવવા રાજ્યમાં આવેલી જુદી જુદી કંપનીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે થયેલા સંવાદોમાં આ કંપનીઓએ આદિવાસી યુવકોને પોતાની કંપનીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ (આઈ.ટી.સી., ગોદરેજ, મોનેસ્ટો, હિમાલયા ઈન્ટરનેશનલ, મારૂતિ ઉદ્યોગ, રસના, વાડીલાલ વગેરે)માં અગ્રતાક્રમ આપવાનું જણાવ્યું છે - સ્વીકાર્યું છે.

આદિજાતિ વિસ્તારોમાં રોજગારી વધારવા અને સ્થળાંતરને વિકાસનું વાહક બનાવવાના પ્રયત્ન રૂપે જુદા-જુદા કૌશલ્યવર્ધક ઉચ્ચ ગુણવત્તાયુક્ત તાલીમવર્ગો ચલાવવા અને આદિવાસી યુવક/યુવતીઓને તાલીમ આપી ઉચ્ચ કૌશલ્ય ધરાવતા કર્મચારી (High Skill Employee) બનાવવા જરૂરી છે. આથી સરકાર દ્વારા આવા ઉચ્ચ ગુણવત્તાયુક્ત તાલીમ લેવા ઈચ્છા ધરાવતા યુવક/યુવતીઓનો માહિતી-આધાર બનાવવામાં આવે તેવું નક્કી કર્યું. જેના કારણે આવી કંપનીઓને ઝડપથી અને તેમની જરૂરિયાત પ્રમાણે માનવશ્રમ ઉપલબ્ધ થઈ શકે.

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા મુખ્યમંત્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ 'વનબંધુ કલ્યાણ યોજના' અંતર્ગત રોજગારલક્ષી કાર્યક્રમોના અમલીકરણ માટે તાલીમી કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. રાજ્યના ૧૨ જીલ્લાના ૪૩ આદિવાસી વિસ્તારના તાલુકાનાં તમામ ગામો અને તેના ફળિયાને આવરી લઈ આદિવાસી યુવક/યુવતીઓના શિક્ષણ, વ્યવસાય, સ્થળાંતર, તાલીમ અને કૌશલ્ય સંદર્ભે માહિતી એકત્ર કરવા "આદિવાસી લોકોમાં સ્થળાંતર અને કૌશલ્ય વૃધ્ધિ મોજણી ૨૦૦૮-૦૯"નું આયોજન કરવામાં આવ્યું હતું.

**તાલીમ :**

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા જિલ્લા કો-ઓર્ડિનેટર અને તાલુકા કો-ઓર્ડિનેટરને ૩ દિવસ સઘન તાલીમ આપવામાં આવેલ છે. સુપરવાઈઝરો માટેની પ્રત્યક્ષ તાલીમ જિલ્લા મથક પર એક દિવસ આપવામાં આવેલ.

મોજણીકારો માટે સેટકોમ દ્વારા તારીખ ૧૧,૧૬ અને ૨૧ જુલાઈ ૨૦૦૮ના રોજ તાલુકા સ્થળ પર તાલીમ આપવામાં આવેલ છે. ઉપરાંત તાલુકા સ્થળે અને જે-તે તાલુકા કો.ઓર્ડિનેટર દ્વારા પણ મોજણીકારોને તાલીમ આપવામાં આવેલ છે.

**સર્વેનું માળખું :**

રાજ્યસ્તરે 'ડી-સેગ' તથા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા સુનિયંત્રણ કરેલ. જિલ્લા સ્તરે જિલ્લાવાર ૧૨ જિલ્લા કો.ઓર્ડિનેટરોએ કામગીરી કરેલ. તાલુકા સ્તરે ૪૩ તાલુકા કો.ઓર્ડિનેટરોએ કામગીરી કરેલ તથા ગામ સ્તરે ૧૮૧ સુપરવાઈઝરોએ આ મોજણીની કામગીરીની દેખરેખ રાખેલ હતી. મોજણીની કામગીરી ૧૪૨૫ ગ્રામમિત્રો તથા આશ્રમશાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવી હતી.

**સર્વેમાં આવરી લીધેલ વિગતો :**

યુવક/યુવતીનું નામ - સરનામું - ઉંમર

શૈક્ષણિક લાયકાત

હાલનો વ્યવસાય

સ્થળાંતર સંબંધિત માહિતી

તાલીમ ક્ષેત્ર અને તાલીમ મેળવવાની ધગશ

કમ્પ્યુટર ક્ષેત્રની જાણકારી

અગાઉ તાલીમ લીધી હોય તો તેની માહિતી

યુવક/યુવતીની મહત્ત્વકાંક્ષા

અભ્યાસમાં આવરેલ ૧૨ જિલ્લામાંથી કુલ ૩,૬૯,૩૬૩ યુવક-યુવતિઓને મોજણીમાં આવરી લીધેલ છે.

★ મોજણીમાં આવરી લીધેલ આદિવાસી યુવક-યુવતીઓની જિલ્લાવાર સંખ્યા **પરિશિષ્ટ-૧** માં આપવામાં આવેલ છે.

★ મોજણીમાં આવરી લીધેલ આદિવાસી યુવક-યુવતીઓની તાલુકાવાર સંખ્યા **પરિશિષ્ટ-૨** માં આપવામાં આવેલી છે.

★ મોજણીમાં આવરી લીધેલ આદિવાસી યુવક-યુવતીઓએ જુદા-જુદા પ્રકારની તાલીમ લેવાની ઈચ્છા દર્શાવી છે. જેની વિગત **પરિશિષ્ટ-૩** માં આપવામાં આવેલ છે.

★ મોજણી માટે રૂ.૪૮,૧૪,૦૨૨ નો ખર્ચ થયેલ છે. જેની વિગત **પરિશિષ્ટ-૪** માં આપવામાં આવેલ છે.

## કોષ્ટકીકરણ અને પૃથ્થકરણ :

### ૧. કુટુંબનો પ્રકાર :

ગુજરાતમાં કુલ વસતિની સામે અનુસૂચિત જનજાતિની વસતિ ૧૪.૭૬ ટકા છે. અનુસૂચિત જનજાતિની વસતિ અન્ય સમાજ કરતાં વધુ ગરીબી રેખા નીચે જીવન વ્યતિત કરતી જોવા મળે છે. ગુજરાતમાં આદિવાસી વસતિ મુખ્યત્વે રાજ્યની પૂર્વપટ્ટીમાં વસવાટ કરતી જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસમાં કેટલા કુટુંબો BPL છે, કેટલા કુટુંબો APL છે તેની માહિતી મેળવવામાં આવી હતી. જે કોષ્ટક-૧ પરથી જોઈ શકાય છે.

અભ્યાસમાં જોવા મળ્યું છે કે કુલ ૩,૬૯,૩૬૩ યુવક-યુવતિઓને મોજણીમાં આવરી લીધેલ હતા. જેમાંથી ૨,૭૪,૨૬૪ યુવક-યુવતિઓના કુટુંબો ગરીબીરેખા નીચે જીવન વ્યતિત કરતા હતા. જ્યારે ૯૫,૦૯૯ યુવક-યુવતિઓના કુટુંબો APL કુટુંબમાં આવતા હતા. આ પરથી કહી શકાય કે મોટાભાગના કુટુંબો BPL કુટુંબો જોવા મળ્યા હતા. આમ, આ કુટુંબોને ગરીબી રેખાથી ઉપર લાવવા માટે સરકાર દ્વારા પ્રયત્નો કરવા જોઈએ.

### આદિમ-જાતિ જૂથ : (PTG)

ભારતમાં ૧,૦૨,૮૬,૧૦,૩૨૮ની વસતિ જોવા મળે છે. (વર્ષ ૨૦૦૧ની વસતિ-ગણતરી મુજબ) જેમાંથી ૮,૪૩,૨૬,૨૪૦ અનુસૂચિત જનજાતિની વસતિ છે. જે કુલ વસતિના ૮.૨% છે. આ અનુસૂચિત જનજાતિમાં પણ કેટલીક જાતિઓ ખૂબજ પછાત જોવા મળી હતી. આવી જાતિઓનો ભારત સરકાર દ્વારા અતિપછાત જૂથોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ જાતિઓને આદિમજૂથમાં મૂકવા માટે મુખ્ય ત્રણ ધોરણો નક્કી કરવામાં આવ્યાં હતાં; જેમાં,

(૧) શિક્ષણનું ઓછામાં ઓછું પ્રમાણ

(૨) સ્થગિત અથવા ઘટતી વસતિ અને

(૩) આર્થિક પછાતતા જેવા ધોરણોને ધ્યાનમાં રાખીને હાલમાં ભારતની જુદી જુદી આદિવાસી જાતિઓમાંથી ૭૫ આદિવાસી જાતિઓને આદિમજૂથ જાતિઓમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યમાં આવી આદિમજૂથની પાંચ જાતિઓ વસવાટ કરે છે. રાજ્યમાં આદિમજૂથના કુલ ૨૩,૪૭૯ કુટુંબો છે. જે રાજ્યના ૧૫ જિલ્લા, ૫૯ તાલુકા અને ૬૯૭ ગામોમાં વસવાટ કરે છે. અભ્યાસ ક્ષેત્રના ૧૨ જિલ્લામાંથી કેટલા કુટુંબો આદિમજૂથ જાતિના છે તેની માહિતી મેળવતાં જે પરિસ્થિતિ જોવા મળી હતી, કોષ્ટક-૨માં દર્શાવેલ છે.

પ્રસ્તુત અભ્યાસમાં આદિમજૂથની વસતિ ૮ જિલ્લામાં વસવાટ કરતી જોવા મળી છે. જેમાં કુલ યુવક-યુવતિઓમાં ૧૫૮૭ આદિમજૂથ યુવક-યુવતિઓને મોજણીમાં આવરી લીધેલ છે. જેમાં સાબરકાંઠામાં ૫૧, નર્મદામાં ૧૬૫, ભરૂચમાં ૧૮, સુરતમાં ૪૫૦, તાપીમાં ૬૫૬ અને વલસાડમાં ૭૮ આદિમજૂથ યુવક-યુવતિઓને મોજણીમાં આવરી લીધેલ છે.

**ઉંચાઈ :**

સરકારના જુદા જુદા વિભાગો તેમજ ખાનગી કંપનીઓમાં પણ શારીરિક યોગ્યતાને એક લાયકાત તરીકે ગણવામાં આવે છે. અભ્યાસ સાથે નિશ્ચિત શારીરિક યોગ્યતા પણ હોવી જરૂરી છે. જેમ કે સિક્યુરીટી, પોલીસ, આર્મી વગેરેમાં ઉંચાઈ, વજન, છાતી વગેરેની યોગ્યતાની જરૂરિયાત રહે છે. આથી અભ્યાસ દરમિયાન યુવક-યુવતિઓની ઉંચાઈ વિષેની માહિતી લેવામાં આવી હતી. જે કોષ્ટક-૩ પરથી જોઈ શકાય છે.

**જાતિ :**

જાતિ અથવા લિંગ એ વ્યક્તિની વ્યક્તિગત તથા સામાજિક પાર્શ્વભૂમિકા દર્શાવતું એક અગત્યનું પરિબળ છે. જાતિ દરજ્જો એ વ્યક્તિના સામાજિક વલણો, તેની કાર્યભૂમિકાઓ વગેરે નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રસ્તુત અભ્યાસમાં કેટલા યુવક છે અને કેટલી યુવતિઓની મોજણી કરવામાં આવ્યો છે તેની માહિતી કોષ્ટક-૪ પરથી જોઈ શકાય છે.

**વૈવાહિક દરજ્જો :**

વૈવાહિક દરજ્જો એ પ્રાપ્ત દરજ્જો છે. આ દરજ્જાની વ્યક્તિના સામાજિક-આર્થિક જીવન પર કેટલીક અસરો પડતી હોય છે. કારણ કે વૈવાહિક દરજ્જા પ્રાપ્તિ સાથે કેટલીક ફરજોનો સ્વીકાર કરવો પડે છે. આદિવાસી વિસ્તારમાં અન્ય સમાજ કરતા વિશિષ્ટતા જોવા મળે છે. આદિવાસી વિસ્તારમાં બે પત્ની પ્રથા પણ જોવા મળે છે. અભ્યાસમાં પસંદ કરેલા યુવક-યુવતિઓની ઉંમર ૧૫ થી ૩૨ વર્ષ સુધી છે. જિલ્લા પ્રમાણે યુવક-યુવતિઓના વૈવાહિક દરજ્જાની વિગત કોષ્ટક-૫માં દર્શાવિલ છે.

**શિક્ષણ :**

સમાજ વ્યવસ્થાની મુખ્ય ૫ વ્યવસ્થાઓમાં શિક્ષણ સંસ્થા એ પાયાની અને મહત્ત્વની સંસ્થા છે. સાંપ્રત સમયમાં આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રે નિર્ણયો લેવામાં શિક્ષણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આદિવાસી સમાજમાં સંસ્કૃતિ, રીતરિવાજ, રૂઢિ, અંધશ્રધ્ધા વગેરેમાં શિક્ષણના કારણે ઘણાં પરિવર્તન આવેલા છે. શિક્ષણ એ સામાજિક અને આર્થિક વિકાસ તથા પરિવર્તન માટે મહત્ત્વનું પરિબળ છે.

ભારતમાં કુલ સાક્ષરતા દર ૬૪.૮ ટકા છે. તેની સામે અનુસૂચિત જનજાતિમાં સાક્ષરતા દર ૪૭.૧ ટકા છે. ગુજરાતમાં સાક્ષરતા દર ૬૯.૧૪ ટકા છે, તેની સામે અનુસૂચિત જનજાતિમાં ૪૭.૭ ટકા છે.

પ્રસ્તુત અભ્યાસમાં આદિવાસી યુવક-યુવતિઓમાં સાક્ષરતાનું પ્રમાણ કેટલું છે તેની માહિતી મેળવવામાં આવી હતી. જે માહિતી કોષ્ટકમાં જોઈ શકાય છે.

**બેરોજગારી :**

રાજ્યમાં આદિવાસી વિસ્તાર મુખ્યત્વે રાજ્યની પૂર્વપટ્ટીમાં આવેલો છે. આ વિસ્તાર મુખ્યત્વે જંગલ આચ્છાદિક ખાડા-ટેકરાવાળો, પર્વતીય તેમજ ડુંગરાળ પ્રદેશ હોવાને કારણે ત્યાં કોઈ મોટા ધંધા કે રોજગારનો વિકાસ થયો નથી. ઉપરાંત આદિવાસી યુવક-યુવતિઓ પાસે કોઈ ખાસ પ્રકારના હુન્નર કે આવડત જોવા

મળતી નથી. આથી આદિવાસી વિસ્તારના યુવક-યુવતિઓ સામાન્ય રીતે ખેતરમાં કે છૂટક મજૂરીમાં કામ કરતા જોવા મળે છે.

જ્યારે ખેતીની સીઝન ન હોય અથવા શિયાળા-ઉનાળા દરમિયાન ખેતી માટે સિંચાઈની વ્યવસ્થા પૂરતી ન હોવાના કારણે ખેતી થઈ શકતી નથી. આથી આ સમય દરમિયાન બેકારી વધુ પ્રમાણમાં જોવા મળે છે. અભ્યાસક્ષેત્રના યુવક-યુવતિઓની રોજગારી વિષેની માહિતી મેળવવામાં આવી હતી. જે નીચેના કોષ્ટક પરથી જોઈ શકાય છે.

**સ્થળાંતર આવક :**

કોઈપણ વ્યક્તિને જો સ્થાનિક રોજગારી ન મળે તો તે વ્યક્તિ સ્થળાંતર કરતો જોવા મળે છે. વ્યક્તિ અમુક સમયે સ્થળાંતર કરતો હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં પણ યુવક/યુવતિઓ સ્થળાંતર કરે છે; જેની આવક કુટુંબના આર્થિક જીવન અને જીવનસ્તરને અસર કરતું પરિબળ છે. આથી સ્થળાંતરની આવક પણ તેટલી જ મહત્ત્વની છે. આ અભ્યાસમાં આદિવાસી યુવક-યુવતિઓ સ્થળાંતર દરમ્યાન કેટલી આવક ધરાવે છે તે દર્શાવવામાં આવેલ છે. જે કોષ્ટક પરથી જોઈ શકાય છે.

**અપંગતા :**

આપણા દેશમાં અને રાજ્યમાં સ્વતંત્રતા પછી લોકોના સ્વાસ્થ્ય અને આરોગ્ય માટે દિનપ્રતિદિન વધુ ધ્યાન અપાતું જાય છે. આ માટેની જરૂરી સગવડો અને સુવિધા જિલ્લા અને તાલુકા સ્થળે વધુ પ્રમાણમાં કેન્દ્રિત થતી જાય છે. સરકાર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પણ ઘણી સહાય આપે છે: તેઓને શિષ્યવૃત્તિ કે દવાના ખર્ચથી લઈને મફત મુસાફરી સુધીના લાભો આપવામાં આવે છે. સરકાર એવા પણ પ્રયત્નો કરે છે કે બાળ લકવાને જડમૂળથી નાબૂદ કરી શકાય. આ માટે સમયાંતરે પોલિયોની રસીઓ દરેક બાળકને આપવામાં આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ખોડખાંપણ ધરાવતી વિકલાંગ વ્યક્તિઓ કેટલી છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. તેની વિગત કકોષ્ટકમાં આપવામાં આવેલી છે.

**આવક :**

આવક એ કુટુંબના આર્થિક જીવન અને જીવનસ્તરને અસર કરતું મહત્ત્વનું પરિબળ છે. દરેક કુટુંબ ઊંચી આવક પ્રાપ્તિ માટે પ્રયત્નો કરે છે. અભ્યાસમાં આવરેલ યુવક-યુવતિઓની આવક મર્યાદિત સાધનો ધરાવતા વ્યવસાય પર આધાર રાખવાને બદલે જુદા જુદા વ્યવસાય જેવા કે, ખેતી, પશુપાલન, ખેતમજૂરી, માછીમારી, ઓટોમોબાઈલ, બાંધકામ, નોકરી, કમ્પ્યુટર ક્ષેત્રે કામ, છૂટક મજૂરી, ગારમેન્ટ વ્યવસાય, સિક્યુરીટી, આરોગ્ય, ઈલેક્ટ્રીક કામ, બ્યુટીપાર્લર, વાંસકામ, ડ્રાઈવીંગ વગેરે જેવા અનેક વ્યવસાયો પર આધાર રાખે છે. અભ્યાસમાં આવરેલ યુવક-યુવતિઓની આવક કેટલી છે તે અલગ કોષ્ટકમાં જોવા મળે છે.

**સ્થળાંતરનો સમય :**

આદિવાસી વિસ્તારમાં સ્થાયી મજૂરી મળતી ન હોવાને કારણે લોકો સ્થળાંતર કરી મજૂરી મેળવે છે. પ્રસ્તુત અભ્યાસમાં યુવક-યુવતિઓ મજૂરી માટે કેટલો સમય સ્થળાંતર કરે છે તેની માહિતી મેળવવામાં આવી હતી. જે નીચે કોષ્ટક પર દર્શાવી છે.

**તાલીમનો ખર્ચ :**

સરકાર દ્વારા તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જુદા-જુદા પ્રકારની તાલીમ આપવામાં આવે છે. કેટલીક તાલીમમાં તાલીમ લેનારને પૂરેપૂરો ખર્ચ આપવાનો હોય છે, જ્યારે અમુક તાલીમમાં તાલીમનો કેટલોક ખર્ચ સરકાર અથવા સ્વૈચ્છિક સંસ્થા ભોગવે છે. અભ્યાસ દરમિયાન આદિવાસી યુવક-યુવતિ તાલીમનો કેટલો ખર્ચ ભોગવવા તૈયાર છે તેની માહિતી એકત્રિત કરવામાં આવી હતી. જે નીચે કોષ્ટક પર દર્શાવી છે.

**કોમ્પ્યુટર :**

વર્તમાનયુગમાં વિકાસશીલ દેશોમાં ધીરે ધીરે કોમ્પ્યુટર અને વિજ્ઞાન ટેક્નોલોજીનું જ્ઞાન વિકસવા લાગ્યું છે. જેના થકી આ દેશોમાં વિકાસની પ્રક્રિયા ઝડપી બની છે. તેના કારણે સમાજમાં પરિવર્તનની પ્રક્રિયા વધી છે. વળી શહેરીકરણ, ઔદ્યોગિકરણ, ઉદારીકરણ, વૈશ્વિકરણને કારણે સમાજમાં આધુનિક તત્વો દાખલ થયાં છે. સાંપ્રત સમયમાં ઉચ્ચશિક્ષણની સાથે કોમ્પ્યુટર શિક્ષણને પણ વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે.

આદિવાસી સમાજમાં શિક્ષણનું પ્રમાણ અન્ય સમાજ કરતાં ઓછું છે. તેવી જ રીતે કોમ્પ્યુટર શિક્ષણનું પ્રમાણ પણ ઓછું જોવા મળે છે. જેનું મુખ્ય કારણ એ છે કે આદિવાસી સમાજ મુખ્યત્વે ગામડામાં વસવાટ કરે છે. સાંપ્રત સમયમાં શહેરી વિસ્તારની દરેક શાળાઓમાં કોમ્પ્યુટરને એક વિષય તરીકે દાખલ કરી ભણાવવામાં આવે છે. જ્યારે આદિવાસી વિસ્તારના ગામડાંઓની શાળાઓમાં તાલુકા સ્થળે કે તાલુકા સ્થળની નજીકના ગામોની શાળાઓમાં જ કોમ્પ્યુટરનો અભ્યાસ કરાવવામાં આવે છે. યુવક-યુવતિઓને કોમ્પ્યુટરનું જ્ઞાન છે અને કેટલું છે તેની માહિતી એકત્રિત કરવામાં આવી હતી. જે નીચે કોષ્ટક પર દર્શાવી છે.

**મુલાકાત :**

આદિવાસી વિસ્તાર મુખ્યત્વે રાજ્યની પૂર્વપટ્ટીમાં આવેલો છે. રાજ્યની ......ટકા આદિવાસી વસતિ ગામડાંમાં વસવાટ કરે છે. આદિવાસી વિસ્તારોમાં ગામડાંઓ તાલુકા સ્થળેથી ખૂબ જ દૂર તેમજ અંદરના વિસ્તારમાં આવેલા છે. ત્યાં વાહનવ્યવહારની પૂરતી સગવડનો પણ અભાવ છે. ઉપરાંત તેઓને આવવા-જવા માટે પોતાનો મજૂરીનો દિવસ બગાડી ભાડું ખર્ચી આવતા હોય છે. જે આદિવાસી લોકો ૫૦ વર્ષથી ઉપરના છે તેઓ ક્યારેક જ તાલુકા સ્થળે કે જિલ્લા સ્થળે આવતા-જતા હોય છે. આથી અભ્યાસ દરમિયાન એવી માહિતી એકત્રિત કરવામાં આવી હતી કે યુવક-યુવતિઓએ તાલુકા સ્થળની કે શહેરી વિસ્તારની મુલાકાત છેલ્લા વર્ષમાં કેટલી વખત લીધેલ છે.

**સ્થળાંતરનો વ્યવસાય :**

આદિવાસી વિસ્તારમાં બારે માસ સ્થાયી રોજગારી મળતી ન હોવાથી લોકો મજૂરી કરતા હોય છે. ઉપરાંત આદિવાસી લોકો પાસે કોઈ ખાસ આવડત કે કૌશલ્ય જોવા મળતું નથી. આથી તેઓ સ્થળાંતર સ્થળે પણ મોટેભાગે ખેતી, ખેતમજૂરી, છૂટકમજૂરી કે બાંધકામમાં મજૂર તરીકે કામ કરતા જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસમાં આદિવાસી યુવક-યુવતિઓ સ્થળાંતરના સ્થળે કયા કયા પ્રકારના વ્યવસાયમાં રોકાયેલા છે તેની માહિતી એકત્રિત કરવામાં આવી છે. જે નીચે કોષ્ટક પર દર્શાવી છે.

**તાલીમ :**

દરેક વ્યક્તિને તાલીમની જરૂરિયાત હોય છે; પછી ભલે તે ખેતીક્ષેત્રે હોય કે પશુપાલન હોય કે ઓટોમોબાઈલ હોય કે આરોગ્યક્ષેત્રે હોય કે કોમ્પ્યુટર ક્ષેત્રે હોય. વ્યક્તિ જે-તે ક્ષેત્રમાં વધુ અસરકારક રીતે કામ કરી શકે તે માટે તાલીમ લેવી ખૂબ જરૂરી હોય છે. દરેક વ્યક્તિ જુદા જુદા પ્રકારની આવડત ધરાવતો હોય કે જુદા જુદા ક્ષેત્રે કામ કરવાની ઈચ્છા ધરાવતો હોય તો તેના માટે તે વ્યક્તિને તાલીમની આવશ્યકતા રહે છે. આ અભ્યાસમાં વ્યક્તિને કઈ તાલીમની આવશ્યકતા છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં આદિવાસી વિસ્તાર રાજ્યની પૂર્વપટ્ટીમાં આવેલો છે. જેમાં ૧૨ જિલ્લા, ૪૩ તાલુકા અને ૫૨૬૧ ગામોનો સમાવેશ થાય છે. રાજ્યમાં અનુસૂચિત જનજાતિની કુલ વસતિ ૭૪,૮૧,૧૬૦ છે. જેમાંથી આદિવાસી વિસ્તારમાં અનુસૂચિત જનજાતિની વસતિ ૫૪,૧૮,૬૮૧ છે. તેમાં ૧૫ થી ૨૪ વર્ષ સુધીની વય ધરાવતા ૯,૬૭,૭૫૩ છે. પ્રસ્તુત મોજણી ૧૫ થી ૨૪ વર્ષની કુલ વસતિના ૪૦% પ્રમાણે કરવાની હોઈ કુલ ૧૨ જિલ્લામાંથી ૩,૮૭,૧૦૧ ફોર્મ ભરવાના થતા હતા. તેમાંથી કુલ ૩,૬૯,૩૬૩ યુવક-યુવતિનો આ મોજણીમાં સમાવેશ થયેલ છે. જિલ્લાવાર કેટલા યુવક-યુવતિનો મોજણીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે નીચે કોષ્ટક પર દર્શાવ્યું છે.

| કુટુંબનો આર્થિક પ્રકાર | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| એ.પી.એલ. | ૪૦૭૮ | ૪૪૭૯ | ૪૯૨૪ | ૨૧૯૯૫ | ૧૫૦૩૬ | ૩૭૮૭ | ૧૨૧૪ | ૮૬૯૩ | ૧૦૭૬૨ | ૮૬૩૧ | ૨૦૩૪ | ૯૪૬૬ | ૯૫૦૯૯ |
| બી.પી.એલ. | ૫૫૬૦ | ૨૮૪૫૧ | ૧૯૫૬૦ | ૫૯૮૫૩ | ૨૬૬૯૧ | ૨૨૮૭૭ | ૧૦૩૨૭ | ૨૩૬૮૮ | ૨૫૯૭૧ | ૧૮૫૨૮ | ૭૫૦૪ | ૨૫૨૫૪ | ૨૭૪૨૬૪ |
| કુલ | ૯૬૩૮ | ૩૨૯૩૦ | ૨૪૪૮૪ | ૮૧૮૪૮ | ૪૧૭૨૭ | ૨૬૬૬૪ | ૧૧૫૪૧ | ૩૨૩૮૧ | ૩૬૭૩૩ | ૨૭૧૫૯ | ૯૫૩૮ | ૩૪૭૨૦ | ૩૬૯૬૩ |

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય કે આ સંશોધનમાં APL કરતા BPL ઉત્તરદાતાઓની સંખ્યા ૨૭૪૨૬૪ વધુ જોવા મળે છે. જેમાં APLમાં ઉત્તરદાતામાં સૌથી વધુ સંખ્યા દાહોદમાં ૨૧૯૯૫ જોવા મળે છે. જ્યારે BPL માં પણ ૫૯૮૫૩ ઉત્તરદાતાઓની સંખ્યા દાહોદમાં જ જોવા મળે છે. આમ કહી શકાય કે દાહોદ જિલ્લામાં સૌથી વધુ સ્થળાંતરની પ્રક્રિયા જોવા મળે છે. દાહોદ બાદ બીજા ક્રમે વડોદરા જિલ્લાનો સમાવેશ થાય છે.

સરકાર દ્વારા જે આદિજાતિની યાદી જોવા મળી છે તેમાં સૌથી વધુ પછાત પાંચ આદિજાતિને આદિમ જાતિ જૂથ (PTG) તરીકે ઓળખવામાં આવે છે. તો આ સંશોધનમાં PTG સમૂહમાં કેટલા ઉત્તરદાતા છે. તેનો પણ અભ્યાસ કરવામાં આવ્યો છે; જે નીચેના કોષ્ટકમાં જોઈ શકાય છે.

| આદિમજૂથ | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| ના | ૯૬૩૮ | ૩૨૮૭૯ | ૨૪૪૮૪ | ૮૧૮૪૮ | ૪૧૭૨૭ | ૨૬૪૯૯ | ૧૧૫૨૩ | ૩૧૯૩૧ | ૩૬૦૭૭ | ૨૬૯૯૦ | ૯૫૩૮ | ૩૪૬૪૨ | ૩૬૭૭૭૬ |
| હા | ૦ | ૫૧ | ૦ | ૦ | ૦ | ૧૬૫ | ૧૮ | ૪૫૦ | ૬૫૬ | ૧૬૯ | ૦ | ૭૮ | ૧૫૮૭ |
| કુલ | ૯૬૩૮ | ૩૨૯૩૦ | ૨૪૪૮૪ | ૮૧૮૪૮ | ૪૧૭૨૭ | ૨૬૬૬૪ | ૧૧૫૪૧ | ૩૨૩૮૧ | ૩૬૭૩૩ | ૨૭૧૫૯ | ૯૫૩૮ | ૩૪૭૨૦ | ૩૬૯૩૬૩ |

PTG સમૂહનાં આદિવાસીઓ ઉત્તરદાતા તરીકે સૌથી વધુ ૬૫૬ તાપી વિસ્તારમાં જોવા મળેલ છે. ત્યારબાદ સુરત ૪૫૦, નવસારી ૧૬૯, નર્મદા ૧૬૫, વલસાડ ૭૮, સાબરકાંઠા ૫૭, ભરૂચ ૧૮ PTG સમૂહનાં આદિવાસીનો સમાવેશ થાય છે. બીજા કોઈ વિસ્તારમાં તેઓ વસવાટ કરતા જોવા મળતા નથી. કુલ ઉત્તરદાતા ૩૬૯૩૬૩ માંથી ૧૫૮૭ ઉત્તરદાતા PTG સમૂહમાં આવે છે. જ્યારે ૩૬૭૭૭૬ ઉત્તરદાતાઓનો PTG સમૂહમાં સમાવેશ થતો નથી.

સરકારના જુદા જુદા વિભાગો તેમજ ખાનગી કંપનીમાં શારીરિક યોગ્યતાને એક લાયકાત તરીકે ગણવામાં આવે છે. અભ્યાસ સાથે શારીરિક યોગ્યતા પણ હોવી જરૂરી છે. જેમ કે સિક્યુરીટી, પોલીસ, આર્મી વગેરેમાં ઉંચાઈ, વજન, છાતી વગેરેની યોગ્યતાની જરૂરિયાત રહે છે. આથી અભ્યાસ દરમિયાન યુવક-યુવતિઓની ઉંચાઈ વિષેની માહિતી લેવામાં આવી હતી. જે નીચેના કોષ્ટક પરથી જોઈ શકાય છે.

| ઉંચાઈ (સે.મિ.માં) | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| ૧૩૦ થી ૧૪૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૪૬૪ | ૦ | ૦ | ૪૬૯ |
| ૧૪૧ થી ૧૫૦ | ૧૯૫૬ | ૬૮૧૨ | ૪૪૦૬ | ૧૬૮૪૪ | ૬૮૦૪ | ૪૭૪૧ | ૪૦૫૯ | ૮૬૦૩ | ૮૨૫૦ | ૫૨૯૭ | ૧૬૨૫ | ૦ | ૭૮૬૫૦ |
| ૧૫૧ થી ૧૬૦ | ૪૨૦૫ | ૧૩૫૫૯ | ૧૨૩૭૮ | ૩૯૯૯૫ | ૧૯૭૦૨ | ૧૩૦૪૯ | ૫૦૭૪ | ૧૬૧૨૦ | ૧૮૯૮૫ | ૧૫૪૦૩ | ૪૭૨૫ | ૧૭૮૫૫ | ૧૮૧૦૫૦ |
| ૧૬૧ થી ૧૭૦ | ૩૦૬૭ | ૧૧૩૩૨ | ૭૦૯૧ | ૨૨૬૫૧ | ૧૪૦૯૧ | ૮૨૫૦ | ૧૯૨૧ | ૬૯૫૬ | ૮૪૮૯ | ૫૮૪૮ | ૩૦૮૭ | ૬૮૧૨ | ૯૯૫૯૫ |
| ૧૭૧ થી વધુ | ૪૧૦ | ૧૨૨૭ | ૬૦૯ | ૨૩૫૮ | ૧૧૩૦ | ૬૨૪ | ૪૮૨ | ૭૦૨ | ૧૦૦૯ | ૧૪૭ | ૧૦૧ | ૮૦૦ | ૯૫૯૯ |
| કુલ | ૯૬૩૮ | ૩૨૯૩૦ | ૨૪૪૮૪ | ૮૧૮૪૮ | ૪૧૭૨૭ | ૨૬૬૬૪ | ૧૧૫૪૧ | ૩૨૩૮૧ | ૩૬૭૩૩ | ૨૭૧૫૯ | ૯૫૩૮ | ૩૪૭૨૦ | ૩૬૯૩૬૩ |

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય કે શારીરિક ઉંચાઈમાં ૧૭૧ થી વધુ ઉંચાઈ ધરાવતા યુવક-યુવતીઓ કુલ ૯૫૯૯ જોવા મળે છે. જ્યારે ૧૩૦ થી ૧૪૦ ની ઊંચાઈ ધરાવતાં ૪૬૯ જ ઉત્તરદાતા જોવા મળે છે. કુલ ૩૬૯૩૬૩ ઉત્તરદાતામાંથી ૧૮૧૦૫૦ ઉત્તરદાતા એવા જોવા મળે છે જેમની ઊંચાઈ ૧૫૧ થી ૧૬૦ ની જોવા મળે છે. જે સૌથી વધુ સંખ્યા છે. (લગભગ ૫૦ ટકા)

| જાતિ | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| સ્ત્રી | ૧૨૮૫ | ૭૨૪૯ | ૪૮૫૮ | ૧૭૦૧૨ | ૮૫૪૯ | ૫૭૪૦ | ૨૭૭૦ | ૧૦૬૨૬ | ૧૧૩૫૫ | ૧૧૨૬૯ | ૧૯૪૨ | ૮૫૫૦ | ૯૧૨૦૫ |
| પુરુષ | ૮૩૫૩ | ૨૫૬૮૧ | ૧૯૬૨૬ | ૬૪૮૩૬ | ૩૩૧૭૮ | ૨૦૯૨૪ | ૮૭૭૧ | ૨૧૭૫૫ | ૨૫૩૭૮ | ૧૫૮૯૦ | ૭૫૯૬ | ૨૬૧૭૦ | ૨૭૮૧૫૮ |
| કુલ | ૯૬૩૮ | ૩૨૯૩૦ | ૨૪૪૮૪ | ૮૧૮૪૮ | ૪૧૭૨૭ | ૨૬૬૬૪ | ૧૧૫૪૧ | ૩૨૩૮૧ | ૩૬૭૩૩ | ૨૭૧૫૯ | ૯૫૩૮ | ૩૪૭૨૦ | ૩૬૯૩૬૩ |

કુલ ૩૬૯૩૬૩ ઉત્તરદાતામાંથી પુરૂષ ઉત્તરદાતાની સંખ્યા ૨૭૮૧૫૮ જોવા મળે છે. જ્યારે સ્ત્રી ઉત્તરદાતાની સંખ્યા ૯૧૨૦૫ પુરૂષના પ્રમાણમાં ઘણી ઓછી જોવા મળે છે.

દરેક સંશોધનમાં એ જાણવું જરૂરી છે કે ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો શું છે. આની અસર તેના સામાજીક જીવન પર પડતી હોય છે અને તેના રોજગાર પર પણ તેની અસર જોવા મળતી હોય છે. માટે આ સંશોધનમાં યુવક-યુવતિનાં વૈવાહિક દરજ્જાની વિગતનું કોષ્ટક નીચે પ્રમાણે જોઈ શકાય છે.

| વૈવાહિક દરજ્જો | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| પરિણીત | ૬૮૧૧ | ૧૭૯૪૮ | ૧૫૬૨૯ | ૫૮૩૨૯ | ૨૮૪૦૩ | ૧૪૩૩૮ | ૪૯૯૫ | ૧૫૧૨૬ | ૧૬૪૯૬ | ૧૩૧૦૮ | ૫૬૬૮ | ૧૮૫૮૯ | ૨૧૫૪૩૦ |
| અપરિણીત | ૨૭૯૮ | ૧૪૮૫૭ | ૮૭૩૦ | ૨૩૨૮૦ | ૧૩૧૬૦ | ૧૨૨૩૨ | ૬૫૨૩ | ૧૭૦૮૧ | ૨૦૧૧૧ | ૧૩૮૯૨ | ૩૮૩૯ | ૧૬૦૦૩ | ૧૫૨૫૦૬ |
| વિધુર/વિધવા | ૨૭ | ૯૧ | ૮૬ | ૧૯૬ | ૮૪ | ૬૦ | ૧૭ | ૧૩૪ | ૯૫ | ૯૯ | ૧૨ | ૯૦ | ૯૯૧ |
| છૂટાછેડા/ત્યકતા | ૨ | ૩૪ | ૩૯ | ૫૩ | ૮૦ | ૩૪ | ૬ | ૪૦ | ૩૧ | ૬૦ | ૧૯ | ૩૮ | ૪૩૬ |
| કુલ | ૯૬૩૮ | ૩૨૯૩૦ | ૨૪૪૮૪ | ૮૧૮૪૮ | ૪૧૭૨૭ | ૨૬૬૬૪ | ૧૧૫૪૧ | ૩૨૩૮૧ | ૩૬૭૩૩ | ૨૭૧૫૯ | ૯૫૩૮ | ૩૪૭૨૦ | ૩૬૯૩૬૩ |

વૈવાહિક દરજ્જાની વિગતમાં જોઈએ તો અભ્યાસમાં આવરેલ કુલ ૩૬૯૩૬૩ યુવક-યુવતિઓમાંથી ૨૧૫૪૩૦ પરિણિત હતા, જ્યારે ૧૫૨૫૦૬ અપરિણિત જોવા મળ્યા હતા. વિધવા અથવા વિધુર હોય તેવા ૯૯૧ યુવક-યુવતિઓ જોવા મળ્યા હતા. છૂટાછેડા લીધેલ હોય તેવા ૪૩૬ યુવક-યુવતિઓ જોવા મળ્યા હતા.

સરકારી યોજનાઆનાં આધારે વિકલાંગ વ્યક્તિઓને વ્યાવસાયલક્ષી જગ્યાઓ ફાળવવામાં આવે છે અને તેમને આવકમાં પણ અમુક યોજનાઓનો લાભ મળે છે. આ બાબતને ધ્યાનમાં લઈએ તો આ સંશોધનમાં તે પણ જાણવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે કે કેટલા યુવક-યુવતિઓ વિકલાંગ છે. જેથી તેઓને રોજગાર સરળતાથી મળી રહે. આ માહિતી નીચેના કોષ્ટકમાં જોવા મળે છે.

| વિકલાંગ | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| ના | ૯૫૦૧ | ૩૨૩૬૬ | ૨૪૦૭૨ | ૮૦૪૬૭ | ૪૧૨૪૦ | ૨૬૩૪૨ | ૧૧૩૬૦ | ૩૨૧૩૨ | ૩૬૪૭૧ | ૨૬૯૨૬ | ૯૪૦૨ | ૩૪૪૧૧ | ૩૬૪૬૯૦ |
| હા | ૧૩૭ | ૫૬૪ | ૪૧૨ | ૧૩૮૧ | ૪૮૭ | ૩૨૨ | ૧૮૧ | ૨૪૯ | ૨૬૨ | ૨૩૩ | ૧૩૬ | ૩૦૯ | ૪૬૭૩ |
| કુલ | ૯૬૩૮ | ૩૨૯૩૦ | ૨૪૪૮૪ | ૮૧૮૪૮ | ૪૧૭૨૭ | ૨૬૬૬૪ | ૧૧૫૪૧ | ૩૨૩૮૧ | ૩૬૭૩૩ | ૨૭૧૫૯ | ૯૫૩૮ | ૩૪૭૨૦ | ૩૬૯૩૬૩ |

સરકાર દ્વારા વિકલાંગ લોકોને જુદી-જુદી સહાય તથા અલગથી લાભ આપવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસમાં ૧૨ જિલ્લામાંથી કુલ ૪૬૭૩ વ્યક્તિઓ વિકલાંગ જોવા મળી હતી. જેમાં સૌથી વધુ દાહોદમાં ૧૩૮૧ અને સૌથી ઓછી બનાસકાંઠા જિલ્લામાં ૧૩૭ યુવક-યુવતિઓ શારીરિક વિકલાંગતા ધરાવતા જોવા મળ્યા હતા.

આજના આધુનિક સમયમાં શિક્ષણ એ કોઈપણ સમાજના વિકાસ માટે મહત્ત્વની બાબત માનવામાં આવે છે ત્યારે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ કેટલું છે તે પણ જાણવું જરૂરી બની જાય છે. જેના દ્વારા તેમના વિકાસની ગતિ નક્કી કરી શકાય છે. માટે આ સંશોધનમાં પણ તેમાં શિક્ષણની માહિતી એકત્ર કરવામાં આવી છે. જે નીચેના કોષ્ટકમાં જોઈ શકાય છે.

| શિક્ષણ | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| ૧ થી ૫ ધોરણ | ૪૬૮૦ | ૭૦૭૧ | ૫૦૪૧ | ૨૭૯૪૯ | ૧૮૩૫૯ | ૬૧૪૫ | ૨૮૧૯ | ૮૨૧૦ | ૭૦૯૧ | ૪૬૭૯ | ૧૭૫૫ | ૯૦૯૦ | ૧૦૨૮૮૯ |
| ૬ થી ૯ ધોરણ | ૨૮૯૭ | ૧૦૪૦૯ | ૮૩૫૩ | ૨૧૮૫૪ | ૧૦૩૨૮ | ૧૧૬૫૫ | ૫૨૧૨ | ૧૧૪૪૯ | ૧૩૮૨૫ | ૭૯૦૫ | ૩૭૬૭ | ૧૦૪૭૨ | ૧૧૮૧૨૬ |
| ૧૦ થી ૧૨ ધોરણ | ૧૮૦૫ | ૧૨૨૯૧ | ૯૧૭૦ | ૨૬૪૦૬ | ૧૧૪૪૧ | ૭૨૮૧ | ૨૯૯૦ | ૧૦૦૧૩ | ૧૨૩૪૪ | ૧૧૧૪૭ | ૩૧૦૬ | ૧૨૫૧૯ | ૧૨૦૫૧૩ |
| આઈ.ટી.આઈ. પોલીટેક્નીક,ડિપ્લોમા | ૧૦૫ | ૧૪૫૦ | ૬૯૮ | ૨૦૬૨ | ૪૯૦ | ૨૪૫ | ૧૪૬ | ૬૫૦ | ૪૭૭ | ૭૧૩ | ૧૨૫ | ૯૧૩ | ૮૦૭૪ |
| સ્નાતક | ૧૫૧ | ૧૭૦૯ | ૧૨૨૨ | ૩૫૭૭ | ૧૧૦૯ | ૧૩૩૮ | ૩૭૪ | ૨૦૫૯ | ૨૯૯૬ | ૨૭૧૫ | ૭૮૫ | ૧૭૨૬ | ૧૯૭૬૧ |
| કુલ | ૯૬૩૮ | ૩૨૯૩૦ | ૨૪૪૮૪ | ૮૧૮૪૮ | ૪૧૭૨૭ | ૨૬૬૬૪ | ૧૧૫૪૧ | ૩૨૩૮૧ | ૩૬૭૩૩ | ૨૭૧૫૯ | ૯૫૩૮ | ૩૪૭૨૦ | ૩૬૯૩૬૩ |

આદિવાસી વિસ્તાર મુખ્યત્વે રાજ્યની પૂર્વપટ્ટીમાં છે. જે વિસ્તાર ખાડા-ટેકરાવાળો, જંગલવાળો અને પર્વતીય છે. આ વિસ્તારમાં સ્થાયી રોજગારી મળતી ન હોવાથી લોકો સ્થળાંતર કરી મજૂરી મેળવે છે. આથી લોકો સ્થળાંતર સમયે પોતાના બાળકોને સાથે લઈ જાય છે. ઉપરાંત તેઓની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી તેઓ બાળકોને ગામમાં શાળા હોય ત્યાં સુધી અભ્યાસ કરાવે છે અને આગળ ભણવા મોકલતા નથી. મોજણીમાં આવરી લીધેલ કુલ ૩૯૯૩૬૩ યુવક-યુવતિઓમાંથી સૌથી વધુ ૧૦ થી ૧૨ ધોરણ સુધી અભ્યાસ કર્યો હોય તેવા ૧૨૦૫૧૩ યુવક-યુવતિઓ હતા, જ્યારે સૌથી ઓછા આઈ.ટી.આઈ., પોલીટેકનીક અને ડિપ્લોમા જેવા વ્યાવસાયલક્ષી કોર્સમાં અભ્યાસ કર્યો હોય તેવા ૮૦૭૪ યુવક-યુવતિઓ હતા. ધો-૫ સુધી અભ્યાસ કર્યો હોય તેવા ૧૦૨૮૮૯, ધો-૬ સુધી અભ્યાસ કર્યો હોય તેવા ૧૧૮૧૨૬ તથા સ્નાતક કે સ્નાતકથી વધુ અભ્યાસ કર્યો હોય તેવા ૧૯૭૬૧ યુવક-યુવતિઓ જોવા મળ્યા હતા.

આ સંશોધનમાં રોજગાર એ મહત્ત્વની બાબત છે ત્યારે ઉત્તરદાતાઓમાં કેટલા ઉત્તરદાતા રોજગાર ધરાવે છે અને કેટલા બેરોજગાર છે તે પણ જાણવું મહત્ત્વનું બને છે. જે નીચેના કોષ્ટકમાં જોઈ શકાય છે.

| બેરોજગાર | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| ના | ૬૨૫૪ | ૧૬૩૫૧ | ૭૮૦૯ | ૩૬૮૬૧ | ૨૬૭૯૦ | ૯૭૯૪ | ૫૩૦૪ | ૧૫૨૭૫ | ૧૫૯૨૭ | ૧૩૪૦૫ | ૩૬૨૭ | ૧૬૧૬૫ | ૧૭૩૫૬૩ |
| હા | ૩૩૮૪ | ૧૬૫૭૯ | ૧૬૬૭૫ | ૪૪૯૮૭ | ૧૪૯૩૭ | ૧૬૮૭૦ | ૬૨૩૭ | ૧૭૧૦૬ | ૨૦૮૦૬ | ૧૩૭૫૪ | ૫૯૧૦ | ૧૮૫૫૫ | ૧૯૫૮૦૦ |
| કુલ | ૯૬૩૮ | ૩૨૯૩૦ | ૨૪૪૮૪ | ૮૧૮૪૮ | ૪૧૭૨૭ | ૨૬૬૬૪ | ૧૧૫૪૧ | ૩૨૩૮૧ | ૩૬૭૩૩ | ૨૭૧૫૯ | ૯૫૩૮ | ૩૪૭૨૦ | ૩૬૯૩૬૩ |

અભ્યાસક્ષેત્રમાં આવરી લીધેલ કુલ ૩૬૯૩૬૩ યુવક-યુવતિઓમાંથી ૧૯૫૮૦૦ યુવક-યુવતિઓ કોઈ ધંધા કે વ્યવસાય સાથે સંકળાયેલા હતા, જ્યારે ૧૭૩૫૬૩ બેરોજગાર હતા; જે સંખ્યા લગભગ ૪૭ ટકા જેટલી થવા જાય છે. આમ બેરોજગારીનું વ્યાપક પ્રમાણ આદિવાસીઓમાં જોવા મળે છે.

દરેક સંશોધનમાં જાણવું જરૂરી બને છે કે ઉત્તરદાતા કયા વ્યવસાય કરે છે અને ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં જે જંગલ કે પર્વતીય વિસ્તાર ગણાય છે ત્યાં ખેતી સિવાય કયા પ્રકારના વ્યવસાય થાય છે તે જાણવું જરૂરી બને છે. જે નીચેના કોષ્ટકની મદદથી જોઈ શકાય છે.

| ચાલુ વ્યવસાય | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| કૃષિ | ૩૫૭૪ | ૯૫૪૮ | ૪૯૫૭ | ૨૦૨૩૨ | ૧૧૯૯૬ | ૨૧૦૬ | ૯૩૭ | ૨૩૦૪ | ૬૦૫૧ | ૦ | ૨૩૫૨ | ૬૯૮૧ | ૭૧૦૩૮ |
| A1 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૯૨૧૫ | ૦ | ૦ | ૯૨૧૫ |
| પશુપાલન | ૬૯ | ૩૪૦ | ૨૬૮ | ૮૬૬ | ૪૦૪ | ૨૦૭ | ૧૩૬ | ૫૭૯ | ૧૦૬૮ | ૦ | ૪૮ | ૨૦૦ | ૪૧૮૫ |
| B2 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૪૧ | ૦ | ૦ | ૪૪૧ |
| ખેતમજૂરી | ૨૦૪૪ | ૫૪૦૯ | ૧૧૮૫ | ૯૦૭૯ | ૧૧૭૫૮ | ૬૫૭૮ | ૩૭૪૯ | ૧૦૦૭૯ | ૬૪૧૦ | ૦ | ૮૨૩ | ૪૯૨૮ | ૬૨૦૪૨ |
| C3 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭૪૨ | ૦ | ૦ | ૭૪૨ |
| માછીમારી | ૧ | ૨૮ | ૪૮ | ૨૭ | ૫૯ | ૨૨૮ | ૫૦ | ૫૭ | ૧૫૪ | ૦ | ૮ | ૪૧૯ | ૧૦૭૯ |
| D4 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૪ | ૦ | ૦ | ૪૪ |
| વાહન રિપેરીંગ | ૧૦ | ૨૪ | ૧૧ | ૪૫ | ૩૦ | ૧૧ | ૧૪ | ૫૫ | ૬૦ | ૦ | ૭ | ૪૮ | ૩૧૫ |
| E5 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૬૯ | ૦ | ૦ | ૨૬૯ |
| બાંધકામ | ૨૨૫ | ૧૦૧ | ૯૮૪ | ૪૫૯૬ | ૯૨૬ | ૧૧૩ | ૫૫ | ૧૧૭ | ૨૦૧ | ૦ | ૨૨ | ૩૦૭ | ૭૬૪૭ |
| F6 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૫૮ | ૦ | ૦ | ૨૫૮ |
| સેવા | ૧૧૩ | ૨૬૯ | ૫૭ | ૫૪૬ | ૩૪૭ | ૧૮૪ | ૧૧૨ | ૬૯૧ | ૩૯૯ | ૦ | ૧૧૨ | ૨૧૭૪ | ૫૦૦૦ |
| G7 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧૦૦ | ૦ | ૦ | ૧૧૦૦ |
| કોમ્પ્યુટર | ૪ | ૨૦ | ૬ | ૯૩ | ૬૫ | ૫ | ૬ | ૩૬ | ૨૪ | ૦ | ૮ | ૪૪ | ૩૧૧ |
| H8 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૬ | ૦ | ૦ | ૪૬ |
| છૂટક વેચાણ | ૨૪ | ૧૦૪ | ૫૨ | ૧૪૯ | ૨૧૫ | ૫૨ | ૪૧ | ૧૦૯ | ૧૩૦ | ૦ | ૭૫ | ૯૬ | ૧૦૪૭ |
| I 9 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫૮ | ૦ | ૦ | ૫૮ |
| J0 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨૩૨ | ૦ | ૦ | ૧૨૩૨ |
| કપડાંનું વેચાણ | ૩ | ૧૪ | ૧૦ | ૩૫ | ૩૫ | ૧૧ | ૨૧ | ૫૭ | ૮૩ | ૦ | ૧૩ | ૭૦ | ૩૩૩ |

| ચાલુ વ્યવસાય | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| સલામતી રક્ષક | ૧૪ | ૪૪ | ૧૨ | ૫૧ | ૩૧ | ૮ | ૮ | ૧૯ | ૧૪ | ૦ | ૪ | ૮ | ૨૧૩ |
| આરોગ્ય વિષયક | ૭ | ૮ | ૬ | ૩૦ | ૧૬ | ૧૨ | ૪ | ૧૬ | ૩૧ | ૦ | ૧૧ | ૨૨ | ૧૬૩ |
| ઈલેક્ટ્રીક કામ | ૧૦ | ૪૧ | ૧૬ | ૧૧૫ | ૪૩ | ૧૭ | ૧૬ | ૫૫ | ૭૦ | ૦ | ૧૨ | ૭૫ | ૪૭૦ |
| બ્યુટી પાર્લર | ૦ | ૯ | ૩ | ૧૮ | ૩ | ૨ | ૫ | ૧૪ | ૭ | ૦ | ૩ | ૨૨ | ૮૬ |
| હોટલ વિષયક | ૧૧ | ૩૧ | ૯ | ૧૦ | ૧૦ | ૧૪ | ૩ | ૨૮ | ૩૬ | ૦ | ૧૦ | ૧૨ | ૧૭૪ |
| વાંસકામ | ૨ | ૧ | ૬ | ૧૪ | ૫૦ | ૬ | ૫ | ૭૩ | ૨૧૪ | ૦ | ૨ | ૪૧ | ૪૧૪ |
| સ્વરોજગારી | ૨૫ | ૯૨ | ૫૫ | ૨૫૬ | ૩૭૯ | ૧૨૧ | ૪૬ | ૭૨૭ | ૫૯૧ | ૦ | ૪૬ | ૪૫૭ | ૨૭૯૫ |
| જંગલ જડીબુટ્ટી | ૪ | ૩ | ૩ | ૩૧ | ૮ | ૧ | ૦ | ૧ | ૫ | ૦ | ૧ | ૨ | ૫૯ |
| ખેત પ્રક્રિયા | ૨ | ૨ | ૦ | ૨૧ | ૩ | ૦ | ૦ | ૨ | ૧૭ | ૦ | ૧ | ૬ | ૫૪ |
| ડ્રાઈવીંગ | ૧૧૨ | ૨૬૩ | ૧૨૧ | ૬૪૭ | ૪૧૬ | ૧૧૮ | ૧૧૫ | ૨૫૬ | ૩૬૨ | ૦ | ૭૦ | ૨૫૩ | ૨૭૩૩ |
| કુલ | ૬૨૫૪ | ૧૬૩૫૧ | ૭૮૦૯ | ૩૬૮૬૧ | ૨૬૭૯૦ | ૯૭૯૪ | ૫૩૦૪ | ૧૫૨૭૫ | ૧૫૯૨૭ | ૧૩૪૦૫ | ૩૬૨૮ | ૧૬૧૬૫ | ૧૭૩૫૬૩ |

વ્યવસાય :

આદિવાસી વિસ્તારમાં કોઈ મોટા ધંધા કે રોજગારનો વિકાસ થયેલો ન હોવાથી લોકો મુખ્યત્વે ખેતી સંલગ્ન વ્યવસાયો કરતા જોવા મળ્યા છે. પ્રસ્તુત સર્વેમાં આવરી લીધેલ ૩૬૯૩૬૩ યુવક-યુવતિઓમાંથી ૧૭૩૫૬૩ યુવક-યુવતિઓ કોઈ વ્યવસાય કરતા જોવા મળ્યા હતા. જેમાં સૌથી વધુ ખેતી કરતા ૭૧૦૩૮ + ૯૨૧૫=૮૦૨૫૩ ખેતમજૂરી કરતાં ૬૨૦૪૨ + ૭૪૨ = ........, પશુપાલનનો વ્યવસાય કરતા ૪૧૮૫ + ૪૪૧ =.૪૬૨૬, મત્સ્યઉદ્યોગ કે માછીમાર કરતા ૧૦૭૯, બાંધકામમાં મજૂરી કરતા ૭૬૪૭, ખાનગી કે સરકારી નોકરી કરતા હોય તેવા ૫૦૦૦, કોમ્પ્યુટર ક્ષેત્રમાં કામ કરતા હોય તેવા ૩૧૧, વાંસકામ કરતા હોય તેવા ૪૧૪, સ્વરોજગારીનો વ્યવસાય કરતા હોય તેવા ૨૭૯૫ યુવક-યુવતિઓ જોવા મળ્યા હતા.

આમ, આ પરથી કહી શકાય છે કે આદિવાસી યુવક-યુવતિઓ મોટાંભાગના ખેતી કે ખેતમજૂરી સાથે સંકળાયેલા છે. જ્યારે જૂજ પ્રમાણમાં લોકો અન્ય વ્યવસાય જેવા કે બાંધકામ, નોકરી, છૂટક વેપાર, ઈલેક્ટ્રીક, વાંસકામ, જંગલ પેદાશો એકત્રિત કરવામાં તથા ડ્રાઈવર તરીકેનો વ્યવસાય કરતા જોવા મળ્યા હતા.

જ્યારે રોજગારને ધ્યાનમાં લેવાતી હોય છે ત્યારે આવકને પણ ધ્યાનમાં લેવી જરૂરી છે. તો આ અનુસાર ઉત્તરદાતાઓ હાલમાં કેટલી આવક ધરાવે છે તેનો અભ્યાસ કરવો પણ જરૂરી બને છે. માટે આ સંશોધનમાં પણ ઉત્તરદાતાની આવકનું કોષ્ટક નીચે જોઈ શકાય છે.

| ચાલુ પગારધોરણ | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| ૧૦૦૦ સુધી | ૪૭૮૧ | ૧૪૯૧૧ | ૬૨૯૫ | ૨૮૧૫૫ | ૨૧૯૧૪ | ૮૫૭૪ | ૪૪૬૩ | ૧૧૪૯૧ | ૧૨૪૮૭ | ૮૯૮૨ | ૩૨૩૦ | ૯૮૧૨ | ૧૩૫૦૯૫ |
| ૧૦૦૧ થી ૨૦૦૦ | ૧૧૩૩ | ૯૭૬ | ૧૧૫૬ | ૬૦૭૨ | ૩૮૨૭ | ૮૦૪ | ૬૧૭ | ૩૦૮૭ | ૨૭૧૮ | ૩૧૨૫ | ૩૦૯ | ૪૩૫૬ | ૨૮૧૮૦ |
| ૨૦૦૧ થી ૩૦૦૦ | ૨૯૭ | ૨૦૦ | ૨૩૨ | ૧૫૦૫ | ૫૧૨ | ૨૧૫ | ૧૦૭ | ૫૧૦ | ૫૦૯ | ૯૨૮ | ૫૩ | ૧૨૭૦ | ૬૩૩૮ |
| ૩૦૦૧ થી ૪૦૦૦ | ૨૬ | ૬૩ | ૫૬ | ૫૮૫ | ૧૫૬ | ૧૦૨ | ૬૧ | ૬૪ | ૮૭ | ૧૭૨ | ૧૧ | ૨૩૫ | ૧૬૧૮ |
| ૪૦૦૧ થી ૫૦૦૦ | ૯ | ૭૪ | ૨૩ | ૩૪૩ | ૧૩૭ | ૪૩ | ૧૫ | ૪૬ | ૬૧ | ૧૦૬ | ૧૦ | ૨૦૮ | ૧૧૮૮ |
| ૫૦૦૧ થી ૧૦૦૦૦ | ૭ | ૧૧૯ | ૪૬ | ૧૭૫ | ૨૪૪ | ૫૬ | ૩૭ | ૭૫ | ૫૯ | ૮૧ | ૧૨ | ૨૭૭ | ૧૧૮૮ |
| ૧૦૦૦૧ થી ૧૫૦૦૦ | ૧ | ૮ | ૧ | ૧૯ | ૦ | ૦ | ૪ | ૨ | ૩ | ૫ | ૩ | ૭ | ૫૩ |
| ૧૫૦૦૧ થી વધુ | ૦ | ૦ | ૦ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૬ | ૦ | ૦ | ૧૬ |
| કુલ | ૬૨૫૪ | ૧૬૩૫૧ | ૭૮૦૯ | ૩૬૮૬૧ | ૨૬૭૯૦ | ૯૭૯૪ | ૫૩૦૪ | ૧૫૨૭૫ | ૧૫૯૨૭ | ૧૩૪૦૫ | ૩૬૨૮ | ૧૬૧૬૫ | ૧૭૩૫૬૩ |

અભ્યાસક્ષેત્રના પસંદ કરેલા યુવક-યુવતિઓ એક કરતા વધુ વ્યવસાયમાંથી આવક મેળવતા હતા. જેમાં સૌથી વધુ ૧૫૦૦૧ થી વધુ આવક મેળવતા હોય તેવા ૧૬ યુવક-યુવતિઓ હતા, જ્યારે સૌથી ઓછી રૂ.૧૦૦૦ સુધીની આવક મેળવતા હોય તેવા ૧૩૫૦૯૫ યુવક-યુવતિઓ હતા. રૂ.૧૦૦૧ થી ૨૦૦૦ રૂ. સુધીની આવક મેળવતા હોય તેવા ૨૮૧૮૦, રૂ.૨૦૦૧ થી ૩૦૦૦ રૂ. સુધીની આવક મેળવતા હોય તેવા ૬૩૩૮, રૂ.૩૦૦૧ થી ૪૦૦૦ રૂ. સુધીની આવક મેળવતા હોય તેવા ૧૬૧૮, રૂ.૪૦૦૧ થી ૫૦૦૦ રૂ. સુધીની આવક મેળવતા હોય તેવા ૧૦૭૫, રૂ.૫૦૦૧ થી ૧૦,૦૦૦ રૂ. સુધીની આવક મેળવતા હોય તેવા ૧૧૮૮ તથા ૧૦૦૦૧ થી ૧૫૦૦૦ સુધીની આવક મેળવતા હોય તેવા ૫૩ યુવક-યુવતિઓ જોવા મળ્યા હતા.

આવકની અછત અને રોજગારીની અછતને કારણે દરેક સમાજના લોકો સ્થળાંતર કરે છે તે અનુસાર આદિવાસી વિસ્તારમાં વસતા આદિવાસી પણ રોજગારી મેળવવા સ્થળાંતર કરતા જોવા મળે છે અને આ સ્થળાંતર સમયે તેમને કેટલી આવક હતી તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જે નીચેના કોષ્ટકમાં જોવા મળે છે.

| સ્થળાંતરની આવક | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| ૧૦૦૦ સુધી | ૫૨ | ૪૫૭ | ૭૩૦ | ૪૦૦૦ | ૧૧૯૮ | ૨૫૫ | ૪૫ | ૮૮ | ૨૪૪ | ૩૩૧ | ૨૦૨ | ૧૬૧૨ | ૯૨૧૪ |
| ૧૦૦૧ થી ૨૦૦૦ | ૨૫ | ૩૭ | ૪૭૪ | ૨૯૦૯ | ૯૪૮ | ૨૨૪ | ૨૬ | ૧૪૫ | ૧૧૦ | ૬૩૯ | ૧૫ | ૧૩૮૩ | ૭૦૭૯ |
| ૨૦૦૧ થી ૩૦૦૦ | ૪ | ૩૧ | ૯૪ | ૮૮૧ | ૨૬૧ | ૮૯ | ૬ | ૯૬ | ૫૪ | ૩૯૮ | ૧૯ | ૫૬૦ | ૨૪૯૩ |
| ૩૦૦૧ થી ૪૦૦૦ | ૦ | ૧૧ | ૭ | ૩૭૦ | ૭૪ | ૨૫ | ૧ | ૯ | ૭ | ૮૦ | ૫ | ૯૯ | ૬૮૮ |
| ૪૦૦૧ થી ૫૦૦૦ | ૦ | ૯ | ૨ | ૧૯૫ | ૪૭ | ૯ | ૨ | ૪ | ૯ | ૪૪ | ૦ | ૬૭ | ૩૮૮ |
| ૫૦૦૧ થી ૧૦૦૦૦ | ૧ | ૫ | ૨ | ૭૦ | ૪૩ | ૦ | ૦ | ૫ | ૧ | ૩૨ | ૨ | ૨૫ | ૧૮૬ |
| ૧૦૦૦૧ થી ૧૫૦૦૦ | ૦ | ૦ | ૦ | ૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧૦ |
| ૧૫૦૦૧ થી વધુ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૧ | ૧૦ |
| કુલ | ૮૨ | ૫૫૦ | ૧૩૦૯ | ૮૪૩૬ | ૨૫૭૫ | ૬૦૨ | ૮૦ | ૩૪૭ | ૪૨૫ | ૧૫૨૮ | ૩૮૭ | ૩૭૪૭ | ૨૦૦૬૮ |

**સ્થળાંતર સમયની આવક :**

સ્થાયી મજૂરી મળતી ન હોવાને કારણે લોકો શિયાળા અને ઉનાળાની ઋતુ દરમિયાન મજૂરી કરતા જોવા મળ્યા હતા. પ્રસ્તુત અભ્યાસમાં સ્થળાંતર સમયે લોકો એક કરતાં વધુ વ્યવસાય કરતા જોવા મળ્યા હતા. જેમાં તેમની સ્થળાંતર સમયની માસિક આવક જોઈએ તો ઉપરના કોષ્ટકમાંથી તે જોવા મળી શકશે.

આમ જોઈ શકાય છે કે સ્થળાંતર સમયે મોટાભાગના લોકોની માસિક આવક રૂા.૩૦૦૦ કરતા ઓછી જોવા મળે છે. જેમાં રૂા.૧૦૦૦ સુધીની આવક હોય તેવા ૯૨૧૪ યુવક-યુવતિઓ, રૂા.૧૦૦૧ થી ૨૦૦૦ સુધીની આવક હોય તેવા ૭૦૭૯ અને રૂા.૨૦૦૧ થી ૩૦૦૦ સુધીની આવક હોય તેવા ૨૪૯૩ યુવક-યુવતિઓ જોવા મળ્યા હતા. જ્યારે રૂા.૩૦૦૧ થી ૪૦૦૦ સુધીની આવક મેળવતા હોય તેવા ૬૮૮, ૪૦૦૧ થી ૫૦૦૦ રૂા. સુધીની આવક મેળવતા ૩૮૮, જ્યારે ૫૦૦૧ થી ૧૦૦૦૦ સુધીની આવક મેળવતા હોય તેવા ૧૮૬ યુવક-યુવતિઓ, ૧૦૦૦૧ થી ૧૫૦૦૦ સુધીની આવક ધરાવતા હોય તેવા ૧૦ યુવક-યુવતિઓ અને ૧૫૦૦૧ થી વધુ આવક ધરાવતા ૧૦ યુવક-યુવતિઓ જોવા મળે છે.

આદિવાસી વિસ્તારમાં વસતા આદિવાસીઓ રોજગાર માટે તેમનાં ગામથી નજીકના વિસ્તારોમાં સ્થળાંતર કરતા જોવા મળે છે. આ સ્થળાંતર કેટલા સમયગાળા માટે છે ? એટલે કે ૧૨ મહિનામાં તેઓ કેટલા મહિના સ્થળાંતર કરે છે તે જાણવું પણ જરૂરી બને છે. જે નીચેના કોષ્ટકમાં જોઈ શકાય છે.

| સ્થળાંતરનો છેલ્લા વર્ષનો સમયગાળો | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| ૦ | ૦ | ૧૫ | ૦ | ૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૬ | ૮૩ |
| ૧ | ૦ | ૮૩ | ૧૦ | ૨૭૮ | ૩૭ | ૯ | ૧ | ૧૮ | ૩ | ૪૯ | ૫ | ૯૮ | ૫૯૧ |
| ૨ | ૨ | ૨૪૮ | ૪૧ | ૪૬૧ | ૧૭૨ | ૪૮ | ૦ | ૨૭ | ૨૩ | ૧૦૨ | ૫ | ૧૪૯ | ૧૨૭૮ |
| ૩ | ૩ | ૧૩૭ | ૬૨ | ૪૩૩ | ૧૧૬ | ૧૧૪ | ૫ | ૩૫ | ૭૯ | ૭૧ | ૩૧ | ૫૦૩ | ૧૫૮૯ |
| ૪ | ૮ | ૨૫ | ૧૫૩ | ૯૩૬ | ૨૯૯ | ૧૨૨ | ૭ | ૨૫ | ૪૬ | ૧૧૮ | ૩૮ | ૬૨૯ | ૨૪૦૬ |
| ૫ | ૧૦ | ૧૫ | ૮૬ | ૭૨૨ | ૧૨૫ | ૨૦ | ૬ | ૨૩ | ૧૩ | ૮૬ | ૨૪ | ૪૪૩ | ૧૫૭૩ |
| ૬ | ૩ | ૨૩ | ૩૨૨ | ૧૨૧૫ | ૩૩૬ | ૪૯ | ૪ | ૨૦ | ૮૪ | ૨૦૯ | ૫૭ | ૫૭૯ | ૨૯૦૧ |
| ૭ | ૧૧ | ૨ | ૧૨૧ | ૬૦૭ | ૬૮ | ૬૨ | ૬ | ૧૪ | ૫ | ૫૯ | ૮૩ | ૧૯૧ | ૧૨૨૯ |
| ૮ | ૨૦ | ૧ | ૨૫૨ | ૧૬૬૪ | ૪૦૯ | ૫૩ | ૧૪ | ૪૬ | ૬૦ | ૧૪૯ | ૯૫ | ૩૬૯ | ૩૧૩૨ |
| ૯ | ૧૨ | ૦ | ૬૩ | ૯૨૮ | ૧૨૦ | ૧૧ | ૩ | ૧૪ | ૨૨ | ૪૦ | ૧૧ | ૮૯ | ૧૩૧૩ |
| ૧૦ | ૧૨ | ૧ | ૯૫ | ૯૫૭ | ૩૭૦ | ૪૪ | ૫ | ૨૩ | ૨૪ | ૧૮૫ | ૧૫ | ૩૯૧ | ૨૧૨૨ |
| ૧૧ | ૧ | ૦ | ૨૨ | ૨૦૯ | ૫૬ | ૫ | ૦ | ૧૨ | ૫ | ૯૦ | ૩ | ૩૩ | ૪૩૬ |
| ૧૨ | ૦ | ૦ | ૮૨ | ૪ | ૪૬૭ | ૬૫ | ૨૯ | ૯૦ | ૬૧ | ૩૭૦ | ૨૦ | ૨૨૭ | ૧૪૧૫ |
| કુલ | ૮૨ | ૫૫૦ | ૧૩૦૯ | ૮૪૩૬ | ૨૫૭૫ | ૬૦૨ | ૮૦ | ૩૪૭ | ૪૨૫ | ૧૫૨૮ | ૩૮૭ | ૩૭૪૭ | ૨૦૦૬૮ |

ઉપરોક્ત કોષ્ટકમાં સ્થળાંતર કરતા યુવક-યુવતિઓએ છેલ્લા વર્ષમાં કેટલો સમય સ્થળાંતર કરેલ છે તેની વિગત દર્શાવેલ છે. કુલ ૨૦૦૬૮ યુવક-યુવતિઓએ સ્થળાંતર કરેલ છે. તેમાંથી મોટાભાગના એટલે કે ૩૧૩૨ યુવક-યુવતિઓએ છેલ્લા વર્ષમાં ૮ મહિના સ્થળાંતર કરેલ જોવા મળે છે; અને ૫૨૮૬ યુવક-યુવતિઓએ તે કરતાં પણ વધુ સમયાંતર માટે સ્થળાંતર કરેલું છે જ્યારે ૮૩ યુવક-યુવતિઓએ આ અંગે કોઈ માહિતી આપેલ નથી; પણ સ્થળાંતર તો તેમણે પણ કર્યું છે.

| તાલીમનો ખર્ચ | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| કંઈજ જ ખર્ચ નહી | ૧૫૭૬ | ૧૧૨ | ૨૬ | ૭૭૭૨ | ૨૨૭ | ૩૬૪૮ | ૨૦ | ૭૪૯ | ૨૫૩૬ | ૨૦૪૬ | ૯૨૨ | ૧૮૨૩ | ૨૧૪૫૭ |
| ૧૦૦ રૂા. સુધી | ૩૫૨૧ | ૧૬૭૯૩ | ૮૭૨૫ | ૩૨૨૪૧ | ૧૩૭૫૭ | ૯૪૪૦ | ૩૯૮૬ | ૧૪૦૯૬ | ૧૩૮૨૩ | ૭૬૯૬ | ૩૨૩૧ | ૧૫૦૮૯ | ૧૪૨૩૯૮ |
| ૧૦૧ થી ૪૦૦ | ૩૪૭૦ | ૧૧૬૨૯ | ૧૧૪૬૪ | ૨૯૪૭૦ | ૧૩૯૯૭ | ૧૦૫૯૯ | ૨૩૨૩ | ૧૦૭૮૨ | ૧૩૪૭૩ | ૧૧૩૫૪ | ૩૭૨૪ | ૧૩૨૬૦ | ૧૩૫૫૪૫ |
| ૪૦૧ થી ૭૦૦ | ૮૩૦ | ૪૦૧૫ | ૩૩૪૧ | ૭૪૧૪ | ૮૧૫૭ | ૨૧૮૭ | ૨૮૭૦ | ૩૪૭૧ | ૫૮૨૮ | ૩૮૨૫ | ૭૮૬ | ૩૩૩૨ | ૪૬૦૫૬ |
| ૭૦૧ થી ૧૨૦૦ | ૨૩૨ | ૩૭૨ | ૮૯૧ | ૩૨૦૪ | ૫૨૩૩ | ૭૨૭ | ૨૧૫૯ | ૩૨૦૯ | ૯૭૪ | ૧૬૭૫ | ૮૭૫ | ૧૦૮૮ | ૨૦૬૩૯ |
| ૧૨૦૧ થી ૧૫૦૦ | ૬ | ૯ | ૧૯ | ૮૨૨ | ૩૧૭ | ૨૩ | ૩૩ | ૨૦ | ૬૩ | ૧૬૮ | ૦ | ૩૦ | ૧૫૧૦ |
| ૧૫૦૧ થી ૧૮૦૦ | ૦ | ૦ | ૪ | ૫૪૨ | ૦ | ૧ | ૧૫ | ૦ | ૧ | ૫ | ૦ | ૩ | ૫૭૧ |
| ૧૮૦૧ થી ૨૧૦૦ | ૩ | ૦ | ૧૪ | ૩૧૯ | ૩૯ | ૩૯ | ૪૦ | ૨૬ | ૩૩ | ૨૨૪ | ૦ | ૭૦ | ૮૦૭ |
| ૨૧૦૧ થી વધુ | ૦ | ૦ | ૦ | ૬૪ | ૦ | ૦ | ૯૫ | ૨૮ | ૨ | ૧૬૬ | ૦ | ૨૫ | ૩૮૦ |
| કુલ | ૯૬૩૮ | ૩૨૯૩૦ | ૨૪૪૮૪ | ૮૧૮૪૮ | ૪૧૭૨૭ | ૨૬૬૬૪ | ૧૧૫૪૧ | ૩૨૩૮૧ | ૩૬૭૩૩ | ૨૭૧૫૯ | ૯૫૩૮ | ૩૪૭૨૦ | ૩૬૯૩૬૩ |

સરકાર તથા ખાનગી સંસ્થાઓ દ્વારા સ્વરોજગારલક્ષી ઘણી તાલીમો આપવામાં આવે છે. જેનો ખર્ચ તાલીમાર્થીઓએ ચૂકવવાનો હોય છે. સરકાર તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી તાલીમમાં તાલીમાર્થીઓને ફી અથવા ઓછી ફી દ્વારા તાલીમ આપવામાં આવે છે. પ્રસ્તુત મોજણીમાં તાલીમ લેવા ઈચ્છતા યુવક-યુવતિઓ તાલીમનો કેટલો ખર્ચ ભોગવવા તૈયાર છે તેની વિગતો જોઈએ તો સૌથી વધુ યુવક-યુવતિઓ (૧૪૨૩૯૮) ૧૦૦ રૂા. સુધીનો ખર્ચ ભોગવવા તૈયાર છે. ૧૦૧ થી ૪૦૦ રૂા. સુધીનો ખર્ચ ભોગવવા તૈયાર હોય તેવા ૧૩૫૫૪૫, ૪૦૧ થી ૭૦૦ સુધી ૪૬૦૫૬, ૭૦૧ થી ૧૨૦૦ સુધીનો ૨૦૬૩૯, ૧૨૦૧ થી ૧૫૦૦, ૧૫૧૦ તથા ૧૫૦૧ થી વધુ ખર્ચ ભોગવવા તૈયાર હોય તેવા ૧૭૫૮ યુવક-યુવતિઓ જોવા મળ્યા હતા. જ્યારે ૨૧૪૫૭ યુવક-યુવતિઓ તાલીમ લેવા તૈયાર છે. પરંતુ તેઓ તાલીમનો ખર્ચ ભોગવવા તૈયાર નથી. એકંદરે ૨૭૭૯૪૩ જેટલાં યુવક-યુવતિઓ રૂા.૧૦૦/- થી રૂા.૪૦૦/- સુધીનો ખર્ચ ભોગવવા તૈયાર છે.

આ પરથી જોઈ શકાય છે કે આદિવાસી લોકોની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી તેઓ તાલીમ માટે વધુ ખર્ચ ભોગવવા તૈયાર નથી.

આજના નવા યુગમાં સ્પર્ધાનો સમય ગણવામાં આવે છે. ત્યારે લોકો કેટલા કલાક કામ કરવા તૈયાર છે તે જાણવું જરૂરી બને છે. આમ સંશોધન આદિવાસીઓને ધ્યાનમાં લઈ કરવામાં આવેલ છે. તેઓ કેટલા કલાક કામ કરવા તૈયાર છે તે જાણવું જરૂરી બને છે. જે નીચેના કોષ્ટકમાં જોઈ શકાય છે.

| 10 to 12 hrs in a Day | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| હા | ૮૯૦ | ૧૭૨૭ | ૧૩૨૨ | ૧૫૪૪૮ | ૩૯૮૨ | ૧૯૦૫ | ૧૩૩૨ | ૪૭૫૧ | ૨૪૪૯ | ૩૩૧૨ | ૮૮૮ | ૩૨૦૭ | ૪૧૨૧૩ |
| ના | ૮૭૪૮ | ૩૧૨૦૩ | ૨૩૧૬૨ | ૬૬૪૦૦ | ૩૭૭૪૫ | ૨૪૭૫૯ | ૧૦૨૦૯ | ૨૭૬૩૦ | ૩૪૨૮૪ | ૨૩૮૪૭ | ૮૬૫૦ | ૩૧૫૧૩ | ૩૨૮૧૫૦ |
| કુલ | ૯૬૩૮ | ૩૨૯૩૦ | ૨૪૪૮૪ | ૮૧૮૪૮ | ૪૧૭૨૭ | ૨૬૬૬૪ | ૧૧૫૪૧ | ૩૨૩૮૧ | ૩૬૭૩૩ | ૨૭૧૫૯ | ૯૫૩૮ | ૩૪૭૨૦ | ૩૬૯૩૬૩ |

ઉપરોક્ત કોષ્ટકમાં જોવા મળે છે કે ૬૬૪૦૦ ઉત્તરદાતા એવા છે કે જે ૧૦-૧૨ કલાક કામ કરવાની તૈયારી બતાવે છે. તે દાહોદ જિલ્લાના જોવા મળે છે. અને ૧૦-૧૨ કલાક કામ કરવાની ના કહેતા ઉત્તરદાતામાં ૧૫૪૪૮ જોવા મળે છે. જેમાં વધુ યુવતિઓનો સમાવેશ થાય છે. એટલે કે કુલ ૪૧૨૧૩ યુવક-યુવતિઓ ૧૦-૧૨ કલાક કામ કરવા તૈયાર નથી. જ્યારે ૩૨૮૧૫૦ યુવક-યુવતિઓ ૧૦-૧૨ કલાક કામ કરવા તૈયાર છે.

આજના આધુનિક સમયમાં જ્યારે કામ કરવાનાં કલાકો વધી ગયા છે ત્યારે લોકો કામ કરવા પોતાના શહેરની બહાર પણ જતા જોવા મળે છે. ત્યારે યુવક-યુવતિઓ આજના સમયમાં તાલીમ લેવા માટે મોટા શહેરની-ગામની બહાર જવા તૈયાર છે કે નહિ તે પણ જાણવું જરૂરી બની જાય છે. તેનું કોષ્ટક નીચે પ્રમાણે જોવા મળે છે.

| T_door | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| ના | ૧૭૧૮ | ૧૯૧૯ | ૧૧૬૮ | ૧૮૪૬૩ | ૪૮૩૯ | ૧૭૧૪ | ૯૩૩ | ૫૬૨૯ | ૨૪૩૬ | ૨૭૩૯ | ૧૫૫૩ | ૩૭૭૪ | ૪૬૮૮૫ |
| હા | ૭૯૨૦ | ૩૧૦૧૧ | ૨૩૩૧૬ | ૬૩૩૮૫ | ૩૬૮૮૮ | ૨૪૯૫૦ | ૧૦૬૦૮ | ૨૬૭૫૨ | ૩૪૨૯૭ | ૨૪૪૨૦ | ૭૯૮૫ | ૩૦૯૪૬ | ૩૨૨૪૭૮ |
| કુલ | ૯૬૩૮ | ૩૨૯૩૦ | ૨૪૪૮૪ | ૮૧૮૪૮ | ૪૧૭૨૭ | ૨૬૬૬૪ | ૧૧૫૪૧ | ૩૨૩૮૧ | ૩૬૭૩૩ | ૨૭૧૫૯ | ૯૫૩૮ | ૩૪૭૨૦ | ૩૬૯૩૬૩ |

ઉપરોક્ત કોષ્ટકમાં જોવા મળે છે કે મોટાભાગના એટલે કે ૩૨૨૪૭૮ યુવક-યુવતિઓ પોતાના વિસ્તાર/શહેરની બહાર તાલીમ લેવા માટે તૈયારી બતાવી છે. જ્યારે ૪૬૮૮૫ યુવક-યુવતિઓએ આ અંગે તૈયારી બતાવી નથી.

વાહનવ્યવહારની સગવડો આજના સમાજમાં ખૂબજ વિકસતી જોઈ શકાય છે. પરંતુ આજના સમયમાં અંદરના વિસ્તારોમાં આજે પણ વાહનવ્યવહારની પૂરતી સુવિધા જોવા મળતી નથી. આ સંજોગોમાં આદિવાસીઓ કેટલીવાર પોતાના ગામની બહારના વિસ્તારોમાં મુલાકાત લે છે તે જાણવું જરૂરી બને છે; જે નીચેના કોષ્ટકમાં જોઈ શકાય છે.

| મુલાકાત | જિલ્લાનું નામ | | | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બનાસકાંઠા | સાબરકાંઠા | પંચમહાલ | દાહોદ | વડોદરા | નર્મદા | ભરૂચ | સુરત | તાપી | નવસારી | ડાંગ | વલસાડ | |
| છેલ્લા વર્ષમાં ૧ થી ૩ વખત | ૨૩૫૧ | ૧૦૫૯૪ | ૬૦૬૫ | ૨૧૮૨૯ | ૧૯૩૯૦ | ૬૦૬૯ | ૫૫૧૩ | ૧૦૪૭૯ | ૧૦૧૬૩ | ૪૬૧૭ | ૩૬૭૭ | ૯૧૭૨ | ૧૦૯૯૧૯ |
| છેલ્લા વર્ષમાં ૪ થી ૧૦ વખત | ૩૫૦૧ | ૧૦૭૦૬ | ૬૪૬૫ | ૨૦૦૫૫ | ૯૮૭૩ | ૧૦૦૫૧ | ૩૪૬૮ | ૯૬૨૮ | ૮૯૪૬ | ૮૦૨૯ | ૧૮૩૯ | ૧૨૦૦૮ | ૧૦૪૫૬૯ |
| છેલ્લા વર્ષમાં ૧૦થી વધારે વખત | ૩૬૬૯ | ૯૧૪૬ | ૯૭૧૭ | ૩૩૨૯૫ | ૮૬૪૬ | ૯૬૦૮ | ૨૩૦૯ | ૯૫૧૪ | ૧૪૭૬૫ | ૧૩૮૪૧ | ૨૧૪૫ | ૧૨૫૯૩ | ૧૨૯૨૪૮ |
| છેલ્લા વર્ષમાં એકપણ વખત નહી | ૧૧૭ | ૨૪૮૪ | ૨૨૩૭ | ૬૬૬૯ | ૩૮૧૮ | ૯૩૬ | ૨૫૧ | ૨૭૬૦ | ૨૮૫૯ | ૬૭૨ | ૧૮૭૭ | ૯૪૭ | ૨૫૬૨૭ |
| કુલ | ૯૬૩૮ | ૩૨૯૩૦ | ૨૪૪૮૪ | ૮૧૮૪૮ | ૪૧૭૨૭ | ૨૬૬૬૪ | ૧૧૫૪૧ | ૩૨૩૮૧ | ૩૬૭૩૩ | ૨૭૧૫૯ | ૯૫૩૮ | ૩૪૭૨૦ | ૩૬૯૩૬૩ |

આદિવાસી વિસ્તાર રાજ્યની પૂર્વપટ્ટીમાં આવેલો છે. આદિવાસી ગામો મુખ્યત્વે અંદરના વિસ્તારોમાં આવેલા છે. દૂરના ગામડામાં વસવાટ કરે છે. તેઓ ક્યારેક જ તાલુકા કે જિલ્લા મથકે આવતા હોય છે. કારણ કે તેઓને તાલુકા સ્થળે આવવા માટે દિવસ આખો પસાર થઈ જાય છે અને તે દિવસે મજૂરી પર (કામ પર) જઈ શકાતું નથી. આથી મોજણીમાં આવરી લીધેલ યુવક-યુવતિઓ પાસેથી તેઓ કેટલીક વખત નજીકના સ્થળની કે નજીકના મોટા શહેરની મુલાકાત વર્ષમાં લે છે તેની માહિતી જોઈએ તો કુલ યુવક-યુવતિઓમાંથી છેલ્લા વર્ષ દરમિયાન ૧ થી ૩ વખત મુલાકાત લીધેલ હોય તેવા ૧૦૯૯૧૯, ૪ થી ૧૦ વખત મુલાકાત લીધેલ હોય તેવા ૧૦૪૫૬૯, ૧૦ વખતથી વધુ વાર મુલાકાત લીધી હોય તેવા ૧૨૯૨૪૯, જ્યારે છેલ્લા વર્ષ દરમિયાન બિલકુલ મુલાકાત લીધી ન હોય તેવા ૨૫૬૨૭ યુવક-યુવતિઓ જોવા મળ્યા હતા.

| Migration Job | District Name | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Banaskantha | Sabarkantha | Panchmahal | Dahod | Vadodara | Narmada | Bharuch | Surat | Tapi | Navsari | Dang |
| Agriculture | ૩૧ | ૩૨૭ | ૨૮૮ | ૧૦૬૦ | ૪૭૧ | ૪૬ | ૧ | ૭ | ૭ | ૦ | ૯૬ |
| A1 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૩૧ | ૦ |
| Animal Husbandry | ૩ | ૭ | ૫૩ | ૨૦૦ | ૨૬ | ૪ | ૦ | ૨ | ૬ | ૦ | ૩ |
| B2 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૨ | ૦ |
| Agriculture labour | ૧૬ | ૨૯૭ | ૨૯૦ | ૨૯૫૯ | ૧૩૮૭ | ૨૭૪ | ૩૪ | ૧૧૯ | ૧૯૯ | ૦ | ૨૯૫ |
| C3 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૭૪ | ૦ |
| Fishing | ૦ | ૨ | ૭ | ૧૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ |
| D4 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૧ | ૦ |
| Auto-Mobile | ૪ | ૧૪ | ૪ | ૩૩ | ૫ | ૨ | ૦ | ૯ | ૯ | ૦ | ૨ |
| E5 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૦ | ૦ |
| Construction | ૧૦ | ૧૩ | ૮૨૭ | ૩૯૩૪ | ૫૯૪ | ૨૫ | ૨ | ૧૭ | ૩૮ | ૦ | ૨૨ |
| F6 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૫ | ૦ |
| Service | ૬ | ૮૬ | ૨૫ | ૧૩૫ | ૧૪૬ | ૭૧ | ૨૩ | ૯૩ | ૩૭ | ૦ | ૩૧ |
| G7 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૫૭ | ૦ |
| Computer field | ૦ | ૪ | ૨ | ૧૧૨ | ૧૭ | ૦ | ૦ | ૫ | ૩ | ૦ | ૦ |
| H8 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૯ | ૦ |
| Retailed | ૧ | ૫ | ૪ | ૪૦ | ૧૩ | ૩ | ૧ | ૧૦ | ૮ | ૦ | ૧૦ |
| I9 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૧ | ૦ |
| J0 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૩૪ | ૦ |
| Garment | ૧ | ૬ | ૬ | ૩૪ | ૬ | ૨ | ૦ | ૧૧ | ૧૧ | ૦ | ૨ |
| Security | ૪ | ૧૫ | ૨ | ૩૫ | ૧૮ | ૩ | ૦ | ૨ | ૪ | ૦ | ૨ |
| Health and Related | ૦ | ૩ | ૨ | ૫૫ | ૬ | ૧ | ૨ | ૧ | ૬ | ૦ | ૪ |
| Electric Work | ૦ | ૧૦ | ૧૧ | ૮૪ | ૯ | ૧ | ૩ | ૭ | ૧૬ | ૦ | ૭ |
| Beauty parlour | ૦ | ૩ | ૦ | ૩૩ | ૧ | ૩ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ |
| Hotel and Hospitality | ૨ | ૨૧ | ૩ | ૬ | ૫ | ૨૨ | ૧ | ૧૪ | ૧૦ | ૦ | ૩ |
| Bambu work | ૧ | ૦ | ૦ | ૪ | ૨ | ૧ | ૦ | ૩ | ૯ | ૦ | ૦ |
| Self Employed Field | ૬ | ૨૯ | ૨૫ | ૧૨૮ | ૧૫૦ | ૧૫૯ | ૧ | ૬૮ | ૬૭ | ૦ | ૨૧ |
| Forest Medicine Related work | ૧ | ૦ | ૧ | ૩૨ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| Agriculture Processing | ૧ | ૦ | ૦ | ૧૬ | ૧ | ૦ | ૦ | ૧ | ૧૨ | ૦ | ૧ |
| Driving | ૩ | ૩૧ | ૨૭ | ૧૬૭ | ૨૪ | ૪ | ૧૫ | ૧૨ | ૨૫ | ૦ | ૫ |
| Total | ૯૬૩૮ | ૩૨૯૩૦ | ૨૪૪૮૪ | ૮૧૮૪૮ | ૪૧૭૨૭ | ૨૬૬૬૪ | ૧૧૫૪૧ | ૩૨૩૮૧ | ૩૬૭૩૩ | ૨૭૧૫૯ | ૯૫૩૮ |

**સ્થળાંતર વ્યવસાય :**

કુલ આદિવાસી યુવક-યુવતિઓમાંથી....... યુવકો-યુવતિમાં સ્થળાંતર કરી મજૂરી કે અન્ય વ્યવસાય કરતા જોવા મળ્યા હતા. જેમાં તેઓ એક કરતાં વધુ વ્યવસાય સાથે સંકળાયેલા પણ જોવા મળ્યા હતા. સ્થળાંતર સમયે ખેતી કરતા હોય તેવા ૩૦૧૦ + ૨૩૧ પશુપાલન કામ કરતા હોય તેવા ૩૨૪ + ૧૦૨, માછીમારનો વ્યવસાય કરતા હોય તેવા ૩૭૪, ઓટોમોબાઈલના વ્યવસાય સાથે સંકળાયેલા હોય તેવા ૯૩, બાંધકામમાં કામ કરતા હોય તેવા ૫૯૦૮, કોમ્પ્યુટરના ક્ષેત્રમાં કામ કરતા હોય તેવા ૧૫૧, ગારમેન્ટ તથા છૂટક વેપાર કરતા હોય તેવા ૧૫૪, વાંસકામ કરતા હોય તેવા ૩૧, ડ્રાઈવીંગનો વ્યવસાય કરતા ૩૯૨, સ્વરોજગારી દ્વારા વ્યવસાય કરતા હોય ૭૪૫ અને બ્યુટીપાર્લરનો વ્યવસાય કરતા હોય તેવા ૪૯ યુવક-યુવતિઓ જોવા મળ્યા હતા. (વધુ વિગત માટે આગળના કોષ્ટકમાં જોવું)

| TALIM | District Name | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Banaskantha | Sabarkantha | Panchmahal | Dahod | Vadodara | Narmada | Bharuch | Surat | Tapi | Navsari | Dang |
| Agriculture | ૨૯૭૫ | ૨૫૩૮૦ | ૩૪૧૬ | ૧૫૩૬૫ | ૧૧૧૭૧ | ૫૩૫૫ | ૧૨૯૩ | ૪૭૮૭ | ૫૬૦૭ | ૦ | ૧૩૪૦ |
| A1 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૯૬૪ | ૦ |
| Animal Husbandry | ૩૬૨૯ | ૧૬૩૨૫ | ૭૯૭૪ | ૧૬૯૫૭ | ૧૫૦૩૦ | ૯૪૮૯ | ૨૩૦૩ | ૫૯૩૭ | ૧૦૦૯૯ | ૦ | ૧૪૭૫ |
| B2 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭૮૦૯ | ૦ |
| C3 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૮૨૦ | ૦ |
| Fishing | ૩૮૦ | ૧૩૨૨ | ૮૦૨ | ૧૩૩૮ | ૮૭૬ | ૧૦૦૪ | ૩૬૦ | ૮૬૭ | ૧૫૨૫ | ૦ | ૨૪૨ |
| D4 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૮૮૬૭ | ૦ |
| Auto-Mobile | ૮૩૨ | ૪૪૩૪ | ૩૨૮૯ | ૪૮૯૮ | ૪૨૫૭ | ૨૮૬૨ | ૧૫૪૪ | ૫૧૬૮ | ૫૫૦૮ | ૦ | ૧૩૮૨ |
| E5 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૭૮૪ | ૦ |
| Construction | ૧૮૩૦ | ૨૭૫૦ | ૩૮૩૨ | ૧૪૪૨૪ | ૭૧૭૬ | ૨૪૫૧ | ૯૪૪ | ૨૭૨૬ | ૨૮૬૨ | ૦ | ૧૯૦૧ |
| F6 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૨૨૫ | ૦ |
| G7 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭૨૨૫ | ૦ |
| Computer field | ૧૨૩૯ | ૬૭૯૮ | ૫૦૮૦ | ૧૧૫૯૨ | ૬૭૬૨ | ૪૬૬૦ | ૨૦૯૩ | ૭૬૩૬ | ૮૮૯૬ | ૦ | ૧૯૨૬ |
| H8 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૧૨૧ | ૦ |
| Retailed | ૬૯૨ | ૨૫૮૭ | ૧૭૯૭ | ૩૨૭૯ | ૩૪૫૭ | ૨૨૯૪ | ૫૫૭ | ૧૪૩૨ | ૧૯૭૬ | ૦ | ૬૫૪ |
| I9 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૯૫૫ | ૦ |
| J0 | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૧૩૫ | ૦ |
| Garment | ૩૦૩ | ૨૩ | ૧૨૨૪ | ૨૭૩૯ | ૨૦૪૧ | ૧૪૬૫ | ૫૦૮ | ૨૨૧૮ | ૨૬૦૬ | ૦ | ૧૦૨૯ |
| Security | ૧૪૪૦ | ૩૭ | ૩૮૫૫ | ૪૨૩૦ | ૩૫૮૫ | ૨૯૦૮ | ૧૨૮૩ | ૨૫૨૬ | ૩૪૭૭ | ૦ | ૧૪૫૯ |
| Health and Related | ૬૦૪ | ૭ | ૨૯૪૪ | ૩૦૦૯ | ૩૧૩૧ | ૨૨૦૫ | ૧૧૯૦ | ૩૯૦૮ | ૩૮૭૧ | ૦ | ૧૧૬૦ |
| Electric Work | ૭૦૧ | ૧૦ | ૩૩૪૯ | ૪૩૧૪ | ૪૨૫૫ | ૩૧૯૭ | ૧૮૫૦ | ૫૪૩૧ | ૫૧૧૪ | ૦ | ૧૮૪૭ |
| Beauty parlour | ૩૩૬ | ૭ | ૧૫૯૨ | ૨૭૬૩ | ૨૬૧૪ | ૧૯૬૨ | ૧૨૮૪ | ૫૬૨૨ | ૫૭૩૭ | ૦ | ૧૦૨૯ |
| Hotel and Hospitality | ૩૨૪ | ૪ | ૬૩૦ | ૮૧૦ | ૮૩૮ | ૫૫૬ | ૩૬૮ | ૯૬૯ | ૧૦૮૬ | ૦ | ૪૫૨ |
| Bambu work | ૪૭૨ | ૫ | ૧૩૬ | ૩૪૭ | ૧૩૨૬ | ૩૬૦ | ૧૨૯ | ૩૧૩ | ૫૭૭ | ૦ | ૫૧૭ |
| Self Employed Field | ૨૫૦૭ | ૨૫૮ | ૭૩૨૯ | ૧૨૩૫૪ | ૧૨૭૯૩ | ૮૮૮૬ | ૨૯૨૭ | ૧૦૫૩૭ | ૯૯૦૫ | ૦ | ૩૫૧૨ |
| Forest Medicine Related work | ૪૪૦ | ૫ | ૧૦૨૫ | ૯૧૧ | ૨૧૧૦ | ૫૨૬ | ૨૦૬ | ૪૮૯ | ૯૦૯ | ૦ | ૩૮૯ |
| Agriculture Processing | ૬૦૩ | ૪ | ૧૦૯૧ | ૧૪૦૫ | ૨૧૮૪ | ૮૪૧ | ૩૦૫ | ૬૪૫ | ૮૬૩ | ૦ | ૫૪૭ |
| Driving | ૧૮૭૬ | ૯૬ | ૪૬૩૨ | ૮૫૦૦ | ૬૬૬૦ | ૫૨૮૫ | ૩૨૭૫ | ૮૦૯૭ | ૮૯૧૩ | ૦ | ૧૭૬૦ |
| Total | ૯૬૩૮ | ૩૨૯૩૦ | ૨૪૪૮૪ | ૮૧૮૪૮ | ૪૧૭૨૭ | ૨૬૬૬૪ | ૧૧૫૪૧ | ૩૨૩૮૧ | ૩૬૭૩૩ | ૨૭૧૫૯ | ૯૫૩૮ |

મોજણીમાં આવરી લીધેલ કુલ ૩૬૯૩૬૩ યુવક-યુવતિઓએ જુદા-જુદા પ્રકારની તાલીમ લેવાની ઈચ્છા દર્શાવી હતી. તેઓએ જુદા-જુદા પ્રકારની તાલીમ લેવાની ઈચ્છા દર્શાવી હતી; જેમાં સૌથી વધુ પશુપાલન માટે ૯૫૭૨૭ યુવક-યુવતિઓએ સ્વરોજગારી માટે ૮૩૧૨૭ યુવક-યુવતિઓએ, ખેતી માટે ૮૧૧૫૪, કોમ્પ્યુટરના ક્ષેત્રમાં તાલીમ લેવા માટે ૬૪૩૧૬, ડ્રાઈવીંગ માટે ૫૫૭૯૨, બાંધકામ ક્ષેત્રે ૪૫૭૬૧, ઓટો મોબાઈલ ક્ષેત્રે ૩૯૨૨૪ તથા ઈલેક્ટ્રીક કામ માટે ૩૫૫૪૦ યુવક-યુવતિઓએ તાલીમ લેવા માટેની તૈયારી બતાવી છે. જ્યારે અન્ય તાલીમમાં મચ્છીમારી માટે ૧૦૨૪૫, છૂટક વેપાર માટે ૨૦૯૬૨,કાપડ ઉદ્યોગ માટે ૧૭૯૨૮, આરોગ્ય ક્ષેત્રે ૨૫૧૭૫, સિક્યુરીટી માટે ૨૭૧૨૮, બ્યુટીપાર્લર માટે ૨૬૯૮૩ યુવતિઓએ, વાંસકામ માટે ૫૪૨૧ તથા ખેત બનાવટની પેદાશો માટે ૯૯૭૬ યુવક-યુવતિઓએ તાલીમ લેવા માટે ઈચ્છા વ્યક્ત કરી હતી. આમ વ્યવસાયનાં વિવિધ ક્ષેત્રો માટે તાલીમ લેવાની તત્પરતા આ આદિવાસી યુવક-યુવતિઓના ઉજ્જળ ભવિષ્યની દ્યોતક છે.

# વ્યાવસાયિક અભ્યાસક્રમમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો પ્રવેશ : યથાસ્થિતિ

દેવચંદભાઈ વહોનિયા

**પ્રસ્તાવના :**

સચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજયની સૂચનાથી રાજયમાં વ્યાવસાયિક ઉચ્ચ શિક્ષણના વિવિધ વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં વર્ષ ૨૦૦૮-૦૯માં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની પ્રવેશ અંગેની સ્થિતિ દર્શાવવા બાબતે એક અહેવાલ તૈયાર કરવાનું કાર્ય આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપાયેલ હતું. આ અહેવાલ વર્ષના શરૂઆતના સમય એટલે કે જુલાઈ-ઓગષ્ટ માસમાં તૈયાર કરવાનો હતો. પરંતુ વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશની પ્રક્રિયા તબક્કાવાર ડિસેમ્બર, જાન્યુઆરી સુધી લંબાયેલ હોવાના કારણે વિવિધ પ્રવેશ સમિતિઓ પાસે હકીકત અને માહિતી મેળવવામાં વિલંબ થયેલ તથા વારંવાર રિસફલિંગની પ્રક્રિયાથી મળેલ માહિતીને અપ-ડેટ કરવી તથા વિવિધ અભ્યાસક્રમોની પ્રવેશ અંગેની વિગતોનું જરૂરી વિશ્લેષણ કરવામાં પણ સમય વ્યતિત થયેલ હોઈ આ અહેવાલ વિલંબમાં પડેલ છે.

આદિજાતિ વિસ્તાર વિકાસમાં શિક્ષણ એક મહત્વનું માધ્યમ રહ્યું છે. શિક્ષણકાર્યથી આદિજાતિ વિસ્તારોમાં સામાજિક અને આર્થિક વિકાસ અને પરિવર્તન બન્ને જોવા મળ્યાં છે, પરંતુ આ ક્ષેત્રે હજુ ઘણું કરવાની આવશ્યકતા છે. તેથી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ શિક્ષણ દ્વારા વિકાસપંથને આગળ ધપાવવા શું પ્રયાસ કરી રહ્યા છે તે જાણવું આવશ્ય છે અને પ્રવર્તમાન સમયની તે માંગ છે. તદ્‌ઉપરાંત આજે વ્યાવસાયિક શિક્ષણમાં ટેકનોલોજી, કોમ્પ્યુટર શિક્ષણ, મેડિકલ ક્ષેત્રમાં તેમજ મેનેજમેન્ટના અભ્યાસોમાં જયારે વિદ્યાર્થીઓનો બહોળો પ્રવેશ થઈ રહ્યો છે ત્યારે આદિજાતિ વિસ્તારના આદિવાસી વિદ્યાર્થીઓ આ પ્રવાહમાં કયાં છે તે જોવાની અપેક્ષા વહીવટીદારો અને સરકારશ્રીની હોય ને સ્વાભાવિક છે. આ બાબતને લઈને પ્રસ્તુત અહેવાલ દિશાસૂચક બની રહેશે.

આદિજાતિ વિકાસ વિભાગ શિક્ષણક્ષેત્રે વિવિધ યોજનાઓ અને કાર્યક્રમોનું અમલીકરણ કરે છે તેના પરિણામ સ્વરૂપે આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ અને ગુણવત્તા વધે કે કેમ ? તે વિશે સમયાન્તરે મૂલ્યાંકનો કરે છે. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા છેલ્લાં દશ વર્ષમાં આદિજાતિ વિસ્તારમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ વધારવા માટે એકલવ્ય રેસિડેન્સિયલ સ્કૂલ, આદર્શ નિવાસી શાળાઓમાં તથા આશ્રમશાળાઓમાં અંગ્રેજી, ગણિત, વિજ્ઞાનના વિષયોમાં આદિવાસી બાળકો આગળ આવે તે દિશામાં વિવિધ પગલાં ભરીને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે. તદ્‌ઉપરાંત 'વનબંધુકલ્યાણ' યોજના અંતર્ગત ઉચ્ચશિક્ષણ સહિત શિક્ષણમાં ગુણવત્તા માટે વિશેષ નાણાંકીય અને ભૌતિક સુવિધાઓની જોગવાઈને આયોજનમાં આવરી લીધેલ છે. જેથી આદિજાતિ વિસ્તારોનું એકંદર શિક્ષણ ઊંચુ આવે તથા પ્રવર્તમાન શિક્ષણની માંગને આધારે તેવા વ્યાવસાયિકો આદિજાતિ કુટુંબોમાંથી તૈયાર થાય અને તેનાથી આદિજાતિ કુટુંબોમાં આર્થિક સધ્ધરતા આવે તે દિશામાં

સરકારશ્રીના પગલાંઓ આદિજાતિ સમાજ માટે આવકારદાયક છે માટે આવા શિક્ષણ અંગેના પગલાંઓનો નિચાડ સ્વરૂપે આદિજાતિ વિસ્તારોમાં સામાન્ય અને વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓનો પ્રવેશ વધે તેવી અપેક્ષાઓ સરકારસ્તરે હોઈ તે અંગે પ્રસ્તુત અહેવાલ આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણ સંબંધે દર્પણની ભૂમિકા ભજવશે.

આ અભ્યાસમાં વ્યાવસાયિક અભ્યાસક્રમો મેડિકલ, એન્જિનીયરીંગ, ફાર્મસી ડિગ્રી, ફાર્મસી ડિપ્લોમા, ડિપ્લોમા એન્જિનીયરીંગ અને એમ.બી.એ. તથા એમ.સી.એ.ના પ્રવેશ અંગેનો ઉપયોગની ઉપલબ્ધ અધિકૃત માહિતીનો કરવામાં આવ્યો છે જે માટે આવા વ્યાવસાયિક અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા સાથે જોડાયેલ નીચે મુજબની પ્રવેશ સમિતિઓ પાસેથી પ્રવેશ અંગેની અધિકૃત માહિતી મેળવેલ છે.

(૧) Admmission Committee for professional Medical Education

(૨) Admission Committee for Professional Engineering Degree Courses

(૩) Admission Committee for Professional Diploma Engineering Courses

(૪) GCET-2008 Admission Cell, Sardar Patel University, Vallabh Vidyanagar, Dist.Anand.

જુદા જુદા વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના વર્ષ ૨૦૦૮-૦૯ના પ્રવેશ અંગેની વિગતો ટેબલ નં.૧માં દર્શાવવામાં આવી છે. વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગે રાજય સરકારના નીતિ-નિયમોનુસાર રાજયની તમામ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓએ તેમના તમામ અભ્યાસક્રમોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૫ ટકા બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરેલ છે. પ્રસ્તુત અભ્યાસ રાજયમાં ચાલતા વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં વર્ષ ૨૦૦૮-૦૯માં પ્રવેશ અંગેની વિગતોને આવરી લે છે અને તેમાં વિવિધ અભ્યાસક્રમોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેની બેઠકોની આંકડાકીય માહિતીનું સંકલન કરી વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

## Table No. 1


### Schedule Tribe (S.T.) Admission in Professional Courses 2008-09

| Sr. No | Name Of Course | Total Seat | Sanctioned Reservation for S.T. Seats | Schedule Tribe (S.T.) Admission | |
|---|---|---|---|---|---|
| | | | | Filled Seat by S.T. Candidates | Vacant Seats of S.T. Candidates |
| 1 | Medical | 4101 (100) | 615 (15) | 448 (10.92) | 167 (4.08) |
| 2 | Degree Engineering | 15786 (100) | 2371 (15) | 959 (6.75) | 1412 (8.95) |
| 3 | Degree Pharmacy | 3390 (100) | 506 (14.92) | 264 (7.78) | 242 (7.14) |
| 4 | Diploma Pharmacy | 975 (100) | 146 (14.97) | 71 (7.28) | 75 (7.69) |
| 5 | Engineering Diploma Courses | 27760 (100) | 4663 (16.79) | 2153 (7.75) | 2010 (7.25) |
| 6 | M.C.A | 2365 (100) | 352 (14.88) | 47 (1.98) | 305 (12.89) |
| 7 | M.B.A | 3806 (100) | 571 (15) | 147 (3.86) | 424 (11.14) |
| | **Total** | **58183 (100)** | **9224 (15.85)** | **4089 (7.03)** | **4635 (7.97)** |

**Source**

1. Admission committee for professional Medical Education Courses(ACPMC) B.J. Medical College
2. Admission committee for professional Courses(ACPC) L.D. Engineering Campus, Navrangpura
3. Admission committee for professional Diploma Courses(ACPDC) Gujarat State
4. GCET - 2008 Admission Cell, S.P. University, Vallabh Vidyanagar.

S.T. Admission in Various Professional Courses 2008-09 in Gujarat State




ટેબલ નં.૧ પર જોતાં કુલ ૭ પ્રોફેશનલ વિભાગોની માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તે મુજબ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું પ્રવેશનું પ્રમાણ સૌથી ઓછું ૧.૯૮ ટકા એમ.સી.એ.માં જોવા મળેલ છે. તેમજ ૩.૮૬ ટકા એમ.બી.એ., ૬.૭૫ ટકા ડિગ્રી એન્જિનીયરીંગ,૭.૨૮ ટકા ડિપ્લોમા ફાર્મસી, ૭.૭૫ ટકા એન્જીનીયરીંગ ડિપ્લોમા અને ૧૦.૯૨ ટકા મેડિકલ અભ્યાસક્રમોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો પ્રવેશ જોવા મળેલ છે. પ્રવેશ અંગેની ઉપરોક્ત વિગતોથી સ્પષ્ટ જોવા મળે છે કે રાજયમાં ચાલતા વિવિધ પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના પ્રવેશનું પ્રમાણ મોટાભાગના અભ્યાસક્રમોમાં ૭ થી ૮ ટકાની વચ્ચે છે અને તમામ ફેકલ્ટીમાં અનામત કેટેગરીની લગભગ અડધો અડધ બેઠકો ખાલી રહે છે. ઉપરોક્ત વિગતો જોતાં સૌથી વધુ માત્ર મેડીકલના અભ્યાસક્રમમાં જ ૧૦.૯૨ ટકા બેઠકો ભરાયેલ છે; અને ૪.૦૮ ટકા ખાલી રહેલ છે.

આ તમામ ફેકલ્ટીમાં અનુસૂચિત જનજાતિની અનામત બેઠકોમાં ૫૦ ટકા કરતાં પણ વધુ બેઠકો કેટલીક ફેકલ્ટીમાં ખાલી રહેતી હોવાથી તે અંગે વિવિધ ફેકલ્ટીની એડમિશન કમિટિઓ સાથે ચર્ચા દરમ્યાન મળતી વિગતો મુજબ અનુસૂચિત જનજાતિના ધો.૧૦ અને ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાંથી પાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી રહે છે. જેથી અનુસૂચિત જનજાતિની અનામત કેટેગરીની બેઠકો ભરવા એડમિશન કમિટિ દ્વારા નક્કી કરેલ લઘુત્તમ ટકાવારી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ ન ધરાવતા હોવાથી તે બેઠકો ખાલી રહે છે. જયારે એમ.બી.એ. અને એમ.સી.એ.ના અનુસ્નાતક અભ્યાસક્રમોમાં GCET દ્વારા મંજુર કરેલ અનુસૂચિત જનજાતિની અનામત બેઠકો કરતાં પણ અરજીઓ ઓછી આવી હોઈ આ અભ્યાસક્રમોમાં અનુસૂચિત જનજાતિની બેઠકો ખાંલી રહે છે.

Table No.2

## ADMISSION IN MEDICAL COURSES BY ACPMEC IN GUJARAT STATE : 2008-2009

| Sr no | Name of Course | Total Seats | Govt.Seat Muni.Uni grant in aid | Self Finance Seats | Adm.by ACPC | 15% or 25% Reservation of Management and All India Qautas | Seats filled by ST Candidates | | | | | | Total no of Colleges | Govt. Colleges | Self finance Colleges |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | GOVT. | G-AID. | MUNI. | UNI. | SELF. | TOTAL | | | |
| 1 | Medical | 1405 (100) | 1205 (85.76) | 200 (14.24) | 1160 (82.56) | 245 (17.44) | 122 (10.12) | - | 27 | - | 22 (11) | 171 (14.74) | 10 | 8 | 2 |
| 2 | Dental | 680 (100) | 140 (20.58) | 540 (79.42) | 533 (78.38) | 147 (21.62) | 19 (13.57) | - | - | - | 54 (10) | 73 (13.70) | 8 | 2 | 6 |
| 3 | Physio Therapy | 850 (100) | 200 (23.52) | 650 (76.48) | 639 (75.18) | 211 (24.82) | 29 (14.5) | - | - | - | 11 (1.70) | 40 (6.26) | 18 | 4 | 14 |
| 4 | Occupational Therapy | 50 (100) | - | 50 (100) | 11 (22) | 39 (78) | | | | | | | 1 | - | 1 |
| 5 | Optometry | 125 (100) | 30 (24) | 95 (76) | 35 (28) | 90 (72) | - | - | 4 | - | 3 (3.15) | 7 (20) | 3 | 1 | 2 |
| 6 | Ayurved | 445 (100) | (68.54) 305 | 140 (31.46) | 422 (94.84) | 23 (5.16) | 25 (13.77) | 12 | - | 5 | 16 (11.42) | 58 (13.74) | 10 | 7 | 3 |
| 7 | Naturopathy | 30 (100) | - | 30 (100) | 2 (6.66) | 28 (93.34) | - | - | - | - | - | - | 1 | - | 1 |
| 8 | Homeopathy | 1475 (100) | 400 (27.12) | 1075 (72.88) | 1049 (71.11) | 426 (28.88) | - | 48 | - | - | 29 (2.70) | 77 (7.34) | 15 | 4 | 11 |
| 9 | Nursing (only girls) | 380 (100) | 150 (39.47) | 230 (60.53) | 240 (63.16) | 140 (36.84) | 21 (14) | - | - | - | - | 21 (8.75) | 9 | 3 | 6 |
| 10 | Orthotics and Prosthotics | 10 (100) | 10 (100) | - | 10 (100) | | 1 (10) | - | - | - | - | 1 (10) | 1 | 1 | |
| | TOTAL Percentage | 5450 (100) | 2440 (44.77) | 3010 (55.23) | 4101 (75.24) | 1349 (24.76) | 217 (8.89) | 60 | 31 | 5 | 135 (4.48) | 448 (10.92) | 76 (100) | 30 (39.47) | 46 (60.53) |


120
100
80
60
40
20
0
85.76
14.24
17.44
79.42
20.5
21.62
23.5
76.48
24.82
0
100
78
24
76
72
68.54
31.46
5.16
0
100
93.34
27.1
72.88
28.88
39.4
60.53
36.84
100
0
0
Medical
Dental
Physio Therapy
Occupational Therapy
Optometry
Ayurved
Naturopathey
Homeopathy
Nursing (only girls)
Orthotics and Prosthotics
Govt.Seat. Muni.Uni grant in aid
Self Financial Seat`s
Adm.by ACPC
Reservation of Management and All India Qautas

ગુજરાત રાજ્યમાં મેડિકલ અને પેરામેડિકલના અભ્યાસ માટે કુલ ૧૦ વિભાગોમાં પ્રવેશ આપવા માટે કેન્દ્રિય મેડિકલ પ્રવેશ સમિતિની રચના થયેલ છે. આ અભ્યાસ માટે રાજ્યમાં કુલ ૭૬ કોલેજો છે તે પૈકી (૩૦) ૩૯.૪૭ ટકા સરકારી કોલેજો છે. સરકારી કોલેજોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન, યુનિવર્સિટી અને ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજોનો સમાવેશ થાય છે. આ સરકારી કોલેજોમાં મેડિકલની જે બેઠકો ઉપલબ્ધ છે તેને સરકારી બેઠકો ગણવામાં આવે છે, જ્યારે કુલ બેઠકો પૈકી (૪૬) ૬૦.૫૩ ટકા કોલેજો સ્વનિર્ભર છે. આ સ્વનિર્ભર કોલેજોમાં ઉપલબ્ધ બેઠકોને સેલ્ફ ફાયનાન્સ બેઠકો ગણવામાં આવી છે સરકારી બેઠકોમાં કુલ બેઠકો પૈકી ૧૫ ટકા બેઠકો ઓલ ઈન્ડિયા ક્વોટાની ગણાય છે તથા સેલ્ફ ફાયનાન્સની કુલ બેઠકોમાંથી ૨૫ ટકા બેઠકો કોલેજ મેનેજમેન્ટ તરફથી ભરવાની હોવાથી તેવી બેઠકો મેનેજમેન્ટ ક્વોટાની ગણાય છે. રાજ્યમાં મેડિકલ અભ્યાસક્રમ માટે જુદા જુદા ૧૦ વિભાગોની કુલ બેઠકો ટેબલ નં.૨ પર જોતાં રાજ્યમાં મેડિકલના જુદા જુદા ૧૦ અભ્યાસક્રમો (વિભાગો)માં કુલ ૫,૪૫૦ બેઠકો છે. તેમાંથી કુલ (૨૪૪૦) ૪૪.૭૭ ટકા સરકારી બેઠકો તથા કુલ (૩૦૧૦) ૫૫.૨૩ ટકા બેઠકો સેલ્ફ ફાયનાન્સની છે. સરકારી અને સેલ્ફ ફાયનાન્સ બેઠકો મળી રાજ્યમાં મેડિકલની કુલ ૫૪૫૦ બેઠકો થાય છે. આ કુલ બેઠકો પૈકી સરકારી કુલ બેઠકોમાંથી ૧૫ ટકા બેઠકો ઓલ ઈન્ડિયા ક્વોટાની તથા સેલ્ફ ફાયનાન્સ બેઠકોમાંથી કુલ ૨૫ ટકા બેઠકો મેનેજમેન્ટ ક્વોટાની ગણાતી હોઈ ઓલ ઈન્ડિયા અને મેનેજમેન્ટ ક્વોટાની કુલ (૧૩૪૯) ૨૪.૭૬ ટકા બેઠકો રાજ્યની ઉપલબ્ધ કુલ મેડિકલ બેઠકોમાંથી બાદ કરવામાં આવેલ હોઈ બાકી રહેલ કુલ (૪૧૦૧) ૭૫.૨૪ ટકા બેઠકો મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ આપવા માટેની બેઠકો છે. મેડિકલ પ્રવેશ સમિતિ પાસે જુદા જુદા વિભાગોમાં પ્રવેશ આપવા માટે રાજ્યમાં કુલ (૪૧૦૧) ૭૫.૨૪ ટકા બેઠકો છે. જેના માટે કેન્દ્રિય મેડિકલ પ્રવેશ સમિતિ પ્રવેશ આપવાનો અધિકાર ધરાવે છે.

મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા વર્ષ ૨૦૦૮-૦૯માં મેડિકલના જુદા જુદા ૧૦ વિભાગોમાં પ્રવેશ આપવામાં આવ્યો છે. તેની વિગતો જોતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓથી (૪૪૮) ૧૦.૯૨ ટકા બેઠકો ભરાયેલ છે. ભરાયેલ બેઠકો પૈકી સરકારી અને સેલ્ફ ફાયનાન્સ બેઠકોમાં અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ દ્વારા ભરાયેલ બેઠકોની વિગતો ટેબલ નં.૨ પર જોતાં જણાય છે કે રાજ્યમાં કુલ સરકારી બેઠકોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓથી ભરેલ જગાઓ (૨૧૭) ૮.૮૯ ટકા અને કુલ સેલ્ફ ફાયનાન્સ બેઠકો પૈકી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓથી ભરાયેલ મેડિકલની કુલ (૧૩૫) ૪.૪૮ ટકા બેઠકો છે જે રાજ્યમાં કુલ બેઠકો (પ્રવેશ સમિતિ દ્વારા ભરવાની થતી)ના ૧૫ ટકા અનામત બેઠકો સામે ભરાયેલ અનુસૂચિત જનજાતિની બેઠકોનું ચિત્ર રજૂ કરે છે તથા મેડિકલ અભ્યાસક્રમોમાં વિભાગવાર ભરાયેલ બેઠકોમાં અનુસૂચિત જનજાતિની બેઠકો વિશે જોઈએ તો મેડિકલની કુલ બેઠકો પૈકી ૧૪.૭૪ ટકા, ડેન્ટલમાં ૧૩.૭૦ ટકા, ઓપ્ટોમેટરી ૨૦ ટકા, આયુર્વેદમાં ૧૩.૭૪ ટકા બેઠકો ભરાયેલ છે. મેડિકલના આ ચાર વિભાગોમાં સરેરાશ અનુસૂચિત જનજાતિની અનામત બેઠકો લગભગ પૂર્ણ રીતે ભરાયેલ છે. તે સિવાયના બધાં જ વિભાગોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની ૬ થી ૧૦ ટકા બેઠકો જ ભરાયેલ છે જે મેડિકલક્ષેત્રમાં અનુસૂચિત જનજાતિની અનામત બેઠકો ખાલી રહેવા

અંગેનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. સમગ્રતયા રાજયમાં મેડિકલ અભ્યાસક્રમોમાં અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ કુલ બેઠકો પૈકી ૧૫ ટકા અનામત બેઠકો મુજબ કુલ ૬૧૫ બેઠકો ભરાવી જોઈએ તેની સામે વર્ષ ૨૦૦૮-૦૯માં (૪૪૮) ૧૦.૯૨ ટકા બેઠકો ભરાયેલ છે તથા રાજયમાં આવેલ કુલ સેલ્ફ ફાયનાન્સ બેઠકોમાં અનુ.જનજાતિના વિદ્યાર્થીઓથી માત્ર (૧૪૮) ૪.૪૮ ટકા બેઠકો ભરાયેલ છે. જે મેડિકલ અભ્યાસક્ષેત્રે સેલ્ફ ફાયનાન્સ બેઠકોમાં આદિવાસી વિદ્યાર્થીઓનો ઓછો, લગભગ નહિવત પ્રવેશનો નિર્દેશ કરે છે. બીજી બાજુ રાજયમાં મેડિકલ અભ્યાસક્ષેત્રે સરકારી બેઠકોની સંખ્યા સેલ્ફ ફાયનાન્સ બેઠકોની સામે ખુબ ઓછી જોવા મળે છે.

# Table No.3

## Addmission in Engineering, Pharmacy Courses

### ST Sandctioned and ST Addmitted and Vacant ST Seat

| Sr. No | Name of Courses | Total Institutions | | | | Total Seats ADM by ACPC | | | | Reserved ST Sanctioned Seats | | | | Filled ST Seats | | | | Vacant ST Seats | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Govt. | GIA | Self | Total | Govt. | GIA | Self | Total | Govt. | GIA | Self | Total | Govt. | GIA | Self | Total | Govt. | GIA | Self | Total |
| 1 | Degree Engg. | 14 | 3 | 38 | 55 | 4633 | 1195 | 9958 | 15786 | 694 | 179 | 1498 | 2371 | 583 | 163 | 213 | 959 | 111 | 16 | 1285 | 1412 |
| | | 25.45 | 5.45 | 69.09 | 100.00 | 29.35 | 7.57 | 63.08 | 100.00 | 14.98 | 14.98 | 15.04 | 15.02 | 12.58 | 13.64 | 2.14 | 6.08 | 2.40 | 1.34 | 12.90 | 8.94 |
| 2 | Degree Pharmacy | 2 | 2 | 71 | 75 | 87 | 101 | 3202 | 3390 | 13 | 14 | 479 | 506 | 13 | 14 | 237 | 264 | - | - | 242 | 242 |
| | | 2.67 | 2.67 | 94.67 | 100.00 | 2.57 | 2.98 | 94.45 | 100.00 | 14.94 | 13.86 | 14.96 | 14.93 | 14.94 | 13.86 | 7.40 | 7.79 | - | - | 7.56 | 7.14 |
| 3 | Diploma Pharmacy | 9 | - | 10 | 19 | 525 | - | 450 | 975 | 79 | - | 67 | 146 | 68 | - | 3 | 71 | 11 | - | 64 | 75 |
| | | 47.37 | - | 52.63 | 100.00 | 53.85 | - | 46.15 | 100.00 | 15.05 | - | 14.89 | 14.97 | 12.95 | - | 0.67 | 7.28 | 2.10 | - | 14.22 | 7.69 |
| | Total | 25 | 5 | 119 | 149 | 5245 | 1296 | 13610 | 20151 | 786 | 193 | 2044 | 3023 | 664 | 177 | 453 | 1294 | 122 | 16 | 1591 | 1729 |
| | | 16.78 | 3.36 | 79.87 | 100.00 | 26.03 | 6.43 | 67.54 | 100.00 | 14.99 | 14.89 | 15.02 | 15.00 | 12.66 | 13.66 | 3.33 | 6.42 | 2.33 | 1.23 | 11.69 | 8.58 |

Source : Addmission Committee for Professional Course(ACPC) L.D. Engineering College Campus, Navrangpura

પ્રવેશ સમિતિ, એન્જિનીયરીંગ (ડિગ્રી) દ્વારા ગુજરાત રાજયમાં એન્જિનીયરીંગ અને ફાર્મસીમાં પ્રવેશ આપવાની કામગીરી થાય છે તે અન્વયે એન્જિનીયરીંગ પ્રવેશ સમિતિએ વર્ષ ૨૦૦૮-૦૯માં એન્જિનીયરીંગ (ડિગ્રી) અને ફાર્મસી ડિગ્રી તથા ફાર્મસી ડિપ્લોમાના અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાની કામગીરી કરેલ છે. એન્જિનીયરીંગ (ડિગ્રી)ના જુદા જુદા અભ્યાસક્રમો ચલાવનારી રાજયમાં કુલ ૫૫ કોલેજો છે. તેમાં એન્જિનીયરીંગ ના અભ્યાસક્રમોની કુલ ૧૫,૭૮૬ બેઠકો છે. રાજયમાં આવેલ કુલ એન્જિનીયરીંગ (ડિગ્રી)ની કોલેજો પૈકી (૧૪) ૨૫.૪૫ ટકા સરકારી, (૩) ૫.૪૫ ટકા ગ્રાન્ટ-ઈન એઈડ અને (૩૮) ૬૯.૧૦ ટકા સેલ્ફ ફાયનાન્સ કોલેજો આવેલી છે. જુદી જુદી આ કોલેજોમાં કુલ ૧૫,૭૮૬ બેઠકો પૈકી (૪૬૩૩) ૨૯.૩૫ ટકા સરકારી બેઠકો, (૧૧૯૫) ૭.૫૬ ટકા ગ્રાન્ટ-ઈન એઈડ સંસ્થાઓની બેઠકો તથા કુલ (૯૯૫૮) ૬૩.૦૯ ટકા બેઠકો સેલ્ફ ફાયનાન્સની છે. એન્જિનીયરીંગ (ડિગ્રી) ની કુલ બેઠકોમાંથી (૨૩૭૧) ૧૫ ટકા બેઠકો અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે અનામત છે તેની સામે અનુ.જનજાતિના વિદ્યાર્થીઓથી ભરાયેલ બેઠકો (૯૫૯) ૬.૦૮ ટકા છે. મતલબ એન્જિનીયરીંગ (ડિગ્રી)ના અભ્યાસક્રમોમાં અનુ.જનજાતિ માટે અનામત કેટેગરીની ઉપર મુજબની બેઠકો ભરાતાં કુલ (૧૪૧૨) ૮.૯૪ ટકા બેઠકો ખાલી રહેલ છે.

એન્જિનીયરીંગ પ્રવેશ સમિતિ (ડિગ્રી) એ એન્જિનીયરીંગ તથા ફાર્મસી ડિગ્રી અને ડિપ્લોમાં ફાર્મસી બન્નેની પ્રવેશ પ્રક્રિયા કરવાની સત્તા પણ ધરાવે છે તેથી વર્ષ ૨૦૦૮-૦૯માં રાજયમાં ફાર્મસીના અભ્યાસક્રમોની પ્રવેશ યાદી મુજબ ડિગ્રી ફાર્મસીની કુલ ૭૫ કોલેજો છે તે પૈકી ૨ કોલેજો સરકારી, ૨ કોલેજો ગ્રાન્ટ ઈન એઈડ અને ૭૧ કોલેજો સેલ્ફ ફાયનાન્સ છે. કુલ ૭૫ કોલેજોમાં ડિગ્રી ફાર્મસીની કુલ ૩૩૯૦ બેઠકો છે. જે પૈકી (૮૭) ૨.૫૭ ટકા સરકારી બેઠકો, (૧૦૧) ૨.૯૭ ટકા ગ્રાન્ટ-ઈન એઈડ અને (૩૨૦૨) ૯૪.૪૬ ટકા સેલ્ફ ફાયનાન્સ બેઠકો છે. ડિગ્રી ફાર્મસીની કુલ બેઠકોમાંથી પ્રવેશ સમિતિએ અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૫ ટકા મુજબ ૫૦૬ બેઠકો અનુ.જનજાતિની અનામત બેઠકો તરીકે મંજૂર કરેલી છે. જયારે અનુ.જનજાતિના વિદ્યાર્થીઓથી કુલ (૨૬૪) ૭.૭૯ ટકા બેઠકો ભરાયેલ છે. જયારે કુલ (૨૪૨) ૭.૧૪ ટકા બેઠકો ખાલી રહેલ છે. ખાલી રહેલ કુલ (૨૪૨) ૭.૧૪ ટકા બધી જ બેઠકો સેલ્ફ ફાયનાન્સ કોલેજોની બેઠકો છે. કુલ સેલ્ફ ફાયનાન્સની બેઠકોમાં અનુ.જનજાતિની ભરાયેલ બેઠકોનું પ્રમાણ ૭.૪૦ ટકા જોવા મળે છે. જેથી સ્પષ્ટ રીતે જણાય છે કે રાજયમાં ડિગ્રી ફાર્મસીની અનુ.જનજાતિની અનામત બેઠકો પૈકી સરકારી અને ગ્રાન્ટ-ઈન એઈડ બેઠકો સંપૂર્ણ ભરાયેલ છે. પરંતુ સેલ્ફ ફાયનાન્સની બેઠકો ખાલી રહેવા પામી છે તથા રાજયમાં ફાર્મસીની કુલ બેઠકોમાંથી ૯૪.૪૬ ટકા બેઠકો સેલ્ફ ફાયનાન્સની છે.

ડિપ્લોમા ફાર્મસીની પ્રવેશ પ્રક્રિયા જોતાં જણાય છે કે રાજયમાં કુલ ૧૯ કોલેજોમાં ડિપ્લોમા ફાર્મસીનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. આ ૧૯ કોલેજો પૈકી ૯ કોલેજો સરકારી અને ૧૦ કોલેજો સેલ્ફ ફાયનાન્સ છે. બન્ને પ્રકારની કોલેજોની મળી કુલ ૯૭૫ બેઠકોની પ્રવેશ કાર્યવાહી કરવાની સત્તા પ્રવેશ સમિતિ ધરાવે છે. તે પૈકી (૫૨૫) ૫૩.૧૫ ટકા બેઠકો સરકારી છે અને (૪૫૦) ૪૬.૧૫ ટકા બેઠકો સેલ્ફ ફાયનાન્સ છે. ડિપ્લોમા ફાર્મસીની કુલ ૯૭૫ બેઠકો પૈકી અનુ.જનજાતિની અનામત કેટેગરીની કુલ ૧૪૬ બેઠકો મંજૂર થયેલ

છે.પરંતુ પ્રવેશની આંકડાકીય વિગતો જોતાં વર્ષ ૨૦૦૮-૦૯માં અનુ.જનજાતિની અનામત બેઠકોમાં (૭૧) ૭.૨૮ ટકા બેઠકો ભરાયેલ છે, જ્યારે (૭૫) ૭.૬૯ ટકા બેઠકો ખાલી રહેલ છે. અનુ.જનજાતિની મંજૂર થયેલ સેલ્ફ ફાયનાન્સની બેઠકોમાંથી માત્ર (૩) ૦.૬૭ ટકા જ બેઠકો અનુ.જનજાતિના વિદ્યાર્થીઓથી ભરેલ છે. જ્યારે (૬૪) ૧૪.૨૨ ટકા બેઠકો ખાલી રહેલ છે જે સૌથી વધુ અનુ.જનજાતિની ખાલી રહેલ બેઠકોનો નિર્દેશ કરે છે. જ્યારે સરકારી બેઠકોમાં અનુ.જનજાતિના વિદ્યાર્થીઓની કુલ (૬૮) ૧૨.૯૫ ટકા બેઠકો ભરાયેલ છે અને ૨.૧૦ ટકા બેઠકો ખાલી રહેલ છે. સૌથી વધુ ધ્યાનાકર્ષક બાબત એ છે કે ડિપ્લોમા ફાર્મસીની કુલ સેલ્ફ ફાયનાન્સ બેઠકોમાંથી અનુ.જનજાતિની અનામત બેઠકોમાં ૧૪.૨૨ ટકા બેઠકો ખાલી રહેલ છે જે સૌથી વધુ ચિંતાજનક બાબત ગણાવી શકાય. આનાં કારણો અને ઉપાયો શોધવા જરૂરી છે, જે માટે કદાચ અલગ અભ્યાસ હાથ ધરવો પડે.

એન્જિનીયરીંગ પ્રવેશ સમિતિ (ડિગ્રી) દ્વારા પ્રવેશ કરાવેલ એન્જિનીયરીંગ અને ફાર્મસીના અભ્યાસક્રમોમાં આ સમિતિ દ્વારા એન્જિનીયરીંગ માટેના અભ્યાસક્રમોમાં કુલ ૧૫,૭૮૬ ડિગ્રી ફાર્મસીની કુલ ૩,૩૯૦ અને ડિપ્લોમા ફાર્મસીની કુલ ૯૭૫ મળી કુલ ૨૦,૧૫૧ બેઠકોની પ્રવેશ પ્રક્રિયા આ પ્રવેશ સમિતિએ કરેલ છે. એકંદરે ત્રણે અભ્યાસક્રમોના પ્રવેશ અંગેની બેઠકોની આંકડાકીય માહિતી ટેબલ નં.૩ પર જોઈએ તો કુલ ૨૦૧૫૧ બેઠકોમાંથી અનુ.જનજાતિ માટે ૧૫ ટકા અનામત બેઠકો મુજબ ૩૦૨૩ બેઠકો પ્રવેશ સમિતિએ મંજૂર કરેલ છે તેમાંથી કુલ (૧૨૯૪) ૬.૪૨ ટકા બેઠકો અનુ.જનજાતિના વિદ્યાર્થીઓથી ભરેલ છે જ્યારે કુલ (૧૭૨૯) ૮.૫૮ ટકા બેઠકો ખાલી રહેલ છે. અનુ.જનજાતિની ભરેલ અને ખાલી રહેલ બેઠકોની સ્થિતિ જોતાં સ્પષ્ટ રીતે જણાય છે કે સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ બેઠકોમાં અનુ.જનજાતિના વિદ્યાર્થીઓથી ભરાયેલ બેઠકોનું પ્રમાણ અનુક્રમે ૧૨.૬૬ ટકા અને ૧૩.૬૬ ટકા જોવા મળે છે પરંતુ સેલ્ફ ફાયનાન્સ બેઠકોમાં ૩.૩૩ ટકા બેઠકો જ અનુ.જનજાતિના વિદ્યાર્થીઓથી ભરાયેલ છે. જ્યારે સેલ્ફ ફાયનાન્સની અનુ.જનજાતિની ૧૧.૬૯ ટકા બેઠકો ખાલી રહેલ છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે રાજ્યમાં ઈજનેરી અને ફાર્મસીના અભ્યાસક્રમોમાં અનુ.જનજાતિની અનામત કેટેગરીની સરકારી બેઠકોમાં પણ સરેરાશ ૧ થી ૨ ટકા બેઠકો ખાલી રહેલ છે, જ્યારે સેલ્ફ ફાયનાન્સ બેઠકોમાંથી અનુ.જનજાતિ માટે અનામત કેટેગરીની મોટા ભાગની (૧૧.૫૯ ટકા) બેઠકો ખાલી રહેલ છે.

પ્રવેશ અંગેની ઉપરોક્ત વિગતો ટેબલ નં.૩ પરથી જણાય છે કે રાજ્યમાં આવેલ ઈજનેરી કોલેજો પૈકી સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં આદિવાસી વિદ્યાર્થીઓ માટે અનામત કેટેગરીની સરકારી તથા સેલ્ફ ફાયનાન્સ બન્ને પ્રકારની બેઠકોમાં અનુ.જનજાતિના અનામત કવોટાની બેઠકો સંપૂર્ણ ભરાતી નથી, પરંતુ સરકારી કોલેજોમાં આવી બેઠકો ખાલી રહેવાનું પ્રમાણ ઘણું ઓછું છે; પરંતુ સેલ્ફ ફાયનાન્સ બેઠકોમાં અનુ.જનજાતિના વિદ્યાર્થીઓનો પ્રવેશ નહિવત્ જોવા મળે છે; અને મોટાભાગની આ બેઠકો ખાલી રહે છે.

## Table No : 4

### ST Admission in MCA 2008-09

| Sr. | Name of Unuversity | Total Seat ADM by GCET | | | Researved ST Seat 15 % of GCET | | | Filled Seat by ST student | | | Vacant ST seat | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Govt. | Self | Total | Govt. | Self | Total | Govt. | Self | Total | Govt. | Self | Total |
| 1 | Bahvanagar | 30 | 30 | 60 | 5 | 5 | 10 | 2 | | 2 | 3 | 5 | 8 |
| 2 | Dharamsinh D | 30 | 25 | 55 | 5 | 4 | 9 | 5 | | 5 | 0 | 4 | 4 |
| 3 | Ganapat | 0 | 90 | 90 | 0 | 13 | 13 | 0 | 0 | 0 | 0 | 13 | 13 |
| 4 | Gujarat | 60 | 720 | 780 | 10 | 106 | 116 | 10 | 2 | 12 | 0 | 104 | 104 |
| 5 | Noarth Gujarat | 0 | 308 | 308 | 0 | 46 | 46 | 0 | 0 | 0 | 0 | 46 | 46 |
| 6 | Kadi sarvey Gandhinagar | 0 | 120 | 120 | 0 | 18 | 18 | 0 | 0 | 0 | 0 | 18 | 18 |
| 7 | MS Uni. Baroda | 30 | 0 | 30 | 5 | 0 | 5 | 5 | 0 | 5 | 0 | 0 | 0 |
| 8 | SP Uni. Va.nagar | 40 | 180 | 220 | 6 | 27 | 33 | 6 | 1 | 7 | 0 | 26 | 26 |
| 9 | Saurashtra Uni. Rajkot | 30 | 390 | 420 | 5 | 57 | 62 | 3 | 0 | 3 | 2 | 57 | 59 |
| 10 | Veer Narmada, Surat | 30 | 165 | 195 | 5 | 25 | 30 | 4 | 1 | 5 | 1 | 24 | 25 |
| 11 | Nirama Ahmadebad | 0 | 60 | 60 | 0 | 8 | 8 | 0 | 7 | 7 | 0 | 1 | 1 |
| 12 | Gujarat vidyapith | 27 | 0 | 27 | 2 | 0 | 2 | 1 | 0 | 1 | 1 | 0 | 1 |
| | Total | 277 | 2088 | 2365 | 43 | 309 | 352 | 36 | 11 | 47 | 7 | 298 | 305 |
| | Percentage | 11.7 | 88.3 | 84.6 | | | | 13 | 0.5 | 1.98 | 2.52 | 14 | 12.9 |

## Table No : 5

### ST Admission in MBA 2008-09

| Sr. | Name of Unuversity | Total Seat ADM by GCET | | | Researved ST Seat 15 % of GCET | | | Filled Seat by ST student | | | Vacant ST seat | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Govt. | Self | Total | Govt. | Self | Total | Govt. | Self | Total | Govt. | Self | Total |
| 1 | Bahvanagar | 30 | 75 | 105 | 5 | 12 | 17 | 5 | 0 | 5 | 0 | 12 | 12 |
| 2 | Dharamsinh D | 30 | 25 | 55 | 5 | 4 | 9 | 5 | 2 | 7 | 0 | 2 | 2 |
| 3 | Ganapat | 0 | 90 | 90 | 0 | 13 | 13 | 0 | 0 | 0 | 0 | 13 | 13 |
| 4 | Gujarat | 90 | 1268 | 1358 | 13 | 188 | 201 | 13 | 50 | 63 | 0 | 138 | 138 |
| 5 | Noarth Gujarat | 60 | 345 | 405 | 9 | 51 | 60 | 8 | 2 | 10 | 1 | 49 | 50 |
| 6 | Kadi sarvey Gandhinagar | 0 | 120 | 120 | 0 | 18 | 18 | 0 | 1 | 1 | 0 | 17 | 17 |
| 7 | Katchh | 0 | 45 | 45 | 0 | 7 | 7 | 0 | 0 | 0 | 0 | 7 | 7 |
| 8 | SP Uni. Va.nagar | 40 | 80 | 120 | 6 | 12 | 18 | 6 | 5 | 11 | 0 | 7 | 7 |
| 9 | Saurashtra Uni. Rajkot | 60 | 937 | 997 | 9 | 140 | 149 | 9 | 6 | 15 | 0 | 134 | 134 |
| 10 | Veer Narmada, Surat | 30 | 441 | 471 | 5 | 68 | 73 | 5 | 24 | 29 | 0 | 44 | 44 |
| 11 | MS Baroda | 40 | 0 | 40 | 6 | 0 | 6 | 6 | 0 | 6 | 0 | 0 | 0 |
| | Total | 380 | 3426 | 3806 | 58 | 513 | 571 | 57 | 90 | 147 | 1 | 423 | 424 |
| | Percentage | 8.2 | | 82.2 | | | 15 | | | 3.86 | | | 11.1 |

ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (GCET) રાજયમાં આવેલ જુદી જુદી યુનિવર્સિટીઓમાં MBA અને MCA જેવા વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાની પ્રક્રિયા GCET-2008 Admission Cell દ્વારા થાય છે તે અન્વયે ચાલુ વર્ષે ૨૦૦૮માં ઉપરોકત વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવામાં આવેલ છે. તેમાં MBA માટે કુલ-૧૧ યુનિવર્સિટીઓની ૬૬ કોલેજોમાં આ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે તે પૈકી ૮ કોલેજો સરકારી અને ૫૮ કોલેજો સેલ્ફ ફાયનાન્સ છે. કુલ ૬૬ કોલેજોમાં MBA ની કુલ ૪૬૩૦ બેઠકો ઉપલબ્ધ છે જે પૈકી (૩૮૦) ૮.૨૦ ટકા સરકારી અને (૪૨૫૦) ૯૧.૮૦ ટકા સેલ્ફ ફાયનાન્સ બેઠકો આવેલી છે,

જયારે કુલ ૪૬૩૦માંથી (૩૮૦૬) ૮૨.૨૦ ટકા બેઠકો GCET Admission cell દ્વારા પ્રવેશ આપવામાં આવ્યો છે. જયારે (૮૨૪) ૧૭.૮૦ ટકા બેઠકો મેનેજમેન્ટ માટે અનામત રાખી કોલેજ મેનેજમેન્ટ દ્વારા ભરવામાં આવેલ છે. Admission cell દ્વારા ભરવામાં આવતી બેઠકોના ૧૫ ટકા (૫૭૧) બેઠકો અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવેલ છે. MBA ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની વિગતો જોતાં ટેબલ નં.૫ પર બતાવ્યા મુજબ અનુસૂચિત જનજાતિની કુલ (૧૪૭) ૩.૮૬ ટકા બેઠકો જ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓથી ભરાયેલ છે, જયારે (૪૨૪) ૧૧.૧૪ ટકા બેઠકો ખાલી રહેલ જોવા મળે છે. અનુસૂચિત જનજાતિની ભરાયેલ બેઠકો વિશે જુદી જુદી યુનિવર્સિટી વાર જોઈએ તો એમ.એસ. યુનિ. વડોદરામાં અનુસૂચિત જનજાતિની અનામત કેટેગરીની ૧૫ ટકા બેઠકો ભરેલ છે. જયારે ગણપત યુનિવર્સિટી, ખેરવા અને કચ્છ યુનિ. ભૂજમાં અનુસૂચિત જનજાતિની અનામત બધી જ બેઠકો ખાલી રહેલ છે. MBA ની ભરાયેલ બેઠકો અંગેની આંકડાકીય માહિતી જોતાં સ્પષ્ટ થાય છે કે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે અનામત બેઠકોના માત્ર ૩.૮૬ ટકા બેઠકો જ ભરાયેલ છે. ભરાયેલ બેઠકો (૧૪૭) ૩.૮૬ ટકા છે તેમાં મોટાભાગની સરકારી બેઠકો છે, જયારે સેલ્ફ ફાયનાન્સ બેઠકોમાં સૌથી વધુ અનુસૂચિત જનજાતિની ખાલી બેઠકો રહેલ છે. આમ આ અભ્યાસક્રમોમાં પણ સેલ્ફ ફાયનાન્સ કોલેજોની અનામત બેઠકોનો ઉપયોગ નહિવત્ થયો છે.

MBA માં પ્રવેશ મેળવવા માટે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની કુલ ૨૫૭ અરજીઓ આવી હતી જે અનુ.જનજાતિની ભરવાની થતી અનામત બેઠકોના ૪૫ ટકા અરજીઓ કહેવાય; જેથી એમ કહી શકાય કે મેનેજમેન્ટના અભ્યાસ માટે આદિવાસી (યુવક-યુવતીઓ) વિદ્યાર્થીઓની પૂરતી અરજીઓ પણ આવતી નથી, અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ આવા અભ્યાસક્રમો તરફ હજી રુચિ ધરાવતા થયા નથી.

રાજયમાં MCAના અભ્યાસક્રમો કુલ ૧૨ યુનિવર્સિટીઓમાં ચલાવવામાં આવે છે. આ યુનિવર્સિટીઓમાં MCA ની કુલ ૨૭૯૭ બેઠકો છે તે પૈકી (૪૩૨) ૧૫.૪૫ ટકા બેઠકો મેનેજમેન્ટ કવોટાની છે, જયારે (૨૩૬૫) ૮૪.૫૫ ટકા બેઠકોનું એડમિશન GCET, એડમિશન કમિટિ દ્વારા થયેલ છે. એડમિશન કમિટિ દ્વારા ભરવાની થતી કુલ ૨૩૬૫ બેઠકોના ૧૫ ટકા લેખે કુલ ૩૫૨ બેઠકો અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે અનામત રાખેલ હતી. તેની સામે કુલ ૪૭ બેઠકો માટે અનુ.જનજાતિના ઉમેદવારોએ એડમિશન લીધું છે. જે કુલ બેઠકોના માત્ર ૧.૯૮ ટકા થાય છે. જયારે MCA માં (૩૦૫) ૧૨.૮ ટકા બેઠકો અનુ.જનજાતિની ખાલી રહેલ છે. ખાલી રહેલ બેઠકોમાં અનુ.જનજાતિની સેલ્ફ ફાયનાન્સ બેઠકોમાં ૧૪.૨૮ ટકા બેઠકો તથા સરકારી ૨.૫૨ ટકા બેઠકો ખાલી રહેલ છે. ખાલી રહેલી બેઠકો અંગે યુનિવર્સિટીવાર વિશ્લેષણ જોતાં રાજયમાં માત્ર એમ.એસ. યુનિવર્સિટી વડોદરામાં M.C.A. ની અનુ.જનજાતિની ૧૫ ટકા અનામત બેઠકો ભરેલ છે. તે સિવાયની બધી જ યુનિવર્સિટીઓમાં અનુ.જનજાતિની અનામત કેટેગરીની મોટાભાગની બેઠકો ખાલી રહેલ છે તથા હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને ગણપત યુનિવર્સિટીમાં અનુ.જનજાતિની અનામત કેટેગરીની એક પણ બેઠક ભરાયેલ નથી. ગુજરાત યુનિવર્સિટીમાં પણ અનુ.જનજાતિની અનામત કેટેગરીની માત્ર ૧.૫૩ ટકા બેઠકો જ ભરી છે. ૧૩.૪૭ ટકા બેઠકો ખાલી રહેલ જોવા મળે છે.

ઉપરોક્ત વિગતો જોતાં સ્પષ્ટ થાય છે કે MCA ના અભ્યાસક્રમમાં અનુ.જનજાતિની ૧૫ ટકા પ્રમાણેની અનામત બેઠકો રાજ્યમાં એક માત્ર એમ.એસ. યુનિ.માં જ ભરાયેલ છે. અન્ય તમામ ૧૦ યુનિવર્સિટીઓમાં MCA ના અભ્યાસક્રમાં અનુ.જનજાતિની અનામત બેઠકો પૂરતા પ્રમાણમાં ભરાયેલ નથી તેમાં પણ ખાસ કરીને સેલ્ફ ફાયનાન્સ કોલેજોની અનુ.જનજાતિની મોટાભાગની બેઠકો ખાલી રહેલ છે. એકંદરે આ વલણ તમામ પ્રકારના અભ્યાસક્રમોમાં જોવા મળ્યું છે.

એડમિશન કમિટિના જણાવ્યા મુજબ તથા મળેલ આંકડાકીય માહિતી મુજબ આ અભ્યાસક્રમ માટે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની ચાલુ વર્ષે કુલ ૭૭ અરજીઓ આવેલ હતી જે કુલ બેઠકોના માત્ર ૨.૭૫ ટકા થાય છે. આમ MCA ના અભ્યાસક્રમમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની પ્રવેશ અરજીઓ ન આવવાના કારણે તે કેટેગરીની બેઠકો પૂરતી ભરાતી નથી. જે આદિવાસી વિદ્યાર્થીઓનો કોમ્પ્યુટર ક્ષેત્રે ઓછી રુચિ દર્શાવે છે. આ ક્ષેત્રે ઓછો પ્રવેશ હોવો તે આદિવાસી વિસ્તારોના વિજ્ઞાન પ્રવાહના નબળા શિક્ષણને પ્રતિબિંબિત કરે છે.

**અભ્યાસનાં તારણો:**

(૧) રાજયમાં ચાલતા બધાજ વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની ૧૫ ટકા અનામત બેઠકો સામે એકંદરે ૭ થી ૮ ટકા બેઠકો ભરાયેલ છે.

(૨) અનુસૂચિત જનજાતિની અનામત બેઠકોમાં સૌથી ઓછી ભરાયેલ બેઠકો ૧.૯૮ ટકા એમ.સી.એ.માં તથા ૩.૮૬ ટકા એમ.બી.એ.માં જોવા મળેલ છે. આ પ્રમાણ જોતાં મેનેજમેન્ટ અભ્યાસક્રમ અને પ્રર્વતમાન સમયમાં રોજગારીની માંગવાળા કમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસક્રમોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો નહિવત્ પ્રવેશ હોવો તે શિક્ષણના માધ્યમથી આદિવાસીઓના વિકાસના પ્રયાસમાં ચિંતાજનક વલણ કહી શકાય.

(૩) વ્યાવસાયિક અભ્યાસક્રમો (મેડિકલ, પેરામેડિકલ, ફોર્મસી, મેનેજમેન્ટ અને કમ્પ્યુટર ક્ષેત્ર)ની સેલ્ફ ફાઈનાન્સ બેઠકોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું એડમિશન સરેરાશ ૩.૦૧ ટકા છે. (૪.૪૮ ટકા મેડિકલમાં, એન્જિનીયરીંગમાં ૩.૩૩ ટકા, એમ.બી.એ.માં ૨.૯૩ ટકા અને એમ.સી.એ.માં ૧.૯૩ ટકા હતું.) મતલબ કે ખૂબ જ નીચું પ્રમાણ જોઈ શકાય છે. બીજી બાજુ ઉપરોક્ત તમામ વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સેલ્ફ ફાઈનાન્સની બેઠકોનું પ્રમાણ વધુ છે; અને તે બેઠકોમાં પ્રવેશ લવામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું પ્રમાણ નોંધપાત્ર રીતે નીચું છે.

(૪) મેડિકલના અભ્યાસક્રમો જેવા કે મેડિકલ, ડેન્ટલ, આયુવેદિક અને ઓપ્ટોમેટરી જેવા વિભાગોમાં અનુસૂચિત જનજાતિની અનામત બેઠકો પૂર્ણ રીતે ભરાયેલી છે પરંતુ તે સિવાયના મેડિકલના અભ્યાસક્રમોમાં અનુસૂચિત જનજાતિની ભરાયેલ અનામત બેઠકો ૭ થી ૮ ટકા છે.

(૫) મેડિકલ અને પેરામેડિકલની સરકારી બેઠકોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની ભરાયેલ બેઠકો ૮.૮૯ ટકા તથા સેલ્ફ ફાઈનાન્સ બેઠકોમાં ૪.૪૮ ટકા જોવા મળે છે. એટલે કે સરકારી બેઠકોમાં પણ આદિવાસી વિદ્યાર્થીઓની અનામત બેઠકો પૂર્ણ રીતે ભરાયેલ જોવા મળતી નથી. તો સેલ્ફ ફાયનાન્સ કોલેજની બેઠકોમાં તો તેમનો પ્રવેશ પ્રવાહ તદ્દન સાંકડો રહ્યો છે.

(૬) એન્જિનીયરીંગના અભ્યાસક્રમોમાં ડીગ્રી એન્જિનીયરીંગમાં ૬.૦૮ ટકા, ફાર્મસી ડીગ્રીમાં ૭.૧૪ ટકા ડીપ્લોમાં ફોર્મસીમાં ૭.૨૮ ટકા અનુસૂચિત જનજાતિની બેઠકો ભરાયેલ જોવા મળે છે. જે સરેરાશ ૭ ટકા જેટલી થાય છે.

(૭) એમ.સી.એ. અને એમ.બી.એ.ના અભ્યાસક્રમોમાં અનુક્રમે ૧.૯૮ ટકા અને ૩.૩૬ ટકા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની બેઠકો ભરાયેલ છે. તેમાં ઓછી બેઠકો ભરાવાના મુખ્ય કારણોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની પૂરતી પ્રવેશ અરજીઓ ન આવતી હોવાનું જણાવાયું છે.

(૮) એમ.સી.એ.ના અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૦૮-૦૯માં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની અનામત બેઠકો એમ.એસ. યુનિવર્સિટી વડોદરામાં સંપૂર્ણ રીતે ભરાયેલ છે. તે સિવાયની આ અભ્યાસક્રમો ચલાવતી બધી જ યુનિવર્સિટીઓમાં એમ.સી.એ.ના અભ્યાસક્રમમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીની અનામત બેઠકો ભરાયેલ નથી.

(૯) એકંદરે જોઈએ તો મેડિકલ, એન્જિનીયરીંગ, મેનેજમેન્ટ (એમ.બી.એ.) અને કમ્પ્યુટરક્ષેત્રની તમામ વિદ્યાશાખાઓમાં અનુસૂચિત જનજાતિની જે બેઠકો ભરાયેલ છે તે મોટાભાગની સરકારી બેઠકો છે. જ્યારે સેલ્ફ ફાઈનાન્સની બેઠકોમાં અનુસૂચિત જનજાતિની અનામત બેઠકો ખાલી રહેલ જોવા મળેલ છે.

(૧૦) મેડિકલ અને એન્જિનીયરીંગની અનુસૂચિત જનજાતિની અનામત કક્ષાની ખાલી રહેલ બેઠકો એડમિશન કમિટિના નિયમોનુસાર સામાન્ય કેટેગરીમાં ફેરવાઈ જતી હોવાથી આવા અભ્યાસક્રમોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહે છે.

(૧૧) મેડિકલ એન્જિનીયરીંગ, મેનેજમેન્ટ અને કમ્પ્યુટર ક્ષેત્રના ઉચ્ચ અભ્યાસક્રમોમાં અનુસૂચિત જનજાતિની અનામત બેઠકો પુરતી નહિ ભરાવાનું મુખ્ય કારણ આદિવાસી વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રવાહના શિક્ષણનો ઓછો વ્યાપ અને કદાચ નબળું વિજ્ઞાન, ગણિતનું શિક્ષણ પણ કારણભૂત છે.

(૧૨) જુદી જુદી એડમિશન કમિટિઓના અભિપ્રાય મુજબ આદિવાસી વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનપ્રવાહનું ઓછું શિક્ષણ તથા આદિવાસી વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રવાહનું નીચુ પરિણામ તેમની અનામત બેઠકો ખાલી રહેવા માટે જવાબદાર છે.

(૧૩) આ અભ્યાસ દરમિયાન એ ચોક્કસ જાણી શકાય છે કે આદિવાસી વિસ્તારોમાં અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન (વિજ્ઞાન પ્રવાહ) ના શિક્ષણનું સ્તર સંતોષકારક નથી. જેના પરિણામે મેડિકલ, એન્જિનીયરીંગ

તથા મેનેજમેન્ટ કે કમ્પ્યુટર ક્ષેત્રના અભ્યાસક્રમોમાં પૂરતી બેઠકો ભરાતી નથી. કારણ કે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ જ આ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાને પાત્ર બને છે.

(૧૪) સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની અનામત બેઠકો મોટાપાયે ખાલી રહેવાનું મુખ્ય કારણ વિદ્યાર્થીના વાલીની નબળી આર્થિક સ્થિતિ છે. જેથી સેલ્ફ ફાઈનાન્સની ફી ન ભરી શકતાં તેવી બેઠકો પર આદિવાસી વિદ્યાર્થીઓ એડમિશન મેળવી શકતા નથી. આ બાબત વિશેષપણે વિચારણામાં લઈ તેના ઉપાય પર ધ્યાન આપવું આવશ્યક જણાય છે.

સૂચનો :

(૧) વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો ઓછો પ્રવેશ પ્રસ્તુત અભ્યાસથી જાણવા મળે છે. મતલબ કે વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં દરેક અનુસૂચિત જનજાતિ માટે અનામત જગાઓ ભરાતી નથી તે બાબત આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણનું ઓછું પ્રમાણ અને શિક્ષણની ગુણવત્તાને પ્રતિબિંબિત કરે છે માટે તે વિસ્તારોમાં વિજ્ઞાન પ્રવાહ પર વધુ ભાર દેવાની જરૂર જણાય છે.

(૨) રાજયમાં વ્યાવસાયિક અભ્યાસક્રમો ચલાવનારી સેલ્ફ ફાયનાન્સ કોલેજોની સંખ્યા વધુ છે અને દિન-પ્રતિદિન વધતી જાય છે. દરેક વિદ્યાશાખાઓમાં સેલ્ફ ફાયનાન્સ બેઠકોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની બેઠકો ખાલી ન રહે તે માટે સરકારશ્રી દ્વારા નીતિવિષયક ફેરફાર થાય તથા તેવી બેઠકોમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પ્રવેશપ્રક્રિયામાં અને ફીના દરમાં છૂટછાટ મળે તે દિશામાં સરકારશ્રીમાં ઉચ્ચ સ્તરે પગલાં ભરાય તે આવશ્યક છે. અનુસૂચિત જનજાતિની અનામત કેટેગરીની બેઠકો ખાલી રહે તો તેને ખાલી રાખવી પણ બિન અનામત બેઠકોમાં તે ન ફેરવાવી જોઈએ. આમ થશે તો ભવિષ્યમાં સેલ્ફ ફાયનાન્સમાં પણ અનામત ક્વોટા પ્રમાણે બેઠકો ભરાશે. સાથે સાથે આવી કોલેજોમાં પ્રવેશ લેતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને આંશિક પણ સહાય કરવાનું ધોરણ પ્રસ્થાપિત કરવું જોઈએ.

(૩) તમામ વિદ્યાશાખાઓમાં સેલ્ફફાયનાન્સ બેઠકો પૈકી ૨૫ ટકા મેનેજમેન્ટ અને ૧૫ ટકા ઓલ-ઈન્ડિયા ક્વોટાની બેઠકોની પ્રવેશપ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવી જોઈએ. પ્રવર્તમાન સમયમાં તેની પ્રક્રિયા વિશે સ્પષ્ટ જાણકારી મળી શકતી નથી. કેટલેક સ્થળે આવી બેઠકોનું વ્યાપારી ધોરણે વેચાણ થતું હોવાનું પણ કહેવાય છે. આ બાબત વધારે ચિંતાનો વિષય છે.

(૪) મેનેજમેન્ટ અને કોમ્પ્યુટર ક્ષેત્રના ઉચ્ચ અભ્યાસો MBA, MCA વગેરેમાં જયાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની પૂરતા પ્રમાણમાં પ્રવેશ અરજીઓ આવતી નથી તેવી સ્થિતિમાં પ્રવેશ માટેના ધારા ધોરણોમાં છૂટછાટ મૂકવી આવશ્યક છે.

(૫) અનુસૂચિત જનજાતિની અનામત કેટેગરીની ખાલી બેઠકો બિનઅનામત બેઠકોમાં ફેરવાય છે ત્યારે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનાં ન્યુનતમ મેરિટ નીચું લાવી શકાય જેથી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પ્રવેશમાં તક મળી શકે.

(૬) રાજયમાં વ્યાવસાયિક અભ્યાસક્રમોની પ્રવેશ કાર્યવાહી દરમ્યાન આદિજાતિ વિકાસ વિભાગના અધિકારીની હાજરી આવશ્યક છે અને તે અધિકારી માત્ર જાતિ પ્રમાણપત્રની ચકાસણી પર જ ધ્યાન ન આપતાં પ્રવેશ પ્રક્રિયામાં અનુસૂચિત જનજાતિની બેઠકો પૂરતી ભરાય તે અંગે તકેદારી રાખે તે આવશ્યક છે. તે માટે જુદી જુદી પ્રવેશ સમિતિઓ સાથે આદિજાતિ વિકાસ વિભાગના ઉચ્ચ અધિકારી પ્રવેશ પ્રક્રિયાની શરૂઆતથી અંત સુધી પ્રવેશ પ્રક્રિયાથી વાકેફ રહેવા આવશ્યક છે. અનામત બેઠકોનો સાચો ઉદ્દેશ જાળવવો હોય તો આવા નક્કર પગલાં લેવાનું આવશ્યક છે.